# જોષ જોવાનું પાપ



રેવ.ડૉ.જયાનંદ ભાઈ ચૌહાન

8BGJ1 (39)

# જોષ જોવાનું પાપ

રેવ. ડૉ. જયાનંદ આઇ. ચૌહાન

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

"શું ચાલે છે. ?"

"વાત જ જવા દે. મારી દીકરી નાસી ગઈ. મારા એકના એક પુત્રે નોકરડી સાથે લગ્ન કરી લીધાં. મારી પત્ની પણ છૂટાછેડા લઈને ચાલી ગઈ, અને ઘર સફાચટ કરતી ગઈ."

તો હમણા તું શું કરે છે. ?"

"એજ, જે પહેલાં કરતો હતો. જ્યોતિષ... લોકોના જોષ જોવાનું..."

# જોષ જોવાનું પાપ

રેવ. જયાનંદ આઇ. ચૌહાણ

પ્રકાશક

ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ.

પ્રકાશક :

**ગુજરાત ટ્રાક્ટ ઍન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવાસદન,

એલિસબ્રિજ,

અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન નં. ૬૪૪૫૨૮૧

લેખક :

**રેવ. ડૉ. જયાનંદ આઇ. ચૌહાન,**

એમ. એ. (જર્નાલિઝમ), યુ.એસ.એ.

કનાન, મિશન રોડ, નડિયાદ ૩૮૭ 001.

પહેલી આવૃતિ : ઓક્ટોબર ૧૯૮૯

બીજી આવૃતિ : ઓગષ્ટ ૧૯૯૩

ત્રીજી આવૃતિ : જુલાઇ ૨૦૦૨

પ્રત : ૧૦૦૦

**રૂપિયા : ૪૦/-**

મુદ્રક :

**નોએલ પ્રિન્ટર્સ**

જમાલપુર, અમદાવાદ.

ફોન : ૫૩૨૫૮૧૭



# અર્પણ

**સ્વ. ડેવીડ એમ. જાની** તથા **સ્વ. ફેઇથબહેન ડી. જાનીએ** પોતાના પૃથ્વી પરના જીવન દરમિયાન સારું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેઓને મંડળીમાં તથા મંડળીની બહાર સેવાની સારી એવી તક મળી હતી. ઈશ્વરે તેમના સંતાનો તથા તેમના સંતાનોનો આશીર્વાદ આપ્યો હતો. આવા પ્રભુના સેવક સેવિકા માટે ઈશ્વરનો આભાર માનીએ. આ પુસ્તકના પ્રકાશન પેટે તેમના દીકરી રૂથબહેન ડેવીડ જાની તરફથી રૂા. ૫૦૦૧/-નું દાન મળેલ છે. તેઓનો આ સમયે આભાર માનીએ છીએ.



**શ્રી પૉલ પ્રવિણભાઈ ડબલ્યુ. ફાર્મર** અને **શ્રીમતી કમળાબહેન પી. ફાર્મર** છેલ્લા ત્રીસ વર્ષ કરતાં પણ વધારે સમયથી અમેરિકામાં રહે છે, હંમેશા પ્રભુના ભય અને પ્રેમમાં જીવન જીવતાં શ્રી પ્રવિણભાઈ અને શ્રીમતી કમળાબહેન ફાર્મર પ્રભુના સેવકો, પ્રભુના લોકો અને પ્રભુની મંડળીને ખૂબ જ પ્રેમ કરે છે. તેઓશ્રીનું પારિવારિક જીવન ખૂબ જ આશીર્વાદિત છે. પોતાનાં બાળકોને પણ પ્રભુના પ્રેમ અને ભયમાં ઉછેરી ઉચ્ચ શિક્ષણ આપી દ્દષ્ટાંતરૂપ નમૂનો પૂરો પાડયો છે. તેઓશ્રીના જ્યેષ્ઠ દીકરા ડૉ. રાજેશ હાલ અમેરિકામાં વૈદકિય સેવા આપે છે જ્યારે પુત્રવધુ ડૉ. અલકા ફાર્મર Final M.B.B.S.માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થઈ ગુજરાતી સમાજનું ગૌરવ વધાર્યું છે. દીકરી રૂપલ હાલ ઉચ્ચ અભ્યાસ કરી રહી છે. આવા પ્રભુના આશીર્વાદિત સેવક શ્રી પૉલ પ્રવિણભાઈ ફાર્મર અને શ્રીમતી કમળાબહેન ફાર્મર તથા પરિવાર તરફથી પ્રસ્તુત પુસ્તક પ્રકાશનમાં રૂા. ૫૦૦૧/- જેવું ઉમદા દાન મળેલ છે.

**- આભાર**



**પિતા : ખાનદાસ ધૂળાભાઇ**

**માતા : લક્ષ્મીબાઇ ખાનદાસ**

વડોદરામાં સને ૧૮૯૫ આસપાસ હાલમાં જે ટ્રેઈનીંગ કંપાઉન્ડ ઓળખાય છે ત્યાં ખ્રિસ્તી ધાર્મિક સેવા અંગેની તાલીમશાળામાં તેઓ બન્નેએ તાલીમ લીધી. બાદ ગ્રામ્ય મંડળીઓ પર પાળક તથા સરકટ પાળક તરીકે લગભગ ૩૫ વર્ષની સેવા બાદ નિવૃત્તિ મળી.

આ પુસ્તકના પ્રકાશન માટે શ્રી મોઝીસભાઇ કે. ચૌહાણ (યુ.એસ.એ.) તરફથી તેમના પિતાશ્રી સ્વ. ખાનદાસભાઈ ધૂળાભાઈ તથા માતૃશ્રી સ્વ. લક્ષ્મીબહેન ખાનદાસભાઈની સ્નેહ સ્મૃત્તિમાં રૂા. ૧૦,૦૦૦/-નું ઉદાર દાન પ્રાપ્ત થયું છે તે બદલ શ્રી મોઝીસભાઈ કે. ચૌહાણ તથા સમગ્ર પરિવારનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ.

આ પુસ્તક બાળકોને માટે આશીર્વાદ અને પડકારનું કારણ બનો તેજ અભ્યર્થના.

**મોઝીસભાઇ કે. ચૌહાણ**

# બે બોલ

ખ્રિસ્તી જીવનને માટે આપણને ચોક્કસ સમજણ શિક્ષણ પવિત્રશાસ્ત્ર બાઈબલ આધારિત આપવામાં આવી છે. જેના ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, વ્યક્તિ તરીકે આપણે કેવી રીતે જીવવું.

બાઈબલ આપણને ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખવાનું શીખવે છે. રોજના જીવનને માટે ઈશ્વર, બાઈબલ તથા તેના લેખક પવિત્ર આત્મા આપણા મદદગાર તથા શિક્ષક બની રહે છે.

આપણા સમયોમાં વ્યક્તિઓ ટૂંકા ગાળાના રસ્તાઓ અપનાવતા જોવા મળે છે. જે બાઈબલ આધારિત કે ઈશ્વરની ઇચ્છા અનુસાર હોતા નથી. બાઈબલ કે આપણો ઈશ્વર કદી ટૂંકા ગાળાના રસ્તાઓની વાત કરતા નથી.

આવી બાબતોમાની એક વાત તે "જોષ જોવડાવવું" જોષ જોનારા તે માણસો જ હોય છે. જેમને પોતાના જીવન વિષે કશી જ ખબર હોતી નથી આવી વ્યક્તિ બીજાઓ વિષે અને તેમના ભવિષ્ય વિષે માહિતી આપે છે. જે માનનારો-વિશ્વાસ કરનારો એક વર્ગ આજે પણ ખ્રિસ્તી સમાજમાં છે. કદાચ આવા લોકોની સંખ્યા થોડી હશે. વાતવાતમાં નસીબને દોષ આપતા ખ્રિસ્તી ભાઈબહેનોને જોઈએ છીએ. નસીબ જેવું કશું જ કંઈ હોતું નથી. જોષ જોવું તે તો પાપ છે જ. પરંતુ તેથી તો વ્યક્તિની સમસ્યાનો અંત નથી આવતો પરંતુ વધી જાય છે. જોષ જોવડાવવાની સાથે તેની સંલગ્ન બીજી વિધિઓમાં વ્યક્તિ જાણતા અજાણતા સરી પડે છે. આ બધાથી ઈશ્વરને મહિમા મળતો નથી. ઈશ્વર પોતે ખુશ થતા નથી ઉલ્ટાનું ઈશ્વરનો કોપ વ્યક્તિ પર ઉતરે છે. પરિણામે પ્રશ્નો, દુઃખો અને તકલીફોની હારમાળા શરૂ થાય છે.

વ્યક્તિગત આપણા વિષે ઈશ્વર જ સત્ય હકિકત જણાવી શકે. તેજ આપણને દોરવણી આપી શકે.

ઈશ્વર આપણા સરજનહાર હોઈને તથા આપણા જીવનના માલીક હોઈને તેઓ જ આપણા વિષે સત્ય કહી શકે. ઈશ્વર સંપૂર્ણ છે તેથી તેમની વાત સંપૂર્ણ છે.

ઉપરોક્ત તમામ વિચારો ઉપરાંત તેના જેવા બીજા વિચારો બાઈબલ આધારિત ઉમેરી શકાય. આ પુસ્તકમાં રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાણ સાહેબે જે માહિતી આપી છે તે માટે આપણે તેમના આભારી છીએ. તેઓએ આ દિશામાં ઉંડો અભ્યાસ કર્યો છે. આ પુસ્તકના વાંચનથી સ્પષ્ટ જણાય છે-સમજાય છે કે "જોષ જોવાનું પાપ" કેટલું ખતરનાક છે. તેથી આ પુસ્તકને ફરીથી તમારા હાથમાં મૂકતા ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી આનંદ અનુભવે છે. તમે તમારા બિનખ્રિસ્તી મિત્રોને આ પુસ્તકની ભેટ આપી શકો છો.

લેખકે જે રીતે વિષયને ન્યાય આપ્યો છે તે ખરેખર પ્રસંશનીય છે. માહિતીઓને જોતા જણાય છે કે, આ પુસ્તક તૈયાર કરવામાં તેમણે ઘણો પરિશ્રમ ઉઠાવ્યો છે. તેથી લેખક આ મૂલ્યવાન પુસ્તકને તમારા હાથમાં મૂકતા એ આશા રાખે છે કે તમે વાંચી બીજાઓને સાચી દોરવણી આપો.

આ પુસ્તકના પ્રકાશન પેટે દાનની યાદી નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતી રૂથબહેન ડી. જાની | રૂા. ૫૦૦૦/- |
| (૨) | શ્રીમતી એમેલ્યાબહેન જે. ક્રિસ્ટી | રૂા. ૫૦૦૦/- |
| (૩) | શ્રીમતી સરોજિનીબહેન રોહિતકુમાર ક્રિશ્ચિયન તરફથી સ્વ. માતુશ્રી નાઓમીબહેન તથા સ્વ. પિતાશ્રી ખુશાલદાસના સ્મરણાર્થે | રૂા. ૫૦૦૦/- |
| (૪) | શ્રી મોજીસભાઈ કે. ચૌહાણ | રૂા. ૧૦,૦૦૦/- |
| (૫) | પૉલ પ્રવિણભાઈ ફાર્મર તથા શ્રીમતી કમળાબહેન પ્રવિણભાઈ ફાર્મર (યુ.એસ.એ.) | રૂા. ૫૦૦૧/- |

પ્રેમભાવથી,

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**

સેક્રેટરી

જુલાઈ/૨૦૦૨

# આટલું જ કહેવાનું

આ વિષયને અને મારે કંઈ લેવાદેવા નથી. મને એમાં કંઈ રસ નથી. પણ લખવાની ફરજ પડી. એટલે લખ્યું. નૈતિક અને આત્મિક ફરજ પડી. મન અને હૈયાએ મને જંપવા ન દીધો. એટલે લખવું જ પડયું. તમે જ કહો : બીજું શું થાય ?

કોઈ સાંભળે કે ન સાંભળે; ગ્રહે કે ન ગ્રહે. તેથી શું થયું ? સાચેસાચું લખવાની ફરજ પડી ! અને હું ચૂપ રહ્યો નથી. શેતાન તો એનું કામ કરતો જ રહેશે. પણ પરમ કૃપાળુ પરમેશ્વરમાં મને અતૂટ શ્રધ્ધા છે. તે લોકોને સત્યમાં દોરતા જ રહેશે. અને આખરે તો જય તેમનો જ છે ને ! કારણ, તે સત્ય છે. પ્રભુ ઈસુ કહે છે : "માર્ગ, સત્ય તથા જીવન હું છું." ★

પુસ્તકનું નામ લીધું છે શાઉલ રાજાના વૃતાંતમાંથી. એણે ઈશ્વરની આજ્ઞા ઉવેખી. ઈશ્વરે તેને કહ્યું, "ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન **જોષ જોવાના પાપ બરાબર છે.**" ●

જે ગ્રંથકારોની સહાય મળી તેમનો ઋણી છું. જેમનાં અવતરણ કે મંતવ્ય લીધાં છે ત્યાં તેમનું ઋણ દર્શાવ્યું છે. બીજી સહાય આપનાર સ્નેહીઓનો પણ આભારી છું.

કહેવાનું તે પુસ્તકમાં કહી દીધું એની હૈયે હળવાશ છે. આ પુસ્તકની બીજી આવૃત્તિ પણ બહાર પડી એ બતાવે છે કે લોકોને સત્ય જાણવું છે. વાચકોએ મારાં આગલાં પુસ્તકોને ઉમળકાથી આવકાર્યા તેથી આભાર. આ પણ તમારે ખોળે મૂકું છું.

---

★ બાઈબલ : યોહાન ૧૪ : ૬

● બાઈબલ : ૧ શમુએલ ૧૫ : ૨૩

# અનુક્રમણિકા

## જોષ જોવાનું પાપ

**પ્રકરણ પહેલું :** માણસ પાસે ઈન્દ્રિયાતીત જ્ઞાન કે શક્તિ નથી ૧
૧. ઈન્દ્રિયાતીત શક્તિ કોઈ પણ માણસ પાસે છે જ નહિ ૩
૨. યુરી ગેલર ૫
૩. શેતાનના આત્માઓ દ્વારા વૈદકીય ઑપરેશનો (સર્જરી)
(ક) ફિલિપીનો ટોનીઆગેપાઓઆ ૭
(ખ) બ્રાઝિલનો એરીગો ૮
(ગ) જીરાર્ડ ક્રોઈસેટ (Gerald Croiset) ૧૧
**પ્રકરણ બીજું :** ઈશ્વર સામે શેતાનનું યુધ્ધ ૨૨
૧. સૃષ્ટિસર્જક ઈશ્વર સામે માણસોના મિથ્યા તર્કવિતર્કો ૨૨
૨. વિશ્વમાં પાપનો પ્રવેશ ૨૭
૩. જોષ અને શકુન જોવા સામે, તેમ જ શેતાની વિદ્યાઓ સામે બાઈબલની મના ૨૮
૪. યુધ્ધ માટે શેતાનનાં લશ્કરો ૩૧
(ક) શેતાનના રાજકર્તાઓ ૩૧
(ખ) અધિકારીઓ ૩૨
(ગ) આ અંધારી આલમના સત્તાધારીઓ ૩૨
(ઘ) આકાશી સ્થાનોમાં વસતાં દુષ્ટતાનાં અપાર્થિવ લશ્કરો ૩૩
**પ્રકરણ ત્રીજું :** જ્યોતિ:શાસ્ત્ર ૩૪
૧. જોષ કે શકુન જોવાની 'ઓકલ્ટ' વિદ્યાઓ ૩૪
૨. જ્યોતિ:શાસ્ત્ર ૩૫
(ક) રાશિમંડળ ૩૮
(ખ) નક્ષત્રો ૩૯
(ગ) ગ્રહો ૩૯

(ઘ) જન્મકુંડળી ૪૧
(ચ) જ્યોતિષ સાચું નથી તેનાં કારણો ૪૩
૧. ગ્રહોની સંખ્યા બદલાય છે.
૨. રાશિઓનાં સ્થળ બદલાયાં છે. ૪૪
૩. પ્રકાશ-કિરણોને આકાશના એક સ્થળેથી પૃથ્વીના બીજા સ્થળે જતાં અમુક સમય લાગે; એટલે આ બંને જગાઓના સમયોમાં તેટલો ફરક પડે ૪૪
૪. ગ્રહો પ્રકાશનું ઉદ્‌ભવસ્થાન નથી ૪૫
૫. નહિ ઉમેરાયેલા ત્રણ નવા ગ્રહોની અસરોનું શું ? યુરેનસ (પ્રજાપતિ), નેપ્ચ્યુન (વરુણ), પ્લુટો (યમ) ૪૬
૬. આલ્ફ્રેડ વીટ (Alfred Witte)ના વધારાના બીજા આઠ નવા ગ્રહવાળા રાશિમંડળનું શું ? ૪૭
૭. બીજા બે સહાયક ગ્રહો (ગુલિકા અને યમઘંટ) ૪૮
૮. હજી નહિ શોધાયેલો એક ગ્રહ ૪૮
૯. નવો શોધાયેલો નાનો ગ્રહ : રામાનુજન ૪૯
૧૦. નક્ષત્રોની જાતિ કેવી રીતે નક્કી કરવામાં આવી ? ૪૯
૧૧. રાશિઘરોના આકાર બદલાતા જાય છે તેનું શું ? ૫૦
૧૨. તારાઓ વચ્ચેનું અંતર વધતું જાય છે, એટલે એમનાં સ્થાનોમાં ફરક પડે જ. જૂનાં સ્થાનો અને અંતરો પ્રમાણેની ચાલુ રહેલી ગણતરીઓ જૂઠી ના હોય ? ૫૦
૧૩. એકસરખા સમયે એક જ સ્થળે જનમતાં સંખ્યાબંધ બાળકોનું ભાવિ એકસરખું કેમ ન હોય ? ૫૧
૧૪. બાળકના ગ્રહસંબંધ ક્યારથી શરૂ થયા ગણાય ? ૫૩
(૧) ગર્ભાધાનથી કે જન્મસમયથી ? ૫૩
(૨) જન્મના સમયથી કે 'પ્લેશેન્ટા' (ઓર) પડયા પછી ? ૫૭
૧૫. જ્યોતિષની જુદી જુદી જાતની પધ્ધતિ અને રચના પણ વપરાય છે. તો એમાંથી ખરી કઇ ? ૫૭
(૧) વરાહમિહિરની રીત ૫૮

(૨) હાલમાં ચાલતી રીત ૫૯
(૩) કૃષ્ણમૂર્તિ પધ્ધતિ ૫૯
(૪) પરશરી અને જૈમિની પધ્ધતિ ૫૯
(૫) આલ્ફ્રેડ વીટની રીત (આઠ નવા ગ્રહવાળી) ૫૯
૧૬. જ્યોતિષમાં ચાલતી સુધારાની ચળવળ ૬૦
૧૭. જ્યોતિષ પ્રમાણે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે. ૬૦
૧૮. જુદી જુદી પધ્ધતિઓમાં રાશિઓની સંખ્યા ઓછીવત્તી હોય એ કેવું ? ૬૧
૧૯. જ્યોતિર્વિદ્યામાં પ્રમાણભાનનો અભાવ ૬૧
૨૦. માણસ વિશ્વયંત્રનો માત્ર એક દાંતો નથી ૬૨
૩. જ્યોતિષ પાછળની શક્તિ ૬૪
(ક) વરાહમિહિરનો અંત ૬૪
(ખ) હિંદુ જ્યોતિઃશાસ્ત્રાનુસાર ૬૪
ફૂટનોટ : ગ્રહો નડે નહિ માટે પહેરવાનાં નંગ ૬૫
(ગ) માનસશાસ્ત્રીય માન્યતા ૬૫
(ઘ) જંગની માન્યતા ૬૬
(ચ) શેતાની આત્માઓની પ્રવૃત્તિ ૬૬
(છ) રાશિમંડળ અને ગ્રહોની પાછળ ચાલક બળ શેતાની બળો ૬૭
૪. જ્યોતિષને ત્રણ પ્રકારમાં વહેંચી શકાય ૭૦
(ક) બનાવટ ૭૦
(ખ) સૂચનોભર્યું જ્યોતિષ (સૂચનો અને સ્વસૂચનોની અસરો) ૭૧
(ગ) માનવાતીત કે અલૌકીક શક્તિ દ્વારા એટલે કે શેતાનના આત્માઓ દ્વારા સંચાલિત જ્યોતિષ ૭૩
૫. જ્યોતિષ વિષે કેટલાક અભિપ્રાયો ૭૫
**પ્રકરણ ચોથું :** હસ્તસામુદ્રિક વિદ્યા ૮૦
૧. જુદાં જુદાં નામોનો તફાવત ૮૦

૨. હસ્તસામુદ્રિક ૮૦
(ક) હાથમાં આવેલી રેખાઓની હસ્તસામુદ્રિક પ્રમાણે ઓળખ ૮૨
(ખ) રેખાઓ ૮૨
(ગ) ડુંગરા ૮૨
૩. હસ્તરેખાવિદ્યા જૂઠી હોવાનાં કારણો ૮૩
(ક) પ્રત્યેક વ્યક્તિની હસ્તરેખાઓ તેમ જ આંગળાંની છાપ અનોખી અનોખી હોય છે. ૮૩
(ખ) હસ્તરેખા જોઈ આપનારાઓનાં વિધાનોમાં ફરક પડે છે. ૮૪
(ગ) અમુક હસ્તરેખાવાચકો ફક્ત એક જ હાથ જુએ છે, જ્યારે બીજા કહે છે કે બંને હાથ જોવાય તો જ ખરું અને ચોક્કસ વાચન ગણાય ૮૪
(ઘ) હસ્તરેખાઓ સમયે સમયે બદલાય છે. ૮૪
(ચ) એમાં જ્યોતિષ પણ ભળેલું છે; હસ્તરેખા અને જ્યોતિષનું મિશ્રણ ૮૫
(છ) આ ‘વિદ્યા’નું સામર્થ્ય માત્ર એનાં ‘સૂચનો’માં ભરેલું છે ૮૬
૧. જ્ઞાનમિત્રનો દાખલો ૮૬
(જ) હસ્તરેખા જોનાર વ્યક્તિ ‘પ્રેતવાદી’ પણ હોય એવા કિસ્સા ૯૦
૪. હસ્તસામુદ્રિક કેમ ઈશ્વરની વિરુધ્ધની પ્રવૃત્તિ છે ? ૯૦
**પ્રકરણ પાંચમું** : આયના કે કાચના ગોળા દ્વારા જોષ ૯૨
**પ્રકરણ છઠ્ઠું** : ગંજીફાનાં પત્તાંની ગોઠવણી દ્વારા જોષ ૯૭
**પ્રકરણ સાતમું** : જાદુઈ લાકડી અને લોલક દ્વારા જોષ ૧૦૧
**પ્રકરણ આઠમું** : પ્લાન્શેટ બોર્ડ યા વિજા બોર્ડ (જાદુઈ પાટિયું) ૧૦૮
**પ્રકરણ નવમું** : જોષ જોવાનાં બીજાં કેટલાંક સાધન ૧૧૧
૧. પ્રાઈમસ સ્ટવ દ્વારા ૧૧૧

૨. દાબડી દ્વારા ૧૧૩

**પ્રકરણ દશમું :** પેરાસાયકોલોજી (પરામાનસ શાસ્ત્ર) ૧૧૫

૧. અદીઠને જોઇ શકીએ ૧૧૫

(ક) ભૂતકાળની બાબતો ૧૧૬

(ખ) ભવિષ્યકાળની બાબતો ૧૧૬

(ગ) વર્તમાનકાળની બાબતો ૧૧૬

૨. ન સંભળાતું સાંભળી શકીએ ૧૧૬

૩. અડકયા વગર વસ્તુમાં ફેરફાર કરી શકીએ ૧૧૬

૪. મેન્ટલ ટેલિપથી ૧૧૭

૫. આ શક્તિનું ઉદ્ભવસ્થાન ૧૧૭

(ક) માણસના મનની શક્તિ ૧૧૭

(ખ) આત્માઓની દુનિયામાંથી આ શક્તિ આવે છે. ૧૧૮

૬. આ બીજી (ખ) માન્યતા ધરાવનારાઓમાં ત્રણ પ્રકાર છે : ૧૧૮

(ક) ભૂતપ્રેત તરફથી ૧૧૮

(૧) મરેલાંના આત્મા ભટકતા નથી ૧૧૮

(૨) જીવતાં હતાં ત્યારે જે શક્તિ તેમની પાસે નહોતી તે મર્યા પછી કયાંથી આવે ? ૧૧૯

(ખ) શેતાન તરફથી ૧૧૯

(ગ) મૂળ ઈશ્વરે માણસને આપેલી આ શક્તિ શેતાન વાપરે છે. ૧૧૯

**પ્રકરણ અગિયારમું** : સાઈકોમેટ્રી (મનમાપણી) ૧૨૧

**પ્રકરણ બારમું** : અગમજ્ઞાન (Precognition) ૧૨૨

**પ્રકરણ તેરમું** : અતીન્દ્રિય દૃષ્ટિ (ક્લેરવાયન્સ અં: clairvoyance) ૧૨૩

૧. ભૂતકાળના બનાવ વિષે અતીન્દ્રિય દૃષ્ટિ ૧૨૩

(ક) ખોવાયેલા બાળકની માહિતી ૧૨૩

(ખ) પુનર્જન્મો ૧૨૪

૧. બનાવટ અને છેતરપિંડી ૧૨૪

૨. શેતાનના અશુધ્ધ આત્માઓની કરામત હિપ્નોટિઝ્મ મારફતે 'બ્રેઈન વૉશિંગ' ૧૨૫

૩. શેતાનના અશુધ્ધ આત્માઓની કરામત (હિપ્નોટિઝમ મારફતે પોતાનું માનસ અશુધ્ધ આત્માને સોંપવાથી) ૧૨૮

૪. વર્તમાનકાળના બનાવ વિષે 'અતીન્દ્રિય દૃષ્ટિ' ૧૨૮

૫. ભવિષ્યકાળના બનાવ વિષે 'અતીન્દ્રિય દૃષ્ટિ' ૧૨૮

**પ્રકરણ ચૌદમું :** જોષવિદ્યામાં આગળ પડતી કેટલીક વ્યક્તિઓ ૧૩૦

૧. નિમ્રોદ ૧૩૦

૨. નોસ્ટ્રાડેમસ (નોત્રદામ) (ઈ.સ. ૧૫૦૩-૧૫૬૬) ૧૩૨

૩. શ્રીમતી જીન ડિકસન ૧૪૧

(ક) ખરી પડેલી કેટલીક આગાહીઓ ૧૪૨

(ખ) ખોટી પડેલી કેટલીક આગાહીઓ ૧૪૩

(ગ) તો જીન ડિકસનની આગાહીઓ વિષે શું કહેવું ? ૧૪૫

૧. વાગ્યું તો તીર; નહિ તો ટપ્પો ૧૪૫

૨. તેને ઈશ્વર તરફથી મળતી અગમવાણી ? ૧૪૫

૩. શેતાન અને દુષ્ટતાનાં આત્મિક દળો તરફથી મળતી માહિતી ૧૪૬

(૧) શ્રીમતી ડિકસન જોષ જોવાનાં સાધનો, અન્ય જોષીઓની માફક વાપરે છે ૧૪૭

(૨) અર્ધા કરતાં વધારે આગાહીઓ ખોટી પડી છે ૧૪૭

(૩) સાચા પ્રબોધક અથવા ભવિષ્યવાદીની વ્યાખ્યા ૧૪૮

(૪) ભવિષ્યવાણીઓની પ્રેરણા કાં તો ઈશ્વર તરફથી હોય, અથવા તો શેતાન તરફથી હોય ૧૪૯
(૫) જીન ડિકસનની આગાહીઓ એકંદરે માઠા અને કરુણાજનક બનાવો વિષે જ હોય છે ૧૪૯
(૬) જીન ડિકસન પાસે જોષ જોવડાવવા કે એવી સલાહ લેવા ગયેલા ઘણાંબધાંને પાછળથી માનસિક, નૈતિક અને આધ્યાત્મિક રીતે નુકશાન થયેલું છે. ૧૫૧
(૭) રોમન કૅથલિક ધર્મગુરુઓ તેની શક્તિને ઈસુ ખ્રિસ્તની નથી ગણતા. ૧૫૧
(૮) તેની આગાહીઓ અસ્પષ્ટ, ગોળગોળ, અને ધારીએ એવા અર્થ નીકળી શકે તેવી હોય છે ૧૫૨
(૯) જીન ડિકસનની આગાહીઓ પ્રભુ ઈસુ તરફથી નથી ૧૫૨
**પ્રકરણ પંદરમું** : જોષ, શકુન, વગેરે કેમ પાપ છે ? અને કેમ તેઓ ઈશ્વર વિરુધ્ધનાં છે ? ૧૫૬
**પ્રકરણ સોળમું** : પરમ પિતા પરમેશ્વરનું સંચાલન ૧૬૪

## પ્રકરણ ૧ લું

# માણસ પાસે ઇન્દ્રિયાતીત જ્ઞાન કે શક્તિ નથી

એક જૂના પ્રચલિત ગીતની પંક્તિ કહે છે :

"ન જાણ્યું જાનકીનાથે
સવારે શું થવાનું છે ?"

'સવારે' અથવા 'કાલે' જ શું કામ ? ઘડી પછી શું થવાનું છે તેનીયે કોને ખબર છે ? જો શ્રીરામને કોઈ અલૌકિક રીતે (કે જ્યોતિષ મારફતે !) ખબર પડી હોત કે હું મૃગનો શિકાર કરવા જઈશ તે જ સમયે રાવણ સીતાનું હરણ કરી જશે, તો શ્રીરામ મૃગ પકડવા ન ગયા હોત ! એમ જ ભાવિના ભણકારાના સંકેત લક્ષ્મણને કોઈક રીતે મળ્યા હોત, તો "લક્ષ્મણ, લક્ષ્મણ" નામની બૂમો સાંભળવા છતાં તે સ્થળ છોડી ના ગયા હોત. તો બની ગયું તે ના બન્યું હોત ! "ન જાણ્યું..... કે સવારે શું થવાનું છે ?

માણસજાતને આદિકાળથી આ પ્રશ્ન પજવી રહ્યો છે કે કાલે શું થવાનું છે ? એની તંદુરસ્તી કેવી રહેવાની છે ? કોઇ ઓચિંતો જીવલેણ અકસ્માત આવતો તો નથી ને ? નોકરીધંધો ચાલુ રહેશે કે કેમ ? એના મરણપરણનું શું ? નોકરી કયારે મળશે - કેવી મળશે ? વધુ ધન મેળવવું છે, કેવી રીતે મેળવવું ? પાસ થવાશે કે નાપાસ ! આ રીત અજમાવવું તો આગળ વધાશે કે પેલી બીજી રીતે ? સંતાનોનું ભાવિ કેવું થશે ?

આવા આવા અનેક પ્રશ્નો એનો અજંપો વધારી મૂકે છે, અરે, એની ઊંઘ પણ હરામ કરી નાખે છે.

ઉત્પન્નકર્તા પ્રભુ પિતાએ તો કહ્યું છે કે, “પ્રભુ પર શ્રધ્ધા રાખ, અને ભલું કર; દેશમાં રહે, અને વિશ્વાસુપણાની પાછળ લાગ, જેથી પ્રભુમાં તું આનંદ કરીશ; અને તે તારા હૃદયની ઇચ્છાઓ પૂરી કરશે.”

વળી,

“તારા માર્ગો પ્રભુને સોંપ,
તેના પર શ્રધ્ધા રાખ,
અને તે તને ફળીભૂત કરશે.”

(બાઈબલ : ગીતશાસ્ત્ર ૩૭:૩-૫)

વળી, સંત પૉલ કહે છે :

“જેઓ ઈશ્વરના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને માટે તે (ઈશ્વર) સઘળું હિતકારક નિપજાવે છે” (બાઈબલ : રોમન ૮:૨૮).

પણ ઈશ્વરથી દૂર ભાગેલો માણસ ઈશ્વર પર શ્રધ્ધા ન રાખતાં ભાવિની જાણકારી માટે કોઈ અન્ય સાધનોની ઝંખના કરે છે, એટલે શેતાન એને ‘જ્યોતિષ’ અને એવી અન્ય ‘ઑકલ્ટ’ વિદ્યાઓ સાથે ભટકાવી દઈ ઈશ્વરથી દૂર લઈ જાય છે.

**ઑકલ્ટ :** આ પુસ્તકમાં ‘ઑકલ્ટ’ (occult) શબ્દ વારંવાર વાપરવામાં આવ્યો છે, આથી એનો ખુલાસો જરૂરી છે. એનો અર્થ થાય છે : ગુપ્ત, ગુહ્ય, ગૂઢ કે જાદુઈ. પુસ્તકમાં જુદી જુદી ‘ઑકલ્ટ’ વિદ્યા કે શક્તિ વિષે ઘણા ઉલ્લેખ કરવામાં આવ્યા છે. જે ‘શક્તિ’ માણસમાં પોતામાં નથી પણ તે બહારથી પામ્યો હોય છે, અને તે શક્તિના સ્રોત કે ઉગમસ્થાનની સ્પષ્ટ ખબર પડતી નથી, તે શક્તિને ‘ઑકલ્ટ’ ગણવામાં આવે છે. ઘણી કામગીરી અને બનાવો માણસ જાણે કે પોતાની શક્તિથી કરતો હોય એમ લાગે, પણ એ ‘શક્તિ’ એની પોતાની જ્ઞાનેન્દ્રિયોથી પર અથવા બહારની હોય છે. એ ઑકલ્ટ શક્તિ છે. આ પુસ્તકમાં એ શક્તિનો સ્રોત સ્પષ્ટ કર્યો છે.

'ઑકલ્ટ' શક્તિ એટલે કુદરતના કાનૂનોથી પર, પણ ઈશ્વર રહિત એવી શક્તિ. અને આ ઑકલ્ટ વિદ્યાઓ કે શક્તિઓ શેતાન તરફથી હોઈને છેવટે તો માણસના લાગણીતંત્ર, અને બુધ્ધિતંત્રને તેમ જ એની નિર્ણયશક્તિ યા મનોબળ (will power)ને નુકશાન પહોંચાડ્યા વગર રહેતી નથી. શેતાનનું ધ્યેય એ જ છે.

દુઃખકારક વાત એ છે કે ઑકલ્ટ શક્તિ માટેની કુતૂહલતા આખરે માઠાં પરિણામ લાવે છે. 'ઑકલ્ટ' શક્તિ એ કોઈ તટસ્થ અને અસર ન પહોંચાડે તેવી નિષ્ક્રિય શક્તિ નથી કે માણસ ગમે ત્યારે એનો ઉપયોગ કરે અને ધારે ત્યારે તેને છોડી દે, અથવા તેમાંથી મુક્ત થાય. ઑકલ્ટ શક્તિ શેતાન તરફથી હોઈને ભયાનક રીતે ખતરનાક છે, અને એનો ઉપયોગ કરનાર અને એનો લાભ લેનાર ઉભયને ભારે નુકસાન પહોંચાડે છે. એમના બુધ્ધિતંત્રને, લાગણીતંત્રને અને નિર્ણયશક્તિને અવળી અસરો પહોંચાડે છે.

એટલે જ 'જોષ' અને એવી ઑકલ્ટ શક્તિઓના આશરાની ઝંઝટમાં પડ્યા વગર એક ભક્તનો અનુભવ કેવો આહ્‌લાદજનક, આવકારણીય અને અપનાવવા જેવો છે :

"હું શાંતિમાં સૂઈ જઈશ, તેમ જ ઊંઘી પણ જઈશ;
કેમ કે, હે પ્રભુ, હું એકલો હોઉં ત્યારે પણ
તમે મને સલામત રાખો છો." (બાઈબલ : ગીતશાસ્ત્ર ૪:૮)

**૧. ઇન્દ્રિયાતીત શક્તિ કોઇ પણ માણસ પાસે છે જ નહિ.** એટલે કે મનુષ્યાતીત કે અલૌકિક જ્ઞાન-ભાન કે શક્તિ કોઈ પણ માનવી પાસે છે જ નહિ, હોઈ શકે પણ નહિ. ટેલિપથી, બીજાના વિચારો જાણી લેવાની શક્તિ; ભવિષ્ય ભાખવાની કે આગાહીઓ કરવાની શક્તિ; યુરી ગેલર માફક ચમચા, કાંટા અને ધાતુઓને મગજના ધારણાબળે વાળવાની શક્તિ; કામણ-ટૂમણની શક્તિ; વગેરે

શક્તિ મનુષ્યમાં છે જ નહિ. મૃત્યુ પામેલાંની સાથે વાતચીત કરવાની અને ધારેલી માહિતી મેળવી લેવાની શક્તિ માણસ પાસે છે જ નહિ. આમાં મૃત્યુ પામેલાં સાથે વાતચીત હોતી જ નથી, પણ 'સાધેલા ભૂત' એટલે કે શેતાનના અશુધ્ધ આત્મા સાથે વાતચીત હોય છે. કોઈ પણ મૃત્યુ પામેલાઓનો આત્મા પૃથ્વી પર ભટકતો હોતો નથી કે, તેને બોલાવી શકાતો નથી. મરેલાનો આત્મા ઈશ્વરની પાસે—એના કબજામાં હોય છે. આ એક આખો વિષય છે, પણ અત્યારના આપણા આ પુસ્તકની બહારનો હોઈ, અહીં એને વિસ્તારથી જોઈશું નહિ.

એવી જ રીતે ભવિષ્ય ભાખવાની કે આગાહીઓ કરવાની શક્તિ માણસમાં છે જ નહિ; અને જ્યોતિષ એટલે કે જન્મકુંડળી અને રાશિમંડળની કક્ષાઓની ગણતરી એ એક વિજ્ઞાન છે, અને તે દ્વારા જ્યોતિષી અમુક આગાહીઓ કરી શકે છે, એ માન્યતા પણ સાચી નથી. માણસની પાસે એવી શક્તિ કે જ્ઞાન છે જ નહિ, અને એવું કોઈ 'વિજ્ઞાન' છે જ નહિ.

ઉપર ગણાવી તે બધી શક્તિઓ મેળવવાના ફક્ત બે જ સ્રોત છે : ઈશ્વર અને શેતાન. ઈશ્વર માણસને આ શક્તિઓ આપી શકે છે, પણ એમાં અમુક પૂર્વશરતો છે : ઈશ્વરની ઈચ્છા હોય તો તે આપે; એ શક્તિઓ દ્વારા ઈશ્વરનો મહિમા થતો હોય તો. અને એમાં ઈશ્વરની પવિત્રતા, ન્યાયીપણું, અને તેનો અસીમ પ્રેમ સચવાતાં હોય તો જ ઈશ્વર એવી શક્તિ આપે. બીજી વાત કે માણસ ઈશ્વરને અર્પાયેલું અને તેની આજ્ઞાઓ પાળતું હોય તો જ. આ વિષે આપણે છેલ્લા પ્રકરણમાં વધારે જોઈશું.

શેતાન અને તેના અશુધ્ધ આત્માઓ માણસને આવી શક્તિઓ મર્યાદિત પ્રમાણમાં આપી શકે છે. પહેલી વાત તો માણસને ઈશ્વર પર શ્રધ્ધા રાખવામાંથી, અને તેના પર પ્રેમ કરવામાંથી ચળાવવાના

બદ ઈરાદાથી શેતાન આવી શક્તિઓ માણસને આપે છે. બીજું કે શેતાન ઈશ્વરની જેમ સર્વજ્ઞ અને સર્વસમર્થ (કે સર્વશક્તિમાન) નથી, એટલે શેતાન માત્ર મર્યાદિત પ્રમાણમાં જ આવી 'શક્તિઓ' આપી શકે છે. ત્રીજું કે આવી 'શક્તિઓ' મેળવવા ઇચ્છા રાખતા માણસે શેતાનને આધીન રહેવું પડે છે. એવો માણસ ઈશ્વરને પ્રસન્ન કરી શકતો નથી. એવો માણસ ઈશ્વરનો હોવાનો ઢોંગ કરે, અને કહે પણ ખરો કે ઈશ્વરે તેને આ 'શક્તિઓ' આપી છે ! પણ એ માત્ર બનાવટ હોય છે, અથવા તો તે માણસ પોતાની જાતને છેતરી રહ્યો હોય છે. ચોથી બાબત કે શેતાનની 'શક્તિઓ' વાપરનારા આ માણસોને છેવટે નૈતિક, આત્મિક અને શારીરિક ખતરો જ રહે છે.

'ઑકલ્ટ' શક્તિઓના બે-ત્રણ દાખલા જોઈ લઈએ, એટલે એ વિષે વધુ સમજ પડશે.

**૨. યુરી ગેલર :**

આ ઇઝરાયલી યુવાન ચમચા, કાંટા, છરીઓ અને ધાતુઓની બીજી ચીજોની, કોઈ પણ સાધન વાપર્યા વગર, સ્પર્શ કરીને કે કર્યા વગર વાળી નાખે છે. વર્ષોની જૂની અને બંધ પડેલી ઘડિયાળોને એકદમ 'ટીકટીક' ચાલુ કરી દે છે. જોનારને લાગે છે કે તે માત્ર પોતાના મગજની વિચારશક્તિથી આ બધું કરે છે. ટેલિવિઝન પર અને જાહેર કાર્યક્રમોમાં તે આ પ્રયોગ કરી બતાવે છે.

જર્મનીમાં તા. ૧૯-૧-૧૯૭૫ના રવિવારે ટેલિવિઝન પર તેણે આવો પ્રયોગ નિષ્ણાત વિજ્ઞાનીઓની હાજરીમાં કરી બતાવ્યો હતો. એક કાંટા પર હાથ મૂકતાંની સાથે એ કાંટો ગરમ થયા વગર આપોઆપ વળવા લાગ્યો. લોકોએ એને તપાસ્યો પણ ખરો. એવા



**યુરી ગેલર**

બીજા કેટલાયે કાંટા-ચમચા એણે વાળી બતાવ્યાં. યુરી ગેલરે કહ્યું કે, "આ શહેરનાં હજારો કુટુંબોનાં ઘરોમાં, આ કાર્યક્રમ અહીં ચાલે છે તે દરમિયાન એ ઘરોની કટલરી : છરી, કાંટા, ચમચા વળી ગયા હોય તો નવાઈ નહિ !" અને એવું જ બન્યું. એ કુટુંબોમાંથી ૧૯,૦૦૦ ટેલિફોન આવ્યા હતા કે એમનાં ઘરોની કટલરી વળી ગઈ હતી. ત્યાંના જાણીતા છાપા (Bildzeitung)ની ઓફિસે ૧૪૫૦ કાગળો

આ બાબત વિષે આવ્યા હતા. નિષ્ણાત પ્રોફેસર બેન્ડરને જર્મનીભરમાંથી ૧૯૦૦ અને સ્વીત્ઝર્લાંડમાંથી ૩૦૦ કાગળ મળ્યા હતા. એ શહેરની એક શ્રીમતી એસ.ને ત્યાં ઘરમાં ચમચા-કાંટા વળ્યા હતા. તેણે પડોશીને મળીને પોલીસને એ વિષે ખબર આપી. પોલીસના દેખતાં કબાટના એક 'ખાના'માં તો કાંટા, ચમચા વળતા હતા.★

યુરી ગેલરના આ પ્રયોગો વિષે ઘણા લોકો એમ કહે છે કે "આ તો **'ઇન્દ્રિયાતીત શક્તિ'** છે, અને તે શક્તિ દ્વારા તે આ બધું કરે છે." જ્યારે યુરી ગેલરને આ પ્રશ્ન અનેકવાર પૂછતાં તેણે હરવખત જવાબ આપ્યો છે કે "Power from outside" (આ તો બહારની શક્તિ છે). એ શક્તિ ઈશ્વરની તો હોઈ શકે નહિ, એ આપણે છેલ્લા પ્રકરણમાં જોઈશું, એટલે બીજો સ્રોત શેતાનનો. શેતાન તરફથી આ 'ઑકલ્ટ' શક્તિ તેને મળી છે.

યુરી ગેલર ૫૦૦ કિલોમીટર (૩૧૧ માઈલ) કરતાં લાંબા અંતરે ચમચા-કાંટા વાળી શકતો નથી. પણ જો એટલે અંતરે જો કોઈ માનસિક અસરોવાળું માણસ કે અશુધ્ધ આત્માનું 'માધ્યમ' (Medium) હોય, અને એ પોતાની આ શક્તિથી (શેતાનની શક્તિથી) યુરી ગેલરના મગજ સાથે સંપર્ક સાધે, તો આ અંતર કરતાંયે વધારે દૂર સુધી ગેલર ચમચા-કાંટા વાળી શકે. આ સ્પષ્ટ બતાવે છે કે આ 'ઑકલ્ટ' શક્તિ યુરી ગેલરની પોતાની નથી, પણ શેતાની બળોની છે.

### ૩. શેતાનના આત્માઓ દ્વારા વૈદકીય ઑપરેશનો (સર્જરી)

**(क) ફિલિપીનો ટોની 'આગેપાઓઆ :**

એ ફિલિપાઈન્સનો વતની છે, અને કોઈ પણ જાતનાં 'સર્જરી' (વાઢકાપ)નાં ઓજારો વગર ઑપરેશનો કરે છે. તેણે તબીબી વિદ્યાની કોઈ પણ પ્રકારની તાલીમ પણ લીધી નથી. છતાં છેક યુરોપ અને અમેરિકાથી લોકો ઑપરેશન માટે તેની પાસે આવે છે. એક યુરોપિયન

* "Occult ABC", Kurt Koch, Literature Mission Aglasterhausen Inc., Germany, 1980, Pp. 250-252.

ડૉક્ટર તો આવી 'ટ્રીપો' (મુસાફરીઓ)ની વ્યવસ્થા ગોઠવી આપે છે. આ ફિલિપીનો વર્ષો અગાઉ મુંબઇ આવ્યો હતો.

દરદીને સુવાડીને તે પોતે 'ટ્રાન્સ' (સમાધિ અથવા બેભાનાવસ્થા)માં ઊતરી જાય છે. પછી કોઇ પણ સાધન વગર દરદીના શરીર પર આંગળી ફેરવે છે, અથવા બૂઠી છરી વાપરે છે. જેમ કે દરદીને જો એપેન્ડીક્સ (આંત્રપુચ્છ)ની તકલીફ હોય તો એ સ્થળ પર આંગળી ફેરવે; અથવા ગોલ બ્લેડર (પિત્તાશય)ની તકલીફ હોય ત્યાં આંગળી ફેરવે, એટલે પેલું આંત્રપુચ્છ કે પિત્તાશયની પથરી આપોઆપ દૂર થઇ જાય. ઘણા લોકો એને ઇન્દ્રિયાતીત શક્તિ કહે છે. પણ એ ફિલિપીનો શેતાની આત્માઓની સહાયથી આ કામ કરે છે. આવાં ઑપરેશનો કરાવનારા કેટલાયે જણને આને લીધે પાછળથી માનસિક, આત્મિક અને શારીરિક તકલીફો થવા પામી છે. ફિલિપાઇન્સના મનિલા શહેરમાં આવા 'ડૉક્ટરો' ઘણા છે, અને દુનિયાભરમાંથી સેંકડો માણસો સાજાપણા માટે ત્યાં જાય છે. તેઓ ઑકલ્ટ શક્તિથી આ કામો કરે છે.

**(ખ) બ્રાઝિલનો એરીગો :**



**એરીગો**

શેતાની શક્તિ દ્વારા આ એરીગોએ ઘણાબધા લોકો ઉપર શારીરિક ઑપરેશનો કર્યાં છે. એ બ્રાઝિલના બેલો કોગોનહામ શહેરનો વતની છે. ધર્મે રોમન કૅથલિક છે. પ્રાથમિક શાળાનું થોડુંક એવું એનું ભણતર છે. ઑપરેશનો કરે છે, પણ દાક્તરી વિદ્યાની કોઇ તાલીમ એણે મેળવી નથી. ઊલટું, લાઇસન્સ વગર વાઢકાપ કરતો હોવાથી તેને સોળ મહિનાની જેલ થઇ હતી. પણ ત્યાંના પ્રેસિડેન્ટની પોતાની દીકરીને

એરીગોએ સાજી કરી હતી, તેથી પ્રેસિડેન્ટે તેની સજા કમી કરીને બે મહિનાની કરી હતી.

એના ઘરમાં જ્યાં તે ઑપરેશન કરે છે, ત્યાં પ્રભુ ઈસુના ક્રૂસારોપણનું ચિત્ર લટકાવેલું છે. અને ચિત્રની નીચે લખેલું છે કે "ઈસુ વિષે વિચારો." તે દરરોજ સવારમાં "ઓ આકાશમાંના બાપ" એ પ્રાર્થના કરે છે. ભલભલા મોટા મોટા અમલદારો એની પાસે ઑપરેશન કરાવવા આવે છે. સામાન્ય બૂઠા સાધન વડે તે ઑપરેશન કરે છે. એનાં ઑપરેશનોની ફિલ્મ પણ ઉતારવામાં આવે છે. એક અમેરિકન ડૉક્ટર ડૉ. પુહારીએ પોતાનું 'લિપોમા' ઑપરેશન એની પાસે કરાવેલું. એની પણ ફિલ્મ ઉતારી હતી. (લિપોમા એટલે ચરબીની, કૅન્સર નહિ એવી, ગાંઠ.) આ ઑપરેશન, અને એમ તો બધાં ઑપરેશન કોઈ પણ જાતના 'અનેસ્થેસિયા' (બેભાન કરવાની દવા) વગર અને બુઠ્ઠી છરીથી કરવામાં આવે છે. ઑપરેશન પછી ટાંકા પણ મારવામાં આવતા નથી, અને ઘા બહુ જ જલદીથી રુઝાઈ જાય છે.

ઑપરેશન કર્યાં પહેલાં એરીગો પોતે 'ટ્રાન્સ' (સમાધિ અવસ્થા)માં આવે છે, ને પછી જ ઑપરેશન કરે છે. એ જ્યારે 'ટ્રાન્સ'માં હોય ત્યારે કોઇ પણ દરદીના કોઈ પણ રોગનું તદ્દન ખરું નિદાન કરે છે.

સેનેટર લુસીઓ બીટનકોર્ટ પોતાના ચૂંટણીપ્રચાર માટે બ્રાઝિલના બેલો હોરીઝાન્તે શહેરમાં આવ્યા હતા. એરીગો અને એના મિત્રો પણ છેક કાંગનહામથી ત્યાં આવ્યા હતા. સેનેટર જે હૉટેલમાં ઊતર્યા હતા તે જ હૉટેલમાં, અને પાસેના જ ઓરડામાં એરીગો પણ ઊતર્યો હતો. સેનેટર બીટનકોર્ટને ફેફસાંના કૅન્સરનું દર્દ હતું. ચૂંટણીપ્રચાર પૂરો કર્યા પછી તે અમેરિકા જઇને કૅન્સરનું ઑપરેશન કરાવવાના જ હતા.

એક રાતે સેનેટર બીટનકોર્ટ એકાએક એરીગોને પોતાના ઓરડામાં અસ્ત્રો લઈને આવેલા જોયા. એરીગોએ કહેયું, "તમે મોટા

જોખમમાં છે." એ પછી સૅનેટર બેભાન બની ગયા. તે પાછા ભાનમાં આવ્યા ત્યારે પોતાના રાત્રિ-પહેરણ પર લોહીના ડાઘ જોયા. પછી પહેરણ કાઢીને આયનામાં જોયું તો છાતી ઉપર બારીકપણે કાપ મૂકેલો જોયો. સેનેટર બીટનકોર્ટ ઑપરેશનો વિષે જાણતા હતા, એટલે એકદમ એરીગોની રૂમ પર જોઈને ઑપરેશન સંબધી પૂછપરછ કરી.

એ પછી તેમણે તરત જ વિમાન મારફતે રીઓ શહેરમાં જઈને પોતાના ડૉક્ટરને મળીને બધી વાત કરી. ડૉક્ટરે કહ્યું, "હા, તમારું કૅન્સર દૂર કરવામાં આવ્યું છે, પણ ઑપરેશન અમેરિકન ઢબથી કરવામાં આવ્યું છે. હજી આપણા બ્રાઝિલમાં એ રીતે ઑપરેશન કરવામાં આવતું નથી." આ વાત વાયુવેગે બધે પ્રસરી ગઈ.

આ પછી અમેરિકન ડૉક્ટરો, જર્નાલિસ્ટો અને ફોટોગ્રાફરો એરીગોના ક્લિનિક પર ગયા, અને અનેક પ્રકારના અખતરા કર્યા, પણ કોઈપણ જાતની છેતરપિંડી કે બનાવટ જોવામાં આવી નહિ.

તો આ એરીગો કેવી રીતે આ ઑપરેશનો કરે છે. ? ઘણાએ લોકો કહે છે કે તે કોઈ ઈન્દ્રિયાતીત શક્તિ ધરાવે છે. એરીગો પોતે તો કહે છે કે, " આ મારી શક્તિ નથી પણ મને ડૉ. એડોલ્ફ઼ફ્રીઝ નામના જર્મન ડૉક્ટરનો આત્મા વળગ્યો છે." પણ એ વાત સાચી નથી. કોઈ પણ જર્મન ડૉક્ટર "અનેસ્થેસિયા" અને જંતુનાશક દવાઓ વગર મોટા ઑપરેશન કરે નહિ. વળી એ બૂઠી છરી વાપરે નહિ. અરે, કોઈ પણ ડૉક્ટર ફેફસાંનું ઑપરેશન આવી આસપાસની પરિસ્થિતિમાં કરે નહિ. વળી એરીગોના ઑપરેશનના કાપ ટાંકા લીધા સિવાય પણ અસાધારણ રીતે રુઝી જાય છે ! વળી એરીગો કરે છે તેમ દુનિયાનો કોઈ પણ ડૉક્ટર કોઈ પણ જાતની તપાસ કર્યા વગર વેગળેથી આટલું બધું ચોક્કસ નિદાન કરી શકે જ નહિ. એરીગો "ટ્રાન્સ" માં હોય ત્યારે કોઈ પણ દરદીનું તદ્દન ચોક્કસ નિદાન કરી આપે છે.

કોઈ પણ સાધન વગર તે વ્યક્તિનું બીલકુલ ચોક્કસ 'બ્લડ પ્રેસર' કહી આપે છે. વળી મોટી મોટી અને અઘરાં નામોવાળી દવાઓ તે લખી આપે છે. આ વિષે કોઈએ તેને પૂછયું તે આવાં નામો તમે કયાંથી જાણો છો ?- ત્યારે એરીગોએ ઉત્તર આપ્યો કે "મારા જમણા કાનમાં એક અવાજ આ નામો બોલે છે, અને એ સાંભળીને હું ફરીથી એ જ નામો ઉચ્ચારું છું".*

એરીગોની આ શક્તિ તે કોઈ ઇન્દ્રયાતીત શક્તિ નથી, કે કોઈ જર્મન ડૉક્ટરનો આત્મા એને વળગેલો નથી. આ તો શેતાનના અશુદ્ધ આત્માઓની માનવાતીત શક્તિ શેતાને તેને આપી છે. કોઈ પણ માણસના પોતામાં માનવાતીત શક્તિ કુદરતી હોતી જ નથી.

આવા બીજા અનેક બનાવો ટાંકી શકાય અને બતાવી શકાય કે, માણસ પાસે કોઈ ઇન્દ્રિયાતીત શક્તિ (Extra Sensiry Perception or Power)નથી. એટલે હવે પછીનાં પ્રકરણમાં આપણે જ્યોતિર્વિદ્યા, હસ્તરેખાવિદ્યા, અને ભવિષ્યકથન કરવાની, એવી અન્ય વિદ્યાઓ વિષે જોવાના છીએ, ત્યારે અગાઉથી એ જણાવવું તે જરૂરી છે કે એ બધી વિદ્યાઓ તે શેતાની અશુદ્ધ આત્માઓ તરફથી છે, અને એ બધી ઈશ્વરથી વિરુદ્ધની દિશા હોઈને માણસના આત્માને માટે નુકસાનકારક જ છે.

(ગ) **જેરાલ્ડ ક્રૉઇસેટ** (Gerald Croiset) :

આ જેરાલ્ડ ક્રૉઈસેટ ખ્યાતનામ પરામનોવિજ્ઞાની અને મનોમાપશાસ્ત્રી (Psychometrist) છે. તે ૧૯૦૯માં નેધરલૅન્ડમાં જન્મ્યો હતો. માનસશાસ્ત્રના પ્રખર વિજ્ઞાનીઓએ તેની ખૂબ ચકાસણી કરી છે, અને ક્રૉઈસેટ એની 'ઑકલ્ટ' શક્તિમાં પાર ઊતર્યો છે.

* "Occult ABC", Koch, Literature Mission Aglasterhausen Inc., Germany, 1980,Pp. 236-238.

આ તેની 'ઑકલ્ટ' શક્તિ દ્વારા કોઇ પણ માણસની ગમે તે એક વસ્તુ તે હાથમાં પકડે એટલે તે માણસના જીવનની ભૂતકાળ તેમ જ ભવિષ્યકાળની વિગતો તેના મનમાં ઊભરાવા લાગે. આથી ગુનાશોધક પોલીસખાતાએ ગુનેગારો શોધી કાઢવામાં તેનો ઠીક ઠીક ઉપયોગ કર્યો છે. એક વાર ૧૯૪૯માં તેને કાગળમાં વીંટાળેલાં બે પડીકાં ગુનાશોધકખાતા તરફથી આપવામાં આવ્યા, અને એને પૂછવામાં આવ્યું કે આમાં શું છે ? અને એ પડીકાં ક્યાંથી લાવવામાં આવ્યાં છે ? અને કયા બનાવ સાથે એ વસ્તુઓ સંકળાયેલી છે ?

પડીકાં ખોલ્યા વિના તેણે કહી આપ્યું કે એકમાં તમાકુની દાબડી છે, અને એ દાબડી ફલાણા ઘરમાંથી લાવામાં આવી છે. તે ઘરમાં સાધારણ સ્થિતિના બે ભાઇઓ રહે છે, અને તેઓ જાતીય ગુનામાં સંડોવાયેલા છે. બીજા પડીકામાં ગાયને ઓઢાડવાનો કોથળો છે. કઇ ગમાણમાંથી એ કોથળો લેવામાં આવ્યો તે, અને એ ભાઇઓએ એ જ ગમાણમાં એક મંદબુદ્ધિવાળી છોકરી સાથે કુકર્મ કર્યું હતું અને છોકરીને કઇ રીતે મારી નાખવી તે બાબતમાં તેઓ ઝઘડી પડયા હતા. છોકરી બચી ગઇ હતી. આ બધું તેણે કહી બતાવ્યું. અને પોલીસખાતાની તપાસમાં એ બધી વિગત તદ્દન સાચી પડી.

તે ભવિષ્યમાં બનનારા બનાવો પણ અગાઉથી જાણી શકતો હતો તેની પાસે આવી અગાઉથી ભાવિ જાણવાની શક્તિ (Precognition) હતી. પેલા બે ગુનેગાર ભાઇઓમાંનો એક આત્મહત્યા કરશે, એવી એની આગાહી ખરી પડેલી.

ગુજરાત સમાચારમાં તા. ૧૪-૩-૧૯૯૨ના રોજ જેરાલ્ડ કૉઇસેટનો કિસ્સો છપાયો હતો. વાત આમ હતી :

ડિસેમ્બર મહિનો.... નાતાલના દિવસો હતા. રસ્તાઓ ઉપર હિમવર્ષા થતી જ રહેતી હતી. લીલોતરી ઠંડીમાં થીજી ગઇ હતી. નાતાલનો કેક લઇને ૨૧ વર્ષની એક ખૂબસૂરત છોકરી પોતાની

સાઈકલ પર ઘર તરફ જઇ રહી હતી. ગામનું નામ વિયેરદેન. જોકે ત્યાનાં ગામોમાં અત્યંત આધુનિક રસ્તાઓ, કલબો, ટી.વી., ટેલીફોન, બાગ બધું હોય; આપણાં ગંદકી અને ગોબર ત્યાં ન જોવા મળે !

અચાનક આ છોકરી પર કોઈ હત્યારો ત્રાટકયો. તેના હાથમાં તીક્ષ્ણ હથોડી હતી. ભારે ઝપાઝપી પછી હથોડી નાખીને હત્યારો ભાગ્યો. ત્યાં કોઈ સાક્ષી ન હતો. આ છોકરીએ તેનું મોં ધારીને જોયું પણ ન હતું.

પોલીસ ફરિયાદ થઇ. પોલીસે યુ-રેક્ટ યુનિવર્સિટીના માનસશાસ્ત્રના નિષ્ણાત ડૉ. વિલ્યમ ટેન્હેઇફનો સંપર્ક સાધ્યો. છોકરીને મારવામાં વપરાયેલી હથોડીને ગ્રોસરી શોપમાં રાખવામાં આવી.... ડૉ. વિલ્યમે તપાસ શરૂ કરી. આખરે તેમણે પોલીસને જણાવ્યું કે હત્યારાને પકડવા માટે એક જ વ્યક્તિ મદદરૂપ થઇ શકે જેનું નામ છે જેરાલ્ડ ક્રૉઇસેટ.

જેવી હથોડી જેરાલ્ડને સોંપવામાં આવી કે તરત જ જેરાર્ડે કહ્યું: "આ ૩૦ વર્ષનો માણસ છે. આ માણસ ઊંચો અને જરા શ્યામ છે...જોકે ગુનામાં વપરાયેલી હથોડી તેની નથી...વિયેરદેન ટાઉનના એક માણસના ઘરમાંથી આ હથોડી ચોરાઇ છે. જેરાર્ડ ગુનો બન્યો તે ટાઉનથી ૨૦૦ માઇલ દૂર હતો.

આ ગુનાના છ મહિના પછી એક ૨૬ વર્ષના માણસની ધરપકડ પોલીસે કરી. આ એ જ ગુનેગાર હતો જેણે નાતાલના દિવસે પેલી છોકરી ઉપર હથોડીથી હુમલો કર્યો હતો. આ ગુનેગારે જ પોતાના નિવેદનમાં તે કબૂલ્યું ! તેણે એ પણ કબૂલ્યું કે છોકરીને મારવામાં લીધેલી હથોડી તે જ ગામના એક ૫૫ વર્ષના માણસની હતી.

વિયેરદેન ટાઉનના મેયરે કોર્ટમાં લેખિત નિવેદન આપ્યું કે: "જેરાલ્ડ ક્રૉઇસેટને આપેલી માહિતીને આધારે જ અમે ગુનેગારને પકડી શકયા છીએ...."

વિયેરદેનનાં આ જેરાલ્ડ ક્રૉઇસેટે વરસો સુધી પોલીસને અટપટા કેસમાં મદદ કરી હતી. જેરાલ્ડ હોલેન્ડ ઉપરાંત અમેરિકા અને ઇંગ્લૅન્ડમાં પણ અત્યંત સુંદર કામગીરી બજાવી હતી. આજે વિશ્વનાં ઘણાં મા-બાપો અને વાલીઓ જેરાલ્ડનો આભાર માને છે કેમ કે ગુમ થઇ ગયેલાં, ગુમ કરાયેલાં છોકરાંઓને શોધી કાઢવામાં જેરાર્ડે સફળતાભર્યું આયોજન કર્યું હતું. ઐતિહાસિક અને પૌરાણિક હસ્તપ્રતો અને નકલોના ગુમ થયા બાદ જેરાલ્ડે બધું ભેગું કરી આપ્યું હોય...

કરિયાણાની દુકાનના હિસાબનીશ જેવી જ જેટલી જ તેની પ્રતિભા. તેનું બાળપણ સ્હેજ પણ સુખી ન હતું. નિશાળમાં પણ એટલી જ ઉપાધિના ટોપલા ! તેના શિક્ષક તેને 'નાનકડો મૂરખ' કહેતા. એક દિવસ નાના જેરાલ્ડે બૉમ્બશેલ જેવો ધડાકો પોતાના શિક્ષક આગળ કર્યો: "ગઇકાલે તમે એક ખૂબસૂરત યુવતીને મળવા ગયા હતા ને ?....હા, અને તમે તેને પરણવાના છો એમ ને?...." શિક્ષક આ સાંભળીને એવો તો હેબતાઇ ગયો... આ હતી... ત્યારે, આ શાળાના આચાર્ય વિના આ શિક્ષકની આ વાત કોઇનેય ખબર ન હતી.... ત્યારે, આ છોકરાએ તો ખૂબસૂરત છોકરીના ડ્રેસનું પણ વર્ણન કર્યું હતું !

અગિયાર વર્ષના જેરાલ્ડનાં માત-પિતાએ તેમનું લગ્નજીવન તોડી નાખ્યું. ત્યારથી જેરાલ્ડ પોતાના પગ પર ઊભો રહ્યો.... જાતજાતનાં કાર્યો તેણે સ્વીકાર્યા....૨૫ વર્ષના જેરાલ્ડે પ્રેમલગ્ન કર્યા. અન્યોનું ભવિષ્ય જોઇ શકતો માનવ પોતાના વર્તમાનમાં ભૂખે રહેતો !

કલાકો સુધી તે એક રસ્તા પરથી બીજા રસ્તા પર ભટકતો જોવા મળતો—પોતાના જ વિચારોમાં ખોવાયેલો.

ધીરે ધીરે જેરાલ્ડને પોતાની 'ગૂઢ' શક્તિનો ખ્યાલ આવવા લાગ્યો. રસ્તા પર પડેલા ફાટેલા પગના ટુકડાથી જ તે આ પત્ર લેખકને

જોઈ શકતો ! આ જ અરસામાં જેરાલ્ડ આલ્બર્ટ પ્લેસમેનને મળ્યો. વખત જતાં આલ્બર્ટે KL M (રૉયલ ડચ ઍરલાઇન)ની સ્થાપના કરી હતી. બન્ને મિત્રો બની ગયા. આલ્બર્ટ પોતાની બધી જ બાબતોમાં જેરાલ્ડની સલાહ લેતો.



**એડગર કેઇસી**

**(क) એડગર કેઇસી અને એવા બીજા :**

એડગર કેઈસી હિપ્નોટિઝ્મની અસર તળેઅર્ધીભાનાવસ્થામાં હોય છે ત્યારે નિષ્ણાત ડૉક્ટર બની જાય છે, અટપટાં દરદોનાં નિદાન કરે છે. એડગર પોતે તો વૈદકીય વિદ્યાનો કક્કો પણ ભણ્યો નથી. છતાં તે પોતાની ક્લેરવૉયન્સ (Clairvoyance) શક્તિ દ્વારા જાતજાતનાં દરદો પારખતો હતો. એને 'sleeping prophet' (ઊંઘતો પ્રબોધક) કહેવામાં આવ્યો છે, કારણ, તે તંદ્રાવસ્થામાં હોય ત્યારે આ તેની 'ઑકલ્ટ' શક્તિ તેનામાં આવતી. તેના વિષે લખવામાં આવ્યું છે.

અમેરિકાના કેન્ટકી સ્ટેટના હોપ્કીન્સવિલ ગામમાં ૧૮૭૭માં તે જન્મ્યો હતો. શાળામાં તે બિલકુલ ઠોઠ વિદ્યાર્થી હતો. પણ સાત

વર્ષની ઉંમરે તેને પોતાની આ 'ઑકલ્ટ' (ગૂઢ) શક્તિઓનું ભાન થયું. પછી તો બહુ તેજસ્વી વિદ્યાર્થી બની ગયો. પુસ્તકોનાં પાનાના પાના તેની નજર સમક્ષ દેખાતાં. અને પુસ્તક વાંચે તેમ તે વાંચતો. તેને અવાજો સંભળાતા, જાણે કોઇ ગૂઢ શક્તિ તેની સાથે વાત કરતી હોય ! આમ તો તે નવમા વર્ગ સુધી ભણ્યો હતો.

તેના અર્ધભાનાવસ્થામાં તેની આગળ લાંબો ભૂતકાળ તેમ જ ભવિષ્યકાળ પણ ખડા હતા. તે અન્ય માણસોનો ભૂતકાળ અને ભાવિ કહી આપતો. દરદી સેંકડો માઇલ દૂર હોય તો પણ એડગર પોતાના ઓરડામાં સૂતાં સૂતાં પેલા દરદીનું નિદાન કરતો. તે તા.૩ જાન્યુઆરી ૧૯૪૫માં મરી ગયો ત્યાં સુધી હજારો દરદીઓને તેણે સહેલાઇથી સાજા કર્યા. એમાં કેટલાક દરદીઓ તો એવા હતા કે અન્ય ડૉક્ટરોએ તેમના વિષે આશા છોડી દીધી હતી.

આપણે આગળ જોઇ ગયા તેમ તે ભવિષ્યની આગાહીઓ પણ કરતો. સને ૧૯૨૯માં ભયંકર મંદીનું મોજું બધે ફરી વળ્યું તેની આગાહી, તેમ જ બીજા વિશ્વયુદ્ધની આગાહી પણ તેણે કરેલી. તેણે એ પણ આગાહી કરી હતી કે ૧૯૯૮ સુધીમાં લૉસ ઍન્જેલસ, સાન્ફ્રાન્સિસ્કો અને ન્યૂયોર્ક કુદરતી કારણોને લીધે નાશ પામશે.

ખ્રિસ્તી મંડળીનો એ આગેવાન સભ્ય હતો, અને સન્ડે સ્કૂલમાં શિક્ષક પણ હતો. વર્ષમાં એક વખત આખું બાઇબલ નિયમિત વાંચતો. છેંતાળીસ વરસ સુધી તેણે આ ટેવ ચાલુ રાખી. બાઇબલ વાચનની આ ટેવની સાથે સાથે તે પોતાની 'ઑકલ્ટ' (ગૂઢ) શક્તિઓ પણ વાપરતો રહ્યો. શેતાનની આ એક ચાલાક યુક્તિ છે. ખ્રિસ્તીપણાના અંચળા હેઠળ તે આવી શેતાની વિદ્યાઓનો ઉપયોગ કરાવતો હોય છે. એડગરને સાત વર્ષની નાની ઉંમરે આ ગૂઢ શક્તિઓનો પરચો થયો, એટલે એ પરથી અનુમાન કરી શકાય કે એનાં માબાપ પણ શેતાની જાદુનો ઉપયોગ કરનારાં હશે.

કેઇસીના મુખ્ય શિક્ષણમાં 'પુનર્જન્મ'નો સિદ્ધાંત હતો. તે માનતો અને શીખવતો કે વધુ સારું જીવન જીવવા અનેકવાર જન્મ લેવા, અને અનેકવાર મૃત્યુ પામવું જરૂરી છે. તે કહેતો કે તે પોતે અનેકવાર જન્મ્યો છે; અને ૧૯૦૦ વર્ષ પૂર્વે તે ઇસ્વીસનની પહેલી સદીમાં જીવતો હતો, અને લૂકની સુવાર્તાના લેખક લૂકનો તે ભત્રીજો હતો.

પોતાની આ 'ઑકલ્ટ' (ગૂઢ) શક્તિ વિષે તે ખુલાસા કરતો કે આ ગૂઢ વિદ્યાદાન તેને ઇશ્વર તરફથી મળ્યું છે, અને ખુદ પવિત્ર આત્મા તેને આમાં સહાય કરે છે. પણ 'પુનર્જન્મ'માં માનનાર માણસને ઇસુ ખ્રિસ્ત તથા પવિત્ર આત્મા સાથે શો સંબંધ હોઇ શકે! કારણ કે 'પુનર્જન્મ'નો સિદ્ધાંત કોઇ તારણહાર કે ઉદ્ધારકને માનતો નથી. તે એવું માને છે કે માણસ અનેક જન્મો દ્વારા પોતે જ પોતાનો ઉદ્ધારક બને છે. તેને બહારના કોઇ ઉદ્ધારકની, હા, ક્રૂસ પર બલિદાન બનેલા ઉદ્ધારકની કોઇ જરૂર નથી.

એડગર કેઇસી જ્યારે તંદ્રાવસ્થામાં હોય છે ત્યારે શેતાનના આત્માઓ તેની સાથે વાત કરે છે, દરદનું નિદાન તથા દવાઓ પણ સૂચવે છે. એ પછી એડગર દરદીને દરદનું નિદાન તેમ જ દવાઓ જણાવે છે. અને કોઇ વાર તો તે દવાઓ લખી આપતો નથી, પણ તંદ્રાવસ્થામાં શેતાની આત્માઓએ સૂચવેલાં માનસિક 'સૂચનો', સાજા થવાની પ્રેરણાઓ દરદીમાં પ્રેરે છે. એટલે દવા વગર દરદી નીરોગી થઇ જાય છે.

એક વાત અહીં જણાવવી રહી કે એડગર કેઇસી મારફતે સાજાં થયેલાં માણસોને પાછળથી કેટલીક માનસિક તેમ જ શારીરિક વિકૃતિઓના ભોગ બનવું પડે છે. બાઇબલ અને પ્રભુ પરના વિશ્વાસમાં પણ ઓટ આવે છે, અને મન ઉઠી જાય છે.

એડગર કેઇસીના કેટલાક દુર્મતો અને અવળું શિક્ષણ આ પ્રમાણે છે :

(૧) ઈસુ ખ્રિસ્ત તો આદમ, મેલ્ખીસેદેક, યહોશુઆ, ઝેન્દ (ઝોરોઆસ્ટરનો પિતા), અને એવી બીજી મોટી મોટી વ્યક્તિઓ અને ખ્રિસ્તી જમાના પહેલાંની મહાન વ્યક્તિઓના પુનર્જન્મધારક હતા.

(૨) ઈશ્વરના વ્યક્તિઓનું પુરુષ અને સ્ત્રી તત્ત્વ સામેલ હતા. એ તો પિતૃ-માતા ઈશ્વર છે.

(૩) ઈસુ અને એમનાં મા મરિયમ એ બંને જણ જોડિયા-આત્મા (twin-souls) હતા.

(૪) મરિયમનો કોઈ દૈહિક બાપ નહતો, પણ તેનો ગર્ભ પવિત્ર આત્મા દ્વારા તેનાં મા આન્નાના ઉદરે રહ્યો હતો. (આ તો રોમન કૅથલિક સિદ્ધાંત છે. તેઓ માને છે કે મરિયમનો ગર્ભ પાપરહિત નથી (immaculate conception) હતો. ઈશ્વરના આત્માના આચ્છાદન આન્નાને મરિયમનો ગર્ભ રહ્યો હતો. એટલે મરિયમ પાપરહિત હતી. આ તદ્દન જૂઠો સિદ્ધાંત તેઓ શીખવે છે. બાઈબલ એવા જૂઠા શિક્ષણને ટેકો આપતું નથી.)

(૫) ઈશ્વર ભવિષ્યના અજાણ છે.

(૬) માણસના ઘણા અનુભવોનો ખુલાસો પુનર્જન્મ અને બીજી દુનિયાઓનાં કંપનોને આધારે કરી શકાય.

(૭) ઈશ્વર સાથેનું આપણું ઐકય એ આપણું પોતાનું કાર્ય છે. બીજા અર્થમાં આપણે પોતે જ આપણા ઉદ્ધારનાર છીએ આ તો પુનર્જન્મના સિદ્ધાંતનું શિક્ષણ છે. માણસને અનેક જન્મો દ્વારા ફરી અને ફરી આ પૃથ્વી પર પાછો મોકલવામાં આવે છે, એમ અનેક જન્મો પછી એનાં પાપકર્મોમાંથી તે મુક્ત થાય છે, તેને મોક્ષ મળે છે, અને ઈશ્વર(બ્રહ્મ) સાથે તે એકાકાર બની જાય છે. ઉપર જોયું તેમ ઉદ્ધારનાર તરીકે ઈસુ ખ્રિસ્તની આમાં કોઈ જરૂર હોતી નથી. માણસ

પોતે જ પોતાનો તારણહાર બને છે. આથી કેઈસીનાં પુસ્તકો અને શિક્ષણ આપણને વર્જ્ય છે.

આમ, શેતાન અને તેના અશુદ્ધ આત્માઓ એડગર કેઈસીને છૂપા વેશમાં વાપરે છે.

**ગ્રીસનો આથેનાસિયોસ કૉન્ટોજ્યોર્જ** નામનો અભણ ભરવાડ એ પણ આવી જ એક શેતાની શક્તિઓવાળી વ્યક્તિ છે. લોકોના ભાંગી ગયેલાં હાડકાંને માત્ર તેનો સ્પર્શ થાય એટલે એક ક્ષણમાં તેઓ સાજા થઈ જાય છે. બીજા ડૉક્ટરોએ એને 'બનાવટ' ગણીને ૧૯૪૧માં એની સામે કોર્ટમાં કેસ માંડયો. ચાલતી કોર્ટમાં આ આથેનાસિયોસે એક ઘેટું લઈ તેનો પગ ભાંગી નાખ્યો, અને બધાની હાજરીમાં પોતાનો સ્પર્શ આપીને એક ક્ષણમાં ઘેટાના પગને સમો કરી દીધો.

એનાથી સાજાપણું પામનારામાં ગ્રીસનો રાજા પૉલ અને ઈથોપિયાના શહેનશાહ હેઈલ સીલાસી પણ હતા.

**વિક્ટર,** એ પણ આવી ગૂઢ શેતાની શક્તિઓ દ્વારા રાગોનું તદ્દન સચોટ નિદાન કરતો. માર્કવીસ ડી. પૂઈસેગર (૧૭૮૪) લખે છે કે "વિક્ટર નામના એક અભણ ભરવાડ યુવાનને હિપ્નોટિઝમ દ્વારા અર્ધભાનાવસ્થામાં મૂકતો, ત્યારે આ વિક્ટર દૂરદૂરના અને પાસેના દરદીઓનાં દરદોનું અતિ ચોક્કસ નિદાન કરી શકતો. આ શક્તિ તેના પોતામાં નહોતી, પણ શેતાનના પતિત આત્માઓ તેને માધ્યમ તરીકે રાખીને આ 'ઑકલ્ટ' શક્તિઓ વાપરતા."

આવી 'ઑકલ્ટ' શક્તિઓ (અતીન્દ્રિય શક્તિઓ)નું ઉગમસ્થાન કે ઉત્પત્તિસ્થાન કયું છે ? વિજ્ઞાનીઓની તપાસમાં અમુક વ્યક્તિઓ આવી શક્તિઓ વાપરે છે એ સાચું પુરવાર થયું છે, એની 'ના' નહિ; પણ એ શક્તિ એ માણસોમાં જ વસેલી છે કે બહારથી

કોઈ આદશ્ય ઉગમસ્થાનમાંથી આવેલી છે, એ વિષે કોઈ પણ વિજ્ઞાનીએ આજ સુધી કશું જ પુરવાર કર્યું નથી.

ઉપર જોઈ ગયા તેમ યુરી ગેલર તો સ્પષ્ટ સ્પષ્ટ કહે છે કે "આ શક્તિ બહારથી આવેલી છે;" એટલે કે એ શક્તિ એના પોતાના મગજ કે એની વિચારશક્તિમાંથી ઉદ્ભવી નથી. બીજી એક વાત 'જનીનશાસ્ત્ર' (genetic science)ના અભ્યાસકો આજ સુધી એમ કહી, તે પુરવાર કરી શકયા નથી, કે આવી વ્યક્તિઓમાં એમના પૂર્વજોના 'રંગસૂત્રો'(chromosomes) જનીનના નકશા (geneticcharts) દ્વારા એ શક્તિઓ ઊતરી આવી છે. જો 'જનીન' (ગુણઘટકો) દ્વારા આ શક્તિઓ આ વ્યક્તિઓમાં ઉતરી આવી નથી, તો ઘણી બધી વ્યક્તિઓ-બલ્કે બધાં માણસો આવી શક્તિઓ પોતામાં કેમ કેળવી શકતી નથી ? એ જ સાચું છે કે આ 'ઑકલ્ટ' શક્તિઓ બહારથી આવેલી છે.

કેટલાક કહે છે કે 'મન અને પદાર્થ વચ્ચે પરસ્પર ક્રિયા થવાથી બંને એકમેક પર અસર કરી શકે છે.' તો કરોડોમાં એકાદ વ્યક્તિને જ કેમ એમ બને છે? - કારણ, મન અને પદાર્થ વચ્ચેની ક્રિયામાં ભવિષ્ય કેવી રીતે જાણી શકાય ? આ કેવું 'લૉજિક'? આ તો આના જેવું 'લૉજિક' કે, "બકરીને ચાર પગ, ભેંસને બે શિંગડાં, ગાયને ચાર આંચળ, અને મોરને બે પગ, તો મરઘા (કૂકડા)ને કેટલાં શિંગડાં ?"

શ્રીમતી જીન ડિકસનના પ્રકરણમાં આપણે આ જ વાત જોઈશું. (જુઓ પૃ. ૧૪૧-૧૫૫) જીન ડિકસન જણાવે છે કે પ્રભુ ઈસુ તેને આ ભાવિ જાણવાની અને આગાહીઓ કરવાની શક્તિ આપે છે. પણ ભાવિ જાણવાનાં શેતાની સાધનો : કાચનો ગોળો (ક્રિસ્ટલ બૉલ), પત્તાંની જોડ(ટેસ્ટ કાર્ડ્ઝ), જન્મકુંડળી (હૉરોસ્કોપ), વગરે તે વાપરે

છે. વળી તા. ૧૪-૭-૧૯૫૨ના રોજ તેને થયેલા ઈસુના દર્શન વિષે લખતાં તે કહે છે કે, હું મારા પલંગ પર સૂતી હતી ત્યારે એક બહુ જ મોટો અજગર મારી છાતી પર આવીને બેઠો, અને મારી આંખમા આંખ પરોવીને તે સ્મિત સાથે બોલ્યો કે, "દીકરી, તારે હજી ઘણુંબધું જાણવાનું છે" આ તો ઈસુનાં નહિ, પણ શેતાનનાં દર્શન હતાં. બાઈબલમાં શેતાનને અજગરની ઉપમા આપેલી છે; ઈસુને કદી નહિ. (બાઈબલ : પ્રકટીકરણ ૧૨:૩, ૪,૯,૧૨, ૧૪, ૧૫, ૧૭, ૨૦:૨ ૩. ઉત્પત્તિ ૩ : ૧, ૪, ૧૪.) એટલે શ્રીમતી જીન ડિકસનની 'ઑકલ્ટ' શક્તિઓ અને શેતાન અને તેના અશુદ્ધ આત્માઓ તરફથી છે.

ઈશ્વરે માણસને જોષ જોવાની, ભવિષ્ય જાણવાની કે પ્રાકૃતિક નિયમના ક્ષેત્ર બહારની કોઈ 'શક્તિ' આપી નથી એનું શરીર, એનું મગજ મર્યાદાવાળાં છે. વળી માણસ પ્રયત્નો દ્વારા મનુષ્યમર્યાદા બહારની કોઈ શક્તિઓ શેતાની શક્તિઓ છે. અને એ ઈશ્વરની વિરુદ્ધની છે. માણસોએ એ શક્તિઓ છે. અને એ ઈશ્વરની વિરુદ્ધની છે. માણસોએ એ શક્તિઓ પામવા કદી ઝંખવું નહિ, પ્રયત્ન કરવો પણ નહિ; ઊલટું, એથી દૂર રહેવું.

●

## પ્રકરણ ૨ જું

# ઇશ્વર સામે શેતાનનું યુદ્ધ

### ૧. સૃષ્ટિસર્જક ઇશ્વર સામે માણસોના મિથ્યા તર્કવિતર્કો

ઈશ્વરે સૃષ્ટિ બનાવી ; પણ માણસોએ સૃષ્ટિની ઉત્પત્તિ વિષે મિથ્યા તર્કવિતર્કો કર્યા. કારણ, શેતાને તેમને આડે પાટે ચડાવી દીધા, અને તેમની બુદ્ધિને ભ્રષ્ટ કરી. બાઇબલનું પહેલું જ સૂત્ર કહે છે : "પ્રારંભમાં પરમેશ્વરે આકાશ અને પૃથ્વી સર્જ્યાં." પરમેશ્વરમાંથી સૃષ્ટિ વિસ્તરી, એવું નથી, એટલે કે 'સર્વેશ્વરવાદ' (Pantheism)ને એમાં કોઇ સ્થાન નથી. ઉત્ક્રાંતિવાદ (Evolution) કહે છે કે 'બધું આપોઆપ બન્યું, અને ઉત્ક્રાંતિ થયા કરી, એમ પણ નહિ.

ઉત્ક્રાંતિવાદ પ્રમાણે વાયુના ગોળા શરૂઆતથી હતા. પણ એ ક્યાંથી આવ્યા એનો જવાબ ઉત્ક્રાંતિવાદ પાસે નથી. એમાંથી સૂર્યો, ચંદ્રો અને સૂર્યમંડળો થયાં. આપણી પૃથ્વી એમાંનો એક ગ્રહ છે. આ જડ પૃથ્વી અને પાણીમાંથી અચાનક અને આપોઆપ એકકોષી જીવ પેદા થયો. વિજ્ઞાન (લૂઇ પાશ્ચૂર નામનો વિજ્ઞાની) તો કહે છે કે માત્ર જીવમાંથી જીવ પેદા થાય, અને જે કોટીનો મૂળ જીવ હોય તે જ કોટીનો બીજો જીવ બને. ગાય માછલી જન્માવી શકે નહિ, કે વાનર માણસને જન્મ આપી શકે નહિ. પણ ઉત્ક્રાંતિવાદ કહે છે કે ઉત્ક્રાંતિના પગથિયે ચઢતાં વાંદરામાંથી આખરે માણસ બન્યું ! શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓમાં અત્યારે પાઠયપુસ્તકોમાં આ શીખવવામાં આવે છે.

આ ઉત્ક્રાંતિવાદમાં 'હુકમનું પત્તું' અથવા મુખ્ય આધારસ્તંભસમો સિદ્ધાંત છે કે પંખી-પ્રાણીઓની એક જાત પલટાઈને તેમાંથી ઊંચી જાત પરિણમે છે.

પણ બાઈબલ તો સ્પષ્ટ જણાવે છે- કે ઈશ્વરે શરૂઆતથી જ દરેકનો **"પોતપોતાની જાત પ્રમાણે"** બનાવ્યાં. આ શબ્દસમૂહ **"પોતપોતાની જાત પ્રમાણે"** બાઈબલના સૌથી પ્રથમ અધ્યાયમાં દશ વખત વપરાયો છે. કુદરતમાં પણ એ જ પ્રમાણે જોવા મળે છે, કે તેઓ કોઈ પણ એક જાતમાંથી પલટાઈને બીજી જાતમાં પરિણમતાં નથી. માત્ર માણસોએ પ્રયત્નો દ્વારા સંકર ઓલાદો પેદા કરી છે, જેમ કે ગધેડા-ઘોડાની સંકર ઓલાદ ખચ્ચર માણસે બનાવી. પણ ખચ્ચરો બીજું ખચ્ચર જન્માવી શકતાં જ નથી, કારણ, બધાં જ ખચ્ચરો નપુંસક હોય છે. ઈશ્વરનાં વચનની દીવાલ, **"પોતપોતાની જાત પ્રમાણે"** એ દીવાલ આડે આવે છે. એમ જ સિંહ (લાયન) અને વાઘણ (ટાઈગ્રેસ)ની માણસે બનાવેલી સંકર ઓલાદ તે 'લાઈગર.' પણ એ 'લાઈગર' નપુંસક હોઈને બીજાં લાઈગર પેદા કરી શકે જ નહિ. એમ, કોઈ જાત બદલાઈને એમાંથી બીજી જાત પરિણમતી નથી, અને ડાર્વિન પોતે એવું જ અનુભવે છે. તે પોતાના પુસ્તક **'ધી ઓરિજિન ઑફ સ્પીસીસ બાય નૅચરલ સિલેક્શન'**માં કેટલીયે વાર જણાવે છે કે "હું બધે ફર્યો, પણ કયાંયે એક જાત બદલાઈને બીજી જાત બનવા પામતી હોય એવી **'વચલી કડી'** (ધી મિસિંગ લિન્ક) મેં કયાંયે જોઈ નહિ." કયાંથી જુએ ? --જાતો પલટાતી હોય તો ને ?

પદાર્થવિજ્ઞાનનો એક નિયમ છે : "ગરમીથી સર્વ પદાર્થ ફૂલે, અને ઠંડીથી સંકોચાય." દુનિયાના બધા પદાર્થો અને વસ્તુઓ આ નિયમને આધીન છે. ફક્ત એક જ અપવાદ : **'પાણી!'** કેમ એ અપવાદ ? ઈશ્વરે અગાઉથી જોયું કે પાણી ઠંડીથી સંકોચાય, તો બરફ ભારે

બનીને સમુદ્રો, સરોવરો અને નદીઓનાં તળિયે બેસે ! એટલે અંદરનાં માછલાં, મગરો, કાચબા અને બધાં જળચરો નાશ પામે. એટલે સૃજનકર્તા ઈશ્વરે જ પાણીને અપવાદ બનાવ્યું. ઉત્ક્રાંતિવાદમાં બુદ્ધિતત્વ જેવું કંઇ નથી. એટલે ઉત્ક્રાંતિવાદ પ્રમાણે પાણી બન્યું હોત તો આવો અપવાદ ન હોત. એ બતાવે છે કે સૃષ્ટિનો સૃજનહાર ઈશ્વર છે.

બીજો દાખલો લઇએ : નાનું બાળક મોટું થતું જાય છે તેમ તેનું શરીર અને હાડકાં પણ મોટાં થાય છે. પૂર્ણ પુખ્ત વયનો થતાં શરીર અને હાડકાં પૂર્ણ વિકસિત બને છે, -- ફક્ત એક જ હાડકું વધતું નથી-- જન્મ વખતે હોય તેટલું જ કાયમ રહે છે. જો એ સહેજ મોટું થાય તો એ માણસ બહેરું બની જાય. આ છે વચલા કાનનું હાડકું. આ હાડકાંને કોણે કહ્યું કે, ‘ભલે બીજાં હાડકાં વધે, તારે એટલું ને એટલું જ રહેવાનું !’ મહાબુદ્ધિશાળી ઈશ્વરે જ એમ ઠરાવ્યું. જો માણસ ઉત્ક્રાંતિવાદ પ્રમાણે વિકસ્યું હોત તો આ હાડકું પણ, અન્યની જેમ, મોટું થાત. ઉત્ક્રાંતિવાદ એ શેતાનનું ફેલાવેલું જુઠાણું છે.

ઉત્ક્રાંતિવાદ ખોટી માન્યતા છે એનું અન્ય એક પ્રમાણ : માણસ,પશુ, પંખી સૌને પ્રાણવાયુ (ઑક્સિજન) જોઇએ; જ્યારે વનસ્પતિ માત્રને અંગારવાયું (કાર્બન ડાયોક્સાઇડ) જોઇએ. એવી સુમેળ અને સપ્રમાણ વ્યવસ્થા ઈશ્વરે જ કરી, એવી આપોઆપવાળા ઉત્ક્રાંતિવાદે. આવું રચવામાં બુદ્ધિશાળી વ્યક્તિ--ઇશ્વરની જ જરૂર હતી. બધાં જ જો પ્રાણવાયુ (ઑક્સિજન) લેતાં હો, તો સૃષ્ટિનો પ્રાણવાયુ થોડીવારમાં જ ખલાસ થઇ જાત, અને સર્વ જીવો મરી જાત !

પરંતુ ઉત્પન્નકર્તાનું અગાધ ડહાપણ તો જુઓ ! વનસ્પતિનાં પાંદડાં મહાજબ્બર ‘ફેક્ટરી’ છે. તેઓ જ અંગારવાયુ (કાર્બન ડાયોક્સાઇડ) વાતાવરણમાંથી લે છે, તેમાંથી સૂર્યનાં કિરણો દ્વારા

'પ્રકાશસંશ્લેષણ' અથવા 'સૂર્યનુગ્રહ' (ફોટોસીન્થેસિસ) પ્રક્રિયા દ્વારા, એમાંના ઑક્સિજન અને કાર્બન છૂટા પાડે છે. ઑક્સિજન પ્રાણીઓને આપે છે; કાર્બન પોતાની પાસે સંઘરે છે. પછી 'મૂળ દ્વારા વનસ્પતિ જે પાણી ($H^2O$) લે છે તેમાથી, પાંદડાંની પેલી પ્રક્રિયા દ્વારા, ઑક્સિજન અને હાઇડ્રોજનને, છૂટા પાડીને તેમાંથી ઑક્સિજન પ્રાણીઓનો આપી દે છે. અને હાઇડ્રોજનને, પોતાની પાસે રાખેલા કાર્બન સાથે મેળવીને 'કાર્બો-હાઇડ્રેટ' બનાવે છે. 'કાર્બો-હાઇડ્રેટ' આપણો અને પ્રાણીઓનો ખોરાક છે. સૃજનહાર ઈશ્વરનું આ કેવું ઊંડું ડહાપણ ! ઉત્ક્રાંતિવાદમાં એને આગળ ધપાવનાર ઈશ્વર જેવી કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ નથી. સારાયે વિશ્વમાં ઈશ્વરની આવી બુદ્ધિ, આયોજના, સમતુલા વગેરે દેખાઇ આવે છે.

આમ, એની બનાવેલી સૃષ્ટિનું નિરીક્ષણ કરવાથી એ ઈશ્વર વિષેનું જ્ઞાન-ભાન માણસો પામ્યા વગર રહે જ નહિ. પણ આ સત્યને ગ્રહણ નહિ કરતાં માણસે જાતે મિથ્યા તર્કવિતર્કો કર્યા, અને ખરા એકલા ઈશ્વરને મહિમા અને માન આપતાં સૃજેલી વસ્તુઓની એટલે કે સૂર્ય, ચંદ્ર, તારાઓ, નક્ષત્રો, ઝાડપાન અને પશુપંખીઓની પૂજા-આરાધના કરવા માંડી ! બાઈબલ સાચું જણાવે છે કે,

> **"કેમ કે માણસોની સઘળી નાસ્તિકતા અને દુષ્ટતા ઉપર સ્વર્ગમાંથી ઈશ્વરનો કોપ ઊતરે છે, કારણ, એ લોકો પોતાની દુષ્ટતાથી સત્યને ગૂંગળાવી મારે છે. ઈશ્વર સંબંધી માણસો જે કાંઇ જાણી શકે છે તે બધું જ તેમની આગળ ખુલ્લું છે; ઈશ્વરે જ તેમની આગળ પ્રગટ કરેલું છે. તેના અદશ્ય ગુણો, એટલે કે તેનું શાશ્વત સામર્થ્ય અને ઐશ્વર્ય તેણે સૃજેલી વસ્તુઓનો વિચાર કરતાં સૃષ્ટિના પ્રારંભથી જ પ્રત્યક્ષ છે. એટલે માણસો પાસે કોઇ બચાવ જ રહેતો નથી. કારણ, ઈશ્વરનું જ્ઞાન હોવા છતાં તેમણે**

ઈશ્વર તરીકે તેનું ગૌરવ કર્યું નહિ (ઈશ્વર તરીકે તેને મહિમા આપ્યો નહિ) કે તેનો આભાર માન્યો નહિ. બલ્કે, તેઓ મિથ્યા વિતંડાવાદમાં પડી ગયા (તેઓએ મિથ્યા તર્કવિતર્કો કર્યા), અને તેમના વિવેકશૂન્ય મન અંધકારમાં ડૂબી ગયાં. ડાહ્યા હોવાનો દાવો કરવા છતાં તેઓ મૂરખ બન્યા, અને સનાતન ઈશ્વરના મહિમાના બદલામાં તેમણે નાશવંત માનવીની અને પંખીઓની અને પેટે ચાલનારાં પ્રાણીઓની મૂર્તિઓ બનાવી.

"આથી ઈશ્વરે તેમને તેમના હૃદયની મલિન વાસનાઓને સંતોષવાને છોડી દીધા. પરિણામે તેઓ માંહોમાંહે પોતાનાં શરીરને ભ્રષ્ટ કરવા લાગ્યા. એ લોકોએ ઈશ્વરના સત્યને બદલે જૂઠને અપનાવી લીધું, અને સરજનહારને છોડીને તેની સૃજેલી વસ્તુઓની ભક્તિ અને સેવા કરવા માંડી સર્જનહારનો યુગોયુગ જયજયકાર થતો રહો ! આમીન.

"આથી ઈશ્વરે તેમને શરમજનક ઇન્દ્રિય-લાલસાઓ સંતોષવાને છોડી દીધા. તેમની સ્ત્રીઓ સુદ્ધાં કુદરતી વ્યવહારને બદલે કુદરત વિરુદ્ધ વ્યવહાર કરતી થઇ. અને એ જ રીતે તેમના પુરુષો પણ સ્ત્રીઓ સાથેનો કુદરતી છોડીને એકબીજા પ્રત્યે કામવાસનાથી બળવા લાગ્યા. પુરુષો પુરુષો સાથે બેશરમ વર્તાવ કરવા લાગ્યા, અને પોતાની વિકૃતનાં ઉચિત ફળ પોતે જ ભોગવવા લાગ્યા.

"તેમણે ઈશ્વરને સ્વીકારને લાયક ન ગણ્યો, એટલે ઈશ્વરે તેમને તેમની નાલાયક બુદ્ધિને સોંપી દીધી અને

**તેઓ અનુચિત કર્મો કરવા લાગ્યા. તેઓ બધા પ્રકારના અધર્મ, બૂરાઇ, લોભ, દુષ્ટતા, ઇર્ષ્યા, હિંસા, કલહ, કપટ, અને દ્વેષબુદ્ધિથી ખદબદવા લાગ્યા. તેઓ ચુગલખોર, નિંદાખોર, ઇશ્વરદ્વેષી, ઉદ્ધત, તુમાખી, બડાખોર, નવી નવી દુષ્ટતાઓ શોધી કાઢનારા, નાબાપનું માન ન રાખનારા, અક્કલ વગરના, વિશ્વાસઘાતી, હૃદયહીન અને દયાહીન બની ગયા.”** (બાઇબલ : રોમન ૧:૧૮-૩૧)

આ ઈશ્વર સગુણ છે. તે સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સનાતન અને સર્વવ્યાપી છે. આ તો વિશ્વ સાથેના સંપર્કના તેના ગુણો છે. પણ તેના પ્રાથમિક ગુણો અથવા સ્વરૂપ તો પવિત્ર, ન્યાયી, સત્ય અને પ્રેમ છે. તે માત્ર ચૈતન્ય શક્તિ નહિ, પણ આત્મિક સ્વરૂપી વ્યક્તિ અને સચ્ચિદાનંદ છે. આ બધી તેના પ્રાથમિક ગુણોની સમતુલા તેનામાં સદાસર્વકાળ જળવાયેલી રહેલી છે.

**૨. વિશ્વમાં પાપનો પ્રવેશ**

આ સરજનહાર ઈશ્વરે અસંખ્ય દેવદૂતોને પણ ઉત્પન્ન કર્યા. એમાંથી સૌથી વડો લ્યુસીફર હતો. ★ તેના દિલમાં અહંકાર (અહમનો રણકાર) ગૂંજવા લાગ્યો, અને તેણે ઈશ્વર સમાન બનવા ઇચ્છયું. તેણે ઈશ્વર સામે બળવો પોકાર્યો, અને જાહેર કર્યું ભલા અને ભૂંડા વચ્ચેનું યુદ્ધ; કેટલાક દેવદૂતો પણ તેની સાથે જોડાયા. તેઓ ઈશ્વરથી અલગ કરાયા. દુનિયામાં જે કાંઇ અસત્ય છે, જે કાંઇ અપવિત્ર અને અનીતિમાન છે, બધાંનો શેતાન સ્રોત-ઝરો, પ્રેરક અને પ્રચારક બની ગયો. તેના અપદૂતો અથવા અશુદ્ધ આત્માઓ તેના સહાયક બન્યા.

*લ્યુસીફર = પ્રભાતનો પુત્ર (યશાયા ૧૪:૧૨) - પ્રકાશ લાવનાર. આગિયા, ભૂજ્યા વગેરેમાં જે પ્રકાશિત પદાર્થ હોય છે તે લ્યુસીફરીન તરીકે બાયોકૅમિસ્ટ્રીમાં ઓળખાય છે.

શેતાને માનવનાં આદિ માતાપિતા આદમ અને હવાને ભુલવ્યા અને પાપમાં પાડયાં. ત્યારથી માંડીને માનવમાત્ર પાપમય સ્વભાવ પામ્યું. આખા જગતને ભમાવવાનું અને પાપમય જીવન તરફ પ્રેરવાનું તથા દોરવાનું શેતાનનું યુદ્ધ ચાલુ જ છે. બાઈબલમાં તેના વિષે લખવામાં આવ્યું છે કે, "તે મોટા અજગરને બહાર નાખી દેવાયો, એટલે તે જૂનો સર્પ. જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે, તેને નાખી દેવાયો" (બાઈબલ:પ્રકટીકરણ૧૨:૯)

જગતને ભમાવવાની તેની કળામાં તે બધી 'ઑકલ્ટ' શક્તિઓ, એટલે કે જ્યોતિષવિદ્યા, હસ્તરેખાવિદ્યા વગેરે બધું વાપરે છે. તેમ જ જાદુ, ટેલિપથી, પ્રેતવિદ્યા, શેતાન-પૂજા, મૂર્તિપૂજા, સૃષ્ટિની ચીજોની તથા પશું પંખીઓ અને માનવી-પૂજામાં પણ વાપરે છે.

### ૩. જોષ અને શુકન જોવા સામે, તેમ જ શેતાની વિદ્યાઓ સામે બાઇબલની મના

બાઈબલમાં આ જોષ અથવા શુકન જોવાની વિદ્યા તેમ જ અન્ય 'ઑકલ્ટ' શક્તિઓને શેતાની શક્તિઓ ગણવામાં આવી છે, અને લોકોને એ બધાથી દૂર રહેવા ફરમાવવામાં આવ્યું છે. બાઈબલમાંથી કેટલાંક અવતરણો નીચે આપ્યાં છે :

ઈઝરાયલ પ્રજા ઈજિપ્ત છોડી કનાન (પાલેસ્તાઇન) દેશમાં આવતી હતી, ત્યારે માર્ગમાં ઈશ્વરે તેમને મોશે મારફતે કહ્યું : "તમારો ઈશ્વર પ્રભુ તમને જે ભૂમિ આપી રહ્યો છે તેમાં તમે જ્યારે પહોંચો, ત્યારે ત્યાંની બીજી પ્રજાઓના ધિક્કારપાત્ર રિવાજોનું અનુકરણ કરશો નહિ. તમારામાંના કોઇએ પોતાના દીકરા કે દીકરીને અગ્નિમાં બલિ તરીકે હોમવાં નહિ. જોષ કે શુકન નહિ, ધંતરમંતર કરવા નહિ, મૂઠ મારવી નહિ, ભૂતપલીત કે પ્રેતાત્માઓ સાથે વહેવાર રાખવો નહિ. જેઓ આવાં કામ કરે છે તેમને પ્રભુ ધિક્કારે છે, અને આવા

ધિક્કારપાત્ર રિવાજોને કારણે જ તમારો ઈશ્વર પ્રભુ એ પ્રજાઓને તમારા માર્ગમાંથી હાંકી કાઢે છે.

"તમારે તમારા ઈશ્વર પ્રભુને અનન્ય નિષ્ઠાથી વળગી રહેવું જે પ્રજાઓનું સ્થાન તમે લઈ રહ્યા છો તે પ્રજાઓ જોષીઓ અને શુકન જોનારાઓની વાત કાને ધરે છે, પણ તમને તમારો ઈશ્વર પ્રભુ એવી છૂટ આપતો નથી" (બાઇબલ : પુનર્નિયમ ૧૮:૯-૧૪).

ઈશ્વરે યશાયા પયગંબર દ્વારા ઈઝરાયલ પ્રજાને આ વચન કહ્યાં : "તું છેક જુવાનીથી જે જાદુમંત્ર અને કામણટૂમણ વાપરતી આવી છે તેને વળગી રહે. કદાચ તેની કારી લાગે અને તું દુશ્મનોને ડરાવી શકે ! (અહીં ઈશ્વર ઈઝરાયલ પ્રજાની ઠગારી આશાનું વ્યંગ દ્વારા તેને ભાન કરાવે છે.) તને મળતી જાતજાતની સલાહો છતાં તારું કશું ચાલે એમ નથી. તે સલાહ આપનાર જ્યોતિષીઓ, જેઓ આકાશનો રાશિવાર નકશો તૈયાર કરે છે, જેઓ નક્ષત્રોનું નિરીક્ષણ કરે છે. અને જેઓ દર અમાવાસ્યાને દિવસે હવે પછી શું બનવાનું છે તે ભાખે છે, તેઓ આગળ આવે અને તને બચાવે !" (બાઇબલ: યશાયા ૪૭:૧૨-૧૩).

ભૂતવૈદો અને જાદુગરોની પાસે જઇ તેમને પ્રશ્ન પૂછવા નહિ; નહિ તો તમે ભ્રષ્ટ થશો. હું તમારો ઈશ્વર પ્રભુ છું." ..."જે કોઇ મને બેવફા થઇને ભૂતવૈદો, જાદુગરો પાસે જશે તેની હું વિમુખ થઇ જઇશ અને મારા લોકોમાંથી હું તેનો બહિષ્કાર કરીશ. તમારે પવિત્ર રહેવું, કારણ, હું તમારો ઈશ્વર છું" (બાઇબલ : લેવીય ૧૯:૩૧. ૨૦:૬,૭).

એમ શાઉલ (રાજાએ) પ્રભુનું વચન ન પાળવાથી પ્રભુની વિરુદ્ધ જે પાપ કર્યું હતું, ને વળી પ્રભુને ન પૂછતાં મેલી વિદ્યા જાણનારની સલાહ લીધી હતી, તેને લીધે તે મરણ પામ્યો" (બાઇબલ : ૧ કાળવૃત્તાંત ૧૦:૧૩).

ખ્રિસ્તી મંડળીના પાઉલ અને સિલાસ નામના બે ધર્મસેવકો ગ્રીસ દેશના મેસિડોનિયા પ્રાંતના ફિલિપ્પી શહેરમાં સુવાર્તાપ્રચાર

અર્થે ગયા હતા, ત્યાં તેમને થયેલો એક અનુભવ : "એક વખતે અમે પ્રાર્થનાના સ્થાને જતા હતા, ત્યારે અમને એક ગુલામ છોકરી સામે મળી. તેને ભવિષ્ય ભાખતો અશુદ્ધ આત્મા વળગ્યો હતો અને ભવિષ્ય ભાખીને તેણે પોતાના માલિકોને પુષ્કળ લાભ કરી આપ્યો હતો. તે પાઉલની અને અમારી પાછળ પાછળ આવી અને મોટે મોટેથી કહેવા લાગી, "આ લોકો પરાત્પર પરમેશ્વરના સેવકો છો અને તમને મુક્તિનો માર્ગ બતાવે છે." તેણે ઘણા દિવસ એ પ્રમાણે કર્યા કર્યું. આખરે પાઉલે કંટાળીને પાછા ફરીને અશુદ્ધ આત્માને ઉદેશીને કહ્યું, 'ઈસુ ખ્રિસ્તને નામે હું તને એનામાંથી બહાર નીકળી જવાની આજ્ઞા કરું છું' અને તે જ ક્ષણે તે નીકળી ગયો" (બાઇબલ : પ્રેરીતોનાં કૃત્યો ૧૬:૧૬-૧૮).

આશરે ઈ. સ. ૫૪ની વાત્ત. સંત પાઉલે યુરોપના એફેસસમાં બે વર્ષ રહીને પ્રભુ ઈસુ વિષે સંદેશા આપ્યા તે વખતનો પ્રસંગરંગ: એફેસસમાં વસતા સૌ કોઈમાં, યહૂદીઓમાં તેમ જ ગ્રીકોમાં, આ વાત ફેલાઇ ગઇ અને બધા શેહ ખાઇ ગયા, અને પ્રભુ ઈસુના નામનો મહિમા થવા લાગ્યો. વળી, જેમણે ઈસુનું શરણું સ્વીકાર્યું હતું તેઓમાંના ઘણાએ આવીને પોતાના મંત્રતંત્રની કબૂલાત કરી તેને જાહેર કરી દીધા. જેઓ જાદુમંત્ર કરતા હતા તેઓમાંના અનેક જણે પોતાનાં પુસ્તકપોથાં ભેગા કરીને સૌના દેખતાં બાળી મૂક્યાં. એ લોકોએ એની કિંમત ગણી તો પચાસ હજાર રૂપાના સિક્કા જેટલી માલૂમ પડી" (બાઇબલ : પ્રેરિતોનાં કૃત્ય ૧૯:૧૭-૧૯).

બાઇબલમાં ઑકલ્ટ શક્તિને લગતા બીજા અનેક પ્રસંગો આપેલા છે, પણ સ્થળસંકોચને લઇને એ બધું રજૂ કરી શકાતું નથી. પણ બાઇબલ એવી શેતાની શક્તિઓ, વિદ્યાઓ અને એમના પ્રચારકોની સખત વિરુદ્ધ છે. ઈશ્વરની સામેના શેતાનના યુદ્ધનાં એ બધાં હથિયારો છે.

**૪. યુદ્ધ માટે શેતાનનાં લશ્કરો**

આ યુદ્ધ માણસ માણસ વચ્ચેના યુદ્ધ જેવું નથી; પ્રજા પ્રજા વચ્ચેના અને જૂથ જૂથ વચ્ચેના યુદ્ધ જેવું નથી; પણ શેતાનના દુષ્ટાત્માઓના અશરીરી લશ્કરો સામેનું છે. ખ્રિસ્તના અનુસંગીઓ એના સેનાનીઓ છે. એટલે જ બાઈબલ કહે છે :

"છેલ્લે એટલું જ કહેવાનું કે, તમે પ્રભુ અને તેની શક્તિથી સામર્થ્યવાન બનો. તમે પરમેશ્વરનાં આપેલાં શસ્ત્રાસ્ત્રો પૂરેપૂરાં સજી લો, જેથી શેતાનના દાવપેચ સામે ટક્કર ઝીલી શકો કારણ, આપણું યુદ્ધ માનવી સામે નથી, પણ શેતાનના રાજકર્તાઓની સામે, આકાશી સ્થાનોમાં વસતાં દુષ્ટતાનાં અપાર્થિવ લશ્કરો સામે છે. માટે ઈશ્વરનાં બધાં શસ્ત્રાસ્ત્રો સજી લો, જેથી તમે કપરા કાળમાં સામનો કરી શકો અને બને તેટલું બધું કરીને તેની સામે ટકી શકો" (બાઈબલ : એફેસી ૬:૧૦-૧૩).

એ પછી બધાં આત્મિક શસ્ત્રાસ્ત્રો ગણાવવામાં આવ્યાં છે. આપણી આસપાસ આખી પૃથ્વીમાં શેતાનનું અંધકારનું એટલે કે દુષ્ટતાનું સામ્રાજ્ય ફેલાયેલું છે. શેતાનનાં ભૂંડાઈનાં લશ્કરોના અસંખ્ય દુષ્ટાત્માઓ એમને હોદ્દા અને પાયરીઓ પ્રમાણે પૃથ્વી પર સર્વત્ર પેચીદી રીતે ગોઠવાયેલા છે, અને ઈશ્વરી સામ્રાજ્યની સામે લડત ચલાવે છે. રાજ્યકક્ષાએ, દેશકક્ષાએ, જૂથકક્ષાએ અને વ્યક્તિકક્ષાએ શેતાનના અમલદારો અને સૈનિકો ગોઠવાયેલા છે. ઉપર આપેલા બાઈબલના ફકરામાં એ બધા શેતાનના રાજકર્તાઓ, અધિકારીઓ, સત્તાધારીઓ અને લશ્કરોનું વર્ણન આપેલું છે.

**(ક) શેતાનના રાજકર્તાઓ :** રાજપ્રકરણી વર્તુળોમાં દુષ્ટ અસરો ફેલાવતા આ ભૂંડા આત્માઓ છે. અને તેમનું કાર્ય માનવી

રાજયકર્તાઓ, રાજાઓ, પ્રમુખો, પાર્લામેન્ટો, ધારાસભાઓ, ન્યાયાધીશો, મુલકી અમલદારો, રાજકીય પક્ષો, મતમંડળો અને સરકાર સાથે સંકળાયેલાં સર્વ જૂથોને શેતાની વિચાર શ્રેણીની અસરો ફેલાવવી અને તેમને બહેકાવવાનું છે. માણસના સમગ્ર બુદ્ધિતંત્ર મારફતે આ અસરો તેઓ ફેલાવે છે. બાઈબલના પુસ્તક દાનિયેલ ૧૦માં આનો દાખલો આપેલો છે. એમાં આપેલો "ઈરાનનો સરદાર" અને "ગ્રીસનો સરદાર" એ કંઈ એ રાજ્યોના માનવી સરદારો નથી, પણ શેતાનનાં લશ્કરના એ દેશોને માટે ગોઠવેલા સરદારો કે રાજકર્તાઓ છે.

**(ખ) અધિકારીઓ** : તેઓ ભયંકર શક્તિશાળી અને પ્રભાવવાળા દુષ્ટાત્માઓ છે. લોકોની અંગત લાગણીઓ અને ઊર્મિતંત્રને તેઓ ઉશ્કેરી મૂકે છે. દરરોજ છાપાંઓમાં જે હત્યાઓ, ખૂનો, ઝઘડાઓ અને મારામારી તેમ જ અથડામણો વાંચવા મળે છે તે આ દુષ્ટાત્માઓએ ઉશ્કેરી મૂકેલી સંવેદનાઓને લીધે જ છે. ધર્માંધતાનાં ઝનૂનો, કોમી રમખાણો તેમ જ જૂથો અને વ્યક્તિઓ વચ્ચેની મારામારી આ દુષ્ટાત્માઓની અસરોનું પરિણામ છે. અન્યનાં નામ અને ચારિત્ર્ય બદનામ કરવાની તથા કૌભાંડ-પ્રકરણો ચલાવવાની પ્રવૃત્તિઓ પણ તેઓ જ કરે છે. અંદર સંડોવાયેલાં માણસો અને જૂથને એની જરાયે સમજણ પડતી નથી કે આ તો આ શેતાની બળોની ઉશ્કેરણીઓનું જ પરિણામ છે.

**(ગ) આ અંધારી આલમના સત્તાધરીઓ** : વહેમો, અંધશ્રદ્ધાઓ, જોષ જોવાની જાતજાતની રીતોમાં શ્રદ્ધા એવી બધી ભૂંડી અસરો આ પ્રકારના શેતાનના ભૂંડા આત્માઓ ફેલાવે છે, પોષે છે, ઉત્તેજન આપે છે, અને માણસોનાં મગજોમાં ઊંડે ખુપાવે છે. જુદાં જુદાં ચિહ્નો અને રાશિમંડળોમાં ચિત્ત ચોંટાડવાં, સ્વપ્નોના અર્થ ખોળવા ફાંફાં મારવાં, તેમ જ મૂળ ઉત્પત્તિસ્થાન શું છે તે જાણ્યા વગર 'માનસિક સૂચનો' તે લાગણી ઊપસેલી છાપ અથવા પ્રભાવની

પાછળ લાગવું, એવી બાબતોમાં માણસોને ભમાવવાનું કામ આ ભૂંડા આત્માઓ કરે છે. બિલાડી આડી ઊતરવી, કોઈએ છીંક ખાવી, નજર લગાવી, કાળાં ટીલાંટપકાં કરવાં, ગળે-હાથે કાળા દોરા પહેરવા, ઘોડાની નાળ બારણે લટકાવવી, વિધવા કે વાંઝણી સ્ત્રીનું સામું મળવું અપશુકનિયાળ માનવું, એ બધા વહેમો આવા આત્માઓ ફેલાવે છે.

**(ઘ) આકાશી સ્થાનોમાં વસતાં દુષ્ટતાનાં અપાર્થિવ લશ્કરો :** શેતાનના આ દુષ્ટાત્માઓ ધર્મની વાતો અને માન્યતાઓમાં માણસોને ભમાવે છે અને અવળે પાટે ચડાવી દે છે. ધર્મ સંબધીની, ઈશ્વર સંબંધીની પાપ અને મુક્તિ સંબંધીની, મૃત્યુ પછીના જીવન વિષેની, વગેરે સંબંધીની ફિલસૂફીઓમાં માણસોને, જૂથોને અને પ્રજાઓને ભ્રામક માન્યતાઓની ભુલભુલામણીમાં અટવાવી દે છે. આ દુષ્ટાત્માઓ પ્રકાશના દૂતોનું રૂપ ધારણ કરીને માણસોનાં મનો પાસે આવીને તેઓને અવળી ફિલસૂફીઓના રવાડે ચડાવી દે છે. ખોટા અને જૂઠા સંપ્રદાયો તેઓ જ ઊભા કરે છે. માણસોને મુક્તિદાતાની જરૂર નથી, કેમ કે માણસો અનેક જન્મો લઈને પોતે જ પોતાનાં પાપોનાં કર્મફળ ભોગવીને, આખરે પોતે પોતાનો મુક્તિદાતા બને છે, એવું આ દુષ્ટાત્માઓ જ માણસોનાં મનોમાં ભરી દે છે. વિશ્વ ઈશ્વરે નથી બનાવ્યું, પણ આપોઆપ બન્યું છે, એવો ઉત્ક્રાંતિમત તેઓ જ ઊભો કરે છે, અને ફેલાવવામાં અગત્યનો ભાગ ભજવે છે. સૂર્ય, ચંદ્ર, તારાઓનો બનાવનાર સૃજનહાર ઈશ્વર છે, એની સામે સૂર્ય, ચંદ્ર, તારાઓ વગેરેમાં 'દેવો' છે એવો વહેમવાદ પણ આ શેતાની આત્માઓ જ માણસોનાં મનોમાં ઘુસાડે છે. આવા આવા બધા વાદોનું ઉત્પત્તિસ્થાન આ દુષ્ટાત્માઓ જ છે.

●

## પ્રકરણ ૩ જું

# જ્યોતિઃશાસ્ત્ર

### ૧. જોષ કે શકુન જોવાની 'ઑકલ્ટ' વિદ્યાઓ

'ઑકલ્ટ' વિદ્યાઓ કે શક્તિઓ અનેક પ્રકારની છે. એ બધી વિષે આપણે અહીં જોવાના નથી, પણ જોષ કે શકુન જોવાની વિદ્યાઓ કે શક્તિઓ વિષે ફકત જોઈશું. એમાં જ્યોતિર્વિદ્યા (ઓસ્ટ્રોલૉજી), હસ્તરેખાવિદ્યા અથવા હસ્તસામુદ્રિક (પામિસ્ટ્રી અથવા કિરોમાન્સી અથવા કિરોલૉજી), આરસી કે કાચના ગોળામાં જોવું (મિટર અથવા ક્રિસ્ટલ ગેઝિંગ), ગંજીફાનાં પત્તાની ગોઠવણીવિદ્યા (ટેરટ કાર્ડઝ લેયિંગ અથવા કાર્ટોમાન્સી), જાદુઈ લાકડી અથવા પંખાળી ડાળી, કે ધાતુના સળિયા અથવા લોલકની વિદ્યા (રોડ ઍન્ડ પેન્ડયુલમ), આંકડાવિદ્યા (ન્યુમરોલૉજી), પ્લાન્શેટ યા વિજા બોર્ડ (Planchette Board કે Ouija Board), અતીન્દ્રિય દૃષ્ટિ (ક્લેરવૉયન્સ), મનોમાપણી વિદ્યા (સાઈકોમેટ્રી), પરામનોવિજ્ઞાન (પેરાસાઈકોલૉજી), પ્રેતવાદ અથવા અશુદ્ધ આત્માઓ સાથે વાતચીત (સ્પિરિટિઝ્મ) વગેરે.

વ્યક્તિનું આયુષ્ય કેટલું છે; એના જીવનમાં સારા-માઠા પ્રસંગો કયારે અને કેવા આવશે; જીવનમાં ઘાત કયારે આવશે; શુભ-અશુભ ચોઘડિયાં કયાં કયાં છે; એની પત્ની (કે પતિ) અને બાળકોનું ભાવિ; વિધાતાએ એના 'ભાગ્ય'માં શું લખ્યું છે; દશા અથવા ગ્રહ નડતર કેવી રીતે ટાળવી, યા ગ્રહોને કેવી રીતે તર્પણ ધરવું; ખોવાયેલી વ્યક્તિ, પ્રાણી કે વસ્તુ આ સાધનો દ્વારા કેવી રીતે શોધી કાઢવી; ગુનેગાર કેવી

રીતે ખોળી કઢાય; વગેરે વાતો જાણવા માટે આ વિદ્યાઓ કે શક્તિઓ વપરાય છે. ભૂતકાળ ઉખાળવા અને ઉકેલવા માટે પણ તે વપરાય છે.

આમાંની મોટાભાગની વિદ્યાઓ હજારો વર્ષથી વપરાય છે, પણ પ્રભુ ઈસુના પુનરાગમનનો સમય છેક પાસે છે, ત્યારે આ શેતાની આત્માઓની પ્રવૃત્તિઓનો વિશ્વભરમાં ભયંકર વિસ્ફોટ થયો છે. શેતાની બળો લોકોને ખરા ઈશ્વરથી દૂર અને દૂર લઇ જઇ રહ્યાં છે. "કેમ કે અધર્મની ગુપ્ત અસર ચાલુ થઇ ચૂકી છે."..."પ્રભુનો પવિત્ર આત્મા સ્પષ્ટ કહે છે, કે પાછલા સમયમાં કેટલાએક માણસો ભુલાવનાર આત્માઓ પર અને શેતાનના મલિન આત્માઓના ઉપદેશ (શિક્ષણ) પર ધ્યાન આપીને, જૂઠું બોલનારા તથા જેઓનાં અંતઃકરણ ડમાયેલાં છે એવા માણસોના દંભથી વિશ્વાસનો ત્યાગ કરશે" (બાઇબલ : બીજો થેસ્સાલોનિકે ૨:૭. પહેલો તિમોથી ૪:૧, ૨).

### ૨. જ્યોતિઃશાસ્ત્ર

જ્યોતિર્વિદ્યા અથવા "જ્યોતિઃશાસ્ત્ર એટલે ગ્રહોની મનુષ્યની સ્થિતિ ઉપર થતી શુભાશુભ અસર જાણવાનું શાસ્ત્ર" (સાર્થ જોડાણીકોશ). માણસના જન્મ સમયે અને જન્મ સ્થળે અવકાશી ગ્રહોનાં સ્થાન ક્યાં હતાં તે નક્કી કરીને, તે ગ્રહોનો જે પ્રભાવ અને અસરો મનુષ્યના દૈનિક જીવન પર તેમ જ પૃથ્વીના સર્વ બનાવો ઉપર પ્રત્યેક ક્ષણે પડે છે, તેની ગણતરી અને તેનો અભ્યાસ જ્યોતિઃશાસ્ત્ર તરીકે ઓળખાય છે.

વળી તેઓ માને છે કેસ આ જ્યોતિર્વિદ્યા દ્વારા માણસના ભવિષ્યનું વાચન કરી શકાય છે, અને આગાહીઓ પણ કરી શકાય છે. વળી જીવનના કયા પ્રસંગોએ માણસે કયા માર્ગ લેવા કે શું કરવું તે પણ આ વિદ્યા દ્વારા જાણી શકાય છે. વળી રૂઠેલા ગ્રહોને કઇ રીતે

તર્પણ કરી શકાય કે રીઝવી શકાય તે પણ આ વિદ્યા દ્વારા જાણી શકાય છે. અવકાશી ગ્રહો અને તારાઓને 'જ્યોતિર્ધરો' તરીકે પણ ઓળખવામાં આવે છે, એટલે આ વિદ્યાને **'જ્યોતિષ'** પણ કહે છે.

પ્રાચીનકાળમાં લોકો મારેલાં પ્રાણીઓનાં આંતરડાં અથવા કલેજા દ્વારા જોષ જોતા હતા. આજના જમાનામાં ચાના પ્યાલામાં પડી રહેલી ચા-પત્તી દ્વારાયે જોષ જોવાય છે. આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે યુફ્રેતિસ અને તૈગ્રીસ નદીઓ વચ્ચેના તથા આસપાસના પ્રદેશમાં આ જ્યોતિર્વિદ્યાની શરૂઆત થઇ. એ પ્રદેશ શિનઆર, બાબિલોનિયા, મેસોપોતામિયા અને આશ્શુર તરીકે ઓળખાતો આવ્યો હતો. આજે એ ઇરાક તરીકે ઓળખાય છે.

એ વિસ્તારના ઘણા પ્રાચીન સમયના સુમેરી લોકો જ્યોતિઃશાસ્ત્રના કંઇક જાણકાર હતા. તેઓ માનતા કે આકાશી ગ્રહો અને તારાઓમાં તેમ જ સૂર્ય અને ચંદ્રમાં પણ દેવતાઓનો. વસવાટ છે. અને આ દેવતાઓ એ આકાશી ગોળાઓ દ્વારા એમની અસરો તથા પ્રભાવ માણસો ઉપર અને અન્ય જીવો ઉપર પાડે છે, એમ તેઓ માનતા હતા. એ પછી બાબિલોની એટલે કે ખાલ્દી પ્રજા પણ એમ જ માનતી હતી. બાબિલોનનાં અવશેષ-ખંડેરોમાં જે બૂરજો અથવા મિનાર તો ખંડેર અવસ્થામાં જોવા મળે છે, કે એ જ્યોતિષ ખાતે ગ્રહો અને રાશિમંડળોનો અભ્યાસ કરવા માટે હતા. બાઇબલમાં જે બાબિલના બૂરજ વિષે વાત આપવામાં આવી છે તે બૂરજ પણ જ્યોતિષની ગણતરી અને નક્ષત્રોના નિરીક્ષણ માટે હતો એમ માનવામાં આવે છે.

બાબિલોનના સૂર્યદેવનાં જુદાં જુદાં નામ હતાં. ચંદ્રદેવનું નામ સીન અથવા નન્નાર અને દેવીનું નામ નીલ-ગાલ હતું બાબિલોનથી આ જ્યોતિર્વિદ્યા ઈરાન, યુરોપ, મિસર અને ભારતમાં આવી. અત્યારે નક્ષત્રઓનાં જે નામ છે તે ગ્રીસનાં અને રોમનાં દેવ-દેવીઓનાં નામો પરથી પડેલાં છે. અને તેઓ એમ માનતા હતા કે, આ

દેવદેવીઓની જે ખાસિયતો અને સ્વભાવ હતાં તે બધાં, એમના નામ પરથી ઓળખાતાં નક્ષત્રોમાં અને ગ્રહોમાં ઊતર્યા હતાં. વળી આ ગ્રહો એ જ હેસિયતથી માણસો, અનેક જીવો અને અનેક જડ વાનાં પર એ અસરો પાડતા આવ્યા છે. એમાં 'સન', 'મુન', 'જ્યુપિટર' અને 'વિનસ' ની અસરો અનુકૂળ ગણાય છે, જ્યારે 'સેટર્ન' અને 'માર્સ'ની અસરો પ્રતિકૂળ ગણાય છે. અને 'મર્ક્યુરી'ની અસરો એકીવખતે સારી તેમ જ માઠી ગણાય છે.

યુફ્રેતિસ અને તૈગ્રીસના 'ચંદ્રાકાર' ખીણ-પ્રદેશમાંથી આર્યો નીકળીને ભારતમાં આવ્યા ત્યારે આ જ્યોતિષ સાથે લેતા આવ્યા. એટલે તે સમયે ઋગ્વેદની ઋચાઓમાં સૂર્ય, ચંદ્ર અને તારાઓની પૂજા-આરાધના આપવામાં આવેલી છે. અને એમ માનવામાં આવતું હતું કે એમની અંદર રહેતા દેવો જ એ ગગનગોળાઓનું ખરું બળ હતા, અને તેઓ જ મનુષ્યજીવનનું સંચાલન કરતા હતા, અને તેમની ઉપર અસરો પાડતા હતા. ભારતમાં તો આજે પણ કેટલાક જ્યોતિષીઓ એ માન્યતા ધરાવે છે.

બાઈબલ એ બધાને મૂર્તિપૂજા ગણે છે. પ્રકૃતિપૂજા એ એક પ્રકારની મૂર્તિપૂજા છે. સૃષ્ટિના સૃજનહાર ખરા ઈશ્વરને બદલે ઉત્પન્ન કરાયેલા સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રોની આરાધના એ ઈશ્વરની વિરુદ્ધનું વર્તન છે. સુમેરીઓ, અક્કડો, ખાલ્દીઓ, ગ્રીકો, તેમ જ રોમનો પણ વ્યક્તિઓનું તથા પ્રજાઓનું ભાવિ જોવાને માટે તેમ જ માનવમર્યાદા બહારની જાણકારી પામવાને માટે આ વિદ્યા વાપરતા હતા. અને અત્યારે પણ દુનિયાભરમાં જ્યોતિષ એ જ કારણોને માટે વાપરવામાં આવે છે.

જ્યોતિઃશાસ્ત્ર (એસ્ટ્રોલૉજી)ને ખગોળશાસ્ત્ર (એસ્ટ્રોનોમી) સાથે કઇ સંબંધ નથી. ખગોળશાસ્ત્ર એ તો બહુ ચોક્કસ વિજ્ઞાન છે, જ્યારે જ્યોતિઃશાસ્ત્ર એ વિજ્ઞાન નથી. વિજ્ઞાનના કોઇ નિયમો એને

લાગુ પડતા નથી. વિજ્ઞાનના નિયમો સૃષ્ટિના સરજનહારે ઘડ્યા છે, જ્યારે જ્યોતિષના નિયમો અને ગણતરી માણસોએ ઉપજાવી કાઢ્યાં છે. આપણે એ વિષે આગળ જોઈશું. વિજ્ઞાનીઓ જ્યોતિઃશાસ્ત્રને વિજ્ઞાન તરીકે સ્વીકારતા કે માન્ય રાખતા નથી.

રોબર્ટ આઈસ્લર પોતાના પુસ્તક **'ધી રૉયલ આર્ટ ઓફ એસ્ટ્રોલૉજી'**માં જ્યોતિર્વિદ્યાની 'અપીલ' વિષે આડકતરી રીતે સૂચવે છે કે, "વિશ્વને સમજવા ને એનો બુદ્ધિપૂર્વક ખુલાસો કરવા માટે એક વખતે જે મહાન સર્વેશ્વરવાદી ધર્મ અને ગૌરવભરી ફિલસૂફી ગણાતી હતી, તેનો એ હવે માત્ર જીર્ણ અને વહેમભર્યો અવશેષ છે."

**(ક) રાશિમંડળ :** જ્યોતિઃશાસ્ત્રમાં માણસોનાં જીવનો પર અસર પાડતા નવ ગ્રહો ગણવામાં આવે છે. આ નવ ગ્રહો આકાશના ગોળ પટ્ટા-વિસ્તારમાં કાયમ ફરતા જોવા મળે છે તે પટ્ટા-વિસ્તારને રાશિમંડળ (Zodiac) અથવા **રાશિચક્ર** કહેવામાં આવે છે. પેલા નવ ગ્રહો આ પટ્ટા-વિસ્તારમાં જ ફર્યા કરે છે. અને ઋતુ ઋતુ પ્રમાણે આ પટ્ટો યા રાશિમંડળ ફરતું રહે છે. આ રાશિમંડળમાં સરખા સરખા અંતરે બાર **'ગૃહ'** અથવા **'ઘર'** આવેલાં ગણાય છે.

આ બાર **'ગૃહ'** અથવા **'ઘર'** આ પ્રમાણે છે : મેષ (ઘેટો), વૃષભ (આખલો), મિથુન (જોડ), કર્ક (કરચલો), સિંહ, કન્યા, તુલા (ત્રાજવું), વૃશ્ચિક (વીંછી), ધન (ધનુષ્ય), મકર (મગર અથવા મગરમચ્છ), કુંભ (ઘડો), અને મીન (માછલી). આ બારેય ઘરો બાર રાશિઓ છે. રાશિ એટલે જ ઘર. આ બારે રાશિ મળીને રાશિમંડળ અથવા રાશિચક્ર ગણાય. પ્રત્યેક રાશિ કે ઘર જુદા જુદા તારાઓનાં ઝૂમખાનુ બનેલું છે. અને એ પ્રત્યેક ઝૂમખાના આકાર પરથી એ ઝૂમખાનુ નામ આપવામાં આવ્યું છે. આખું રાશિચક્ર ૩૬૦ અંશનું છે, અને પ્રત્યેક રાશિને ભાગે ૩૦ અંશ આવે છે.

(क) નક્ષત્રો (Constellations) : નક્ષત્ર એટલે તારાનું ઝૂમખું બધે મળીને કુલ ૨૭ નક્ષત્રો છે. અને પ્રત્યેક નક્ષત્ર, ચાર પદમાં વહેચાયેલું છે. આ સત્તાવીસ નક્ષત્રોનાં નામ આ પ્રમાણે છેઃ અશ્વિની, ભરણી (ગાલ્લી), કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વા-ફાલ્ગુની, ઉત્તરા-ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા મૂલ (મૂળ), પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષા (શતતારકા), પૂર્વા ભાદ્રપાદા, ઉત્તરા ભાદ્રપાદા અને રેવતી.

આ ૨૭ નક્ષત્રો આથવા તારા-ઝૂમખાંને બાર રાશિમાં વહેંચવામાં કે વિભાગવામાં આવેલાં છે. આમ દરેક રાશિમાં સવા બબ્બે નક્ષત્ર આવે. જેમ કે, મેષ રાશિ ખાતે અશ્વિની નક્ષત્રનાં ચાર પદ, ભરણી નક્ષત્રનાં ચાર પદ, અને કૃત્તિકા નક્ષત્રનું એક પદ આવે એ પછી વૃષભ રાશિ ખાતે કૃત્તિકા નક્ષત્રનાં બાકીનાં ત્રણ પદ, રોહિણી નક્ષત્રનાં ચાર પદ, અને મૃગશીર્ષ નક્ષત્રનાં બે પદ આવે. એ પ્રમાણે ૨૭ નક્ષત્રો બાર રાશિમાં વહેંચાયેલાં છે.

અઠ્ઠાવીસમું નક્ષત્ર બીજા બધાં નક્ષત્રોથી બહુ દૂર છે, એટલે એને ગણતરીમાં લેવાતું નહોતું. એને પણ અમુક જ્યોતિષીઓ ગણતરીમાં લે છે. એનું નામ છે, **અભિજિત.** આ અભિજિત નક્ષત્રનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે પાસેનાં બે નક્ષત્રનો થોડો થોડો ભાગ એને ખાતે ગણવામાં આવે છે. આ નક્ષત્રનું સ્થાન જુદા જુદા જ્યોતિષીઓના મત પ્રમાણે જુદે જુદે સ્થળે ગણવામાં આવે છે.

(ग) **ગ્રહો :** અસલ જ્યોતિષમાં કુલ સાત ગ્રહો ગણતા : સૂર્ય, ચંદ્ર, મંગળ (અંગારક), બૃહસ્પતિ (ગુરુ), શુક્ર અને શનિ. ગ્રહો સાત અને રાશિમંડળનાં ઘરો બાર. એટલે આવી ગણતરી કરવામાં આવતી કે સૂર્ય તો દિવસે અમલ ચલાવે છે, માટે તેને એક ઘર જોઈએ;

અને ચંદ્ર રાતે અમલ ચલાવે છે, માટે તેને પણ એક ઘર મળે. જ્યારે બાકીના પાંચ ગ્રહોને દિવસ માટે એક એક, અને રાત્રી માટે પણ એક એક; એમ કુલ બબ્બે ઘર મળે. આમ બાર ઘરો પૂરાં થતાં. પણ આવી ગણતરીને લીધે જ્યોતિષની ગણતરી મારીમચડીને બેસાડવી પડતી.

એટલે પછી પાછળથી રાહુ અને કેતુ નામના બે બનાવટી ગ્રહોને ગણતરી માટે જ્યોતિષમાં ઉમેરવામાં આવ્યા. આવા કોઈ બે ગ્રહનું અસ્તિત્વ છે જ નહિ. આવી બનાવટવાળું જ્યોતિષ ક્યાંથી સાચું પડે ? બનાવટી ગ્રહોની કોઈ અસરો હોય ખરી ? જ્યોતિષમાં તેમને ચંદ્રની ભ્રમણ-કક્ષાનાં બે સ્થળ ગણ્યાં છે.

પણ પછી ઇ.સ. ૧૭૮૧માં વિલ્યમ હર્ષલે **'પ્રજાપતિ' (યુરેનસ)** નામનો એક નવો ગ્રહ શોધી કાઢ્યો. આપણી પૃથ્વીરૂપી ગ્રહ સૂર્યની આસપાસ ૩૬૫ ૧/૪ દિવસમાં, એટલે કે, એક વર્ષમાં ફરી રહે છે, જ્યારે આ **પ્રજાપતિ**ને સૂર્યની આસપાસ ફરતાં ૮૪.૦૧ વર્ષ થાય છે, અને પૃથ્વીથી તે ઓછામાં ઓછો ૧૬૦ કરોડ માઈલ દૂર છે.

એ પછી તો રેવ. ટી. જે. હસ્સેએ જાહેર કર્યું કે યુરેનસની સૂર્ય આસપાસની ભ્રમણ-કક્ષા વાંકી થાય છે, માટે પાસે કોઈ બીજો ગ્રહ હોવો જોઈએ. અને આખરે ૧૮૪૬માં **'વરુણ'** (નેપ્ચ્યુન) નામનો બીજો એક ગ્રહ શોધાયો. **વરુણ (નેપ્ચ્યુન)** સૂર્યથી ઓછામાં ઓછો ૨૭૯ કરોડ ૩૦ લાખ માઈલ દૂર છે. અને એને સૂર્યની આસપાસ ફરી રહેતાં ૧૬૪.૭૯ વર્ષ લાગે છે. સૂર્યની આસપાસનું એનું છેલ્લું ચક્કર ૧૮૪૬માં શરૂ થયું, અને હજી બીજા ૨૨ વર્ષ પછી ઇ.સ. ૨૦૧૧માં એ પૂરું થશે.

એટલે જ્યોતિષની ગણંતરીઓ કરવામાં આ બે નવા ગ્રહો ઉમેરાયા. તો હવે એ ગણતરીઓનો કેવો કેવો ગોટાળો થતો હશે ? અને એમનાં શોધાયેલાં સ્થળો કે કક્ષા પ્રમાણે એ ગ્રહોની અસરો

નવેસરથી ઉમેરવી પડતી હશે ! એ બધા ગ્રહ શોધાયા નહોતા ત્યાર પહેલાંની જ્યોતિષની ગણતરીઓનું શું ? એ ખોટી જ હોય ને ! તો એ અગાઉની ગણતરીઓ ખરી કેવી રીતે ગણાઇ ?

પણ એવામાં પાછો ત્રીજો એક નવો ગ્રહ તા. ૧૩-૩-૧૯૩૦ને રોજ શોધાયો. એનું નામ **'યમ'** (અંગ્રેજીમાં **'પ્લુટો'**). એ સૂર્યથી ખૂબ દૂર હોવાથી એકદમ ઠંડો અને અંધારિયો છે, અને સૂર્યની આસપાસની એની ભ્રમણકક્ષા ૨૪૭.૭૦ વર્ષની છે. જગતના જ્યોતિષીઓ તો હજી એમના જ્યોતિષમાં આ તદન નવા શોધાયેલા 'યમ' નો તો ઉમેરો પણ કરી શક્યા નથી. આ **'યમ'** એક ગ્રહ જ છે, એટલે એમના જ કહેવા પ્રમાણે એની અસરો માનવી જીવન પર (જન્મકુંડળી પર) પડતી જ હોવી જોઇએ. પણ હજી તો જ્યોતિષમાં એ ગ્રહ ગણતરીમાં પણ લેવાયો નથી. તો જ્યોતિષની બધી જ ગણતરીઓ ખોટી જ આવે ને ! એટલે અત્યાર સુધી આકારાયેલી જન્મકુંડળીઓ અને એ પરથી લોકોનાં ભાખેલાં ભાવિ અગડમબગડમ જ ગણાય ને !

એટલે જ પૅટ્રિક મૂર દ્વારા તૈયાર કરાયેલા The Mitahall Beazley New Concise Atlas of the Universe (વિશ્વના નવા અને સંક્ષિપ્ત નકશા-ભંડાર)માં લખવામાં આવ્યું છે કે "જ્યોતિઃશાસ્ત્રના બનાવટી વિજ્ઞાનમાં રાશિમંડળની સંજ્ઞાઓને રહસ્યમય અથવા ગૂઢ અર્થ આપવામાં આવ્યો છે, પણ જ્યોતિઃશાસ્ત્રને કોઇ વૈજ્ઞાનિક અથવા તર્કબુદ્ધિનો પાયો નથી." ★

**(ઘ) જન્મકુંડળી :** જન્મકુંડળી એટલે જન્મ સમયે આકાશી નક્ષત્રોની કક્ષા કેવી હતી તે દર્શાવતો નકશો. બાળકના જન્મ સમયે

---

In the pseudo-science of astrology the Zodiacal signs were given mystical significance, but astrology has no scientific or logical basis (પૃ. ૮૨).

એના સમય અને સ્થળ પ્રમાણે ગ્રહોનું જે સ્થાન હોય છે તે પ્રમાણે બાર રાશિઓના ચિત્રને 'જન્મકુંડળી'ના રૂપમાં દોરવામાં આવે છે. એ પછી બીજી અનેક અટપટી ગણતરીઓ કરીને આખી જન્મકુંડળી એની અનેક વિગતો સાથે તૈયાર કરવામાં આવે છે. જેમ ઝીણી ઝીણી વધારે વિગતો તેમ કુંડળી વધારે અસરકારક મનાય છે.

જન્મકુંડળી તૈયાર કરવા માટે વ્યક્તિનું નામાભિધાન રાશિ પ્રમાણે હોય; એનો જન્મ ચોક્કસ કયા વારે, કઇ તારીખે, ચોક્કસ કેટલા વાગ્યે થયો તેની નોંધ; એ દિવસે સૂર્યનું ઉગમણ ક્યારે થયું હતું તે; તેના દેશ, શહેર કે ગામના ભૌગોલિક અક્ષાંશ-રેખાંશના આંકડા, વગેરે વિગતોની જરૂર બતાવવામાં આવે છે.

આ કુંડળી અને એની વિગતો પરથી વ્યક્તિનું આયુષ્ય કેટલું છે, એની મિલકત, એનું લગ્નજીવન, સંતાનપ્રાપ્તિ, મુસાફરી, ભણતર, ઇચ્છાતૃપ્તિ, જીવનની સફળતા, એના સ્વભાવનાં જોરદાર તેમ જ નબળાં પાસાં, એની તંદુરસ્તીની સબળ અને નબળી બાબતો, વગેરે વિષે ભવિષ્ય ભાખી શકય છે, એમ જ્યોતિર્વિદો હક્ક કરે છે.




**મહાત્મા ગાંધી**

(ચ) **જ્યોતિષ સાચું નથી તેનાં કારણો :** ગગનમંડળના તારાઓ, સૂર્ય, ગ્રહો, ધૂમકેતુઓ, આકાશગંગાઓ, વગેરે વિષેનું ખગોળશાસ્ત્ર (એસ્ટ્રોનોમી) સાચું છે, અને એના ગણિતમાં કોઈ ફરક પડતો નથી. પણ જ્યોતિર્વિદ્યા અથવા જ્યોતિઃશાસ્ત્ર સત્ય નથી, એના અનેકવિધ કારણો અને સાબિતીઓ અમે અહીં રજૂ કરીએ છીએ :

**૧. ગ્રહોની સંખ્યા બદલાય છે :** બાર રાશિઘરોમાં વારાફરતી નિવાસ કરતા ગ્રહો પર જ્યોતિષ ખૂબ આધાર રાખે છે. પણ જો ગ્રહોની સંખ્યા જ બદલાતી હોય, તો એવા જ્યોતિષનાં પરિણામો પર કેવી રીતે આધાર રાખી શકાય ? આપણે આગળ જોઈ ગયા કે મૂળમાં તો માત્ર સાત જ ગ્રહો ગણવામાં આવતા : સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, બૃહસ્પતિ (ગુરુ), શુક્ર અને શનિ. પાછળથી જે હયાતીમાં નથી એવા બનાવટી બે ગ્રહો (રાહુ અને કેતુ) ઉમેરવામાં આવ્યા. જે હયાતી ધરાવતા નથી તેવા ગ્રહોની (?) અસરો પડે ખરી ? પણ એ પછીયે ત્રણ નવા ગ્રહ શોધી કાઢવામાં આવ્યા : **પ્રજાપતિ** (યુરેનસ) ૧૭૮૧માં; **વરુણ** (નેપ્ચૂન) ૧૮૪૬માં; અને ત્રીજો **યમ** (પ્લુટો) ૧૯૩૦માં શોધાયો. પહેલા બેને તો જ્યોતિષમાં ઉમેરવામાં આવ્યા, પણ યમ (પ્લુટો) હજી સુધી ઉમેરાયો નથી. જો ગ્રહોની અસરો માનવના ભાવિ પર પડતી હોય તો અત્યાર સુધી આ ત્રણ ગ્રહોની ગણતરી જ થતી નહોતી તેનું શું ? આવા જ્યોતિષની ગણતરીઓ પર ભરોસો રાખી શકાય ખરો ? એટલે જ ખગોળશાસ્ત્ર (એસ્ટ્રોનોમી) જ્યોતિઃશાસ્ત્ર (એસ્ટ્રોલૉજી)ને માન્ય રાખતું નથી. ભારતના જ્યોતિષમાં તો આજની તારીખ સુધીમાં નવા શોધાયેલા ત્રણ ગ્રહો, યુરેનસ, નેપ્ચૂન, અને પ્લુટો ઉમેરવામાં આવ્યાયે નથી.

**૨. રાશિઓનાં સ્થળ બદલાયાં છે :** આજથી ૫૦૦૦ વર્ષ અગાઉ (ઈ.પૂર્વે ૩૦૦૦માં) બાબિલોનના ગગન-નિરીક્ષકોએ રાશિઓ ઠરાવી, અને તેમના દેખાતા આકારો પ્રમાણે તેમને નામ આપ્યાં,.અને તેમનાં સ્થળો નક્કી કર્યા. વળી આ બાર રાશિઓનું એક રાશિચક્ર નક્કી કર્યું. પણ આપણી પૃથ્વી બિલકુલ ગોળ નથી, પણ બંને ધ્રુવ પ્રદેશો આગળ એ ચપટી છે. એટલે એ બંને ધ્રુવપ્રદેશો આગળ તે થોડી ધ્રુજારી સહિત ફરે છે ('wobbing થાય છે). તેથી ઉત્તરાયણ તથા દક્ષિણાયનનો અયનચલનનાં કારણોસર કાળાંતરે રાશિઓનાં સ્થળો આઘાપાછા થયા. એટલે બાબિલોની નિરીક્ષકો ૫૦૦૦ વર્ષ પૂર્વે રાશિઓને આકાશમાં જે સ્થળોએ જોતા હતા તે સ્થળો આજે બદલાઈ ગયાં છે, અને એક રાશિના અંતર જેટલો ફરક પડી ગયો છે. એમ, પાંચ હજાર વર્ષ પર જ્યાં સિંહ રાશિ હતી, ત્યાં કરચલો (કર્ક) રાશિ છે, અને વૃશ્ચિકને સ્થળે તુલા છે. અને એવું જ બીજી બધી રાશિઓનું પણ થયું છે. છતાં પણ આજના જ્યોતિષીઓ પોતાની ગણતરીમાં એ પુરાણાં સ્થળો પ્રમાણે જ ગણે છે. ખરું જોતાં રાશિઓનાં સ્થળ બદલાયાં છે, તો તે પ્રમાણે ગણતરી કરવી જોઈએ; જ્યોતિષનું ગણિત બદલાવું જોઈએ, પણ એ બદલાયું નથી. તો જ્યોતિષની ફલશ્રુતિ ખોટી જ ઠરે ને ! આજે એ રાશિઘરો એક એક મહિનો મોડાં પડે છે, તોયે જ્યોતિષી વર્ષો-પુરાણી રીતે જ ગણતરી માંડે છે.

**૩. પ્રકાશ-કિરણોને આકાશના એક સ્થળેથી પૃથ્વીના બીજા સ્થળો જતાં અમુક સમય લાગે; એટલે આ બંને જગાઓના સમયોમાં તેટલો ફરક પડે :** પ્રકાશ એટલે વિદ્યુત ચુંબકીય શક્તિ (ઇલેક્ટ્રોમેગ્નેટ પાવર). એ પ્રકાશનું કિરણ એક સેકન્ડમાં ૩,૦૦,૦૦૦ કિલોમિટર (૧,૮૬,૦૦૦ માઇલ)ની ઝડપે આગળ વધે છે. સૂર્યકિરણને સૂર્યથી નીકળી પૃથ્વી પર આવતાં સાડા આઠ મિનિટ થાય છે. એ કિરણ પૃથ્વી પર આવે છે, ત્યારે પૃથ્વી પર એ

કિરણનો વર્તમાનકાળ હોય છે; પણ એ જ સમયે સૂર્ય પર એને સાડા આઠ મિનિટનો ભૂતકાળ થયો હોય છે.

એમ જ પ્રત્યેક રાશિ અને ગ્રહથી પ્રકાશ એટલે વિદ્યુત ચુંબકીય શક્તિને પૃથ્વીમાં મનુષ્યો સુધી પહોંચતાં અમુક સમય લાગે. તેથી એ બંને સ્થળોના સમયમાં ભૂતકાળ અને વર્તમાનકાળ તરીકેનો અમુક ફેર તો પડે જ. એ સમય-ફરક દરમિયાન રાશિ અને ગ્રહની પરિસ્થિતિ બદલાઈ જાય ! એમ એમની ઊતરી આવતી અસરોમાં પણ વિલંબ થવાથી ફરક પડે. સમય-ફરકને જ્યોતિષની ગણતરીમાં ધ્યાનમાં લેવાતો નથી. એટલે અંશે એ ગણતરી ખોટી જ આવવાની.

**૪. ગ્રહો પ્રકાશનું ઉદ્‌ભવસ્થાન નથી :** જ્યોતિષમાં ગ્રહોની અસરોને ઘણું અગત્યનું સ્થાન આપવામાં આવે છે. બાળકના જન્મ સમયે તારાઓ અને ગ્રહોનો પ્રકાશ પડે છે, તે કાયમને માટે એનું ભાવિ નક્કી કરી દે છે. પણ કોઈ ગ્રહને પોતાનો પ્રકાશ હોતો નથી; ચંદ્રને નહિ પૃથ્વીને નહિ, કે મંગળ, બુધ, બૃહસ્પતિ (ગુરુ), શુક્ર કે શનિને પણ નહિ. સૂર્યને જ્યોતિષમાં ગ્રહ ગણ્યો છે, પણ તે ગ્રહ નથી, પણ તારો છે. એટલે ગ્રહોની અસર બાળકના જન્મ સમયે તેના જીવન ઉપર શી પડે ? -- અને કેવી રીતે એનું ભાવિ કાયમ માટે નક્કી થઈ જાય ? વળી એના ભવિષ્યનું વાચન (આગાહીઓ) કેવી રીતે થાય ?

આપણી પૃથ્વી પર તો મુખ્યત્વે તારાઓનો અને વિશ્વ-કિરણોનો સતત ધોધ પડે છે. સૂર્ય તારાઓમાં આવી જાય, કેમ કે તે પણ એક જ છે. આપણી આકાશગંગામાંથી 'વિશ્વ-કિરણો' પૃથ્વી ઉપર આવે છે.

**૫. નહિ ઉમેરાયેલા ત્રણ નવા ગ્રહોની અસરોનું શું ? :** મુદ્દા ચ-૧માં આપણે જોઇ ગયા તે આજની તારીખ સુધીમાં ત્રણ નવા શોધાયેલા ગ્રહો, એટલે કે યુરેનસ (પ્રજાપતિ), નેપ્ચ્યુન (વરુણ), અને પ્લુટો (યમ), ભારતીય જ્યોતિષમાં ઉમેરવામાં આવ્યા નથી, તો તેમની અસરો વિષે શું ? જો બીજા સાત ગ્રહોની અસરો માનવજીવન પર પડતી હોય, તો આ નવા ત્રણ ગ્રહોની અસર પડતી હશે ને ? પણ જ્યોતિષમાં તો નામ લેવાતાં નથી, અને તેમની અસરો ગણતરીમાં લેવાતા નથી; તો આવું જ્યોતિષ કેવી રીતે સાચું કહી શકાય ?

ઊલટું બે ભૂતિયા ગ્રહો-રાહુ કેતુ, જેમનું અસ્તિત્વ જ નથી, તેમની અસરો માનવજીવન પર પડે છે, અને તેમના ભાવિનું નિયત્રંણ કરે છે. એમ તેમની ગણતરી કરવી એ કેટલું બધું અસત્ય ગણાય ?

અસલ બાબિલોનીઓએ ૫૦૦૦ વર્ષ ઉપર જે ગ્રહો ખરા કે ખોટા નોંધ્યા, તે જ આજ લગી ચાલી રહ્યા. એમાં સુધારોવધારો કોઇએ કર્યો જ નહિ !

જ્યોતિષના અભ્યાસીઓ એમ ખુલાસો કરે છે કે જ્યોતિષનું જે ગણિતશાસ્ત્ર છે, તેમાં આ બે ભૂતિયા ગ્રહો ("अप्रकाशक ग्रहो")ની અગત્ય પ્રત્યે ધ્યાન આપવામાં આવતું નથી, કારણ કે જે નક્ષત્રમાં તેઓ સ્થાન લે છે તે જ નક્ષત્રની ખાસિયતો તેઓ ધારણ કર છે. એથી ઊલટું, જે ચુકાદો આપતું જ્યોતિષ (જૂડિશલ એસ્ટ્રોલૉજી) છે તે તો જન્મકુંડળીનું પૃથક્કરણ કરવામાં આ બે ગ્રહોની અસરોને અચૂક ધ્યાનમાં રાખે છે. જ્યોતિષની આ કેવી ગજબની અચોક્કસતા ! એમાંથી સાચી ફલશ્રુતિ ક્યાંથી પરિણમે !

**૬. આલ્ફ્રેડ વીટ** (Alfred Witte)**ના વધારાના બીજા આઠ નવા ગ્રહવાળા રાશિમંડળનું શું ?**

આલ્ફ્રેડ વીટ હેમ્બર્ગ જ્યોતિર્વિદ્યા (હેમ્બર્ગ પદ્ધતિ)ની માન્યતા પ્રમાણે ચાલુ બધા ગ્રહો ઉપરાંત બીજા વધારાના આઠ ગ્રહો વીટે ઉમેર્યા છે, છતાં જ્યોતિષની ગણતરી તો જેમ જ બરાબર આવે છે ! કેટલીક બધી આગાહીઓ ખરી પડી ! આનો શો ખુલાસો?

આલ્ફ્રેડ વીટનું કહેવું છે કે આકાશમાં આ વધારાના આઠ ગ્રહો છુપાયેલા છે, પણ તેમનાં નામ 'હેમ્બર્ગ સ્કૂલ' પ્રમાણે આ મુજબ છે. ક્યુપિડો (Cupido), હેડસ (Hades), ઝીયૂસ (Zeus), ક્રોનોસ (Chronos), એપોલો (Apollo), એડમીટોસ (Admetos), વલ્કન (Vulcan) અને પોસીદોન (Poseidon). યુરોપના અમુક ભાગોમાં અને ખાસ કરીને ઑસ્ટ્રીઆ અને જર્મનીમાં આજે પણ આ વધારાના આઠ ગ્રહોને ગણતરીમાં લેવાય છે. ઑસ્ટ્રીઆ અને જર્મનીમાં આ હેમ્બર્ગ પદ્ધતિ આજે પણ વપરાય છે.

વીટના લડવીગ સ્ટુઈબર નામની શિષ્યે ૧૯૫૦માં આ પદ્ધતિની ગણતરીઓ (આગાહીઓ) ખરી પડી છે તેનાં ઉદાહરણોનું એક પુસ્તક બહાર પાડયું હતું. એમાંથી એક દાખલો લઈએ. આ પદ્ધતિના એક જ્યોતિર્વિદને એક અજાણી સ્ત્રીના જન્મનો સમય, તારીખ અને સ્થળ વિષે બધી માહિતી આપવામાં આવી, અને પૂછવામાં આવ્યું કે માર્ચ ૪, ૧૯૫૪ રોજ સાંજે ચાર વાગ્યે વિયેનામાં એની શી સ્થિતિ હશે ? આ જ્યોતિર્વિદે આ બધી માહિતીને વીટની પદ્ધતિની ગણતરી લાગુ પાડી, અને જવાબ વાળ્યો કે એ સ્ત્રીને એ સમયે બંદુકની ગોળીથી મારી નાખવામાં આવી. એનો જવાબ બિલકુલ

સાચો હતો, એમ સ્ટુઇબરે જણાવ્યું છે. ('Into the unkown', Reader's Digest Association, Inc., New York, 1981, P.135).

તો આ આઠ નવા ગ્રહો જેમને વિજ્ઞાને હજી શોધ્યા પણ નથી અને જ્યોતિષની બીજી પદ્ધતિઓએ એમને અપનાવ્યા નથી, તો વીટની હેમ્બર્ગ પદ્ધતિ આવી આગાહી કેવી રીતે કરી શકે ? કે પછી જ્યોતિષ કોઇ બીજું જ બળ-કામ કરી રહ્યું છે ?

**૭. બીજા બે સહાયક ગ્રહો :** આ બધા ગ્રહો ઉપરાંત બીજા બે સહાયક ગ્રહો **ગુલિકા** અને **યમઘંટ** ભારતના જ્યોતિષમાં છે. ખરું જોતાં આ બે ગ્રહની તો હયાતી જ નથી, છતાં એમની અસરો માનવી પર પડે છે એમ ગણાય છે.

**૮. હજી નહિ શોધાયેલો એક ગ્રહ :** કેટલાક ખગોળશાસ્ત્રીઓને લાગે છે કે, આપણા સૂર્યમંડળનો બીજો એક ગ્રહ હજી શોધવો બાકી રહ્યો છે, કારણ એના ખેંચાણની અસરો દેખાય છે. પ્રજાપતિ (યુરેનસ) અને વરુણ (નેપ્ચ્યુન)ની ભ્રમણકક્ષા અનિયમિત એટલે કે વળાંકવાળી છે. તેઓનું માનવું છે કે આ ગ્રહ પૃથ્વીથી ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઇલ દૂર છે. જો આવો ગ્રહ હોય તો તે એટલો બધો અંધારિયો હશે કે, પૃથ્વી પરનાં દૂરબીનોથી તે જોઇ શકાતો નથી. આથી આ ગ્રહ વિષે જાણી શકાય માટે વિજ્ઞાનીઓ પંદર વર્ષ પહેલાં છોડેલાં બે અવકાશયાનો, પાયોનિયર ૧૦ અને ૧૧ તરફથી મળતી માહિતી તરફ મીટ માંડી રહ્યા છે. કલાકે ૩૦,૦૦૦ માઇલની ઝડપે ઘૂમી રહેલાં આ બે યાન આપણા સૂર્યમંડળની પાછલી બાજુ તરફ હાલ છે. થોડા સમય પછી, આમાંનું જે યાન પેલા વણશોધાયેલા ગ્રહની નજદીક પહેલું આવશે તેને આ

ગ્રહની ખેંચ લાગશે. અને જો એમ બનશે તો એ યાનનો માર્ગ ધ્યાન ખેંચાય તેટલો જરૂર બદલાશે.

આ યાનના નક્કી કરેલા માર્ગ અને એના ફંટાયેલા માર્ગની સરખામણી પરથી આ ગ્રહનું બિલકુલ ચોક્કસ સ્થાન શોધી શકાશે, એમ વિજ્ઞાનીઓ માને છે.

જો આવો ગ્રહ હોય તો માનવ પરની તેની અસરો મપાવી જોઇએ ને ? જો નથી મપાતી તો જ્યોતિષની એ એક ક્ષતિ ગણાશે ને ? પણ એ તો ભવિષ્યમાં જોવું રહ્યું.

**૯. નવો શોધાયેલો નાનો ગ્રહ (રામાનુજન) :** આ પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રેસમાં હતી તેવામાં જ (૧૯૮૯ ઓકટોબર) આપણા ભારતીય ખગોળશાસ્ત્રીઓએ એક નાનો નવો ગ્રહ શોધી કાઢયો છે, અને આપણા ખ્યાતનામ ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામનુજન પરથી એ ગ્રહનું નામ આપવામાં આવ્યું છે. ઉપરોક્ત નાના ગ્રહની ભ્રમણ-કક્ષા અને બીજી માહિતી, અમેરિકા ખાતેના "નાના ગ્રહો માટેના કેન્દ્ર" ખાતે મોકલી આપવામાં આવતાં, ચકાસણી પછી કેન્દ્રએ આ નવા નાના ગ્રહને ૪૧૩૦ નંબર આપ્યો છે. એ ગ્રહ તો આજ સુધી જ્યોતિષની ગણતરીમાં લેવાયો જ નહોતો. તોયે બધી ગણતરીઓ સાચી પડી ! નવાઇભર્યું કહેવાય !

**૧૦. નક્ષત્રોની જાતિ કેવી રીતે નક્કી કરવામાં આવી ?** નક્ષત્રો નર કે નારી ગણાય છે, અને એ પ્રમાણે એમનો પ્રભાવ કે અસરો ગણાય છે. દાખલા તરીકે, 'અશ્વિની' નર છે, 'ભરણી' નારી છે, 'કૃત્તિકા' નર છે, વગેરે. આ જાતિ કેવી રીતે નક્કી કરવામાં આવી ? વિજ્ઞાનમાં જેમ બધું ચોકસાઇથી અખતરા દ્વારા અનુભવેલું રજૂ કરાય છે, એવું જ્યોતિઃશાસ્ત્રમાં નથી; એટલે સત્યના માપદંડમાં ઊણું ઊતરે છે.

**૧૧. રાશિઘરોના આકાર બદલાતા જાય છે તેનું શું ?** પ્રત્યેક રાશિઘરના તારાઓની ગોઠવણીને લઈને તેનો અમુક આકાર દેખાય છે. અને એ આકાર પ્રમાણે પ્રત્યેક રાશિઘરને નામ આપવામાં આવ્યું. જેમ કે ઘેટાં (મેષ) જેવા આકારને લઈને પહેલી રાશિને 'મેષ' નામ આપ્યું. બીજી રાશિનો આકાર આખલા જેવો છે માટે એને 'વૃષભ' નામ આકારો તદન સ્પષ્ટ નથી.

હવે, અવકાશનાં કેટલાક પરિબળોને કારણે આ રાશિઓના આકાર બદલાય છે. અવકાશી બળોમાં ગુરુત્વાકર્ષણો, ગ્રહોની સૂર્ય આસપાસની દીર્ઘવર્તુળાકાર ભ્રમણકક્ષા, સૂર્યનું વિકર્ષણ બળ, અખંડ વિશ્વની અકળ દોટ, વગેરે આવી જાય. એ બધાંને કારણ રાશિઓના આકાર બદલાતા જાય છે. તો પ્રશ્ન એ થાય છે કે આ બદલાતા આકારોને લઈને એ રાશિઓની માનવજીવન પર પડતી અસરો (જો પડતી હોય તો !) બદલાતી નહિ હોય ? છતાં જૂની જ ગણતરીની રીતો ફલશ્રુતિને જુઠ્ઠી નહિ પાડે ? મતલબ કે જ્યોતિષની ગણતરીઓ ખોટી છે, અને એ શાસ્ત્ર જૂઠું છે. ('વિકર્ષણ બળ' એટલે પાછું ઠેલવાનું બળ. ગુરુત્વાકર્ષણથી ઊલટું).

**૧૨. તારાઓ વચ્ચેનું અંતર વધતું જાય છે, એટલે એમનાં સ્થાનોમાં ફરક પડે જ. જૂનાં સ્થાનો અને અંતરો પ્રમાણેની ચાલુ રહેલી ગણતરીઓ જૂઠી ના હોય ?** ચાલુ સદીની નવી શોધખોળ પ્રમાણે સમસ્ત વિશ્વ (બ્રહ્માંડ) કલાકના દશ લાખ માઈલ (સોળ લાખ સવાનવ હજાર કિલોમિટર)ની ગતિથી વિસ્તરતું જાય છે. એમાં તારા તારા વચ્ચેનું અને તારામંડળથી તારામંડળ વચ્ચેનું અંતર વધતું જાય છે. તો તારાઓનાં ઝૂમખાં (એટલે કે રાશિઓનાં અલગ અલગ ઝૂમખાં)નાં જૂનાં સ્થાનો અને જૂનાં અંતરો પ્રમાણેની ચાલુ રહેલી જ્યિોતિષની ગણતરીઓ જૂઠી ના ગણાય ?અને એ

શાસ્ત્ર પણ જૂઠું ના ગણાય ? આમ છતાં જો પણ ફલશ્રુતિ ખરી આવતી હોય, તો એનો અર્થ એ થાય કે રાશિમંડળોની ગણતરી એ એનું ખરું બળ નથી, પણ આ સીસ્ટમ પાછળ અન્ય કોઈ બળ અને સંચાલન છે. અને એ તો શેતાની આત્માઓનું બળ અને સંચાલન છે.

**૧૩. એકસરખા સમયે એક જ સ્થળે જનમતાં સંખ્યાબંધ બાળકોનું ભાવિ એકસરખું કેમ ન હોય ?** પ્રત્યેક સેકન્ડે આખી પૃથ્વીમાં સેંકડો બાળકો જન્મે છે. જ્યોતિષ પ્રમાણે એ સેકન્ડે એમના ગ્રહો તો એકસરખા જ હોય ને ! એટલે એમનાં જીવન, ગુણદોષ, સ્વભાવ અને ભાવિ સરખા હોવાં જોઈએ ને ! પણ એમ નથી હોતું. એ જ બતાવે છે કે જ્યોતિષ સાચું નથી. કદાચ કોઈ જ્યોતિષ કહે કે અક્ષાંશ-રેખાંશ જુદા જુદા હોય તેથી ફરક પડે. પણ જેમના અક્ષાંશ-રેખાંશ પણ સરખા હોય, અને એ જ સેકન્ડમાં જન્મ થયો હોય તોય સ્વભાવ, ભાવિ, વગેરેમાં આસમાન-જમીનનો ફરક પડે છે. એમ કેમ ?

થોડા સમય પર અમદાવાદના એક દૈનિક છાપામાં અમેરિકાના બે એકસરખા જોડિયા ભાઈઓ (identical twins) વિષે લખાણ હતું અને એમાંના એકને 'એઈડ્સ'નો રોગ થયો હતો, અને તેનું જીવન ખરાબ હાલતમાં હતું, જ્યારે બીજા ભાઈના ધંધાપાણી મજામાં ચાલતાં હતાં, અને તેનું ચારિત્ર્ય સીધી લીટીનું હતું. 'એઈડ્સ'નો રોગ અનીતિમય જીવન અને ખાસ કરીને સજાતીય શરીર-સંબંધોને લઈને થાય છે, અને તે જીવલેણ છે. તો આ 'પૅર ઑફ આઈડેન્ટિકલ ટ્વીન્સ' એક જ જાતિનાં (નર કે નારી) હોય છે, અને એક જ ફલિત સ્ત્રી-રજ (રજોગોલ)ના બે ભાગલામાંથી પેદા થાય છે, અને તેમનું ગુણઘટકો (જિનેટિક)નું બંધારણ પણ એકસરખું હોય છે. વળી તેઓ વચ્ચે દેખાવનું અદ્ભુત સામ્ય હોય છે. તો જ્યોતિષ પ્રમાણે બંનેની

જન્મકુંડળી એકસરખી જ હોય, તેમ જ બંનેના ભાવિ અને સ્વભાવ સરખા હોવા જોઈએ ને? તો ઉપરના દાખલામાં જોયું તેમ, આ જોડિયા ભાઈઓના સ્વભાવ અને ભાવિમાં ભારે ફરક કેમ હતો? એ બતાવે છે કે જ્યોતિષમાં સત્યં નથી.

બાઈબલમાં આવા બે જોડિયા ભાઈઓનું વૃતાંત આપવામાં આવ્યું છે. કે ઈસહાકની પત્ની રિબકાહને એસાવ અને યાકોબ નામે બે જોડિયા દીકરા જન્મ્યા. નાનો યાકોબ મોટા એસાવની એડી પકડીને નીકળ્યો (બાઈબલ : ઉત્પત્તિ ૨૫:૨૧-૨૭). જ્યોતિષ પ્રમાણે આ બે ભાઈઓની જન્મકુંડળીઓ બીલકુલ એકસરખી જ હોવી જોઈએ, અને બંનેનાં ભાવિ અને સ્વભાવ તેમ જ તેમનું ભવિષ્યવાચન એકસરખાં જ હોવાં જોઈએ, પણ બાઈબલમાં આગળ વાંચીએ તો જોઈ શકીએ કે એ બંનેનાં જીવન, સ્વભાવ અને પ્રવૃત્તિમાં જમીન-આસમાનનો ફરક હતો! તો એમ કેમ? હીપ્પોના બિશપ સંત ઑગસ્ટીને આ જ પ્રશ્ન આ જ દાખલો આપીને પોતાનાં પુસ્તકોમાં ઊભો કર્યો છે ('સીટી ઑફ ગૉડ' ૫.૭.૯. અને 'કન્ફેસન્સ' ૭.૬.).

જ્યોતિષીઓ એનો જવાબ આમ વાળે છે કે દરેક વ્યક્તિને આત્મિક પાસું પણ હોય છે. અને એને લીધે જોડિયા ભાઈઓમાં પણ, એક જ સરખી જન્મકુંડળી હોવા છતાં, આવો ફરક જોવા મળે છે, અને જ્યોતિર્વિદ્યામાં આ આત્મિક પાસુ ધ્યાનમાં લેવામાં આવતું નથી (મેયો પૃ. ૮). તો આ જ્યોતિર્વિદ્યા કેટલી સાચી? કેમ કે એકેએક માનવીને આત્મિક પાસું હોય છે જ. અને જો જ્યોતિર્વિદ્યામાં એ પાસું ધ્યાનમાં જ ન લેવાતું હોય, તો જ્યોતિષની ફલશ્રુતિ જૂઠી જ પડે ને! બીજું, જો બે જોડિયા ભાઈઓની એક જ જન્મકુંડળીમાં આવાં

તદન જુદાં જુદાં અર્થઘટન કે ભવિષ્યવાચનની શકયતા હોય, તો એવું જ એક જ વ્યક્તિની જન્મકુંડળીમાંથી પણ જુદું જુદું ભવિષ્યવાચન પણ શક્ય બની શકે ને ? તો પછી જ્યોતિષની સચ્ચાઇ ક્યાં રહી ?

**૧૪. બાળકના ગ્રહસંબંધ ક્યારથી શરૂ થયા ગણાય ?**

**(૧) ગર્ભાધાનથી કે જન્મસમયથી ?** જ્યોતિષમાં જન્મકુંડળી બાળકના જન્મના સમય પ્રમાણે બનાવવામાં આવે છે, અને એના ગર્ભાધાનના સમયથી નહિ; પણ વારસાગત બાબતોની ગણતરી ગર્ભાધાનથી શરૂ થાય છે. જેમ કે, રંગ, આકાર, કદ, આંખ-વાળની તેમ જ બીજી બધી ખાસિયતો. ગર્ભાધાન વખતે જ રંગસૂત્રો (ક્રોમોઝોમ્સ) અને ગુણઘટકો (જનીન) દ્વારા બધું નક્કી થઇ જાય છે. એ જ પ્રમાણે ગર્ભાધાનના સમયથી જ ગ્રહોની અસરો પડવી (જો પડતી હોય તો !) શરૂ થઇ જવી જોઇએ. આ વાત વધારે વ્યવહારુ લાગે છે.

હા, ગર્ભાધાન ક્યારે થયું એનો ચોક્કસ સમય કળી શકતો નથી એ ખરું; પણ ગ્રહોની અસરો (જો પડતી હોય તો !) ગર્ભાધાનથી જ પડવી શરૂ થઇ જવી જોઇએ.

નવી વ્યક્તિનું જીવન ગર્ભાધાનથી જ શરૂ થઇ જાય છે. જગતના મોટા ભાગના વિજ્ઞાનીઓ આ મુદા પર એકમત છે. આપણે એ વિષે થોડાક અભિપ્રાયો જોઇ લઇએ.

સામાન્ય માન્યતા એવી છે કે બાળક માના ઉદરમાં ચોથા કે પાંચમા માસમાં હલનચલન શરૂ કરે ત્યારથી બાળકમાં જીવ આવ્યો ગણાય. પણ તબીબી વિજ્ઞાને લાંબા સમય પૂર્વે આ માન્યતાને નકારી કાઢી છે. **'ધી ટ્રાન્ઝેક્શન ઑફ ધી અમેરીકન મેડિકલ એસોસીએશન'**, પુસ્તક XXII (૧૮૭૧)માં આ પ્રમાણે લખ્યું છે: "બાળકનું આ જાતનું હલનચલન શરૂ થાય તે અગાઉ લાંબા સમય પૂર્વે બાળકના હૃદયના ધબકારા અને જીવનનાં બીજાં ચિહ્નો બહુ સ્પષ્ટપણે જોઇ શકાયાં છે. અને સર્વમાન્ય એવી અધિકૃત વ્યક્તિના

પ્રમાણભૂત નિર્ણય પ્રમાણે મા બાળકના આ હલનચલનને પારખે તે અગાઉ લાંબા સમયથી બાળક જીવન માણતું હોય છે. ઉદરમાંના ગર્ભમાં ગર્ભાધાનના સમયથી જ જીવ હોય છે, આ સિદ્ધાંતથી ઊલટી અન્ય કોઈ પણ માન્યતા બુદ્ધિ અને શરીરવ્યાપારશાસ્ત્રની સાથે સુસંગત નથી.''

આ સિદ્ધાંતને વિજ્ઞાનનાં અગણિત સંશોધનોએ પુરવાર કર્યો છે. છેલ્લામાં છેલ્લા સુધારાવાળી પદ્ધતિઓ દ્વારા વધુ ને વધુ પ્રમાણમાં એ પુરવાર થયું છે કે ગર્ભ શરૂઆતથી જ જીવંત હોય છે.

ગર્ભાધાન પછી માત્ર **આઠ જ અઠવાડિયાંમાં** માના ઉદરમાં બાળકના નાના નાના હાથપગોનું હલનચલન શરૂ થઈ ગયું હોય છે, જોકે માને તેની ખબર પડતી નથી. બાળકનાં એકેએક અંગ અને અવયવ આ સમયે હયાત હોય છે, -- એટલું જ કે તેઓ અવિકસિત રૂપમાં હોય છે. એનું યકૃત (કલેજું) લોહીના કોશો ઉત્પન્ન કરતું હોય છે; એનું પેટ પાચક રસો પેદા કરતું હોય છે; અને એના મૂત્રપિંડો લોહીમાંથી 'મૂત્રામ્લ' (યુરિક ઍસિડ)ને બહાર કાઢતા હોય છે. આ ગર્ભને માનવ-આકાર પણ હોય છે. એના હાથપગો તેમ જ આંખનાં પોપચાં પણ ઓળખી શકાય તેવા કક્ષામાં હોય છે.

ગર્ભાધાન પછી છ જ **અઠવાડિયામાં**-હજી જન્મેલી નહિ એવી આ વ્યક્તિને માત્ર 'ગર્ભ' તરીકે ઓળખવામાં આવે છે ત્યારે એના મગજના માપી શકાય તેવા તરંગોનું પ્રસરણ થતું હોય છે, અને તે સ્પર્શ તથા પીડ પ્રત્યે પ્રત્યાઘાત આપે છે.

ગર્ભાધાન પછી **ત્રણ જ અઠવાડિયે** એનું હૃદય ધબકવા માંડે છે; એનું આખું મજ્જાતંત્ર (નર્વસ સિસ્ટમ) રચાઈ ગયું હોય છે,

ડૉ. બર્નાર્ડ નેથનસન એક વખતના ગર્ભપાત નિષ્ણાત હતા, પણ પાછળથી એમણે એ કામ છોડી દીધું. એમની સીમા-ચિહ્નરૂપ

ફિલ્મ **"ચૂપકીદીભરી ચીસ"** (Silent Scream)માં તેમણે બતાવ્યું છે કે ચૂસી-ખેંચીને કરેલા ગર્ભપાત સામે ઉદરમાંનો ગર્ભ કેવો ઉગ્ર પ્રત્યાઘાત આપે છે ! તેઓશ્રી લખે છે કે "વધારે સારી તકનિકી અને સાધનો દ્વારા **બે અઠવાડિયાં**ના ગર્ભમાં આપણે ઓળખી શકાય એવા મનુષ્યને જોઇ શકીશું **ફક્ત ચાર દિવસ**ના ગર્ભમાં ખાસ પ્રકારની સૂક્ષ્મદર્શક તકનિકી દ્વારા આ નવા માનવની જાતિ પણ પારખી શકાય છે"

ગર્ભમાં જીવનની શરૂઆત ક્યારે થાય છે એ વિષે તબીબી નિષ્ણાતોનું શું કહેવું છે ? યુ.એસ. અમેરીકાની સેનેટ આગળ એસ ૧૫૮ તરીકે જાણીતું એવું **'માનવી જીવન સંબંધીનું બિલ'** (Human life Bill) રજૂ થયું હતું, ત્યારે સેનેટે ૫૭ જેટલા આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોની આ અંગેની સાક્ષીઓ સાંભળી હતી. સેનેટના હેવાલમાં એ અંગેની આ પ્રમાણેની નોંધ છે :

"ડૉક્ટરો, જીવશાસ્ત્રીઓ, અને અન્ય વિજ્ઞાનીઓ એકમતના છે કે ગર્ભમાનવ સમયે જ એક નવા માનવીનું જીવન શરૂ થાય છે. આ ગર્ભમાનવ તે જ ક્ષણે જીવંત હોય છે, અને માનવજાતનું સભ્ય બની જાય છે. આ મુદા અંગે તબીબીશાસ્ત્રનાં અને વિજ્ઞાનની બીજી શાખાઓનાં અન્ય લખાણોમાં પ્રતિકાર ન કરી શકાય એવો એકમત છે."

ફ્રેન્ચ જનનશાસ્ત્રી ડૉ.જેરોમ લેજ્યુન (Dr. Jerome Lejeune, French genticist), જમણે 'ડાઉન્સ સીન્ડ્રોમ' રોગમાં દરદી બાળકનાં રંગસૂત્રોની નકશી (pattern of chromosomes) કેવી હોય છે તે શોધી કાઢયું હતું, તેમણે અમેરિકી સેનેટને જણાવ્યું હતું કે,

"દરેક વ્યક્તિને ગર્ભાધાનથી જ સ્વચ્છ અને સ્પષ્ટ અસ્તિત્વ હોય છે." મેયો કિલનિકના વડા જનનશાસ્ત્રી ડૉ.હિમી ગોર્ડને પણ

સેનેટ આગળ જણાવ્યું હતું કે, "માનવજીવનની શરૂઆત ગર્ભાધાનથી જ થાય છે એ એક સ્થાપિત સત્ય છે." હાવર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર એમ. મેથ્યુ-રોથે પણ જણાવ્યું હતું કે, "વ્યક્તિગત માનવજીવન ગર્ભાધાનથી શરૂ થાય છે એમ કહેવું તે વિજ્ઞાનની દૃષ્ટિએ સાચું છે."

માનો અંડકોશ પિતાના શુક્ર દ્વારા ફલિત થાય એને ગર્ભાધાન કહેવાય. એક વખત આ ગર્ભાધાન થયું એટલે નવા જીવનની શરૂઆત થઈ ચૂકી. નવી વ્યક્તિ ઉત્પન્ન કરનાર આ કોશમાં જનનશાસ્ત્રને લગતી જરૂરી સંપૂર્ણ માહિતી હોય છે. આમ, ગર્ભાધાનથી જ જીવન શરૂ થઈ ચૂક્યું છે. ગર્ભાધાન પછી થોડા કલાકોમાં જ આ એક કોશનું વિભાજન થઈને એના બે કોશ બને છે. અને પછી તો આ વિભાજન પ્રવૃત્તિ દ્વારા સતત વૃદ્ધિ થયા જ કરે છે. એ કોશોમાં જીવન છે તેથી જ આ શકય બને છે. ચાર અઠવાડિયાંમાં તો આ ગર્ભનું કદ ૧૦,૦૦૦ ગણું મોટું બની જાય છે.

ગર્ભ એ માના શરીરનો જ એક જીવતો ભાગ નથી, પણ એ એક આગવી જીવંત વ્યક્તિ છે. વિજ્ઞાન દ્વારા એ પુરવાર થઈ ચૂક્યું છે કે ગર્ભને પોતાની આગવી અંતઃસ્રાવી ગ્રંથીઓનું વ્યવસ્થિત તંત્ર છે, અને તે માના શરીરતંત્રથી અલગપણે સ્વાયત્ત પોતાની કામગીરી બજાવતું હોય છે. જો ગર્ભની પેશીઓ ચેપપ્રતિકારક શક્તિની બાબતમાં માની એવી શક્તિથી વિરુદ્ધ પ્રકારની હોય, તો ગર્ભ પોતે પોતાની આગવી પ્રતિકાર પદ્ધતિ ઊભી કરી લે છે, જેથી માની ઊલટા પ્રકારની ચેપપ્રતિકારક પદ્ધતિના પ્રત્યાઘાતમાંથી તે પોતાનો બચાવ કરી શકે.

વિખ્યાત શરીરવ્યાપારશાસ્ત્રી ડૉ. આલ્બર્ટ લિલે ગર્ભશાસ્ત્રના પિતા ગણાય છે. તેમનું કહેવું છે કે, "જનનશાસ્ત્રની દૃષ્ટિએ મા અને ગર્ભ બંને ગર્ભાધાનના સમયથી જ અલગ વ્યક્તિ છે."

'ટેસ્ટ-ટયૂબ બેબી' અંગેના સેંકડો સફળ પ્રયોગોએ બહુ તાદશ

રીતે એ સ્પષ્ટ કરી દીધું છે કે મા અને ગર્ભ એ અલગ વ્યક્તિઓ છે, અને ગર્ભ એ શરૂઆતથી જ જીવંત વ્યક્તિ છે. એટલે ચીનમાં માણસની ઉંમર ગર્ભાધાનથી ગણાય છે, આપણે ત્યાં બાળકની પાંચમી વર્ષગાંઠે તે **પાંચ** વર્ષનું ગણાય છે, ત્યારે ચીની ગણતરી પ્રમાણે એ **છ** વર્ષનું ગણાય.

આ બધું જોતાં બાળકના ગ્રહસંબંધ એના ગર્ભાધાન સમયથી જ ગણાવા જોઈએ, અને જન્મસમયથી નહિ. **ગર્ભાધાનકુંડળી** અને **'જન્મકુંડળી'** વચ્ચે તો નવનવ મહિનાનો લાંબો ગાળો વીતી જાય છે! જો રાશિચક્ર અને નક્ષત્રની અસરો માણસ પર પડતી જ હોય તો તે ગર્ભાધાન સમયથી જ શરૂ થઈ જાય. એટલે બાળકનો ગ્રહસંબંધ ગર્ભાધાનથી જ ગણાવો જોઈએ, --નહિ કે જન્મસમયથી.

**(૨) જન્મના સમયથી કે 'પ્લેસેન્ટા' (ઓર) પડયા પછી ?** સામાન્ય રીતે બાળકનો જન્મ થયા પછીયે લગભગ અર્ધા કલાક સુધી બાળકને પોતાનું સ્વતંત્ર જીવન નથી હોતું. બાળકના બહાર આવ્યા પછી લગભગ વીસ મિનિટ પછી માના ગર્ભાશયમાંથી ઓર*બહાર આવે છે, અને એ પછી જ નાભિનાળ કાપવામાં આવે છે. અને ત્યારથી બાળકનું સ્વતંત્ર જીવન શરૂ થાય છે. નાભિનાળ કપાય તો આ બાળકના ગ્રહસંબંધ યા રાશિસંબંધ કયારથી શરૂ થયા ગણાય ? બાળક બહાર આવે ત્યારથી કે નાભિનાળ કપાય પછી ? એ બે સમય વચ્ચે વીસેક મિનિટનો તફાવત પડે ! એટલા સમયમાં તો નક્ષત્રોનાં ગ્રહસ્થાનોમાં ઠીક ઠીક ફરક પડી જાય ! કોઈ કુટુંબ જ્યોતિષી પાસે ગ્રહદશા જોવડાવીને સારા ગ્રહ આવે ત્યારે જ નાભિનાળ કપાવે તો ? એના ભાવિમાં ફરક પડે ?

**૧૫. જ્યોતિષની બીજી અને જુદી જ જાતની પદ્ધતિ અને રચના પણ વપરાય છે ! તો એમાંથી ખરી કઇ ?** આ બીજી રીત તે ભૂમિતિ અનુસારની રચના પ્રમાણે ગોઠવવામાં આવી છે. સૂર્યની

---

* પ્લેસેન્ટા=ગર્ભના રક્ષણ માટે તેના ઉપર રહેતું પાતળી ચામડીનું પડ.

દીર્ઘવર્તુળાકારની ભ્રમણકક્ષાનું અને પૃથ્વીના ક્ષિતિજે મિલન થાય છે ત્યાંથી એની શરૂઆત થાય છે. રાશિમંડળના એકલા પટાને જ નહિ, પણ સ્થિર તારાઓના આખા વિસ્તારને એમાં આવરી લેવામાં આવે છે, અને એ સમગ્ર પટાને બાર ઘરોમાં વહેંચી નાખવામાં આવ્યો છે. અને આપણી સમજણમાં ન આવે તેવી રીતે આ બાર ઘરોને મનુષ્યજીવનનાં જુદાં જુદાં કાર્યક્ષેત્રો અને પાસાં સોંપવામાં આવ્યાં છે. અને એ ઘરોના ગ્રહો, એમને સોંપાયેલાં ક્ષેત્રો પ્રમાણેની માહિતી પૂરી પાડે છે. જેમ કે, જીવન, મૃત્યુ, મિલકત, લગ્ન, સંતાન, મૈત્રી, શત્રુ અને "ભાવિ"ને લગતી બાબતો. આ રીત વાપરનારા જ્યોતિષીઓ પણ જન્મકુંડળીઓ જુદી જુદી વિગતો સહિત, તૈયાર કરે છે. તો આ બે રીતોમાંથી ખરી અને ચોક્કસ રીત કઈ? બંને તો ખરી ના જ હોય ને? અને જો બંનેને ખરી ગણવામાં આવે, તો એનો અર્થ એ થાય કે આ બંને પદ્ધતિઓ પાછળ કોઈ જુદી જ શક્તિ કામ કરી રહી છે! શેતાની શક્તિ!

પણ ભારતમાં 'ઘરો' અથવા 'રાશિઓ' નક્કી કરવા માટે જુદી જુદી રીતો વપરાય છે. નીચે આપણે એમાંની ત્રણ રીતો જોઈશું.:

**(૧) વરાહમિહિરની રીત :** ઈ. સ.ની છઠ્ઠી સદીમાં થઇ ગયેલો પ્રખ્યાત જ્યોતિઃશાસ્ત્રી વરાહમિહિર 'રાશિઓ'ને અને 'ઘરો'ને એક જ ગણતો હતો. એના મત પ્રમાણે જે સમયને માટે કુંડળી બનાવી હોય તે સમયે પૂર્વીય ક્ષિતિજે ઊગતી રાશિ, તે જ પહેલું ઘર. એ પછી ઊગતી રાશિ એ બીજું ઘર. એ જ પ્રમાણે બીજી રાશિઓ અને ઘરો ગણવાં.

**(૨) હાલમાં ચાલતી રીત :** ઈ. સ.ની ૧૧મી સદીમાં બીજી રીત અસ્તિત્વમાં આવી. એમાં 'ઘરો' શોધવા કે નક્કી કરવા માટે અમુક ગણતરી કરવી પડે છે. અને એ બધાં ઘરો સરખા વિસ્તારનાં નથી. હાલમાં ભારતમાં વિશેષ કરીને આ પદ્ધતિ ચાલે છે.

**(૩) કૃષ્ણમૂર્તિ પદ્ધતિ :** તેમણે જોષની એક નવી રીત બનાવી છે, જેમાં ભારતીય જ્યોતિષના નવ ગ્રહ તેમણે લીધા છે. અને પ્રત્યેક ગ્રહ ૨૭ નક્ષત્રોમાંથી ત્રણ ત્રણ નક્ષત્ર પર અમલ ચલાવે છે. પ્રત્યેક નક્ષત્રના નવ સરખા ભાગ કર્યા છે, અને નવ નક્ષત્રો તેઓ પર અમલ કરે છે. પોતાના નામ પરથી તેમણે આ પદ્ધતિનું નામ **કૃષ્ણમૂર્તિ પદ્ધતિ** રાખ્યું છે.

**(૪)** આ ઉપરાંત **પરશરી અને જૈમિની પદ્ધતિ** પણ છે.

**(૫) આલ્ફ્રેડ વીટની પદ્ધતિ** (આઠ નવા ગ્રહવાળી) (જુઓ પૃ. ૪૭ ઉપર).

તો આનો અર્થ તો એ થયો કે જ્યોતિષમાં વ્યવસ્થાપદ્ધતિ, અને ગણતરીનું કોઇ ચોક્કસ ધોરણ નથી. એને વિજ્ઞાન કેવી રીતે ગણી શકાય ? અને એની ફલશ્રુતિ પર ભરોસો કેવી રીતે રાખી શકાય ? આમ છતાંયે જો જ્યોતિષની અમુક માહિતી અને આગાહીઓ જો સાચી પડે છે તો તેનું રહસ્ય એ જ કે શેતાનની ઈશ્વર વિરુદ્ધની નારકીય શક્તિઓ જ એની પાછળ છે.

જ્યોતિષની આગાહીઓ (અથવા વ્યક્તિના રેખાચિત્રાંકન)ની સફળતાનો આધાર જ્યોર્તિવિદ્યા કરતાં જોષ જોનાર વ્યક્તિ પર વધુ રહે છે. જોષ જોનાર પ્રથમ તો પોતાને ફાવતી જ્યોતિષની રીત અપનાવે, અને તેમાં પોતાને યોગ્ય લાગે તેવા ફેરફાર કરે ! આ કેવું વિજ્ઞાન ? આ તે કાંઇ વિજ્ઞાન કહેવાય ?

આનો અર્થ તો એ જ થયો ને કે જ્યોતિષમાં વપરાતી જુદી જુદી પદ્ધતિઓ એ બધી તો માત્ર માનવાતીત કે પારલૌકિક શક્તિ, એટલે કે શેતાની શક્તિનાં માત્ર બહાના તરીકેનાં સાધનો છે. એટલે જોષ જોનાર વ્યક્તિ જોષની કોઈ પણ એક પદ્ધતિ લઈ, તેમાં પોતાને મનફાવતા કરે, છતાં શેતાન એને વાપરે, અને પોતાની નારકીય શક્તિ વાપરીને પરચો બતાવે. અને એમ સાચા ઈશ્વર પરની ઊંડી શ્રદ્ધાના માર્ગમાંથી તેને હટાવી દે. અને એ માણસ એમ જ માને કે આ જ શક્તિ અને સાચો માર્ગ છે ! શેતાન ખરેખર ભમાવનાર આત્મા છે.

**૧૬. જ્યોતિષમાં ચાલતી સુધારાની ચળવળ :** માનવીના જીવનમાં શરીર અને મનના વંશપરંપરાગત ગુણ-અવગુણ અને વિધવિધ પ્રકારની ખાસિયતો બહુ અગત્યનો ભાગ ભજવે છે. આ આનુવંશિક વારસાને ચાલુ જ્યોતિષમાં ધ્યાનમાં કે ગણતરીમાં લેવામાં આવતો નથી. આ ક્ષતિ દૂર કરવા એક સુધારક ચળવળ યુરોપમાં શરૂ થઈ છે. એને "કોસ્મો-બાયોલોજી" નામ આપવામાં આવ્યું છે. એમાં ગ્રહોની સાથે પરંપરાગત વારસાને પણ ગણતરીમાં લેવાનું આયોજન છે. આમાં જૂના જ્યોતિઃશાસ્ત્ર અને આધુનિક જીવનશાસ્ત્ર (બાયોલોજી)નું સંમિશ્રણ કરવામાં આવ્યું છે. આ બતાવે છે કે જ્યોતિષ એ વિજ્ઞાન નથી.

**૧૭. જ્યોતિષ પ્રમાણે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે :** જન્મકુંડળીઓ તો એમ જ દર્શાવે છે કે પૃથ્વી કેન્દ્રમાં છે, અને સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે. વળી બીજા બધા ગ્રહો પણ પૃથ્વીની

આસપાસ ફરે છે. સૂર્ય અને અન્ય ગ્રહોની ભ્રમણકક્ષા પૃથ્વીની આસપાસ છે. પૃથ્વી એ બધાનું કેન્દ્ર છે. બીજા ગ્રહોની જેમ સૂર્ય પણ એક ગ્રહ જ છે. પુરાણા સમયની આ માન્યતા આજે પણ જ્યોર્તિવિદ્યા માન્ય રાખે છે, અને એ પ્રમાણે જન્મકુંડળીઓની ગણતરી ગણવામાં આવે છે.

જોન ગીલ્મન એના પુસ્તક "A to Z Astrology"માં આમ લખે છે : "જન્મકુંડળી ખરેખર પ્રગટ કરે છે કે પૃથ્વી ગોળ છે, પણ તે કોઈક રીતે એ પણ બતાવે છે કે પૃથ્વી સૂર્યમંડળનું કેન્દ્ર છે, અને સૂર્ય તેની આસપાસ પરિભ્રમણ કરે છે." ("The horoscope certainly reveals that the Earth is round, but somehow it shows the Earth as the centre of the solar system and has the sun still in orbit around it." John Gillman, "A to Z Astrology", Pankaj Publications, New Delhi, 1981. [Abridged & Edited J. S. Bright], Rs. 8:75)

**૧૮. જુદી જુદી પદ્ધતિઓમાં રાશિઓની સંખ્યા ઓછીવત્તી હોય એ કેવું ?** સામાન્ય રીતે રાશિમંડળમાં બાર રાશિઓ કે ઘરો હોય છે. પણ યુરોપની કોઈ પદ્ધતિમાં માત્ર આઠ રાશિ હોય છે. કેટલીકમાં ૧૪ અને બીજી કેટલીકમાં ૨૪ રાશિઓ હોય છે. આમ છતાં જો ફલશ્રુતિ સરખી આવતી હોય, તો એની પાછળ રાશિઓની અસરો નહિ, પણ બહારની કોઈક શક્તિ (શેતાની શક્તિ) કામ કરે છે. એનો અર્થ એટલો જ થયો કે જ્યોર્તિવિદ્યાને વિજ્ઞાનનો કોઈ પાયો કે ટેકો છે જ નહિ.

**૧૯. જ્યોર્તિવિદ્યામાં પ્રમાણભાનનો અભાવ :** જ્યોર્તિવિદ્યામાં પ્રમાણભાન બહુ મર્યાદિત છે. અને એ ખામી જ્યોર્તિવિદ્યાની ઘણી મોટી ખામી કહેવાય. જ્યોતિષ વિષુવવૃત્તની આસપાસના દેશોમાં પાંગર્યું. એટલે ત્યાંના જ્યોતિષીઓએ પૃથ્વીના

વધુ ઊંચા અક્ષાંશોવાળા દેશોનો ખ્યાલ રાખ્યો નહિ, જેમ કે, અલાસ્કા, કેનેડાનો ઉત્તરપ્રદેશ, નોર્વે, ફિન્લેન્ડ, બેફ્રીન ટાપુ, ગ્રીનલૅન્ડ, સાઈબિરીયા, ઈત્યાદિ એ બધા બહુ ઊંચા અક્ષાંશવાળા પ્રદેશો છે. ત્યાં વિષુવવૃત્ત પાસેના દેશો કરતાં રાશિઓનાં સ્થાનોની પરિસ્થતિ તદ્દન જુદી છે. એ વિસ્તારોમાં શક્ય છે કે કોઈ પણ ગ્રહ સળંગ અઠવાડિયાં સુધી દેખા જ ન દે.

એ પરથી એવો અર્થ તારવી શકાય કે ઊંચા અક્ષાંશોવાળા પ્રદેશોમાં ગ્રહોની કોઈ અસર માનવી જીવન પર પડતી નથી, કારણ, ઉત્તરધ્રુવવર્તુળ ઉપરના ક્ષિતિજે રાશિનો કયો ભાગ ઊગે છે તેની ગણતરી કરવી કે અંદાજ બાંધવો તે લગભગ અશક્ય છે. (જુઓ : Michel Gauquelin. "The Cosmic Clocks, Chicago, IL: Henry Regnery Co., 1967 I. P. 78).

એ પરથી વાન બુસકર્ક મુદ્દો ઉઠાવે છે કે, "જ્યોર્તિવિદ્યાને વિજ્ઞાનનો પાયો કે ટેકો નથી એ જ્યોર્તિવિદ્યાની પોતાની જ દલીલને આધારે કહી શકાય. જ્યોતિષની દલીલ એ છે કે મહાવિશ્વની અસરો સૂક્ષ્મજીવ (માણસ)માં પ્રતિબિંબિત થાય છે. પણ જો ૬૬°અક્ષાંક્ષથીયે ઊંચે વસતા માણસો પર-આપણે જોયું તેમ—વિશ્વની અસરો ન પડતી હોય તો જ્યોતિષની એ દલીલ તદ્દન ખોટી ઠરે છે." (Van Buskirk points out, "Astrology can hardly be scientifically based on its own premise that the microcosm reflects the influence of the macrocosm, when one of the microcosms (man) above the 66th latitude is left uninfluenced by the cosmos." (Michel Van Buskirk, "Astrology : Revival in the Cosmic Garden," Costa Mesa, CA : Caris, 1976, P. 6).

**૨૦. માણસ વિશ્વયંત્રનો માત્ર એક દાંતો નથી :** જ્યોતિર્વિદ્યા દાવો કરે છે કે સમગ્ર વિશ્વની તમામ બાબતો વચ્ચે એકતા હોવાથી

આપણા ભાવિ સંબંધી આગાહી કરી શકાય. આ પ્રકારની માન્યતા એમ દર્શાવે છે કે અખંડ વિશ્વ (સમગ્ર વિશ્વ ભેગું મળીને) કોઈક રીતે એના એક ભાગ (એના છૂટક ભાગ કે માણસ)ની તદ્દન બરાબર છે; અથવા એક સૂક્ષ્મ અંશમાં સમગ્ર વિશ્વ પ્રતિબિંબિત થાય છે (બ્રહ્માંડ/સૂક્ષ્માંશ પ્રતિકૃતિ). ગ્રહોની કક્ષા (બ્રહ્માંડરૂપ) માણસ (સૂક્ષ્માંશ) પર અસર પાડે છે, અને એને અનુરૂપ એવી પ્રતિક્રિયા માણસ (સૂક્ષ્માંશ)માં જગવે છે. આ પ્રકારની માન્યતા માણસને વિશ્વના ખેલનું એક પ્યાદું બનાવી દે છે, અને માણસનું જીવન તથા તેનાં કાર્યોને એમાં પૂર્વનિર્મિત બનાવી મૂકે છે" Revival in the Cosmic Garden," Costa Mesa, CA : Caris, 1976, P. 6).

વાન બુસકર્કે જ્યોતિ:શાસ્ત્રની માન્યતા ઉપર જણાવી તેમ રેને નૂરબર્ગન પણ એ જ માન્યતા રજૂ કરે છે : "જ્યોતિર્વિદ્યામાં માનવું એટલે એક એવી ફિલસુફીને ટેકો આપવાનો કે વ્યક્તિ કાં તો 'કાયમ માટે ખોટ ખાનાર' કે 'કાયમ માટે વિજેતા' જન્મે છે. ગ્રહો આપણા જીવન વિષેની માત્ર આગાહીઓ જ કરે છે એમ નહિ, પણ આપણા જીવનના બધા બનાવોના બનવાનું સંચાલન પણ તે કરે છે. ગ્રહો આંપણા જીવનની સર્વ ક્રિયાઓનું પ્રેરણાબળ છે, અને તેઓ જ આ ક્રિયાઓને ફરજ પણ પાડે છે" (Rene Noorbergen, "The Soul Hustlers," Grand Rapids, MI : Zondervan, 1976, P. 178, 179).

પણ આ માન્યતા પ્રમાણે માણસ માત્ર શતરંજનું પ્યાદુ બની જાય છે; વિશ્વયંત્રોનો માત્ર એક દાંતો બની જાય છે. આ પ્રકારની માન્યતા કે ફિલસુફી માણસની મુક્તેચ્છા, સમજબુદ્ધિ અને તર્કશક્તિનો ભયંકર ઉપહાસ કરે છે. એટલું જ નહિ, પણ માણસના સૃજનહાર ઈશ્વર જેણે આ મુક્તેચ્છા કે વિવેકબુદ્ધિ આપી છે એ

ઈશ્વરનો પણ આ રીતે ઉચ્છૃંખલ ઉપહાસ છે. યંત્રને કોઈ સમજબુદ્ધિની જરૂર નથી, અને હોતીયે નથી. એને તો માત્ર અગાઉથી નક્કી કરેલી યોજના પ્રમાણે ધકેલવા માટે બહારની શક્તિની જ જરૂર છે. આ પ્રકારની માન્યતા તો શેતાને ફેલાવેલી ફિલસુફી છે. ના, ના, આકાશી ગોળા (ગ્રહ)નો એક ટુકડો સરખોયે વિચારી શકતો નથી, આયોજન કરી શકતો નથી. માત્ર માણસ પાસે જ સમજબુદ્ધિ, તર્કશક્તિ અને મુક્તેચ્છાશક્તિ છે. તો આવો જડ ગ્રહ પરમ બુદ્ધિશાળી માણસના જીવનનું નિયંત્રણ કરે ? આ કેવી ફિલસુફી !

**૩. જ્યોતિષ પાછળની શક્તિ**

અત્યાર સુધી આપણે જોયું કે જ્યોતિષ પાછળ કઇ શક્તિ કામ કરી રહી છે, એનો નિચોડ આ પ્રમાણે રજૂ કરી શકાય :

(क) **વરાહમિહિરનો મત :** ઈ.સ.ની છઠ્ઠી સદામાં ભારતમાં થઈ ગયેલાં મહાન જ્યોતિર્વિદ એમ માનતા કે જન્મકુંડળી આગલા જન્મનાં સારાં માઠાં કર્મોની વૃદ્ધિ બતાવે છે. (બ્રિહદ જટાકા આવૃત્તિ : વિ. એમ. શાસ્ત્રીનો તરજુમો, બેંગ્લોર. ૧૯૪૭, ૧.૩). પણ જ્યોતિર્વિદ્યા તો એમ માને છે કે બાળક જન્મે તે સમયે ગ્રહોની જે અસરો પડે છે, તે પ્રમાણે એના જીવનમાં પ્રસંગો અને બનાવો બને છે. 'જન્માંતર અને કર્મો'ની માન્યતા તે તદ્દન અલગ માન્યતા છે. જન્માંતરની માન્યતા એ આપણો આ પુસ્તકનો વિષય નથી, તેથી એના વિષે કંઇ વધારે આપણે અહીં જોઈશું નહિ.

(ख) **હિંદુ જ્યોતિઃશાસ્ત્રાનુસાર :** સુમેરી, ખાલ્દી, અને ગ્રીક જ્યોતિષની જેવી જ આ માન્યતા છે કે આકાશી ગોળાઓ દેવો છે. અથવા આ ગોળાઓ તે આ દેવોનાં મંદિર અથવા રહેઠાણ છે. આ દેવો જ્યોતિષ પાછળનું બળ છે. આ દેવો રીઝેય ખરા અને ખીજે પણ ખરા. તર્પણ કરીને શાંત પાડી શકાય કે પ્રસન્ન કરી શકાય. એક ગ્રહ (મોટે ભાગે શનિ) કે બધા ગ્રહ સામટાનું ભજન અને તર્પણ દ્વારા

પ્રસન્ન કરવાનું સામાન્ય છે.* અત્યારની આ ચાલુ પદ્ધતિ ઈ.સ.ની ૧૧મી સદીમાં શરૂ થઇ. એમાં બહુધા બધાં ઘરો એકસરખા વિસ્તારમાં નથી. બીજા કેટલાક કહે છે એ ગ્રહોમાં જ અસરો અને પ્રભાવ છે. અને રાશિમંડળમાંના તેમના સ્થાન પ્રમાણે એ અસરો પડે છે, અને એ દ્વારા આગાહીઓ કરી શકાય છે.

આપણે આ બધા સંબંધી બહુ ઝીણવટથી જોયું કે ઉપરોક્ત બંને પ્રકારની માન્યતાઓમાં કાંઇ સત્ય નથી.

(ગ) **માનસશાસ્ત્રીય માન્યતા :** પશ્ચિમના કેટલાક જ્યોતિર્વિદો માનતા નથી કે ગ્રહો અને નક્ષત્રો મનુષ્યજીવન ઉપર અસર કરે છે. તેઓ એવી માન્યતાને તદ્દન નકારી કાઢે છે. પણ તેઓ માને છે કે માનવીના મનના બાર જાતના માનસશાસ્ત્રીય પ્રકારો કે પ્રકૃતિ છે.

---

*ગ્રહો નડે નહિ માટે નીચેનાં નંગવાળી વીંટી પહેરવાનું જ્યોતિષીઓ સૂચવે છે : સૂર્યની પીડા માટે માણેક; ચંદ્રની પીડા માટે મોતી; મંગળ માટે પરવાળું; બુધ માટે પન્ના; કર્ક માટે મોતી; સિંહ માટે માણેક; કન્યા માટે પન્ના; તુલા માટે હીરો; વૃશ્ચિક માટે તાંબળો-મંગળ; ધન માટે પોખરાજ; મકર માટે શનિ (નીલમ); કુંભ માટે પીરોઝા, શનિ; અને કેતુ ને માટે લસણિયો.

ગ્રહની નડતર ન થાય માટે રાશિ પ્રમાણે પહેરવાનાં નંગ તેઓ આ પ્રમાણેનાં સૂચવે છે : મેષ રાશિ માટે પરવાળું; વૃષભ રાશિ માટે હીરો; મિથુન રાશિ માટે પન્ના; કર્ક માટે મોતી; સિંહ માટે માણેક; કન્યા માટે પન્ના; તુલા માટે હીરો; વૃશ્ચિક માટે તાંબળો-મંગળ; ધન માટે પુખરાજ; મકર માટે શનિ (નીલમ); કુંભ માટે પીરોઝા, શનિ; માટે ગોમેદ.

કેટલાક એમ કહે છે કે આ નંગ પહેરવાથી ગ્રહોમાં વસતા દેવો પર અસર થાય છે. બીજા કેટલાક કહે છે કે દેહગત (આંગળીની) વિદ્યુત અને રત્નગત વિદ્યુતનું 'સંક્રમાણ' થતાં એવી વિદ્યુતશકિત ઊભી થાય છે કે જે માનવીની શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓમાં પરિવર્તન લાવે છે.

આ અત્યારનો આપણો વિષય નથી, એટલે એ વિષે કંઈ કહીશું નહિ. પણ આ નંગો પહેરવાની વાતમાં કંઇ સત્ય નથી. નંગ એ તો પૃથ્વીનો એક પદાર્થ છે. જે દેવો અસર કરે છે એ જ દેવો પર આ પદાર્થોથી અસર પહોંચાડાય કે એ અસરોને રોકી શકાય એ કેવી બેહૂદી વાત કહેવાય !

અને જન્મકુંડળી તો માત્ર વ્યક્તિનું માનસશાસ્ત્રીય વર્ણન રજૂ કરે છે. ગ્રહો અને રાશિઓ માત્ર 'અસર' દર્શાવે છે, નહિ કે તેઓ અસરો પહોંચાડે છે. (જન્મકુંડળીમાં બાર ખાનાં હોય છે.)

આ વાતમાં પણ કાંઈ તથ્ય નથી. જન્મકુંડળી વ્યક્તિનો માનસશાસ્ત્રીય પ્રકાર કે 'ટાઈપ' દર્શાવી શકે એવું એમાં કોઈ પ્રેરક બળ કે સાધન નથી.

માનસશાસ્ત્ર પ્રમાણે તો એટલું ખરું કે જ્યોતિષી એની ગણતરીઓ દ્વારા જે "સૂચનો" (Suggestions) કરે છે, અને તે દ્વારા વ્યક્તિમાં જે "સ્વસૂચનો" (auto Suggestions) થાય છે, તે દ્વારા વ્યક્તિના અચેતન માનસ (મન) પર જે ભારે અસરોનું બળ પેદા થાય છે તે ઘણો મોટો ભાગ ભજવી જાય છે. તેથી જ જ્યોતિષીએ જે કહ્યું કે લખ્યું હોય તે જ પ્રમાણે વ્યક્તિના જીવનમાં બનતું જાય છે. આ પુસ્તકમાં અન્ય બે સ્થળે આ સૂચનો અને સ્વસૂચનો વિષે આપણે દાખલાઓ સહિત જોયું છે.

**(ઘ) જંગની માન્યતા** (C.G. Jung) **કાકતાલીય ન્યાય :** કાગનું તાડના ઝાડ પર બેસવું અને અકસ્માત તાડફળીનું પડવું થાય એવું બનવું. રાશિઓની કક્ષાઓ અને માનવીના જીવનમાં બનતા બનાવોને કોઈ જ સંબંધ હોતો નથી. એ તો અકસ્માત કે અણધાર્યું બને છે. જંગ ઉપર કહ્યાં તે 'સૂચન' અને સ્વસૂચન'ની માન્યતા પણ ધરાવે છે.

**(ચ) શેતાની આત્માઓની પ્રવૃત્તિ :** આ વિષે આપણે આ પુસ્તકમાં સ્થળે સ્થળે એ બતાવ્યું છે કે આખી જ્યોતિર્વિદ્યા પાછળ શેતાનના દુષ્ટાત્માઓની પ્રવૃત્તિ છે. તેઓ જ આ બધું કરાવે છે. બાઈબલ એ વિશે સ્પષ્ટ જણાવે છે. શેતાનની આ પ્રવૃત્તિનો હેતુ છે કે

---

* C. J. Jung, "Synchonicity an Actual Acausal Connecting Principle", P. 144.

સાચા ઈશ્વર તરફથી માણસોની શ્રદ્ધા અને ભરોસો ફેરવાવી દઈને તેમને અવળા જ માર્ગે ભમાવી મૂકે. આમાં અશુદ્ધ આત્માઓ માણસનો કબજો લેતા નથી, એને વળગતા નથી, પણ બહાર રહીને એના બુદ્ધિતંત્ર પર અસરો પહોંચાડે છે.

**(છ) રાશિમંડળ અને ગ્રહોની પાછળ ચાલક બળ શેતાની બળો છે.** સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને તારાઓ, તેમ જ અગાધ વિશ્વના અવકાશી ગોળાઓ એ બધા જ માત્ર ભૌતિક પદાર્થો છે. તેઓમાં કંઈ જીવ કે બૌદ્ધિક તત્ત્વ નથી. આપણી પૃથ્વી જે સૂર્યમંડળનો એક ગ્રહ છે, તે પથ્થર, માટી, ધાતુઓ, વાયુઓ, ક્ષારો, પાણી અને તેલોની બનેલી છે. અને માનવજીવનના ભાવિનું સંચાલન કરવાની કોઈ શક્તિ તેનામાં નથી.

એમ જ ઉપરં જણાવ્યા તે બધા અવકાશી ગોળાઓ પણ એવા જ ભૌતિક પદાર્થોના બનેલા છે. અને માનવતા ભવિષ્યનું સંચાલન કરવાની કોઈ શક્તિ તેઓમાં નથી. તેઓ બધા આપણી પૃથ્વી સુધ્ધાં, સનાતન ઈશ્વરની સૃષ્ટિ છે, એટલે કે ઈશ્વરે તેમને સૃજ્યાં છે. તેઓ બધાં જ ઈશ્વરના હાથની કૃતિ છે.

પણ માણસે સૃજનહાર ઈશ્વરને માન અને મહિમા નહિ આપતાં એણે બનાવેલી સૃષ્ટિનાં વાનાંને 'દેવો' કલ્પીને તે બધાંની પૂજાઆરાધના કરી. સૂર્ય, ચંદ્ર, તારાઓ અને નક્ષત્રોને 'દેવો' કલ્પ્યા, અને તેમની પૂજા કરી. આજથી પાંચ હજાર વર્ષ પર બાબિલોનીઓ ચંદ્રને 'દેવ' ગણીને તેની પૂજા કરતા હતા. ચંદ્રદેવને 'સીન' અથવા 'નન્નાર' નામે પૂજતા, અને એની 'કહેવાતી' નારી શક્તિને નીલ-ગાલ તરીકે પૂજતા હતા. એમ સૂર્યદેવની પણ પૂજા થતી હતી.

પુરાણા સમયના પ્રકૃતિપૂજક લોકો માનતા કે પ્રત્યેક તારો કે ગ્રહ 'દેવ' છે, અને માણસોનાં જીવનોનું તેઓ નિયંત્રણ કરે છે. તેઓ બધા ગ્રહો અને તારાઓને જીવંત 'દેવો' ગણતા અને તેઓ

માનતા કે આ બધા ગ્રહો કે તારાઓરૂપી દેવો પોતપોતાનાં પસંદ કરેલાં ઘરો પ્રમાણે એ તારાઓ કે ગ્રહોમાં રહેતા. આ કહેવાતા 'દેવો' માનવીની સર્વ પ્રવૃત્તિઓ, સંજોગો, તેમ જ માનવીના સર્વ વિચારો, કૃત્યો અને એના ભવિષ્યનું પણ સંચાલન કરે છે, એમ મનાતું. આજે પણ એ જ માન્યતા નજીવા ફેરફાર સાથે ચાલું છે.

તે અરસામાં, એટલે આજથી પાંચેક હજાર વર્ષ ઉપર, નિમ્રોદ નામનો હામવંશી મહા બળવાન રાજા યુફ્રેતિસ અને તૈગ્રીસ નદીઓના વિસ્તારમાં થઈ ગયો. તેણે બાબિલ, શિનઆર, અક્કાદ, કાલાહ, નિનવે, રેસેન, વગેરે મહાનગરો બાંધ્યાં હતાં (બાઈબલ : ઉત્પત્તિ ૧૦ : ૧૦ - ૧૨), ચંદ્ર, નક્ષત્રો અને 'આકાશની રાણી'નો તે પૂજક હતો. અને એની વિશાળ પ્રજા પણ અવકાશી ગોળાઓને 'દેવો' ગણીને પૂજતી હતી. જોષ, જાદુ, મંત્રતંત્ર, શુકન વગેરે એના સમયમાં ખૂબ જ ઝડપથી ફાલવા અને ફૂલવા લાગ્યાં. કેટલીક ઑકલ્ટ વિદ્યાઓનો સ્થાપક નિમ્રોદ જ હતો. તેનું જીવન પણ અતિશય ભ્રષ્ટ હતું. પોતાની મા સેમીરામીસ સાથે તે પરણ્યો હતો.

એ જ અરસામાં, આશરે ઈ. પૂર્વે બાવીસમી સદીમાં આર્યો ત્યાંથી નીકળીને યુરોપ, ઈરાન અને ભારતમાં આવીને વસ્યા.તેઓ પોતાની સાથે આકાશી ગોળાઓની તથા પ્રકૃતિનાં વાનાંની પૂજાઆરાધના લેતા આવ્યા. ઋગ્વેદ અને અન્ય ગ્રંથોમાં સૂર્ય (આદિત્ય)પૂજા, ચંદ્રપૂજા, પર્જન્ય(વરસાદ)પૂજા, વરુણપૂજા, દ્યૌ(આકાશ)પૂજા, વગેરેનાં મહિમાસ્તોત્ર આપવામાં આવ્યાં છે. દાખલા તરીકે :

> "માટે ઓ અગ્નિ, જેવો પિતા-પુત્રનો સંબંધ હોય છે તેવો તું અમારી સાથે સંબંધ રાખ; અમારા કલ્યાણને માટે તું અમારી સાથે રહે." (ઋગ્વેદ ૧:૧).

> "અજન્મા (સૂર્ય)ના જેવો અગ્નિ, વિસ્તારેલી પૃથ્વીને

પકડી રાખે છે, અને ખરા મંત્ર વડે આકાશી લોકોને એકઠા કરીને પકડી રાખે છે; ત્યારે ઓ બધાંને અન્ન પૂરું પાડનાર અગ્નિ, ઢોરોને પસંદ એવી જે જગ્યાઓ (ઘાસનાં બીડ) તેનું તું રક્ષણ કર, અને તું ગુફામાં સંતાઈ રહે."

સૂર્યદિવને વિનંતી : "ઓ દેવ, આજે સૂર્યોદય વખતે તમે અમને સંકટથી અને અપરાધોથી છૂટા કરો. અને ઓ વરુણ, આદીત(સૂર્ય), સિંધુ, પૃથ્વી અને આકાશી લોક, અમને છૂટકો આપો." (ઋગ્વેદ ૧.૮.૧૦).

આમ, ભારતમાં તેમ જ યુરોપમાં આવેલા આર્યો આકાશી પદાર્થો, એટલે કે સૂર્ય, ચંદ્ર, ગ્રહ અને તારાઓની પૂજા-ભક્તિ કરવાનું પોતાની સાથે લાવ્યા. તેઓ સત્ય સૃજનહાર ઈશ્વરની ભક્તિને બદલે સૃજેલાં વાનાંની પૂજા કરતા રહ્યા. આ સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને તારાઓરૂપી 'દેવો' આપણા જીવનનું અને ભવિષ્યનું નિયંત્રણ કરે છે, એમ તેઓ માનતા; અને આજે વીસમી સદીમાં પણ એ જ માન્યતા ચાલુ રહી છે. એટલે જ ગ્રહો, નક્ષત્રો, અને રાશિમંડળો આપણા જીવન તથા ભાવિનું નિયંત્રણ કરે છે એવી જૂઠી માન્યતા જ્યોતિષ મારફતે ચાલુ રહી છે. આમ લોકો સત્ય ઈશ્વર પ્રત્યે આંધળા બનીને મિથ્યા તર્કવિતર્કો કરીને આ બધાંની પૂજા કરવા લાગ્યા. બાઈબલ એ વિષે સ્પષ્ટ કહે છે :

"ઈશ્વર વિષેનું જ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય તે તેઓ (માણસો)માં પ્રસિદ્ધ છે; કેમ કે ઈશ્વર તે તેઓને પ્રસિદ્ધ કર્યું છે. કેમ કે તેના અદૃશ્ય ગુણો, એટલે તેનું સનાતન સામર્થ્ય અને ઈશ્વરત્વ, જગત ઉત્પન્ન થયું ત્યારથી સૃજેલી વસ્તુઓના નિરીક્ષણથી સ્પષ્ટ જણાય છે; તેથી તેઓ બહાનું કાઢી શકે એમ નથી. કારણ કે ઈશ્વરને ઓળખીને તેઓએ તેને ઈશ્વર તરીકે મહિમા આપ્યો નહિ, અને તેનો આભાર માન્યો નહિ;

પણ તેઓએ મિથ્યા તર્કવિતર્કો કર્યા, અને તેઓનાં નિર્બુદ્ધ મન અંધકારમય થયાં. અમે જ્ઞાની છીએ એવો દાવો કરતાં તેઓ મૂર્ખ બન્યા. તેઓએ અવિનાશી (સનાતન) ઈશ્વરના મહિમાને બદલે નાશવંત માણસ, પક્ષી તથા ચોપગાં અને પેટે ચાલનારાં પ્રાણીઓના આકારની મૂર્તિઓ બનાવી."
(બાઈબલ : રોમનોને પત્ર ૧ : ૧૯-૨૩).

આમ, મૂર્તિપૂજામાંથી જ્યોતિષ ઉત્પન્ન થયું છે. ઈશ્વરની ઈચ્છા ન શોધતાં, અને પોતાના જીવનનું સંચાલન ઈશ્વરના હાથમાં ન સોંપતા, ઈશ્વરની પ્રેમાળ ઈચ્છાથી ઊલટા જઈને લોકોએ ગ્રહો અને નક્ષત્રો પર આધાર મૂક્યો. એમ તેઓ ભુલાવનાર આત્માઓની ભ્રમણાઓથી દોરવાવા લાગ્યા. એમ હજીયે શેતાનના અપદૂતો અથવા તેના ભૂંડા આત્માઓ રાશિમંડળની પાછળ રહીને સંચાલન કરે છે.

**૪. જ્યોતિષને ત્રણ પ્રકારમાં વહેંચી શકાય :**

(क) **બનાવટ :** કેટલુંક જ્યોતિષ માત્ર બનાવટ હોય છે. ઘણુંખરું તો છાપાઓમાં અને મૅગેઝિનોમાં જે દૈનિક, સાપ્તાહિક કે માસિક 'ભવિષ્ય' આવે છે તે તો મોટે ભાગે બનાવટ હોય છે. કેટલાક સમય પહેલાં અમદાવાદથી નીકળતા એક દૈનિકમાં છપાતાં આવાં 'ભવિષ્ય'ના લેખકને હું મળવા ગયેલો. આ વિષયને લગતી પૃચ્છા કરતાં તેમણે જણાવ્યું કે, "સાહેબ, સવારમાં ઊઠીને મને જે વિચારો આવે, તે આ 'કટાર' માટે લખી મેકલું છું, અને લોકોને તો બંધબેસતું થઈ જાય છે, અને ઘણાંનાં જીવનમાં એ લખાણ પ્રમાણે જ બને છે ! - એ નવાઈની વાત છે." સામયિકોવાળા આવું બધું ન છાપે તો એમનાં સામયિકો 'ગળાકટ' હરીફાઈમાં પાછળ પડી જાય.

અમદાવાદના એક જાણીતા દૈનિકમાં, પ્રભુ ઈસુની જન્મકુંડળી છાપવામાં આવેલી ! પ્રભુ ઈસુના જન્મનું વર્ષ, તારીખ અને

મહિનાનીયે ચોક્કસ ખબર નથી, તો તેમની જન્મકુંડળી કેવી રીતે બનાવી ?

જર્મનીના વિશ્વવિખ્યાત પ્રોફેસર, સુવાર્તિક-ધર્મસેવક, લેખક-સલાહકાર અને પ્રેતવિદ્યા, જોષ, વગેરે વિષે લોકોને ચેતવનાર ડૉ. કર્ટ કોચ બનાવટી જ્યોતિષ વિષે તેમના પોતાના અનુભવનો દાખલો આ પ્રમાણે આપે છે :

પેરિસની સોર્બોન યુનિવર્સિટીના માનસશાસ્ત્રના એલ. એચ. કોડર (L. H. Coudere) નામના એક વિદ્યાર્થીને પોતાની ડિગ્રી માટે મહાનિબંધ લખવાનો હતો. પણ એને માટે નાણાં ક્યાંથી લાવવાં ? તેથી તેણે છાપામાં પોતે જ્યોતિષી હોય એવી રીતે જાહેરખબર આપી. જે કોઈ અગાઉથી ૨૦ ફ્રાન્કની રકમ મોકલી આપે, તેની ઉપર તે વિગતોવાર જન્મકુંડળી તૈયાર કરીને મોકલી આપશે. ચારસો ગ્રાહકોએ માગેલી રકમ અગાઉથી મોકલી આપી. આ વિદ્યાર્થીને તો મહાનિબંધ લખવા માટે સારી એવી રકમ મળી ગઇ. વિદ્યાર્થીએ એ ચારસોયે જણ ઉપર એક જ પ્રકારની સામાન્ય અને અર્ધસ્પષ્ટ જન્મકુંડળી મોકલી આપી. એમાં રાશિમંડળ પ્રત્યે કશું જ ધ્યાન આપ્યું નહિ. એણે માનસસાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે દરેક ઉપર લખી મોકલ્યું કે "તમારું ભવિષ્ય બહુ ઊજળું છે. અને તમારી ફલાણી ફલાણી સારી વૃત્તિઓને લીધે તમે સારી આગેકૂચ કરી શકશો." લોકોને પોતાના વિષે સારું સારું સાંભળવાનું ઘણું ગમે છે. એમાંના ઘણા જણ તરફથી આભાર અને પ્રશંસાના કાગળો પણ આવ્યા; કારણ, એણે એવી કુંડળી તૈયાર કરી હતી કે દરેકની સ્થિતિને બંધબેસતી થાય ! આ જ્યોતિષ માત્ર પૂરેપૂરી બનાવટ અને ઠગબાજી હતી. (Between Christ and Satan, Kurt Koch, Evangelization Publishers, W. Germany, 1970. Pg. 16-17).

(ख) **સૂચનોભર્યું જ્યોતિષ :** માનસશાસ્ત્રની દૃષ્ટિએ 'સૂચનો'

અને 'સ્વસૂચનો' માનવજીવનમાં ખૂબ અગત્યનો ભાગ ભજવી જાય છે.

એક દાખલો લઈએ : પાંચ મિત્રો નક્કી કરે કે એમના છઠ્ઠા મિત્રને સૂચનો દ્વારા તાવ લાવવો જ. પેલો છઠ્ઠો મિત્ર રસ્તે જતો હોય તેને પહેલો મિત્ર મળે, ને કહે કે, "કેમ આજે ઢીલા ઢીલા લાગો છો ?" પેલો કહે, "ના ના, મને કશું થયું નથી." આગળ જતાં બીજો મિત્ર મળે; તે કહે, "કેમ ભાઈ, આજે આંખો લાલ લાલ છે ? સારું નથી કે શું ? એટલે પેલો કહે, "જરા રાતે ઉજાગરો થયેલોને, તેથી." આગળ જતાં ત્રીજો મિત્ર મળે અને કહે, "કેમ, ભાઈ તમારો હાથ ગરમ ગરમ છે ? સારું નથી કે શું ? પેલો કહે, "હા, હા, જરા હમણાં હમણાં બરાગર જેવું રહે છે." એમ ચોથોયે પૂછે, અને પછી પાંચમો પૂછે, એટલે પેલાને તાવ ચઢ્યો જ હોય ! બકરું લઈ જતા બ્રાહ્મણ અને ત્રણ ઠગની વાત તો યાદ હશે ને ? કૂતરું સૂચવી સૂચવીને બકરું પડાવી લીધું.

એવું જ જ્યોતિષનાં ભાવિકથનોનું, એમ અર્ધ સાંકેતિક સૂચનો માણસોનાં મનોમાં ખૂંપી જાય, તે માને કે "મને આમ જ થશે !" અને એને એમ જ થવાનું ! આમાં જ્યોતિષના સાચા પડવાની વાત જ નથી. આ તો માનસશાસ્ત્રનાં "સૂચન અને સ્વસૂચન"ને આધારિત છે.

એક છાપાવાળો હતો. છાપું છાપવા માટે તૈયાર હતું. ફક્ત **"ભવિષ્ય"**ને લગતી કટાર હજી આવી નહોતી. બહુ મોડું થતું હતું. એટલે છાપાવાળાએ સ્ટોરરૂમમાંથી જૂની તારીખનું **"ભવિષ્ય"** બીબામાં ગોઠવી દીધું, અને છાપી નાખ્યું. બીજે દિવસે છાપું વાંચનારાઓને તો બધું બરાબર લાગ્યું; કંઇ ખબર જ ન પડી. છાપાવાળાને તો કટાર-લેખકને આપવાની રકમ બચી. એટલે એણે તો એ પછી જૂની તારીખોવાળાં 'ભવિષ્ય' તારીખો બદલીને છપાવ્યે

રાખ્યાં ! એને તો પૈસા બચ્યા. વાચકવર્ગને તો વરતારાની જે અસરો થતી તે થયા જ કરી ! ત્રણ મહિને કોઈકને ખબર પડી કે "કંઈક કાચું બફાય છે !" આવું છે જ્યોતિષનું !

'સૂચન'ને લગતી આ એક સત્ય ઘટના છે : એક જુવાન માણસ હતો. એણે લગ્ન કરેલું. એણે પોતાની જન્મકુંડળી કઢાવી. એમાં વિગત એવી હતી કે તેને પહેલી પત્નીથી અને બીજીથી પણ સંતાનપ્રાપ્તિ થશે નહિ; પણ ત્રીજી પત્નીથી તેને સંતાન થશે. કેટલાક સમય પછી તેને થયું કે આ પત્નીથી મને સંતાનસુખ થવાનું નથી. તેથી તેણે પોતાની પત્નીને કાઢી મૂકી, અને બીજી પત્ની લાવ્યો. અમુક સમય પછી એને પણ લડીઝઘડીને કાઢી મૂકી, અને ત્રીજી પત્ની લાવ્યો. હવે બન્યું એવું કે એની પહેલી અને બીજી પત્નીઓએ જ્યાં સંસાર માંડ્યા હતા, ત્યાં તેમને સંતાન થયાં. કુંડળીમાં થયેલા સૂચનને લઈને જ માત્ર તેણે પહેલી બંને સ્ત્રીઓને તજી.

(ग) **માનવાતીત કે અલૌકીક શક્તિ દ્વારા, એટલે કે શેતાનના આત્માઓ દ્વારા સંચાલિત જ્યોતિષ :** અગાઉ આપણે જોઈ ગયા કે સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને તારાઓ તો માત્ર ઈશ્વરસર્જિત ભૌતિક પદાર્થો છે. મનુષ્યના જીવનનું અને તેના ભાવિનું નિયંત્રણ કરવાની કોઈ શક્તિ તેઓ પાસે હોઈ શકે જ નહિ. ઈશ્વરે તો ઊલટું માણસને આખી સૃષ્ટિ પર અધિકાર ચલાવવાનું સોંપ્યું છે. બાઈબલમાં કહ્યું છે કે, "ઈશ્વરે તેઓ (આદમ અને હવા)ને કહ્યું કે, 'સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપૂર કરો, ને **તેને વશ કરો;** સૃષ્ટિ ઉપર અમલ ચલાવો" (બાઈબલ : ઉત્પત્તિ ૧ : ૨૮). પણ માણસોએ ઈશ્વરને છોડીને આ બધા પદાર્થોને 'દેવો' કહ્યા, અને તેમની પૂજા કરી. એટલે હવે શેતાનના પતિત આત્માઓ, અથવા નારકીય શક્તિ એ બધા ગ્રહો, વગેરે પાછળ રહીને માણસોને 'જ્યોતિષ'ને નામે ભમાવે છે, અને ઈશ્વરથી દૂર દૂર લઈ જાય છે.

એક ખ્રિસ્તી ધર્મગુરુએ વહેમો અને છેતરપિંડીની સામે લડવાના ઈરાદાથી, સારી રકમ ખર્ચીને ઝીણી ઝીણી વિગતોથી ભરેલી એવી પોતાની જન્મકુંડળી તૈયાર કરાવી લીધી. જન્મકુંડળી તે માત્ર વહેમ અને છેતરપિંડી જ છે એમ પુરવાર કરવાના હેતુથી જ તેણે આ કુંડળી કઢાવી હતી. એ એમ માનતો હતો કે આ જન્મકુંડળી પ્રમાણે એના જીવનમાં કશું જ બનશે નહિ. પણ જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ તેણે જોયું કે કુંડળીની વિગતોમાં જે જે ભાવિના વરતારા નોંધવામાં આવ્યા હતા તે જ પ્રમાણેના જીવનમાં બનતું હતું. આઠ વર્ષ સુધી તેણે જોયું કે બધાં ભાખેલાં ભાવિ, ઝીણી ઝીણી વિગતોસહ, અચૂક સાચાં પડતાં હતાં.

આથી તે દુઃખી થયો, અને આ પ્રશ્ન ઉપર વિચાર કરવા લાગ્યો. એની ધારણા તો હતી કે જ્યોતિષ માત્ર વહેમો અને 'સૂચનો' પર આધારિત છે. વળી તે એમ પણ માનતો હતો કે હું સારો ખ્રિસ્તી છું, અને 'સૂચનો' મને અસર કરશે નહિ; પણ એની બૂરી દશા થઈ. આ માનસિક ત્રાસમાંથી છૂટવા માટે તેની પાસે એક જ ઈલાજ હતો કે જન્મકુંડળી બનાવવાના પોતાના પાપની ઈશ્વર આગળ માફી માગવી, અને "અંધકારના સામ્રાજ્ય"ની અસરો હેઠળ પોતે પોતાને આવવા દીધો તેનો ઈશ્વર આગળ પસ્તાવો કરવો. એણે એમ કર્યું. પસ્તાવો કર્યા પછી એણે જોયું કે હવે પેલી કુંડળીમાં નોંધેલા ભાવિ પ્રમાણે તેના જીવનમાં બનતું નહોતું, અને કુંડળી સાચી પડતી નહોતી. આ અનુભવથી તેને ખાતરી થઇ કે જ્યોતિષ મારફતે શેતાની શક્તિઓ કામ કરી જાય છે. જે જન શેતાની સત્તા આગળ પોતાનાં દ્વાર ખુલ્લાં કરે છે તે ખતરામાં આવવાનો.*

---

* રેવ. ડૉ. કર્ટ કોચ, "બીટવીન ક્રાઈસ્ટ ઍન્ડ સેટન", ઈવેન્જેલિઝેશન પબ્લિશર્સ, પૃ. ૧૮.

**૫. જ્યોતિષ વિષે કેટલાક અભિપ્રાયો :**

વિઝબેડનના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ અને નિષ્ણાંત ડૉ. શ્રેન્ક, "વહેમના માનસશાસ્ત્ર' અંગેના પોતાના એક લેખમાં જણાવે છે કે, "અતિ ગંભીર પ્રકારનો માનસિક અજંપો અને પજવણી લાવનાર જ્યોતિષ લાગણીશીલ મગજવાળા લોકોમાં જીવન પ્રત્યેનો ડર, નિરાશા અને બીજી અવ્યવસ્થા ઘુસાડે છે. તે પરથી આપણે જોઈ શકીએ છીએ કે જ્યોતિષ કેટલું ખતરનાક છે ! જ્યોતિષ વ્યક્તિને જડમતિવાળી બનાવે છે, અને તેનામાં છીછરાપણું લાવે છે. જ્યોતિષ જોખમકારક નારકીય શક્તિઓને આવકારવા વ્યક્તિને પ્રોત્સાહિત કરે છે.

જ્યોતિષ પ્રત્યે માણસનું વલણ કેવું હોવું જોઈએ તે વિષે બાઈબલ બહુ સ્પષ્ટ સ્પષ્ટ જણાવે છે : "તમારા ઈશ્વર પ્રભુએ આપેલા કોઇ ગામમાં કોઈ સ્ત્રી કે પુરુષ પ્રભુના કરારનો ભંગ કરીને તેની દૃષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કરે, જઈને બીજાં દેવદેવીઓની કે સૂર્ય, ચંદ્ર કે આકાશનાં નક્ષત્રોની પૂજા કરે - જેની મેં મના કરી છે - અને તમને એની જાણ થાય, તો તમારે એની પૂરેપૂરી તપાસ કરવી. અને જો એ વાત સાચી ઠરે, અને એવું સાબિત થાય કે, એવી ઘૃણાપાત્ર ઘટના ઇઝરાયલમાં બનવા પામી છે, તો એવું દુષ્કૃત્ય કરનાર સ્ત્રી કે પુરુષને શહેરના દરવાજા આગળ લાવીને તેને પથ્થરે મારીને મારી નાખ" (બાઈબલ : પુનર્નિયમ ૧૭ : ૨-૫).

શેક્સપિયર પોતાના **"કિંગ લિયર"** નામના નાટકમાં પોતાના એક પાત્ર દ્વારા જ્યોતિર્વિદ્યા પર જબરો ખંધો કટાક્ષ કરે છે : "દુનિયાની આ એક ઉત્તમ પ્રકારની ઘેલછા છે." આ પાત્ર એડમંડ કહે છે કે "જ્યારે આપણે આપણા નસીબથી કંટાળીએ છીએ - જે મોટે ભાગે

આપણા વર્તનના અતિરેકને લીધે જ એમ બને છે - ત્યારે આપણે આપણી આફતો માટે જવાબદાર સૂર્ય, ચંદ્ર અને તારાઓને બનાવીએ છીએ...... માણસે પોતાના લચરા સ્વભાવ માટે તારાઓના ફેરફારને જવાબદાર ગણવા એ મોહાંધ માણસનું પ્રશંસનીય બહાનું છે.

યુરોપમાં ચૌદમી અને પંદરમી સદીમાં જે 'રિનેસન્સ' (પુનરુજ્જીવન કે જાગૃતિ) આવી તે સમયે થયેલા વિદ્વાન અભ્યાસી કર્નેલિયસ આગ્રીપા (Cornelius Agrippa)એ, જ્યોતિર્વિદ્યાનો ઉત્સાહભર્યો અને પ્રામાણિક અભ્યાસ કર્યો. પણ વર્ષો પછી તેને એ વિદ્યા પ્રત્યે ઘોર નિરાશા ઊપજી, અને એને ત્યજી દીધી. તેનું કહેવું હતું કે, "આ જ્યોતિર્વિદ્યાનો પાયો માત્ર વજૂદ વગરની માન્યતાઓ પર અને ઢોંગભરી કલ્પનાઓ પર આધારિત છે."

ઈ.સ.ની ચોથી સદીમાં થઈ ગયેલા હિપ્પોના બિશપ સંત ઑગસ્ટીન, ખ્રિસ્તી મંડળીના બહુ મોટા આગેવાન અને પ્રખર વિદ્વાન ચિંતક હતા. તેમણે જ્યોતિર્વિદ્યાને એક એવો જબરજસ્ત ફટકો માર્યો કે સૈકાઓ સુધી આ વિદ્યા યુરોપમાં ઊભી થવા પામી નહોતી. એ ફટકો બારમી સદી સુધી ચાલ્યો. નાનપણમાં તે જ્યોતિર્વિદ્યામાં માનતા હતા, પણ ચીવટાઈપૂર્વકના લાંબા મંથન અને ચિંતન દ્વારા આ વિદ્યા તેમને પોકળ અને જૂઠી લાગી. તે માનતા કે બે જોડિયાં બાળકો બરાબર એક જ સમયે જન્મ્યાં હોય તો જ્યોતિષ પ્રમાણે તે બંનેનું જીવન એકસરખું જ હોવું જોઈએ. એમ જ ધનાઢ્ય શેઠને ત્યાં અને એ શેઠના ગુલામને ત્યાં એક જ સમયે બે બાળકો જન્મે તોયે એમનાં જીવન સરખાં વીતવાનાં નથી. એમ જ્યોતિર્વિદ્યાની માન્યતાથી એ ઊલટું છે.

* "Into the Unknown", The Reader's Digest Association, Inc., New York, 1981, P. 136.

સંત ઑગસ્ટીનનું કહેવું છે કે, "ઈશ્વરના ઠરાવો વગર, માત્ર ગ્રહો આપણાં સારાંનરસાં કામો, સંજોગો અને આપણા મનોવિકારોનું સંચાલન કરે છે; એવું જ માનતા હોય તેમને ચૂપ કરી દેવા, અને તેમનું સાંભળવું નહિ... કારણ, આવી માન્યતાઓનો અર્થ એ થયો કે આપણા જીવનના સંચાલનમાં ઈશ્વરને કંઈ લાગભાગ નથી." આમ ગ્રહોની આપણા જીવનમાં અસરો પડે છે એમ માનવું તે, સંત ઑગસ્ટીનના કહેવા પ્રમાણે, ઈશ્વરની શક્તિનો નકાર કરવા બરાબર છે.*

યુરોપની ચૌદમી-પંદરમી સદીની જાગૃતિ પછી થઇ ગયેલા મોટામાં મોટા ખગોળશાસ્ત્રીઓમાંનો એક, જોહાનસ કેપ્લર (Johannes Kepler) સોળમી સદીમાં થઇ ગયો. એણે પણ જ્યોતિર્વિદ્યાને જોરદાર અને ભારે ફટકો માર્યો. અગાઉ જ્યોતિઃશાસ્ત્રની ગણતરી હતી કે, સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે, અને પૃથ્વી આપણા સૂર્યમંડળનું કેન્દ્ર છે. પણ કેપ્લરે એવું સાબિત કરી બતાવ્યું કે પૃથ્વી નહિ, પણ સૂર્ય કેન્દ્રસ્થાને છે, અને પૃથ્વી તથા અન્ય ગ્રહો સૂર્યની આસપાસ ભ્રમણ કરે છે. અને ગ્રહોનું હલનચલન કે ભ્રમણ રેખાગણિત (ભૂમિતિ)ના નિયમાનુસારના સંબંધ પ્રમાણેનું છું.

એ પછી વિજ્ઞાની ન્યૂટન એના ગુરુત્વાકર્ષણના નિયમો લઈને આવ્યો. એ પછી ડાર્વિન **ઉત્ક્રાંતિવાદ** લઈને આવ્યો. એવામાં ગ્રેગોર મેન્ડલ્સ જનીનવિજ્ઞાનના નિયમો લાવ્યો. આ પ્રત્યેક વિજ્ઞાનીએ પોતાની નવી શોધથી જ્યોતિષ અને જાદુને વધારે તિરસ્કૃત અને ઘૃણાપાત્ર બનાવ્યું.

ઈ.સ. ૧૯૭૫માં ૧૮૬ જેટલા ખ્યાતનામ વિજ્ઞાનીઓ એકત્ર

* "The Confessions of St. Augustine, and The City of God, St. Augustine.

થયા. એમાં કેટલાક તો ખગોળશાસ્ત્રીઓ હતા. તેમણે બધાએ એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું કે, "We believe that the time has come to challenge directly, and forcefully the pretentious claims of astrological charlatans." They also said thaf there is no scientific basis whatsoever for the assumption that the stars fortell event and influence lives. (જ્યોતિષ સંબંધીના જે જૂઠા અને ઢોંગભર્યા હક્કદાવા જ્યોતિષીઓ કરે છે, તેમને સીધો અને સચોટ પડકાર ફેંકવાનો સમય પાકી ચૂકયો છે, એમ અમે માનીએ છીએ." તેઓએ એમ પણ કહ્યું કે ગ્રહો અગાઉથી બનાવોની આગાહી કરે અને જીવનો ઉપર અસર કરે છે એવી તેઓની માન્યતાને વિજ્ઞાનનો કોઈ પણ જાતનો આધાર નથી.)

વિશ્વભરમાં માનની દૃષ્ટિએ જોવાતી 'જર્મન એસ્ટ્રોનોમિકલ સોસાયટી' (જર્મન ખગોળશાસ્ત્રીઓની સોસાયટી)એ ૧૯૪૯માં જ્યોતિષને વહેમ, ઊંટવૈદું, અને મોટી મોટી બડાશોના મિશ્રણ તરીકે ગણાવ્યું. •

હાવર્ડ યુનિવર્સિટીના ખગોળશાસ્ત્રી બાર્ટ જે. ફોકસના પ્રમુખપણા નીચે એક અમેરીકી તપાસમંડળ મળ્યું હતું. તેમણે જ્યોતિષીઓને બીડું ફેકયું હતું કે તેઓના જ્યોતિષને લગતા જે જે કિસ્સાઓ તેઓ રજૂ કરે તે બધા યોગ્ય રીતે તપાસી જવા તપાસમંડળે તૈયારી બતાવી હતી. તપાસને અંતે મંડળે જાહેર કર્યું હતું કે, આ કહેવાતા વિચારશીલ જ્યોતિષીઓએ માનવીઓ ઉપર ગ્રહોની થયેલી અસરોના જે જે દાવા રજૂ કર્યા હતા, તેમાંથી એકેયની અસરો આ જ્યોતિષઓ દર્શાવી શકયા નહોતા.•

---

• Joseph Bayly, "What About Horoscope ?" Coverdale House Publishers Ltd., London and Eastbourne, 1970. P. 20-21.

• Joseph Bayly, "What About Horoscope" Coverdale House Publishers Ltd., London and Eastbourne, 1970. P. 20-21.

ઘેન્ટ યુનિર્વિસીટીના 'રેકટરે' ૧૯૪૯માં નીમેલી બેલ્જિયમની કમિટી પણ એવા જ તારણ પર આવી હતી. આ સમિતિમાં જુદાં જુદાં ક્ષેત્રોના ૩૦ જેટલા ખ્યાતનામ વિજ્ઞાનીઓ હતા.

"અમેરિકન સોસાયટી ફોર સાઇકોલોજિકલ રીસર્ચ" (માનસશાસ્ત્રને લગતાં સંશોધન અને તપાસ માટેના અમેરિકાના મંડળ)ના ૧૯૪૦ના પુરાવા પ્રમાણે : "કોઈપણ માનવીના ભૂત, વર્તમાન કે ભવિષ્યના ભાગ્યને પ્રકટ કરવા જ્યોતિર્વિદ્યા પાસે કોઈ શક્તિ હોવાનો એકપણ પુરાવો નથી. અને સામાજિક બનાવોની આગાહી જ્યોતિર્વિદ્યા દ્વારા થઈ શકે એમ માનવાને માણસ પાસે જરાપણ કારણ નથી." એવા પ્રકારના ચુકાદા યુનેસ્કો (રાષ્ટ્રસંઘના કેળવણી, સાયન્સ અને સંસ્કૃતિ અંગેના સંગઠન) તરફથી, અને ઘણાબધા શિક્ષકો, લેખકો અને વિજ્ઞાનીઓ તરફથી બહાર પાડવામાં આવ્યા છે. □

---

1 Richard Lewinsohn, "Prophets and Prediction", Secker and Warburg, London, 1958.

## પ્રકરણ ૪ થું

# હસ્તસામુદ્રિકવિદ્યા

## (હસ્તરેખાઓ દ્વારા ભવિષ્ય જાણવાની વિદ્યા)

**૧. જુદાં જુદાં નામોનો તફાવત :** અંગ્રેજીમાં એને 'કિરોમાન્સી' કહે છે અથવા 'હસ્તરેખાવિદ્યા' - 'હાથ જોવો' (Palmistry) કહે છે અંગ્રેજીમાં જેને 'કિરોગ્નોમી' (Cheirognomy) કહે છે તેમાં વિશેષ કરીને હાથો, આંગળીઓ અને નખના આકાર વિષેનો અભ્યાસ હોય છે. હસ્તસામુદ્રિકમાં એનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. 'કિરોગ્નોમી'ને 'કિરોલૉજી' પણ કહે છે. 'ગ્રાફોલૉજી' (Graphology) એ વળી તદ્દન જુદું સાયન્સ છે. એમાં 'હસ્તાક્ષરો' દ્વારા એનો લેખક કેવાં લક્ષણોવાળો છે, વગેરે પારખવામાં આવે છે.

**૨. હસ્તસામુદ્રિક વિદ્યા** (Cheiromancy) લગભગ ૪૦૦૦ વર્ષથી વપરાય છે. બાબિલોનના પુરોહિતો આ વિદ્યા વાપરતા હતા. રોમનોમાં પણ એનો વપરાશ હતો. આ હસ્તરેખાઓ દ્વારા ભવિષ્ય જાણવાની વિદ્યામાં જ્યોતિષ પણ ઠીક ઠીક પ્રમાણમાં ઘુસાડેલું છે. ભારતમાં પણ બહુ પુરાણા સમયથી આ કહેવાતી વિદ્યા વપરાતી આવી છે. ઈ. પૂર્વે પહેલી સદીમાં થઈ ગયેલા કવિ કાલિદાસ લેખિત નાટક "શકુંતલા"માં દુષ્યંત રાજાનો પુરોહિત રાજાને કહે છે : "જોષીઓએ ભવિષ્ય ભાખ્યું છે કે તારો પ્રથમ પુત્ર વિશ્વસામ્રાજ્યના અધિકાર ભોગવશે. હવે જો (વિશ્વામિત્ર) ઋષિની પુત્રી (શકુંતલા) એવા પુત્રને જન્મ આપનાર બની શકતી હોય કે જેના જમણા હાથમાં હસ્તરેખાઓમાં 'ચક્ર'નું અથવા વિશ્વસામ્રાજ્યનું ચિહ્ન હોય, તો

તારે તેને ખૂબ આનંદપૂર્વક તારા મહેલમાં તરત જ પ્રવેશ આપવો જોઈએ; જો ના, તો તે (શકુંતલા)ને તેના પિતા પાસે (આશ્રમમાં) પાછી મોકલી આપવા નિર્ણય કરી લેવો રહ્યો." દુષ્યંત રાજા કહે છે : "મારા આત્મિક સલાહકારના નિર્ણયને હું પ્રણમું છું."




હસ્તરેખા ચિત્ર

(क) **હાથમાં આપેલી રેખાઓની હસ્તસામુદ્રિક પ્રમાણે ઓળખ :**

૧ - ૧ હૃદય(પ્રેમ)ની રેખા
૨ - ૨ મસ્તકની રેખા
૩ - ૩ જીવનની રેખા
૪ - ૪ પ્રારબ્ધ(નસીબ)ની રેખા
૫ - ૫ મંગળની રેખા
૬ - ૬ લગ્નની રેખા
૭ - ૭ શુક્રના ગ્રહનો પટો
૮ - ૮ અંતઃસ્ફુરણાની રેખા
૯ - ૯ સૂર્યની રેખા
૦ - ૦ તંદુરસ્તીની રેખા

(ख) કુલ ૧૪ રેખાઓ ગણાય છે, જેમાં **સાત મુખ્ય :** જીવનરેખા, મસ્તકરેખા, હૃદયરેખા, શુક્રનો પટો, તંદુરસ્તીરેખા, સૂર્યરેખા, પ્રારબ્ધરેખા. અને **સાત ગૌણ રેખાઓ :** મંગળની રેખા, વાયા લાસ્સીવા, અંતઃસ્ફુરણાની રેખા, લગ્નરેખા, ત્રણ કંકણરેખાઓ. સાત મુખ્ય રેખાઓ બીજા નામથી પણ ઓળખાય છે. જીવનરેખા - વિતાલ; મસ્તકરેખા - કુદરતી કે સેરીબ્રલ; હૃદયરેખા - મેન્સલ; પ્રારબ્ધરેખા - ભાગ્યરેખા અથવા શનિ; સૂર્યરેખા - તેજરેખા કે રવિરેખા; તંદુરસ્તી - હેપટિકા કે કલેજારેખા.

(ग) **ડુંગરા :** કુલ સાત ડુંગર ગણાય છે. ઘણા હસ્તરેખાશાસ્ત્રીઓ આ ડુંગરાને હસ્તરેખાશાસ્ત્રમાં નથી ગણતા, પણ 'કિરોગ્નોમી'માં ગણે છે. નીચે પ્રમાણે સાત ડુંગર છે : બૃહસ્પતિ (બુધ), સૂર્ય, શનિ અને ગુરુ, ટચલી આંગળીની નીચે હથેળીના છેવાડા ભાગ ઉપર બીજા બે ડુંગર - મંગળ અને ચંદ્ર. અને સાતમો ડુંગર તે અંગુઠા નીચેનો ટેકરો.

**૩. હસ્તરેખાવિદ્યા જૂઠી હોવાનાં કારણો :**

(क) **પ્રત્યેક વ્યક્તિની હસ્તરેખાઓ તેમ જ આંગળાંની છાપ અનોખી હોય છે. :** કોઈ પણ બે માણસનાં આંગળાંની છાપ જુદી જુદી હોય છે. એ તો નિર્વિવાદ વાત છે. એને લીધે જ પોલીસખાતું ગુનેગારોનાં આંગળાંની છાપના નમૂના રાખે છે. લગભગ એમ જ દરેક માણસની હસ્તરેખાઓ અલગ અલગ હોય છે. એટલે હસ્તરેખાવિદ્યાના અમુક બાંધેલા નિયમો સર્વ માણસોને સરખી રીતે લાગુ પડે જ નહિ. એટલે પછી હસ્તરેખાવિદ્યાનો કાંઇ અર્થ રહેતો નથી.

સૌરાષ્ટ્રમાં સિંહોની વસતી-ગણતરી કરવામાં આવે છે, ત્યારે આ રીત વાપરવામાં આવે છે. એ ગણતરી માટે દશ કે પંદર દિવસ રાખવામાં આવે છે. એ દિવસો દરમિયાન કોઈ એકાદ રાતે તો સિંહ જળાશયે પાણી પીવા આવવાનો જ. બીજું કે એકેએક સિંહના પગલાં એકબીજાથી તદ્દન જુદાં જ હોય છે. એનાં પગલાં પરથી ઓળખી શકાય કે આ ફલાણો જ સિંહ છે. આ દશ-પંદર દિવસ પછી બધાં જળાશયો આસપાસ વસતી-ગણતરીવાળા માણસો બધાં પગલાં જોઈ લે, અને ગણી લે. એ ઉપરથી સિંહોની વસતી-ગણતરી થાય અને સિંહોની ચોક્કસ સંખ્યા નક્કી થાય.

એમ બધા માણસોની હસ્તરેખાઓ, હાથના આકાર, આંગળાંના આકાર (લંબાઈ, પહોળાઈ, ગોળાઈ કે ચપટાપણું), વગેરે, વગેરે જુદાં જુદાં હોય છે. એમ એક એક માણસ નિયમનો અપવાદ બને. એટલે પ્રત્યેક વ્યક્તિ માટે અલગ અલગ નિયમ બનાવવા પડે, જે અશક્ય છે. એમ હસ્તરેખાવિદ્યામાં કોઇ ચોક્કસપણું જાળવી શકાય નહિ.

હા, વંશપરંપરાની ખાસિયતોનો વારસો બહુ ચોક્કસ ગણિતશાસ્ત્ર પ્રમાણે ગુણઘટકો (જનીન, જીની) મારફતે પ્રત્યેક

વ્યક્તિને મળે છે. દાદાના દાદાનાયે દાદાના વાળનો રંગ (કાળા, ભૂખરા, સોનેરી); આકાર (વાંકડિયા, સીધા, ચપટા, ગોળ); નખના રંગ, આકાર, મગજની ખાસિયતો, વગેરે વગેરે બહુ ચોક્કસપણે વારસદાર વ્યક્તિઓને ગણિતની વહેંચણી પ્રમાણે મળે છે. છતાં પ્રત્યેક વ્યક્તિ તદ્દન ભિન્ન ભિન્ન હોય છે, અને પ્રત્યેકના હાથની રેખાઓ તદ્દન અલગ અલગ રચના, આકાર, પહોળાઈવાળી હોય છે. પ્રત્યેક વ્યક્તિમાં કંઈ ને કંઈ નવાપણું હોય છે. એટલે હસ્તરેખાવિદ્યાના અમુક બાંધેલા નિયમોનું જૂથ બધે લાગુ થઈ શકે નહિ.

(ख) **હસ્તરેખા જોઈ આપનારાઓનાં વિધાનોમાં ફરક પડે છે.** એક જ વ્યક્તિ જુદા જુદા હસ્તરેખાવાચકો પાસે હાથ જોવડાવે તો તેમનાં વિધાનોમાં ભારે ફરક જોવા મળશે. અહીં આપણે રસ્તા પર બેઠેલા હસ્તરેખાવાચકોની વાત કરતા નથી, પણ જેઓ પોતાને એ વિદ્યાના પારંગત ગણે છે, તેઓની રજૂઆતોમાં બહુ ફરક પડે છે. એ બતાવે છે કે હસ્તરેખાવિદ્યા એ સાચી વિદ્યા નથી.

(ग) **અમુક હસ્તરેખાવાચકો ફક્ત એક હાથ જુએ છે, જ્યારે બીજા કહે છે કે બંને હાથ જોવાય તો જ ખરું અને ચોક્કસ વાચન ગણાય.** એમ, આ કહેવાતી વિદ્યામાં કોઈ ચોક્કસ ધોરણ નથી, અને એ ચોક્કસ ધોરણ વગર વિદ્યા ક્યાંથી સાચી હોય ?

(घ) હસ્તરેખાઓ સમયે સમયે બદલાય છે. અમુક સમયે હસ્તરેખાઓ બદલાય છે. ઝીણી રેખાઓ તો ઘણીવાર બદલાય છે. તો એ પ્રમાણે એ માણસનું ભાવિ પણ બદલાતું રહેતું હશે, એમ જ માનવું રહ્યું ને ? દુનિયાના મહાન ગણાતા હસ્તરેખા વાચકોમાં કિરો (Cheiro)નું નામ મોખરે છે. એ પણ હસ્તરેખા બદલાય છે એ વાતને ઠાવકી રીતે માન્ય રાખે છે. એ કહે છે : “મુખ્ય રેખાઓ થોડું જ બદલાય છે, અને કેટલાક કિસ્સાઓમાં તો જરા પણ નહિ. જો બંને

હાથો એવા ને એવા જ રહ્યા હોય, - ખાસ કરીને વ્યક્તિ જો ૨૧ વર્ષની ઉંમર વટાવી ગઇ હોય - તો ભવિષ્યમાં કોઈ ફેરફાર થવાની શકયતા હોતી નથી. •

કિરોનું કહેવું એમ પણ છે કે બંને હાથોની રેખાઓમાં ફરક હોઈ શકે છે; તેમ જ એકાદ 'ભૂંડી નિશાની' હસ્તરેખા પર હોય તો એના પરથી પરિણામ નક્કી કરી દેવું નહિ, પણ બધી જ મુખ્ય રેખાઓ પર આ 'ભૂંડી નિશાની' (evil sign) હોય તો આખરી નિર્ણય આપવો, - અને તે પણ બંને હાથ જોયા પછી જ. (૮૫મા પૃષ્ટ નીચે જણાવેલા પુસ્તકમાં પૃષ્ઠ ૬૭ પર).

વળી કેટલાકનું કહેવું છે કે કોઈ પણ હસ્તરેખા ઝાંખી છે, કાળી છે, લાલ છે, આડા આડા લીટાવાળી છે, ટપકાં ટપકાંવાળી છે, જાડી છે તે પાતળી છે, એ પ્રત્યેક બાબત અગત્યની છે. પણ સમય પ્રમાણે આ બાબતો તો બદલાતી રહે છે. તો એવી બદલાતી સ્થિતિઓમાં વ્યક્તિનું ભાવિ પણ બદલાતું રહે છે ?

(ચ) **એમાં જ્યોતિષ પણ ભળેલું છે. હસ્તરેખા અને જ્યોતિષનું મિશ્રણ :** સાત ગ્રહોના સાત ડુંગર પણ હસ્તરેખાવિદ્યામાં ગણાવેલા છે. આગલા પ્રકરણમાં આપણે જ્યોતિષના ગ્રહો અને નક્ષત્રો વિષે જોઈ ગયા કે એમને અગાઉ 'દેવો' માનવામાં આવતા, એટલે માનવીના જીવનમાં એ 'દેવો' માનવામાં આવતા, એટલે માનવીના જીવનમાં એ 'દેવો' ભાગ ભજવે છે, પણ એ માન્યતા અસત્ય છે, એ આપણે જોયું. એટલે એ મુદ્દો અહીં વિસ્તારીને જણાવતા નથી. મોટા ભાગના જોષ જોનારા આ બંને પ્રકારને ભેગા કરે છે.

---

• "The main line changes very little, and not at all in some cases; if the two hands have remained the same, then there is less likelihood of any change in the further, particularly if the subject has passed twenty-one years of age." "Cheiro Guide to the Hand," P. 67.

**(છ) આ 'વિદ્યા'નું સામર્થ્ય માત્ર એનાં 'સૂચનો'માં ભરેલું છે :** આ વિદ્યામાં સાચું તો કંઈ નથી, પણ એમાં ખતરનાક સૂચનો કરાય છે. એ સૂચનોનાં પરિણામ પણ ખતરનાક આવે છે. માનસશાસ્ત્રનો બહુ અગત્યનો અને મહત્વનો વિષય છે 'સૂચનો' ને 'સ્વસૂચનો' (suggestions and auto-suggestions). આપણે આગલા 'જ્યોતિઃશાસ્ત્ર'ના પ્રકરણમાં પૃષ્ઠ ૭૧-૭૫ પર જોઈ ગયા. એના વિષે જરા ઊંડાણથી અને દાખલાઓ સાથે જોઈએ :

**(૧) જ્ઞાનમિત્રાનો દાખલો :** જબલપુરમાં લેનર્ડ કૉલેજમાં દક્ષિણ ભારતનો જ્ઞાનમિત્રા નામનો એક વિદ્યાર્થી મારી અગાઉ ભણતો હતો. અભ્યાસ પૂરો કર્યા પછી ઘેર ગયો, પણ મેડિકલ પુસ્તકો વાંચવાનો તેને રસ જાગ્યો. 'રક્તપિત્ત' (પત)ને લગતું પુસ્તક વાંચતા વાંચતા આવ્યું કે રક્તપિત્તની શરૂઆતે શરીર પર લાગણીવિહીન જગાઓ દેખા દે છે કે જ્યાં ચીમટો ભર્યાની કે ટાંકણી ભોંકયાની અસર ન લાગે. ખાલી ગમત ખાતર જ્ઞાનમિત્રાએ પોતાના શરીર પર ચૂંટણી ખણી જોઈ. કોઈ અસર ન લાગી. એટલે ગભરાટમાં તેણે બેચાર જગાએ ટાંકણી ભોંકી જોઈ. કાંઈ અસર ન થઈ. તેને થયું કે, "મને પત થાય છે કે શું ?"

આગળ વાંચતા આવ્યું કે પછીનાં ચિહ્નોમાં નાક અને કાન આગળ નાની નાની ગાંઠો થાય છે. એણે આરસીમાં જોયું. તો ખરેખર એને એવી જ ગાંઠો થઈ હતી. એટલે તો એ વધુ ગભરાયો. આગળ વાંચતા વાંચતા રક્તપિત્તનાં બીજાં ચિહ્નો પણ તેણે પોતાનામાં જોયાં. ગભરાટમાં તેણે અમારી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. પાર્કર પર લખ્યું. તેમણે જ્ઞાનમિત્રાને જબલપુર બોલાવ્યો, અને ભલામણ ચિઠ્ઠી આપીને સારા દવાખાને તપાસ માટે મોકલ્યો. મેડિકલ રિપોર્ટ આવ્યો કે એને 'લેપ્રસી' (પત) છે ! જ્ઞાનમિત્રા તો રડી પડ્યો; ડૉ. પાર્કર પણ બહુ દુઃખી થઈ ગયા.

ફરી પાછી લાંબી ભલામણચિઠ્ઠી આપીને દક્ષિણભારતના સારામાં સારા 'લેપ્રસી અસાયલમ' (પતના દવાખાને)માં મોકલ્યો. ત્યાં તેઓએ બહુ ઝીણવટથી તપાસ કરીને લેબોરેટરી રિપોર્ટ આપ્યો કે, "જ્ઞાનમિત્રાને પતનાં બધાં જ ચિહ્નો છે; પણ પતનાં કોઈ જંતુ એના શરીરમાં નથી." આ રિપોર્ટ જાણતાંની સાથે જ જ્ઞાનમિત્રાના શરીરમાંથી પતનાં બધાં જ ચિહ્નો જતાં રહ્યાં !

પેલું પુસ્તક વાંચતા વાંચતા તેના મગજમાં 'સ્વસૂચનો' (auto-suggestions) થયા કરતાં હતાં કે 'મને પત થયું હશે તો !' અને એ સ્વસૂચનોથી એ બધાં બાહ્ય ચિહ્નો થયાં ! 'સ્વસૂચનો' એટલે પોતે ધારી લીધેલું, અથવા પોતાના મગજમાં અજાણ રીતે પોતે કરેલાં સૂચનો. બહારથી આવેલાં સૂચનો 'સૂચનો' તરીકે ઓળખાય છે. જેમ બકરું લઈ જતા બ્રાહ્મણને ત્રણ ચોરોએ વારફરતી સૂચનો કર્યાં હતાં કે, "મહારાજ, આ તમે તો કૂતરું ઉપાડી ચાલ્યા !"

માનસશાસ્ત્ર પ્રમાણે આપણા મગજના ત્રણ ભાગ છે : (૧) જાગ્રત (conscious mind) મન, (૨) અર્ધચેતન (subconscious) મન, અને (૩) અચેતન અથવા સુષુપ્ત (unconscious) મન. આપણા જીવનમાં આ અચેતન મન બહુ જ અગત્યનો ભાગ ભજવે છે. બધાં સૂચનો અને સ્વસૂચનોની અસર આ અચેતન મન પર પડે છે. ચેતન મનનું એની આગળ ચાલતું નથી. ચેતન મનથી આપણે નિશ્ચય કરીએ કે, "મને આમ નહિ થાય." પણ અચેતન મન આવાં સૂચનો કે સ્વસૂચનોને આવકારી લે છે, અને એનું જ જોર ચાલે છે. હસ્તરેખા જોનાર જે 'સૂચનો' કરે છે તેને આપણું અચેતન મન સ્વયં આપણા ચેતન મનના અજાણપણામાં સ્વીકારી લે છે. અને પછી આપણું શરીર અને જ્ઞાનતંત્ર અચેતન મનના સુષુપ્ત આદેશો પ્રમાણે વર્તીને પેલા જોષીએ કહ્યું હોય તેમ જ કરે છે ! આમ, 'સૂચનો'

અને 'સ્વસૂચનો' બહુ ખતરનાક બને છે. તેથી હસ્તરેખાઓ જોવડાવવાથી "બાર ગાઉ" દૂર રહેવું.

જોષ દ્વારા 'સૂચનો'નો એક દાખલો જોઈએ : સત્તાવીસેક વર્ષની એક જુવાન બહેને પોતાનો હાથ જોવડાવ્યો. જોષ જોનારે ઘણી બાબતો સારીનરસી કહી. તેણે એમ કહ્યું કે, "ચાલીસ વર્ષની ઉંમરે તમને કેન્સર થશે, અને એમાં તમારું મૃત્યુ થશે." એ પછી તો એ બહેનનું જીવન ખૂબ નિરાશાભર્યું બની ગયું. જોષીના આ સૂચનની ખતરનાક અસર એના જીવન પર પડી હતી. એને થયા કરે કે આટલું ટૂંકું અને ભયંકર માંદગીવાળું જીવન શા કામનું ? દિવસે દિવસે એનું શરીર સૂકલકડી થવા માંડ્યું, અને પંદરેક કિલો જેટલું વજન ઘટી ગયું. અને બારેક વર્ષમાં તો ભય અને નિરાશામાં તે મરી ગઈ.

હસ્તરેખાદર્શન દ્વારા જોષની કરાતી આગાહીઓનાં ભયંકર પરિણામોવાળો બીજો એક બનાવ જોઈએ : રેવ. કર્ટ કોચ વિષે આગલા પ્રકરણમાં આપણે જોઈ ગયા. એમણે એમના પુસ્તકમાં આ દાખલો આપ્યો છે. એક જુવાન સુંદર બહેન એક પાળકગૃહમાં ઘરકામની નોકરી કરતી હતી. એક દિવસ એક 'જિપ્સી' સ્ત્રી ઘરવખરીની ચીજો વેચવા બારણે આવી. એની ચીજો મોંઘી હોવાથી પેલી જુવાન બહેને 'ના' પાડી. એવામાં 'જિપ્સી' સ્ત્રીએ જોષ જોવાને માટે એ બહેનનો હાથ ખેંચીને કહ્યું, "અહા ! બહુ રસિક વાત છે ને ! બે વર્ષમાં તો તમારું લગ્ન થવાનું છે !" લગ્નની વાત આવે એટલે કઈ છોકરી સાંભળવા તૈયાર ન હોય ? એણે રાજીખુશીથી પોતાનો હાથ જોવા દીધો. 'જિપ્સી' સ્ત્રીએ આગળ કહ્યું, "ઘણા જુવાનો તારી સાથે પરણવા તૈયાર થશે, પણ એમાંથી સૌથી ઊંચા સાથે તું લગ્ન કરીશ. લગ્નના પહેલા જ વર્ષમાં તું મા બનીશ. પણ હું તારી રેખાઓમાં જોઉં છું કે તારી 'આયુષ્યરેખા' ત્યાં જ પૂરી થાય છે. તું તારા પહેલા જ બાળકના જન્મ વખતે મરી જઈશ."

થોડા જ સમયમાં એને પરણવા ઘણા યુવાનો આવ્યા. આખરે એમાંથી સૌથી ઊંચા યુવાન સાથે એનું લગ્ન થયું. લગ્નના પહેલા જ વર્ષે એને ગર્ભ રહ્યો. જેમ જેમ પ્રસૂતિનો સમય નજદીક આવતો ગયો તેમ તેમ એનો ડર વધતો ગયો કે 'પ્રસૂતિ વખતે હું મરી જઈશ.' એનાં કુટુંબીજનોએ અને તેના પતિએ પણ તેને એવો ડર કાઢી નાખવા સમજાવી. પણ બધાં નિષ્ફળ નીવડ્યાં. 'જિપ્સી' સ્ત્રીએ ઘાલેલા વહેમમાંથી નીકળી શકે એવો વિશ્વાસ તેને નહોતો. ગમે તેમ, એને સફળ અને સારી રીતે પ્રસૂતિ થઇ. પણ કેટલાક દિવસ પછી તેને પુષ્કળ તાવ આવવો શરૂ થયો. દાકતરે બહુ તપાસ કરી, પણ તાવ આવવાનું એના શરીરમાં કોઈ કારણ માલૂમ પડ્યું નહિ. બાળકના જન્મ પછી આ બહેનનું મગજ બગડી ગયું, અને તે પાગલ બની ગઈ. એને સાઈકિઆટ્રિસ્ટ (માનસિક રોગચિકિત્સક) પાસે લઈ જવામાં આવી. પણ એ દાકતરના 'ક્લિનિક'માં જ ત્રણ દિવસ પછી એ મરી ગઈ.

આમાં આગાહી સાચી પડવાની વાત જ નહોતી. ડૉ. કોચ આ પ્રમાણે ખુલાસો આપે છે : આ આખોયે કિસ્સો માત્ર સૂચનોનો છે. એ જુવાન અને સુંદર છોકરી હતી, એટલે ઘણા એની સાથે લગ્ન કરવા તૈયાર થાય એ સ્વાભાવિક છે. સુંદર છોકરીનું લગ્ન લગભગ વહેલું જ થઈ જાય ! એટલે બે જ વર્ષમાં પરણી. સૂચનની અસર નીચે તે ઊંચા યુવાન સાથે પરણી. લગ્નના પહેલા જ વર્ષે તે બાળકને જન્મ આપશે એવું સૂચન કરવા માટે નિષ્ણાતની જરૂર નથી. પ્રથમ બાળકના જન્મ વખતે જ માતા મરી જશે એવું સૂચન તે 'જિપ્સી' સ્ત્રીએ પોતાનું વેર વાળવા જાણી જોઈને કર્યું હતું. છોકરીએ ખરીદવાની ના પાડી, એનું પેલી સ્ત્રીએ આ રીતે વેર લીધું અને છોકરીનું જીવન તંદુરસ્ત અને સારું હોવા છતાં 'સૂચન'ની ખતરનાક અસરને કારણે તે આખરે મરી ગઈ. તેના સુષુપ્ત (અચેતન = unconscious) મને માની જ

લીધું હતું કે પોતે બાળક જન્મતાં જ મરી જવાની છે. અને આ સુષુપ્ત મનની અસરો છોકરીના જીવનમાં દુઃખદાયક કામ કરી ગઈ.*

(જ) **હસ્તરેખા જોનાર વ્યક્તિ 'પ્રેતવાદી' પણ હોય એવા કિસ્સા :** 'પ્રેતવાદિ' એટલે શેતાનના અશુદ્ધ આત્માઓ સાથે સંબંધ રાખનાર અને તેઓની પાસેથી તાંત્રિક શક્તિ મેળવનાર. એવા માણસ પાસે જોષ જોવડાવનાર જીવનમાં બહુ હેરાન થાય છે. શેતાની આત્માઓ એના જીવનમાં અનેક હેરાનગતિઓ લાવે છે. સ્થળસંકોચને લીધે એના દાખલા એટલે પ્રત્યક્ષ બનેલા બનાવો રજૂ કરતાં નથી. પણ શેતાની બળોથી દૂર જ રહેવું સારું. બલ્કે જોષ જોવડાવવાના પાપથી દૂર ભાગવું સારું.

ઈશ્વર પિતા આપણા જીવનની સંભાળ રાખે છે, તે એટલે સુધી કે બાઈબલ જણાવે છે તેમ "તમારા માથાના વાળ પણ ગણેલા છે" (બાઈબલ : માથ્થી ૧૦ : ૩૦). એટલે સુધી તે આપણી સંભાળ રાખે છે. એટલું જ નહિ પણ જો આપણે ઈશ્વર પર પ્રેમ રાખીએ અને તેમની પર શ્રદ્ધા કરીએ, તો તે આપણા જીવનના સારામાઠા પ્રસંગો ગૂંથી લઈને આપણે માટે સારું ફાયદાકારક બનાવે છે (બાઈબલ : રોમનોને પત્ર ૮ : ૨૮). તો પછી આપણે શા માટે જોષ જોવડાવવાના પાપમાં પડીએ ?

૪. હસ્તસામુદ્રિક કેમ ઈશ્વરની વિરુદ્ધની પ્રવૃત્તિ છે ? : હસ્તસામુદ્રિક કે હસ્તરેખાવિદ્યા એ જોષ જોવાની એક વિદ્યા છે. અને એ શેતાની છે, કેમ કે માણસ પોતાના ભાવિની વાતનો આધાર ઈશ્વર પર ન રાખતાં અનેક સાધનો પર રાખે છે. શેતાન માણસના મનને ઈશ્વર તરફથી ફેરવાવી, આવી કહેવાતી 'વિદ્યાઓ' તરફ વાળે છે.

* Kurt Koch, "Between Christ and Satan", Evangelization Publishers, W. Germany, 1970, P. 27-28.

એટલે બાઈબલ બધા પ્રકારના જોષ જોવાને પાપ ગણે છે, અને એ બધાથી દૂર રહેવા ચેતવે છે. ઈ.સ. ૩૧૫માં યુરોપની ખ્રિસ્તી મંડળીની મુખ્ય સત્તાએ હસ્તરેખાઓ જોવાની વિરુદ્ધ ફરમાન બહાર પાડ્યું હતું કે તેમ કરનારને મંડળી બહાર મૂકવો અને જરૂર પડે તો મારી નાખવો. એ પછી ઇંગ્લેન્ડના રાજા હેનરી આઠમાના સમય (૧૫૦૯-૧૫૪૭)માં પણ હસ્તરેખા જોવા સામે કાયદો કરવામાં આવ્યો હતો, અને મંડળીએ આ 'વિદ્યા'ને પ્રેતવિદ્યા, જાદુક્રિયા, વગેરેની સાથે ગણી હતી. અને જે કોઈ હસ્તરેખાવિદ્યા વાપરે તેને કડકમાં કડક સજા કરવામાં આવશે એમ ફરમાન કાઢવામાં આવ્યું હતું. છેક દોઢેક સદી ઉપર, જ્યોર્જ ચોથાના સમય (૧૭૬૨-૧૮૩૦)માં ઇંગ્લેન્ડની પાર્લામેન્ટે આ માટે કાયદો પસાર કર્યો હતો કે, "જે કોઈ હસ્તરેખાવિદ્યા અજમાવે તેને ધુતારો તથા રખડુ ગણવો, અને તેને એક વર્ષ જેલમાં પૂરવો, અને ગળું અને પગ હેડમાં પૂરવાં."

●

### પ્રકરણ ૫ મું

# આયના કે કાચના ગોળા દ્વારા જોષ

## (ક્રિસ્ટલ ગેઝિંગ)

આ વિદ્યા પણ હજારો વર્ષોથી વપરાય છે. એમાં જોષ જોવાને માટે બિલોરી કાચનો આયનો કે બિલોરી કાચનો ગોળો વાપરવામાં આવે છે. જોષ જોનાર એ આયના કે ગોળામાં વીસેક મિનિટ સુધી તાકીને જોઈ રહે છે. એ પછી જોષ જોનારને આયના કે ગોળામાં જોષનું 'રહસ્ય' દેખાય છે. એને 'જાદુઈ આયનો' કે 'જાદુઈ ગોળો' કે 'ક્રિસ્ટલ' પણ કહેવામાં આવે છે. આ સાધનો દ્વારા કહેવાય છે કે જાદુગર -

(૧) માંદાઓને જાદુઈ સાજાપણું આપે છે;

(૨) બીજાઓને માંદગીમાં સપડાવે છે કે, શરીર અને મનને પીડા પમાડે છે;

(૩) ખોવાયેલી વસ્તુઓ કે ખોવાયેલી વ્યક્તિઓની ભાળ આપે છે;

(૪) ચોરી કરી જનાર કે આગ લગાડનારની બાતમી આપે છે;

(૫) માનસશાસ્ત્રની દૃષ્ટિએ આ સાધનો દ્વારા 'સૂચનો' અને 'સ્વસૂચનો' આપે છે.

(૬) વળી એ દ્વારા અર્ધચેતનવાળા માનસમાં કેટલીક પ્રક્રિયાઓ શરૂ કરાવે છે. આ પ્રક્રિયાઓનું ચેતન મન દ્વારા નિયંત્રણ કરવાનું લગભગ અશક્ય બની જાય છે. તેથી માનવાતીત બળો (શેતાની બળો) માણસના અર્ધચેતન મનનો અને તે દ્વારા અચેતન

મનનો કબજો લઈ લે છે, અને વ્યક્તિ ઉપર આવાં નારકીય બળો સત્તા જમાવે છે.

(૭) ભવિષ્યમાં શું થશે એની આગાહી કરી આપે છે; વગેરે. કેટલાક લોકો સ્થિર પાણીની સપાટી પર પણ તાકીને જોયા પછી ઉપર પ્રમાણેના જોષ જોઈ આપવાનો દાવો કરે છે.

ઉપર છઠ્ઠી બાબતમાં જે શેતાની કે નારકીય બળોની વાત કહેવામાં આવી છે તે બળો વિષે બાઈબલમાં એફેસી ૬ : ૧૦-૧૨માં આ પ્રમાણે લખ્યું છે : "છેવટે, હું કહું છું, કે પ્રભુમાં તથા તેના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ. શેતાનની કુયુક્તિઓની સામે તમે દૃઢ રહી શકો માટે ઈશ્વરનાં સર્વ હથિયારો સજો. કેમ કે આપણું આ યુદ્ધ રક્ત તથા માંસની સામે નથી, પણ (શેતાની ફોજોના) અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓની સામે, આકાશી સ્થાનોમાં દુષ્ટતાનાં અપાર્થિવ લશ્કરોની સામે છે."

આ સાધનો દ્વારા જોવાતા જોષના બે-એક દાખલા જોઈએ : એક ખેડૂતની ગાય ખોવાઈ હતી. આ ખેડૂતે બહુ તપાસ કરી, પણ ગાયની ભાળ ન મળી. એટલે તે કાચના ગાળા દ્વારા જોષ જોઈ આપનાર પાસે ગયો. આ જોષ જોનાર પોતાના ખાસ ઓરડામાં ગયા. ત્યાં અર્ધુંપર્ધું અજવાળું હતું. ઓરડામાં જઈને તે વીસેક મિનિટ સુધી ગોળામાં તાકી રહ્યો. પછી પાછા આવીને તેણે ખેડૂતને જણાવ્યું કે, "તમારી ગાય 'હોલ્ઝરજોર્ગ'ના ફાર્મમાં છે અને ફાર્મમાં આવેલા દાણા ભરવાના કોઠારની પાછળ કેટલીક પરાળની ગાંસડીઓ પડેલી છે તેની પાછળ તમારી ગાય આવેલી છે. તમારી સાથે ત્રણ-ચાર માણસો અને પોલીસના એકાદ માણસને લઈ જજો. તમારામાંથી કેટલાક ફાર્મ-માલિકના ઘરમાં જજો, અને બાકીના તમે કોઠાર પાસે સીધા જજો." ખેડૂતે તેમ જ કર્યું, અને એની ગાય પાછી મળી.*

* રેવ. ડૉ. કર્ટ કોચ, "બીટવીન ક્રાઈસ્ટ એન્ડ સેટન", પૃ. ૪૩.

બીજો દાખલો : એક રાતે અખ્રિસ્તી માણસનું ગરાજ તથા એની અંદરની મોટરકાર કોઈએ બાળી નાખ્યાં. એને થયું કે કોઈએ જાણીજોઈને આ કર્યું હશે. આથી આ માણસ કોઈ 'જાદુઈ આયના'વાળાને તેયાં ગયો, અને ગરાજ બાળી નાખનારની બાતમી મેળવવા વિનંતી કરી. અને લગભગ વીસેક મિનિટ સુધી પેલા આયનામાં તાકી રહ્યો.

પછી આયનો સાથે લઈને પેલા માણસ પાસે આવ્યો, અને કહ્યું, "જેણે ગરાજ અને કાર બાળ્યાં તે માણસ આ રહ્યો." અને પછી આયનામાં ઊપસેલી છબી બતાવી. પેલા માણસે કહ્યું, "ના હોય ! અશક્ય છે ! આ તો મારો વર્ગસહાધ્યાયી છે. અને અમારે તો બહુ સારા સંબંધો છે." એટલે જોષ જોનારે કહ્યું, "આયનો જૂઠું ન બોલે." પછી પાછળથી ધીમે રહીને જોષ જોનાર બોલ્યો, "બીજું કંઈક સાંભળતા જાઓ. તમે થોડા જ સમયમાં મૃત્યુ પામશો !" પેલો માણસ ગભરાટમાં ત્યાંથી નીકળી ગયો.

તે સીધો પોતાના જૂના વર્ગસહાધ્યાયી પાસે ગયો, અને પૂછ્યું, "મારું ગરાજ બાળવામાં તમે કંઈ ભાગ ભજવ્યો છે ?" શરૂઆતમાં તો તેણે ખૂબ આનાકાની કરી, પણ આખરે કબૂલ કર્યું. એણે કહ્યું કે "મારા સહાધ્યાયી તરીકે તમારા જીવનમાં વિકાસ થતો જોઈને મને અદેખાઈ આવતી હતી. આખરે એ અદેખાઈમાં મેં તમારું ઘર બાળ્યું. પણ હવે એ વાત કોઈને જણાવશો નહિ. હું તમને બધું વસૂલ કરી આપીશ." અને એણે નવું ગરાજ બાંધી આપ્યું, અને બીજી કાર પણ લાવી આપી.

ચાર અઠવાડિયાં પછી એક દિવસ અર્ધી રાતે આ ગરાજ અને મોટરવાળો માણસ જાગી જઈને ભયંકર ચીસો પાડવા લાગ્યો. એની પત્ની જાગી ગઈ, અને બત્તી સળગાવી. ત્યારે એનો પતિ તો પથારીમાં ભારે દુઃખથી આમથી તેમ અમળાટ લેતો હતો અને ખેંચાતો હતો. તેની પત્ની તરત જ તેને યુનિવર્સિટીના દવાખાને લઈ ગઈ. દશ દિવસ સુધી તે બેભાન રહ્યો, અને નસ વાટે તેને દશ દિવસ સુધી પોષણ આપવામાં આવ્યું. એ દરમિયાન એક ખ્રિસ્તી પ્રાર્થનાજૂથ તેના હક્કમાં આગ્રહથી પ્રાર્થના કરતું હતું. એ પછી તે ભાનમાં આવ્યો અને એ દશ દિવસો દરમિયાન એને કેવા કેવા અનુભવ થયા તે બધું તેણે કહી બતાવ્યું.

તેણે જણાવ્યું કે સૌથી પહેલી રાતે જ્યારે તેણે ઘરમાં ભયંકર ચીસો પાડી હતી, ત્યારે તે સ્વપ્નાવસ્થામાં કે અર્ધસ્વપ્નાવસ્થામાં હતો, અને ભયંકર દેખાતી શેતાની આકૃતિઓ તેને ઊંડાણમાં નર્કમાં ઘસડી લઈ જતી હતી. એ દરમિયાન એને ભૂતકાળનાં પોતાનાં પાપો યાદ આવ્યાં, અને પેલા આયનામાં જોનાર જોષી સાથેની મુલાકાતનો દેખાવ તેની નજર સમક્ષ આવ્યો. પેલી શેતાની ભયંકર આકૃતિઓએ આ દસ દિવસો દરમિયાન તેને અતિશય દુઃખ દીધું અને પીડાઓ આપી. આખરે તેઓ ચાલ્યા ગયા. પછી પ્રકાશ થવા લાગ્યો, અને તે ભાનમાં આવ્યો. દાકતરે પાછળથી તેને જણાવ્યું હતું કે તે દસ દિવસ સુધી બેભાન રહ્યો હતો.

આ પછી તે માણસનો અજાયબ જીવનપલટો થયો. તેણે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો. નિયમિત પ્રભુમંદિરે જતો થયો, તેમ જ બાઈબલવર્ગમાં પણ જવા લાગ્યો. વળી પોતાની કારમાં બીજા લોકોને બેસાડીને તેમને પ્રભુમંદિરે લઈ જતો થયો.*

આયના દ્વારા પેલા જોષીએ આ માણસને જણાવ્યું કે એના સહાધ્યાયીએ એનું ગરાજ બાળ્યું ત્યારે આ માણસ ખૂબ દુઃખી થઈ

* રેવ. ડૉ. કર્ટ કોચ, "બીટવીન ક્રાઈસ્ટ એન્ડ સેટન", પૃ. ૪૩-૪૫.

ગયો હતો, અને એની સાન ઠેકાણે નહોતી. એ તકનો લાભ લઈને જોષીએ 'સૂચન' કર્યું કે "તમે થોડા જ સમયમાં મરી જશો." એ સૂચન એના સુષુપ્ત મગજમાં ખૂંપી ગયું, અને એને લઈને એણે પીડા વેઠી. એટલું જ નહિ, પણ તેણે શેતાનના સાધન દ્વારા શેતાન પાસેથી છૂપી માહિતીનો લાભ લીધો, જેનું વળતર શેતાને ભયંકર રીતે લીધું.

ઉપરના બે દાખલા ઉપરથી જોવા મળે છે કે, આયના અથવા કાચના ગોળા ઉપરથી જોયેલા જોષમાં કેટલીકવાર તદ્દન સાચી માહિતી મળે છે. પણ એ શેતાની આત્માઓ એટલે કે નારકીય બળો દ્વારા મળતી હોય છે, અને પાછળથી એનાં બૂરાં પરિણામ પણ ભોગવવાં પડે છે. શેતાન કેટલીક વખત લાભો આપે છે, પણ ભયંકર રીતે પાછું વાળી લે છે. એટલે જ ખ્રિસ્તી માણસે કદીયે કોઈ પણ રીતે જોષ જોવડાવવા નહિ કે, શેતાન તરફથી કોઈ લાભ ઉઠાવવો નહિ.

•

## પ્રકરણ ૬ ઠ્ઠું

# ગંજીફાનાં પત્તાંની ગોઠવણી દ્વારા જોષ

જોષ જોવાની આ પદ્ધતિ પણ સૈકાં જૂની છે. રોમનો એક જાતની નાની ટીકડીઓ જોષ જોવા માટે વાપરતા હતા. આ ટીકડીઓ ઉપર અમુક સંકેતો કોતરેલા હતા. ઈ.સ.ની આઠમી સદીમાં હાલનાં પત્તાં જેવાં પત્તાં શરૂ થયાં. આ રીતે જોષ જોવાની પદ્ધતિને અંગ્રેજીમાં Cartomancy (કાર્ટોમાન્સી) કહે છે. ભારતમાં અને ગુજરાતનાં ગામડાંઓમાં પણ આ રીત સૈકાથી પ્રચલિત છે, જોકે જ્યોતિષ અને હસ્તરેખાવાચનની રીતો કરતાં આનો વપરાશ ઓછો છે.

ગંજીફાનાં પત્તાંમાંના અમુક અમુક પત્તાં ખાસ સંકેત કે અર્થવાળાં પત્તાં ગણાય છે. જેમ કે, 'લાલ બદામનો સત્તો,' એ પ્રેમસૂચક પત્તું ગણાય છે; 'લાલ બદામનો દસ્સો' પૂરી થયેલી આશાનો સંકેત ગણાય છે; અને 'કાળી બદામનો દસ્સો' એ નસીબવંતુ પત્તું મનાય છે. એમ આવા સંકેતોવાળી બાવનની સેટ દ્વારા એવા હજારો સંયોગો યા જોડાણો શક્ય બને છે.

જોષ જોવડાવવા આવેલી વ્યક્તિ - અથવા કોઈ વાર જોષ જોનાર વ્યક્તિ — પત્તાં ચીપે છે, અને આવેલી વ્યક્તિ એમાંથી અમુક પત્તાં ઉપાડી લે છે. એ પછી જોષી જોયા વગર બાકીનાં પત્તાંની નીચે ગોઠવે છે. ત્યારબાદ એ ગોઠવાયેલાં પત્તાંને ધારીને જુએ છે, અને એમાં દેખાતા સંકેતો પ્રમાણે તે સામેની વ્યક્તિના ભાવિનો વરતારો જણાવે છે, અથવા ચાલુ કે ભાવિની પરિસ્થિતિનું રહસ્ય ખુલ્લું કરે છે.

અગાઉની જોષ જોવાની રીતો વિષે આપણે આગળ જોઈ ગયા,

તેમ આ રીતમાં પણ (૧) ખાલી બનાવટ અને છેતરપિંડી હોય છે, એમ જ (૨) માત્ર માનસશાસ્ત્ર પ્રમાણેનાં 'સૂચનો' હોય છે, જે 'સૂચનો' પૂરાં કરવા કે ફળીભૂત કરવા વ્યક્તિના અર્ધચેતન અને અચેતન અથવા સુષુપ્ત માનસમાં એક પ્રકારના આવેગ કે ધક્કાનું મોજું ફરી વળે છે, અને 'સૂચન' પ્રમાણે જ કરવા કે થવા દેવા પૂરા બળથી પ્રેરાય છે; અને (૩) ત્રીજો પ્રકાર જેમાં શેતાની આત્માઓ ભાગ ભજવે છે.

આ **ત્રીજા** પ્રકારમાં જોષ જોનારો માત્ર 'માધ્યમ' (Medium) તરીકે વર્તે છે, અને શેતાનના આત્માઓ અથવા 'અપ-દૂતો' આ જોષ જોનાર માધ્યમ દ્વારા બોલે છે. ભવિષ્યની આગાહી કરનારા શેતાનના આ આત્માઓ માનવી એજન્ટ (માધ્યમ) દ્વારા પોતાને વ્યક્ત કરે છે. આ આત્માઓ પોતાની રીતે પેલા એજન્ટ યા માધ્યમને વિચારાવે છે, બોલાવે છે, કે હાવભાવો અને કૃત્યો કરાવે છે. એ બધું આશ્ચર્યજનક અને માનવાતીત હોય છે. 'માનવાતીત' એટલે માનવી શક્તિની બહારનું.

આવાં 'માધ્યમિક' ભવિષ્યકથનોમાં અશુદ્ધ આત્માઓ 'માધ્યમ' બનેલા જોષ જોનાર વ્યક્તિનો તેટલા સમય પૂરતો કબજો લે છે. આ માધ્યમો ઘણીવાર કબૂલ કરે છે કે એ સમયે બહારના આત્માઓ તેમનો કબજો લઈ લે છે, અને પોતે જે વિષે કશું જ ન જાણતાં હોય તેવી વાતો બોલાવે છે.

બાઈબલમાં **'પ્રેરિતોનાં કૃત્યો'** નામના પુસ્તકમાં ૧૬ : ૧૬-૧૮માં એક 'અગમસૂચક' આત્મા વળગેલી છોકરીની વાત આપવામાં આવી છે. 'અગમસૂચક' આત્મા એટલે ભવિષ્યમાં શું બનનાર છે તે અગાઉથી જણાવનાર આત્મા. કેટલાક માણસો આ છોકરી પાસે ભવિષ્યકથનો કરાવી કમાણી કરતા હતા. એ છોકરીમાં શેતાની આત્મા હતો. અને પાઉલે તેનામાંથી એ અશુદ્ધ આત્માને કાઢ્યો, અને છોકરીને 'નોર્મલ' બનાવી — સાજી કરી. આ વાત વાંચતાં આપણે

જોઈ શકીએ છીએ કે શેતાન ઘણીવાર પ્રકાશના દૂતનો સ્વાંગ સજી શકે છે.

અમેરિકાની વિશ્વવિખ્યાત પ્રેતવાદી માધ્યમ (બાઈબલની ભાષામાં ભૂતવૈદેણ) શ્રીમતી જીન ડિક્સન (Mrs. Jeane Dixon) પોતે ધાર્મિક હોવાનો દાવો કરે છે તે રોમન કૅથલિક છે. કાચના ગોળા દ્વારા અને પત્તાંની ગોઠવણી દ્વારા જોષ જુએ છે અને ભાવિની આગાહીઓ કરે છે. એની ઘણીબધી આગાહીઓ સાચી પડી છે. પણ તે અશુદ્ધ આત્માઓનું 'માધ્યમ' છે, અને શેતાનની સહાયથી તે આ આગાહીઓ કરે છે. પાછળથી એના વિષે વધુ જોઈશું.

ઈ.સ. ૧૯૪૮માં હેરી ટ્રુમેન ફરીવાર અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાશે એવી તેણે તે વખતે આગાહી કાચના ગોળા દ્વારા કરી હતી. લોકો એમ માનતા હતા કે ટ્રુમેન ફરી નહિ ચૂંટાય. ખુદ જીન ડિક્સનને પોતે પણ કાચના ગાળામાં જોયેલી વાતથી ખૂબ નવાઈ લાગી હતી. એટલે એણે પત્તાંની સટ કાઢીને તેની ગોઠવણી કરીને જોયું તો એ જ આગાહી તેણે જોઈ ! થોડીવાર સુધી તો તે અવાક્ રહી. પછી બોલી, "એમ જ થનાર છે. ટ્રુમેન જીતવાના છે." અને અમેરિકન પ્રજાની વચ્ચે ટ્રુમેન ચૂંટણી જીતી ગયા.

એક ખ્રિસ્તી યુનિવર્સિટીનો સ્નાતક અને પાછો ખ્રિસ્તી ધર્મસેવક પત્તાંની ગોઠવણી દ્વારા જોષ જોવાના શોખમાં ફસાયો. તે પોતાને માટે, પોતાના કુટુંબને માટે અને પોતાની મંડળીના લોકોને માટે પત્તાં દ્વારા ભવિષ્ય જોઈ આપતો હતો. એના મૃત્યુ પછી એની પત્ની દારૂડિયણ બની ગઈ. તેનું બધું પેન્શન દારૂમાં વપરાઈ જતું હતું. એનું આખું ઘર દારૂની બાટલીઓથી શણગારેલું હતું. એ ઉપરાંત આ સ્ત્રી 'શ્વેત જાદુ'* કરવામાં રસ લેતી થઈ. અને એમ તે એના પતિની જેમ 'પ્રેતવાદી' (નારકીય આત્માઓ સાથે સંબંધ રાખનાર) બની. એની દીકરી પણ માતાપિતાનાં પગલાંમાં ચાલનાર બની. તે

* જાદુ બે જાતનાં છે : શ્વેત જાદુ અને કાલા જાદુ.

પણ એની માની જેમ અશુદ્ધ આત્માઓ સાથે સંબંધ રાખતી થઈ. એ છોકરી સત્તર વર્ષની અધવચ ગાંડી બની ગઈ, અને તેને ગાંડાઓના દવાખાનામાં રાખવી પડી. પત્તાંનો જોષ, જાદુ, વહેમો અને પ્રેતવાદ દ્વારા આખુ કુટુંબ સત્યાનાશ પામ્યું. લોકો પોતાનાં જીવન, તેમ જ આંતરિક શાંતિ અને ઉદ્ધારને ભોગે પણ અંધારાના આત્માઓનો અને અંધકારનાં બળોનો ઉપયોગ કરે છે, અને પરિણામે ભયંકર પતન લાવે છે.●

પ્રેતવાદ દ્વારા કેટલીક તદ્દન સાચી આગાહી કેવી રીતે થાય છે તે વિષે પાછળથી આપણે જોઈશું. હાલ તો એટલી ચેતવણી પૂરતી છે કે 'પ્રેતવાદ' દ્વારા નારકીય બળોનો આશરો લેવો અને તે દ્વારા જોષ જોવું તે મહાપાપ છે. અને એ દ્વારા પોતાનો, પોતાના કુટુંબનો તથા અન્ય જનોનો સત્યાનાશ નોતરવાનો એમાં ખતરો છે.

એક ધાર્મિક ખ્રિસ્તી કુટુબમાં બાઈબલ પ્રમાણેના વાતાવરણમાં ઉછરેલી એક જુવાન છોકરી કોઈ એક મોટી ફેકટરીમાં નોકરી કરતી હતી. એના ખાતામાં એક સ્ત્રી હતી જે પત્તાંની ગોઠવણી દ્વારા ત્યાં નોકરી કરતી અન્ય છોકરીઓનું ભવિષ્ય જોઈ આપતી હતી. પણ આ ખ્રિસ્તી છોકરી પોતાનું ભવિષ્ય જોવડાવતી નહિ. તેની માએ તેને આ સંબંધી ઘણી ચેતવણી આપી હતી. પણ એક દિવસે જિજ્ઞાસાથી પ્રેરાઈને તે પેલી સ્ત્રી પાસે ગઈ, અને પોતાનું ભાવિ જોઈ આપવા કહ્યું. પેલી સ્ત્રીએ પત્તાં ચીપીને પછી ટેબલ ઉપર ગોઠવ્યાં. પણ એ સ્ત્રી એકાએક અધવચ્ચે જ બૂમ પાડી ઊઠી કે, "હું તારે માટે પત્તાં ગોઠવી શકતી નથી. હું તારું ભાવિ જોઈ આપી શકીશ નહિ." * એનું કારણ, તે છોકરી ખ્રિસ્તી હતી, અને ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરતી હતી.

★

---

● રેવ. ડૉ. કર્ટ, "Occult ABC," પૃ. ૭૪.

* રેવ. ડૉ. કર્ટ કોચ, "Between Christ and Satan," પૃ. ૫૧.

## પ્રકરણ ૭ મું

# જાદુઈ લાકડી અને લોલક દ્વારા જોષ

જોષ જોવાની આ રીતનો સૌથી પુરાણો પુરાવો કદાચ દક્ષિણ આફ્રિકાના ઓરેન્જ ફ્રી સ્ટેટમાં મળી આવેલાં ગુફાચિત્રો હશે. પુરાવિદો આ ચિત્રોને લગભગ ૬૦૦૦ વર્ષ જૂનાં ગણે છે. એમાં દોરેલી લાકડીને ‘ઈચ્છા પૂરી કરનારી લાકડી’ કહેવામાં આવતી. ચીનમાં લગભગ ૪૦૦૦ વર્ષથી ‘જાદુઈ લાકડી’ દ્વારા જોષ જોવા વિષે માહિતી મળી છે. વળી જમીનની અંદરનો પાણીનો જથ્થો શોધવા માટે, અથવા મકાન બાંધવાનું હોય એ જમીનની નીચે ભૂગર્ભ જલપ્રવાહ તો નથી આવેલો ને, એ જોવા માટે આ ‘જાદુઈ લાકડી’નો ઉપયોગ થતો. પુરાણા ગ્રીકોમાં પણ આ ‘લાકડી’ અથવા ‘ડાળી’ વપરાતી. રોમનો પણ ‘લાકડી’ તેમ જ ‘લોલક’ વાપરતા હતા. છેલ્લાં ૨૦૦૦ કરતાં વધારે વર્ષોથી આ બંને સાધનો યુરોપમાં વપરાતાં આવ્યાં છે. આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને અમેરિકામાં પણ આ સાધનો વપરાંતાં હતાં. ‘જાદુઈ લાકડી’, ભારતમાં પણ વપરાય છે.

બે પાંખિયાવાળી ડાળીને બદલે માત્ર લાકડી અથવા ધાતુનો સળિયો પણ વપરાય છે. પેન્ડયુલમ અથવા લોલક તરીકે કડિયાકામમાં વપરાતો ઓળંબો પણ ચાલે, જેમાં અણીવાળા ધાતુના ગઠ્ઠાને દોરી બાંધેલી હોય. ગુજરાતમાં જોષ જોવાને માટે આ સાધનો બહુ ઓછા પ્રમાણમાં વપરાય છે. પણ બે પાંખિયાવાળી ડાળી મારફતે ભૂગર્ભ પાણી તપાસનારા મેં ઘણા જોયા છે, અને તેમની સાથે વાતચીત કરી છે.

બાઈબલમાં પણ આ પ્રકારનાં જોષ જોનારાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં પ્રભુ ફરિયાદ કરે છે કે મારા લોકો અવળે માર્ગે વળી ગયા છે, અને મારી સલાહ ન લેતાં જોષ જોવા પર આધાર રાખે છે. બાઈબલ : હોશિયા ૪ : ૧૨માં લખ્યું છે : "મારા લોકો પોતાના વૃક્ષના ઠૂંઠાની સલાહ પૂછે છે, ને તેમના **જોષીની લાકડી** તેમને પ્રત્યુત્તર આપે છે; કેમ કે વ્યભિચારી હૃદયે તેમને અવળે માર્ગે દોર્યા છે, ને પોતાના ઈશ્વરને તજીને તેઓ વંઠી ગયા છે."

પદાર્થવિજ્ઞાની સર વિલિયમ બેરેટ ભારપૂર્વક જણાવે છે કે આ સાધનો સફળ રીતે વાપરનારાઓ પાસે 'અતીન્દ્રિયદૃષ્ટિ'ની શક્તિ હોય છે, અને એ દ્વારા તે અર્ધચેતન મનમાં દોરવાય છે."

આ લાકડી અથવા લોલકને અનેક પ્રકારનાં કામોને માટે વાપરવામાં આવે છે, જેવાં કે : ભૂગર્ભજલપ્રવાહ કે ધાતુ શોધવા; ખોવાયેલી વસ્તુ કે વ્યક્તિને, અગાઉ તેમણે વાપરેલાં વસ્ત્ર કે સાધન (જેવાં કે મોજાં, ટાઈ, ફોટોગ્રાફ, વગેરે) દ્વારા શોધી કાઢવા માટે; ગુનેગારોને શોધવા માટે; અને એવાં અનેક બીજાં કામોને માટે આ સાધનો વાપરવામાં આવે છે.

કેટલાકનું માનવું છે કે દરેક વસ્તુમાંથી કિરણો નીકળે છે. પૃથ્વીમાંથી તેમ જ જમીનમાંથી કિરણો નીકળે છે. અને એને લીધે આ 'જાદુઈ લાકડી' અને 'લોલક'માં એની અસરો દેખાય છે. પરંતુ વિજ્ઞાનીઓ એવાં કોઈ ભૂમિકિરણો વિષે જાણમાં નથી. મતલબ કે એ સાચી વાત નથી. આ બંને પ્રકારનાં સાધનો પાછળ શેતાની બળો છે. નીચે આપેલા કેટલાક બનાવો પરથી આપણે એ સમજી શકીશું.

---

* William Barrett and Theodore Besterman, "The Divining Rod." આ વિષય પર વધુ સટીક ચર્ચા માટે જુઓ : A. J. Ellis, 'The Divining Rod, a History of Water Witching", U. S. Geological Suevey, Washington D. C., 1917.

રેવ. ડૉ. કર્ટ કોચે પોતાના જાત-અનુભવોમાંથી એ બનાવો આપ્યાં છે.

એક મેડિકલ ડૉક્ટર આત્મિક સલાહને માટે તેમની પાસે આવ્યો. છેલ્લાં બે વર્ષથી તે 'લોલક'નો ઉપયોગ કરતો હતો. એની મદદથી તે ઘણી છૂપી બાબતો શોધી કાઢી શકતો હતો. જો કોઈ માણસ કોઈ અન્ય વ્યક્તિનો ફોટોગ્રાફ તેને આપત્તો, તો આ ડૉક્ટર લોલકની મદદથી એ વ્યક્તિની ઝીણી ઝીણી અને ચોક્કસ વિગતો કહી આપતો. જેમ કે, એ વ્યક્તિનું નામ, સરનામું, ધંધો યા નોકરી, અને એના જીવનની અનેક બધી વિગતો. એને કયું કયું દરદ છે તે પણ કહી આપતો. એટલું જ નહિ, પણ એના ભવિષ્યમાં શું શું બનવાનું છે તે બધા ભાવિ પ્રસંગો વિગતવાર લોલકની સહાયથી તે કહી આપતો.

તો પણ, પોતાની પાસે આવી 'શક્તિ' છે એથી આ ડૉક્ટર ખૂબ મૂંઝવણ અનુભવતો હતો. વળી તે પોતાના ચારિત્ર્યને અવળા માર્ગો તરફ વળાંકો લેતું પણ જોતો હતો. તે ખૂબ દારૂબાજ બનવા લાગ્યો, અને સળંગ સિગારેટો પીવા લાગ્યો, - એટલે સુધી કે એક દિવસમાં સરેરાશ ૮૦ સિગારેટો તે પીતો. બીજી દિશાઓમાં પણ તેનું પતન વધવા લાગ્યું. તે ભ્રષ્ટ બની ગયો. એને લાગવા માંડ્યું કે તે આખરે પાગલખાનામાં મૃત્યુ પામશે.

છેવટે, તે સલાહને માટે ડૉ. કોચની પાસે આવ્યો, અને પોતાના ભૂંડા જીવન વિષે કબૂલાત કરી. ડૉ. કોચે તેને સલાહ આપી, અને પ્રભુ ઈસુને પોતાનું જીવન સોંપવાનો માર્ગ બતાવ્યો. પ્રાકૃતિક નિયમના ક્ષેત્ર બહારની આ માનસિક શેતાની શક્તિ તેનામાં પ્રવેશી હતી તેનાથી છૂટવાનું તેને માટે ખૂબ અઘરું થઈ પડયું. ડૉ. કોચ લખે છે કે "ચાર વખત તેને મારી સાથે બેઠકો લેવી પડી. અમે તેને માટે એક પ્રાર્થનામંડળ પણ સ્થાપ્યું. આ પ્રાર્થનામંડળ તેને માટે આગ્રહથી

પ્રભુની આગળ પ્રાર્થના કરતું હતું કે પ્રભુ તેને એ નારકીય 'શક્તિ'ની પકડમાંથી ઉગારે. લાગલગાટ ચાર મહિના સુધી આ મંડળે તેના માટે પ્રાર્થના કરી, ત્યારે આ ડૉક્ટર એ શેતાની પકડમાંથી મુક્ત બન્યો" *

**'જાદુઈ લાકડી' અને 'લોલક'નું રહસ્ય છતું થાય છે :** એ માટે નીચેનો પ્રસંગ જોઈએ : ડૉ. કોચ આ પ્રમાણે પોતાનો અનુભવ રજૂ કરે છે. જુદા જુદા દેશોમાંથી ૬૦ જેટલા 'લોલક'નો ઉપયોગ કરનારા સ્વીત્ઝર્લાંડમાં એકત્ર થયા હતા. હું પણ નિરીક્ષક તથા અભિપ્રાયદર્શક તરીકે એમાં હાજર હતો. કૉન્ફરન્સ દરમિયાન, સ્વીત્ઝર્લાન્ડમાંથી જ આવેલા એક 'લોલક' વાપરનારે જણાવ્યું કે, "ભૂગર્ભજલ કે ભૂગર્ભખજાનો શોધવા માટે 'જાદુઈ લાકડી' કે 'લોલક' લઈને અમુક સ્થાન પર જવાની જરૂર નથી. એ સ્થાન કે વિસ્તારનો માત્ર મને નકશો આપવામાં આવે તો તે નકશા પર જ 'જાદુઈ લાકડી' કે 'લોલક' ફેરવીને જ હું બતાવી શકું કે ખજાનો કયાં આવેલો છે." એણે એક દાખલો પણ આપ્યો. જાપાનના નકશા પર 'લોલક' ફેરવીને એણે જાપાનમાં પાણી, પેટ્રોલ, ક્ષાર અને બીજા ખનિજ પદાર્થો કયાં કયાં આવેલા છે તે કહી બતાવ્યું. હવે, આ જાપાનનો નકશો સ્વીત્ઝર્લાન્ડમાં છપાયેલા નકશા પર તે માણસ કેવી રીતે ઝીલી કે પારખી શકાય ?

આ બનાવમાં જાપાનના નકશાનું કંઈ જ મહત્વ નથી. તેમ જ એ સ્વીસ માણસના બૌદ્ધિક જ્ઞાનનું પણ મહત્વ નથી. પણ ખરું મહત્વ તો માનવમનની બહારની કોઈ ઈન્દ્રિયાતીત શક્તિનું છે. અને એ ઈન્દ્રિયાતીત શક્તિ તે ઈશ્વરની શક્તિ નહિ, પણ શેતાનીય શક્તિ છે. અને એ શેતાનીય શક્તિ આ બનાવ કે પ્રયોગ પૂરતો (સ્વીસ)

---

* Rev. Dr. Kurt Koch, "Occlult" ABC", P. 188-189.

માનવી મન (psyche)નો કબજો લઈને એને આ માનવાતીત જ્ઞાન (!) પમાડે છે. બધા જ પ્રકારના જોષમાં આમ જ બને છે. *

એવો જ બીજો એક પ્રસંગ જોઈએ : એક ૨૮ વર્ષના જુવાને આપઘાત કર્યો. એની ખબર કુટુંબીજનોને નહોતી. પણ ઠીક ઠીક સમય સુધી એ ઘરમાં દેખાયો નહિ, એટલે એના બનેવીએ 'લોલક' અને 'લાકડી' વાપરનાર પાસે જઈને એ સાધનો દ્વારા તપાસ કરવા કહ્યું. લાકડીવાળાએ કહ્યું કે "એ જુવાને વાપરેલું કોઈ સાધન આપો." એટલે એ જુવાને વાપરેલાં મોજાં આપવામાં આવ્યાં. લાકડીવાળાએ મોજાં જમીન પર મૂકયાં, અને 'લાકડી' લઈને મોજાંની ચારે બાજુ ફર્યો. પછી એણે એ જુવાનનું નામ, જન્મતારીખ, તેણે આપઘાત કર્યો છે તે, અને હાલમાં કયાં મરેલો પડ્યો છે એ બધું કહી બતાવ્યું, વધારામાં એણે એ ગામનો નકશો લીધો, અને એની પર 'લોલક' ફેરવ્યું જેથી એણે આપેલી માહિતી બમણી ચોક્કસ થાય. અને 'લોલક' દ્વારા પણ એ જ માહિતી મળી. યુવાનનો બનેવી પોતાની સાથે પોલીસ લઈને સૂચવેલા સ્થળે ગયો, તો ત્યાં જંગલમાં યુવાનનું શબ પડેલું જોયું. એણે બંદુકની ગોળી દ્વારા આપઘાત કર્યો હતો. આ પ્રસંગમાં પણ 'લાકડી' અને 'લોલક'વાળો જાદુગર માત્ર ઘરમાં જ રહીને મોજાં તથા નકશા દ્વારા બધી માહિતી પામ્યો. અહીં પણ આ 'શક્તિ' માણસની પોતાની નહોતી, પણ શેતાની અશુદ્ધ આત્માએ પેલા 'લોલક'વાળાના મન (psyche)માં એ માહિતી પ્રેરી હતી. •

ડૉ. કોચ પોતાના સ્વાનુભવનો દાખલો પોતાનો "Occult ABC" નામના પુસ્તકમાં આ પ્રમાણે છે.

હું એક ગામમાં વ્યાખ્યાનોની શ્રેણી આપતો હતો, એવામાં હું

---

* Rev. Dr. Kurt Koch, "Occlult" ABC", P. 190-191.

• "Between Christ and Satan", P. 32.

બીમાર પડ્યો. મને એક ખ્રિસ્તી ડૉકટરનું નામ આપવામાં આવ્યું. હું એ ડૉકટર પાસે ગયો. એના તપાસવાના ઓરડામાં પ્રવેશતાં મેં ત્યાં 'લોલક' લટકતું જોયું. એટલે મેં એ વિષે પૂછયું. ડૉકટરે મને જણાવ્યું કે "દરદીનું ચોક્કસ નિદાન કરવામાં તથા ચોક્કસ દવા લખી આપવામાં હું આ લોલકનો ઉપયોગ કરું છું." એટલે પ્રથમ તો મેં ના પાડી દીધી કે હું, તમારી પાસે દવા નહિ કરાવું. લોલકનો ઉપયોગ મારી પર થાય એમ હું ઈચ્છતો નથી. ડૉકટર નવાઈ પામ્યો. એટલે મેં સમજાવ્યું કે 'લોલક' એ શેતાની શક્તિનું સાધન છે. સાથે સાથે મેં પ્રાર્થના પણ કરી, કે સત્ય જોવા માટે પ્રભુ ડૉકટરની આંખો ખોલે. પછી મને નવો વિચાર સ્ફુર્યો. એટલે મેં મનમાં પ્રાર્થના કરી કે, 'પ્રભુ, તમે આ સાધન વિષે ખરાખરી કરાવો, અને ડૉકટરને સાબિત કરી આપો કે આ સાધન શેતાની છે.' હું તમને જણાવું કે જિંદગીમાં આ પહેલી જ વખત ખરાખરી માટે મેં પ્રભુની પાસે માગ્યું.

પછી મેં ડૉકટરને કહ્યું કે, "તમે તમારું 'લોલક' મારી ઉપર વાપરો." તેમણે 'લોલક' લઈને મારી ઉપર ફેરવ્યું, પણ 'લોલક'માં કંઈ જ અસર થઈ નહિ. ડૉકટર બહુ અજાયબ થઈ ગયા, અને કહ્યું, "તમે પહેલી જ વ્યક્તિ છો જેમના પર લોલક કામ કરી શક્યું નહિ." મેં પ્રભુનો આભાર માન્યો. પછી ડૉકટર મને બીજા બે જુદા જુદા ઓરડામાં લઈ ગયા, અને 'લોલક' દ્વારા મને પૂછયું, "તમે શું કર્યું? તમે કયા પ્રકારની વ્યક્તિ છો?" મેં કહ્યું, "હું.ખ્રિસ્તી છું અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરું છું. અને મને સંપૂર્ણ ખાતરી છે કે આવા પ્રકારની 'માનસિક' (psychic) શક્તિઓ શેતાન પાસેથી આવે છે. અને આપણે એનો ઉપયોગ ન જ કરવો જોઈએ. એમાં 'લોલક'નો ઉપયોગ પણ આવી જાય." ડૉકટરે આ વાત કબૂલ કરી. તેમણે કહ્યું,

"જો તમે પ્રાર્થના વડે લોલકને કામ કરતું અટકાવી શકો છે, તો હવે હું માનું છું કે આ લોલકની શક્તિ કુદરતી નથી, પણ ઈશ્વરથી વિરોધી એવી કોઈ શક્તિ છે." એ પછી આ ડૉક્ટરે લોલક વાપરવાનું કાયમ માટે છોડી દીધું.

'જાદુઈ લાકડી' અને 'લોલક'ની શક્તિઓને 'ગુપ્ત, ગુહ્ય કે ગૂઢ વિદ્યા' કહેવામાં આવે છે. પણ એ વિદ્યાઓ કે શક્તિઓનું ઉદ્‌ભવસ્થાન માનવીના મનની બહાર છે. એ શેતાની વિદ્યાઓ અને શક્તિઓ છે. અને શેતાન એ દ્વારા માણસને ઈશ્વરથી દૂર લઈ જઈ અવળે માર્ગે વાળે છે.

•

### પ્રકરણ ૮ મું

# પ્લાન્શેટ બોર્ડ યા વિજા બોર્ડ

## Planchette Board or Ouija Board (જાદુઈ પાટિયું)

ઈંગ્લેન્ડ, અમેરિકા અને યુરોપમાં આ સાધનનો બહુ જ વપરાશ થાય છે. અંગ્રેજી ભાષા બોલતા દેશોમાં એનો વિશેષ વપરાશ છે. એકલા ઉત્તર અમેરિકામાં ૧૯૬૭ની સાલમાં ચાલીસ લાખ જેટલાં અને ૧૯૪૭માં સાઠ લાખ જેટલાં આ સાધન બનાવવામાં તથા વેચવામાં આવ્યાં હતાં. ભારતમાં પણ ઠીક ઠીક પ્રમાણમાં આ 'પાટિયા'નો ઉપયોગ થાય છે, અને વધતો જાય છે. ગુજરાતનાં ઘણાં કુટુંબોમાં - અરે, ખ્રિસ્તી કુટુંબોમાં પણ આ સાધનો મેં જોયાં છે. ફ્રેન્ચ ભાષામાં એનો ઉચ્ચાર 'પ્લાન્શેન' થાય છે. પ્લાન્શેનના વિવિધ પ્રકાર હોય છે.

આ સાધન તે લાકડાનું ગોળ નાનું પાટિયું હોય છે. એમાં બહાર તરફના ગોળાકારમાં એ બી સી ડી લખેલી હોય છે, અને અંદર તરફના ગોળાકારમાં ૧, ૨, ૩, ૪ એમ આંકડા યા સંખ્યા લખેલી હોય છે. પાટિયાની બાજુએ એક ફરતો કાચનો કે ધાતુનો કાંટો હોય છે. એમાં ઊભી પેન્સિલ મૂકેલી હોય છે. આ પાટિયાને જે જે પ્રશ્નો પૂછો તેના જવાબમાં આ કાંટો પેલી એ બી સી ડી ઉપર જવાબના શબ્દોની જોડણી પર ફરે. આંકડા દર્શાવવાના હોય તો કાંટો આંકડા ઉપર ફરે. અંગ્રેજીમાં શબ્દોની જોડણી હોય છે, અને વર્તુળમાં એ બી સી ડી લખેલી હોય છે. એટલે અંગ્રેજી, હિંદી કે અન્ય ભારતીય ભાષામાં કક્કાવારી તેમ જ ક કા કિ કી કુ કૂ કે કૈ કો કૌ કં કઃ એમ છત્રીસેય મૂળાક્ષરો તથા અ આ ઇ ઈ ઉ ઊ વગેરે સ્વરો લખવાનું ખૂબ

અઘરું થઈ પડે, અને વ્યવહારુ ન બને. મોટે ભાગે આ પાટિયું ત્રિકોણ હોય છે. એની બે બાજુએ ફરતી ગરગરડીઓ હોય છે. વ્યક્તિ પેલા કાંટા પર હળવેથી આંગળી મૂકે, અને મનમાં કે જાહેરમાં પ્રશ્ન પૂછે એટલે પેલો કાંટો અને પેન્સિલ આપોઆપ ફરે.

અંગ્રેજીમાં એને 'વિજા બોર્ડ' (Ouija Board) કહે છે. અને ફ્રેન્ચમાં એને 'પ્લાન્શેન્ટ' (planchette) કહે છે, જેનો અર્થ 'પાટિયુ.' તેમ જ જર્મનીમાં એને 'સાઈકોગ્રાફ' (psychograph) પણ કહે છે, અને એનો અર્થ થાય છે : 'મનનું લખાણ.'

ઘણા અમેરિકી માનસશાસ્ત્રીઓ એ પાટિયા વિષે લોકોનાં મનોમાં એમ ઠસાવવા માગે છે કે, માણસના અચેતન મનમાં જે બધું અંધકારમાં ધરબાયેલું પડયું હોય છે, તેને જાહેરમાં લાવવા માટે આ 'બોર્ડ છે. પણ એ સાચી વાત નથી. આ 'પ્લાન્શેટ' બોર્ડ દ્વારા ભૂતકાળની વાતો તેમ જ ભવિષ્યમાં બનનારી બાબતો પણ રજૂ કરાય છે. એ દ્વારા ભવિષ્યકથન પણ થાય છે. એમ એ પાટિયું શેતાની બળ દ્વારા કે શેતાની આત્માઓ દ્વારા ભવિષ્યકથન કરે છે. એટલે એ ઈશ્વરની વિરુદ્ધની પ્રવૃત્તિ માટે વપરાય છે : જોષ જોવા માટે વપરાય છે.

થોડાંક વર્ષ પૂર્વે અમદાવાદની એક હૉસ્ટેલના વિદ્યાર્થીઓ એક રાત્રે આવું વિજા બોર્ડ લઈને ગમ્મત ખાતર બેઠા હતા. પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હતી. એટલે નવરા બેઠા ગમ્મત કરતા હતા. કોઈ એકે ગમ્મત ખાતર વિજા બોર્ડને પ્રશ્ન કર્યો કે "અમારામાંથી પહેલું કોણ મરી જશે ?" વિજા બોર્ડ એ બી સી ડી દ્વારા એ વિદ્યાર્થીઓમાંના જ એકનું નામ આપ્યું. એ પછી ઉનાળુ રજામાં વિદ્યાર્થી અકસ્માતમાં મરી ગયો. એના મિત્ર સાથે સ્કૂટર પર તે પાછળ બેઠો હતો. સ્કૂટર

એક ટ્રક સાથે ટકરાયું, અને પાછળ બેઠેલો આ જુવાન મરી ગયો. સ્કૂટરચાલક ઘવાયો; પણ બચી ગયો.

પ્રેતવિદ્યાના સાધન તરીકે આ 'વિજા' કે 'પ્લાન્શેટ' પાટિયું જાણીતું છે. એને વાપરનારા લોકો એમ માનતા હોય છે કે, મરી ગયેલાંના આત્માઓને આ સાધન દ્વારા બોલાવી શકાય છે, અને પ્રશ્નોના જવાબો આપનાર પણ આ મરેલાંના આત્માઓ હોય છે. પણ એ માન્યતા ખોટી છે. પ્રશ્નોના જવાબો તો શેતાનના અશુદ્ધ આત્માઓ જ આપતા હોય છે. તેઓ મરી ગયેલી એવી જે વ્યક્તિને બોલાવી હોય તેના અવાજનું આબેહૂબ અનુકરણ કરીને બોલે છે.

આ 'વિજા બોર્ડ' કે 'પ્લાન્શેટ બોર્ડ' એ શેતાની વિદ્યાનું સાધન છે. ઈશ્વરનાં માણસોએ એનાથી 'બાર ગાઉ' દૂર રહેવું. શેતાની વિદ્યામાં ફસાયેલાંને આખરે ભારે અશાંતિ, આપદા અને હેરાનગતિ ભોગવવાં પડે છે. માનસિક ત્રાસ અને આત્મિક શુષ્કતા - એ વધારાનાં !

•

## પ્રકરણ ૯ મું

# જોષ જોવાનાં બીજાં કેટલાંક સાધનો

### (૧) પ્રાયમસ સ્ટવ દ્વારા જોષ

ઘરમાં રસોડામાં વપરાતો સામાન્ય સ્ટવ પણ, ઉપર પ્રકરણ ૮માં જણાવેલા 'પાટિયા'ની જેમ જોષ જોવા તથા પ્રેતવિદ્યા માટે વપરાય છે. પિત્તળ અથવા તાંબાના થાળ પર સ્ટવ મૂકવામાં આવે. પછી એના ત્રણ પાયા આગળ ત્રણ જણ સ્ટવ તરફ મુખ રાકીને બેસે, અને સ્ટવ ઉપરની પ્લેટ પર પાયાના માથા આગળ, આંગળીઓ ઉપરના ભાગમાં અને અંગૂઠો નીચે એમ બંને હાથોની હથેળીમાં રાખીને બેસે. ત્રણે જણ શાંત બેસે.

પંદર-વીસ મિનિટ સુધી એમ શાંત બેઠા પછી એક જણ કહે કે, "જો સ્ટવ તૈયાર હોય તો ફલાણાનો પાયો ત્રણ (અથવા ગમે તેટલા) ટકોરા કરે." એટલે સ્ટવનો એ પાયો ઊંચો થઈને ટકોરા કરશે. એ પછી તમે ગમે તે સૂચક પ્રશ્નો, ભવિષ્યને લગતા પ્રશ્નો, કે ભૂતકાળના થઈ ગયેલા બનાવો કે વ્યક્તિઓ સંબંધીના પ્રશ્નો પૂછો, અને જવાબ માટે 'હા' હોય તો ફલાણાનો પાયો આટલા ટકોરા કરે, અને જો જવાબ નકારમાં હોય તો આટલા ટકોરા કરે, એમ સૂચવો. એટલે એ પાયો એ પ્રમાણેના ટકોરા આપોઆપ કરશે. એમ ભવિષ્યમાં શું બનશે તે વિષે પણ પ્રશ્નો પૂછી શકાય છે. આ સ્ટવના પ્રયોગ દ્વારા માનવાતીત જાણકારી મેળવી શકાય છે, અને જોષ પણ જોઈ શકાય છે.

આમ, રસોડામાં વપરાતો સ્ટવ શેતાનના હાથમાં સાધન તરીકે વપરાય છે. એ જવાબોની પાછળ શેતાનના અશુદ્ધ આત્માઓની કામગીરી છે. હાઈસ્કૂલના હૉસ્ટેલમાં હતા ત્યારે આ પ્રયોગો કરેલા.

અને એ ખીલતા યૌવનકાળમાં પણ મને એકાએક ભાન થયેલું, એટલે કે ઈશ્વરે જ ચેતવેલો કે આ નિર્દોષ દેખાતી રમત પાછળ શેતાની વિદ્યા અને નારકીય બળ છે. પછી તો હું એને અડયો જ નથી (૧૯૨૭ની સાલ).

આ પ્રયોગમાં પ્રાયમસ સ્ટવ કે તાંબાપિત્તળના થાળનું કંઈ જ મહત્વ નથી. એમનામાં કોઈ જાદુઈ શક્તિ નથી. વળી સ્ટવ આગળ બેઠેલી વ્યક્તિઓની "વિચારશક્તિ"નો પણ એમાં પ્રભાવ નથી. એ બધા વિચારોનું આ પ્રયોગમાં કંઈ જ મહત્વ નથી. પણ એની પાછળ કામ કરી રહેલી શેતાનના દુષ્ટ આત્માઓની 'શક્તિ ભાગ ભજવી જાય છે. આમ તો પ્રયોગ તદ્દન સાદોસીધો અને બિલકુલ નિર્દોષ લાગે છે,પણ એની પાછળ શેતાનની અંધારી આલમનું ભયાનક બળ કામ કરી રહ્યું છે. આવા નિર્દોષ લાગતા પ્રયોગો દ્વારા શેતાન પગથિયે ચઢાવીને માણસોને પોતાના પાશવી બંધનમાં પોતાના ગુલામ બનાવી રાખે છે.

થોડા સમય પર આપણા એક ગુજરાતી છાપામાં **"વિચારશક્તિના ચમત્કારો માટેના અદ્ભૂત પ્રયોગો"**ના મથાળા નીચે આવા જ પ્રયોગો - નિર્દોષ લાગતા પ્રયોગો - વિષે આપેલું હતું. કાચના ટમ્બલર અંદર, લટકતી રહે એવી રીતે ટમ્બલર પર બાંધેલી વીંટી, આપણા પ્રશ્નોના ઉત્તરો તરીકે વીંટી, વીંટી ટમ્બલર સાથે અફળાઈને ટકોરા કરે. એ પછી લેખકે ગંજીફાનાં પાનાંનો પ્રયોગ પણ આપ્યો હતો.

આ બધા માટે તે લખે છે કે "આમાં તમારું વિચારબળ અથવા નિશ્ચયબળ કામ કરે છે." પણ વિચાર કે નિશ્ચયબળ સાથે આ પ્રયોગને કાંઈ સંબંધ નથી. આ તો શેતાન દ્વારા આપણે શેતાની આત્માઓની અંધારી આલમમાં પ્રવેશીએ છીએ. એમાં ખતરો છે. ઉપરનો લેખક લખે છે કે, **"અમુક ચોક્કસ પ્રકારના મંત્રનો ઉપયોગ કરીને આ**

**પ્રયોગ કરવામાં આવે તો, સાધક કોઈ પણ વ્યક્તિના ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ જાણી શકે છે."** વળી તે લખે છે કે, "ધ્યાન, સાધના, ઉપાસના કરનાર વ્યક્તિઓ આ પ્રયોગ કરે, તો જલદી સફળતા મળે છે." પણ ભુલાવામાં પડતા ના. આ નિર્દોષ નહિ, પણ ખતરનાક પ્રયોગો છે. એ દ્વારા તમે દુષ્ટાત્માઓની દુનિયાનો સંપર્ક સાધો છો, અને એનાં જોખમો પ્રત્યે તમે તમારું વ્યક્તિત્વ ખુલ્લું કરો છો !

**(૨) દાબડી દ્વારા જોષ**

હું નાનો હતો. નડિયાદની પ્રાથમિક શાળામાં ગુજરાતી બીજું ધોરણ ભણતો હતો. ત્યારે (૧૯૨૩) જોષ જોવાની દાબડી ઠીક ઠીક વપરાશમાં હતી. એનો વપરાશ આપણે આગળ જોઈ ગયા તેમ આયના કે કાચના ગોળા સમાન જ હતો. એ સમયે અમે હૉસ્ટેલમાં રહેતા હતા, અને કેટલાક મોટા છોકરાઓ આવી દાબડીઓ ક્યાંકથી લાવ્યા હતા.

એ દાબડીઓમાં મલમ જેવો કોઈ ચીકણો પદાર્થ હતો. એ પદાર્થ દાબડીના ચોથા ભાગની જગ્યા જેટલો હતો. દાબડીમાં દશેક મિનિટ જોઈ રહ્યા પછી આપણે ધારીએ અને બોલાવીએ તે વ્યક્તિ પેલા મલમ પર દેખાય. પછી આપણે પૂછીએ તે પ્રશ્નના જવાબ ટૂંકામાં લખાય; ભવિષ્યને લગતી માહિતી પૂછવાથી તે પ્રાપ્ત થાય. જેમ કે, "હું પાસ થઈશ કે નાપાસ ?" "કયા નંબરે પાસ થઈશ ?" "મારી ખોવાયેલી ચીજ ક્યાં હશે ?" "મારું ફલાણું સગું આટલા વખત પર મરી ગયું છે; તે સ્વર્ગમાં હશે કે નર્કમાં ?" વગેરે, વગેરે.

મને પણ કોઈએ એ દાબડી આપી હતી. મેં એમાં થોડીવાર જોયેલું ખરું, અને પ્રશ્ન પણ પૂછેલા. પણ એટલી નાની ઉંમરે પણ મને એકાએક ભાન થયું (કદાચ ઈશ્વરે જ સુઝાડયું હશે ને !). મેં એ દાબડી

પાછી આપી દીધી. હવે મને સમજાય છે કે એ અંધકારના સામ્રાજ્યનું, એટલે શેતાની બળોનું સાધન હતું; કોઈ નિર્દોષ રમકડું નહોતું.

એ જ અરસામાં હૉસ્ટેલનો એક વિદ્યાર્થી ખોવાઈ ગયો. દસ દિવસ સુધી ન મળ્યો. પછી જ્યારે એ પાછો આવ્યો ત્યારે એના હાલહવાલ ભૂંડા હતા, અને તે જાતજાતના જાદુપ્રયોગ કરતો, અને મંત્રોતંત્રો જેવું કંઈક બબડતો હતો. એનું કહેવું હતું કે કોઈ સાધુબાવો તેને પકડી ગયો હતો, અને એણે એને આ બધું શીખવ્યું હતું. એ છોકરો પછી બેએક મહિનામાં મરી ગયો. નવાઈની વાત તો એ છે કે એનો જ મોટો ભાઈ સૌ પ્રથમ પેલી દાબડી લાવ્યો હતો.

જોષ જોવાનાં આવાં તો વીસેક જેટલાં સાધનો છે. એમાંથી ફક્ત થોડાંક વિષે જ અહીં ઉલ્લેખ કર્યો છે. પણ જોષ જોવા તે પાપ છે, અને ઈશ્વરની વિરુદ્ધની પ્રવૃત્તિ છે. એમાં અંધકારનાં બળો, એટલે કે શેતાનની શક્તિઓ ભાગ ભજવી જાય છે, અને માણસને ઈશ્વરના માર્ગમાંથી દૂર ઘસડી જાય છે.

•

## પ્રકરણ ૧૦ મું

# પેરાસાઇકોલૉજી

## (Parapsychology-**પરામાનસશાસ્ત્ર**)

છેલ્લા લગભગ એક સૈકાથી 'પેરાસાઈકોલૉજી'નો વિષય શિક્ષિત જગતમાં ઘણો ચર્ચાતો વિષય બની ગયો છે. યુરોપ, અમેરિકા, અન્ય દેશોમાં અને ભારતમાં પણ યુનિવર્સિટીમાં આને ખાસ વિષય તરીકેનું સ્થાન મળ્યું છે. આમ તો આ વિદ્યા હજારો વર્ષથી જગતભરમાં પ્રચલિત હતી, અને એને જાદુ 'સાધનાની સિદ્ધિ', એમ જ મંત્રો-તંત્રો સાથે સાંકળવામાં આવતી હતી; પણ આ વીસમી સદીના પાછલા ભાગમાં એને વિજ્ઞાનની શાખા તરીકે ગણવામાં આવે છે, અને યુનિવર્સિટીઓમાં શીખવવામાં આવે છે, અને પ્રયોગશાળાઓમાં એના પ્રયોગની ચકાસણી પણ કરવામાં આવે છે.

આમ તો ગુજરાતીમાં એને 'પરામાનસશાસ્ત્ર' કે 'પરામનોવિજ્ઞાન' તરીકે ઓળખવામાં આવે છે, પણ એનો ખરો અર્થ તો 'અતીન્દ્રિયજ્ઞાન' થાય છે. આપણી પાંચ જ્ઞાનન્દ્રિયો દ્વારા નથી મેળવી શકાતું એવું જ્ઞાન કે શક્તિ મેળવવાની આ વિદ્યા મનાય છે. એમાં નીચે પ્રમાણેનું અનેક પ્રકારનું જ્ઞાન થાય છે. **યોગવિદ્યા**ના આખરી તબક્કામાં પણ આવી કેટલીક શક્તિઓ પ્રાપ્ત થાય છે :

**૧. અદીઠને જોઇ શકીએ :** જે વસ્તુઓ, વ્યક્તિઓ, કે બનાવોને આપણે જોઈ શકતા નથી તેમને આ શક્તિ દ્વારા જોઈ શકાય છે. આમાં કોઈ પણ જ્ઞાનેન્દ્રિયની સહાય વગર, અને કોઈ પણ ભૌતિક સાધન કે શક્તિ વાપર્યા વગર અદીઠ વસ્તુ, વ્યક્તિ કે બનાવને મન(માનસ)થી જોઈ શકાય છે.

(क) **ભૂતકાળમાં** થઈ ગયેલી વ્યક્તિઓ, બનાવો કે સાધનો કે સ્થળોને, આપણે જો કે કદી જોયાં ન હોય તોયે, એમને આ પરામાનસશાસ્ત્રની શક્તિથી જોઈ શકીએ છીએ. ભૂતકાળમાં બનેલા ગુના અને ખૂનો અને તેમની સાથે સંકળાયેલી વ્યક્તિઓને, સાધનોને, અને સ્થળોને શોધવા માટે આ વિદ્યા જાણનારાઓને પોલીસખાતું કે ગુનાશોધકખાતું વાપરે છે.

(ख) **ભવિષ્યમાં** બનનારા બનાવો, તેમાં સંકળાયેલી વ્યક્તિઓ અને સાધનો, તેમ જ સ્થળોને પણ અગાઉથી જોઈ શકાય છે. આ વિદ્યા દ્વારા ભવિષ્યની જાણકારી પામવાથી ગમે તેનું ભાવિ જોઈ શકાય છે, અને તે વિષેની આગાહીઓ પણ થઈ શકે છે. જોષ જોવાની આ પણ એક વિદ્યા અને શક્તિ છે.

(ग) **વર્તમાનકાળમાં** પણ ખોવાયેલી વસ્તુઓ અને વ્યક્તિઓને આ વિદ્યા દ્વારા મનથી જોઈ શકાય છે. એનું સ્થળ અને સંજોગ પણ જોવાતાં હોવાથી એવી વ્યક્તિ કે વસ્તુને તરત શોધી શકાય છે.

**૨. ન સંભળાતું સાંભળી શકીએ :** કદી નહિ સાંભળેલા અવાજ અને વાણી ભૂત, વર્તમાન અને ભવિષ્યના સંદર્ભમાં, આ શક્તિ દ્વારા મનથી સાંભળી શકાય છે. એમ, આ દ્વારા પણ આગાહીઓ સાંભળી શકાય છે, અને ભવિષ્યકથન કરી શકાય છે. આ શક્તિ પણ જોષ જોવાનું એક સાધન બની જાય છે.

**૩. અડકયા વગર વસ્તુઓમાં ફેરફાર કરી શકીએ :** આ કહેવાતી પરામાનસશક્તિ ધરાવનાર વ્યક્તિ પોતે જોતી હોય કે ન જોતી હોય તેવી વસ્તુઓમાં પોતે ધારેલા ફેરફારો કરી શકે છે. દાખલા તરીકે, યહૂદી જુવાન યુરી ગેલર ચમચાકાંટા વાળી શકે છે. પોતાના સ્થળેથી ઘણે દૂર સુધીના - સેંકડો કિલોમિટરના અંતરે આવેલા ચમચાકાંટોને તે વાળી શકે છે. આ પુસ્તકમાં આ વિષે અન્ય સ્થળે

લંબાણથી આપવામાં આવ્યું છે. એક પ્રયોગમાં આઘેના એક ઓરડામાં બેઠેલો માણસ, પાસે પડેલાં ચિત્રોમાંથી જે પસંદ કરીને ઉઠાવે, તે જ ચિત્ર દૂર બીજા ઓરડામાં બેઠો બેઠો યુરી ગેલર બરાબર દોરી બતાવી શકે છે.

ઘરો, ઑફિસો અને અન્ય સ્થળોએ - એટલે કે ઘરની ચીજો આમતેમ હાલવા લાગે, ધડાધડ પડે, ઊંધીચત્તી થઈ જાય, તેમ જ મેલું પડે, પથરા પડે, એ બધું આ શક્તિ દ્વારા થાય છે. એમાં ભાગ ભજવનારને 'પોલ્ટરજીસ્ટ' (Poltergeist) કહે છે.

**૪. મેન્ટલ ટેલિપથી :** દૂર અંતરે રહેલા બે માણસો વચ્ચે, જ્ઞાનેન્દ્રિયોની મદદ વિના, સમભાવના પેદા કરવી, એને 'ટેલિપથી' કહે છે. બીજાના મનના વિચારો અને લાગણીઓ પાસેથી કે દૂરથી આ 'ઑકલ્ટ' વિદ્યા દ્વારા જાણી શકાય. વિજ્ઞાનીઓ આને અલગ પ્રકારની શક્તિ માને છે.

આ ઉપરાંત આ પરામાનસવિદ્યા નીચે બીજી ઘણી વિદ્યાઓ આવે છે, જેમ કે 'ટેલિકીનેસિસ' (= દૂરના અંતરે આવેલી વસ્તુને ખસેડવી); સમાધિમાં બોલવું, એમાં જોષકથન પણ થાય છે; આપોઆપ લખાણ, ઈત્યાદિ.

**૫. આ શક્તિનું ઉદ્‌ભવસ્થાન :** આ 'પેરાસાઈકોલૉજી' (પરામનોવિદ્યા) શક્તિનું ઉગમસ્થાન કે ઉત્પત્તિસ્થાન કયું છે ? એ વિષે ત્રણ મત છે :

**(क) માણસના મનની શક્તિ :** પરામાનસશાસ્ત્રીઓમાંથી થોડાક સિવાયના બધા એમ માને છે કે, આ શક્તિ માણસના મનમાં જ ઉદ્‌ભવે છે. આ શક્તિ મગજમાં, એટલે કે માનસ(psyche)માં આવેલી છે. હા, બધાં માણસો પાસે એ શક્તિ નથી હોતી એ ખરું, પણ જેમ સંગીતની કલા બધા પાસે એ શક્તિ નથી હોતી એ ખરું, પણ જેમ સંગીતની કલા બધા પાસે નથી હોતી તેમ જ આ શક્તિ પણ થોડાકનાં મનમાં ઉત્પન્ન થાય છે.

(ख) આત્માઓની દુનિયામાંથી આ શક્તિ આવે છે : આ માન્યતા ધરાવનારા અભ્યાસકો અને પરામાનસશાસ્ત્રીઓ કહે છે કે, માણસની પાસે આવી શક્તિ છે જ નહિ; પણ બહારથી એટલે કે આત્માઓની દુનિયામાંથી માણસને આ શક્તિ મળે છે. આ શક્તિ મેળવનાર વ્યક્તિઓ 'માધ્યમ' કહેવાય છે. 'માધ્યમ' એટલા માટે કે માણસોની દુનિયા અને આત્માઓની દુનિયા વચ્ચે તેઓ 'વચવાળા તરીકે વપરાય છે. તેઓની મારફતે આ શક્તિ આવે છે.'

કેટલાક પરામાનસવિજ્ઞાનીઓ આ માન્યતાને ટેકો આપે છે, જેમ કે પ્રોફેસર કાર્લ જંગ. જો કે તેઓ જાહેરમાં પોતાનો આ અભિપ્રાય આપતા નથી. તેમને એ વિષે કોઈએ પૂછયું કે "તમે જાહેરમાં 'તમારાં લેકચરો' અને પુસ્તકો દ્વારા એમ કેમ નથી જણાવતા ?" તો પ્રોફેસર જંગે ઉત્તર આપ્યો કે, "My colleagues would regard me as mentally unbalanced !" (મારા સહપ્રાધ્યાપકો એમ માની લે કે હું મનની સમતુલા ગુમાવી બેઠો છું.)

ખરેખર તો કેટલાયે પ્રોફેસરો અને પ્રાધ્યાપકો મનથી તો માને છે કે, આ શક્તિ માણસની પોતાની નથી, પણ બહારથી - આત્માઓની દુનિયામાંથી આવે છે. પણ એવું તેઓ કબૂલ કરતા નથી, નહિ તો વિજ્ઞાની તરીકેની તેમની પ્રતિષ્ઠા તે ગુમાવી બેસે. આત્માઓની દુનિયામાંથી આ શક્તિ આવે છે એમ માનનારા 'માધ્યમો' યુરી ગેલર, મેથ્યુ મેનિંગ, વગેરે છે.

**૬. આ ત્રીજી માન્યતા ધરાવનારાઓમાં ત્રણ પ્રકાર છે :**

(क) **ભૂત, પ્રેત તરફથી :** મરી ગયેલાના આત્માઓ તરફથી આ શક્તિ આવે છે, એમ કેટલાક માને છે. પણ આ માન્યતામાં કંઈ તથ્ય નથી. બે રીતે આ મત વજૂદ વગરનો છે :

(૧) મરણ પામેલાં માણસોના આત્માઓ પૃથ્વી પર ભટકતા નથી, પણ ઈશ્વરના હવાલામાં રહે છે. પૃથ્વી પર આવવાની તેઓને છૂટ નથી.

(૨) જયારે આ માણસો જીવતાં હતાં ત્યારે માણસો તરીકે તેમની પાસે આ શક્તિઓ નહોતી. તો મૃત્યુ પછી તો એવી શક્તિઓ એમના આત્માઓ પાસે કયાંથી હોય ? હવે તો ઊલટું તેમના સમગ્ર વ્યક્તિત્વમાંથી શરીર ઓછું થઈ ગયું.

(ख) **શેતાન તરફથી :** શેતાન અને તેના દુષ્ટાત્માઓ પાસેથી આ શક્તિ માણસોને મળે છે. આ દુષ્ટાત્માઓ 'અપદૂતો' તરીકે પણ ઓળખાય છે. દૂતો તેમ જ અપદૂતોની પાસે અપાર શક્તિ છે, અને માણસના મનતંત્ર(માનસ-psyche) અને બુદ્ધિતંત્ર દ્વારા તેઓ સંપર્ક સાધે છે. અને તેઓ આ રીતે માણસોમાં આવી શક્તિ ઘુસાડે છે.

એમ માલૂમ પડે છે કે જે કુટુંબોમાં 'ઑકલ્ટ' વિદ્યાઓ વંશપરંપરાથી વપરાતી આવે છે, તેવાં કુટુંબોમાં આવા અશુદ્ધ આત્માઓ સાથે સંપર્ક રાખતાં 'માધ્યમો' (Mediums) ઘણાં હોય છે. અને તેવાં કુટુંબનાં માણસો આ અપદૂતોના ભોગ બની જાય છે.

(ग) મૂળે ઈશ્વરે માણસને આપેલી આ શક્તિ શેતાન વાપરે છે : કેટલા ખ્રિસ્તી અભ્યાસકો માને છે કે ઈશ્વરે આદમ-હવાને બનાવ્યાં ત્યારે તેમને આવી અદ્દભૂત શક્તિઓ ઈશ્વરે જ આપી હતી. પણ શેતાનના ભુલાવા મારફતે તેઓ પાપમાં પડયાં અને પતિત થયાં. પછી માણસજાતની આ શક્તિઓ તેઓનાં મનો (psyche)ની અંદર 'લૉક-અપ' (lock-up) થઈ ગઈ છે; મનમાં બંધ કરી દેવામાં આવી છે. માણસ એ શક્તિઓ વાપરી શકે તેમ નથી. પણ હવે શેતાન પોતાના લાભાર્થે અને ઈશ્વરની વિરુદ્ધ વાપરવા માટે માણસના માનમાંથી આ શક્તિઓને છંછેડે છે - બહાર કાઢે છે, અને વાપરે છે.

(ख) અને (ग) લગભગ સરખાં જ છે, કારણ, એ બંને માન્યતાઓ એમ સૂચવે છે કે હાલમાં માણસને આવી શક્તિ આપનાર શેતાન છે.

શેતાન કોઈ પણ વ્યક્તિને ગમે તે ચીજ કે શક્તિ કે કીર્તિ, એમ ને એમ ઉદાર થઈને આપતો નથી. એ બધું આપવામાં એનો ભૂંડો ઈરાદો હોય છે, એના મનમાં મેલી રમત હોય છે. માણસને ઈશ્વરથી દૂર લઈ જવા, અને અવળે પાટે ચઢાવી દેવા તે આવી શક્તિ માણસને આપે છે. અગર તેના અન્ય કાંઈ દુષ્ટ હેતુઓ પાર પાડવા માટે આ બધું આપે છે.

પણ એ શક્તિ તેમ જ એવું બીજું બધું શેતાન પાસેથી પામનાર કે લાભ લેનારને, તેમ જ જેની મારફતે એ આવે છે તે સર્વને, આત્મિક, નૈતિક અને ભૌતિક નુકશાન થાય છે. હા, જ્યાં સુધી આ માણસો શેતાનના હાથમાં વપરાતા રહે છે, ત્યાં સુધી તો શેતાન તેમને છંછેડતો નથી; તે તેમની સંભાળ રાખે છે. પણ જ્યારે આ 'માધ્યમ' માણસ, કે લાભ પામનાર માણસ, સત્યને પંથે, ઈસુ ખ્રિસ્ત પાસે આવવા માગે છે, ત્યારે શેતાન તેમને ઘણા હેરાન કરે છે. અને ત્યારે જ ખબર પડે છે કે 'શેતાન શેઠ'ની સેવા સરવાળે ઘણી જ કપરી, અને નુકશાનકારક હોય છે. શેતાનનો કે એની શક્તિનો લાભ ઉઠાવવો તે ખતરનાક છે.

માટે જ બાઈબલ સ્પષ્ટ ચેતવણી આપે છે કે, "વહાલાંઓ, દરેક આત્મા પર વિશ્વાસ ન રાખો, પણ આત્માઓ ઈશ્વર પાસેથી છે કે નહિ (કે પછી શેતાન તરફથી છે) એ સંબંધી તેઓને પારખી જુઓ; કેમ કે જગતમાં જૂઠા ભવિષ્યવાદીઓ ઘણા નીકળ્યા છે." - "પવિત્ર આત્મા સ્પષ્ટ કહે છે કે, પાછલા સમયમાં કેટલાક માણસો ભુલાવનાર આત્માઓ પર તથા દુષ્ટાત્માઓના સિદ્ધાંતોમાં એટલે કે શિક્ષણમાં મન પરોવશે" (બાઈબલ : ૧ યોહાન ૪:૧ અને ૧ તિમોથી ૪:૧-૨).

●

## પ્રકરણ ૧૧ મું

# સાઇકોમેટ્રી (Psychometry-મનમાંપણી)

આ પણ 'ઑકલ્ટ' શક્તિ છે. પેરાસાઈકોલૉજીના પ્રકરણ નીચે આ વિષયને મૂકી શકાય.

કોઈ પણ વ્યક્તિની વાપરેલી કોઈ પણ વસ્તુ, દાખલા તરીકે રુમાલ, મોજાં, પહેરણ, પેન, કાંસકો, લખાણ, ઈત્યાદિ પરથી 'સાઈકોમેટ્રિસ્ટ' વ્યક્તિ એ વસ્તુ કોની છે, એ કયાં રહે છે, એનું સરનામું શું છે, હાલ એની કેવી સ્થિતિ છે, એ અને અન્ય માહિતી આપી શકે છે. મૃત્યુ પામેલી વ્યક્તિની એ વસ્તુ હોય તો એ વ્યક્તિ કોણ હતી, અને કયું દરદ હતું, એ કેવી રીતે મરી ગઈ, એ બધી માહિતી આ 'સાઈકોમેટ્રિસ્ટ' આપી શકે.

આ વ્યક્તિ જેના વિષે 'સાઈકોમેટ્રિસ્ટ' વર્ણન આપે છે તે વ્યક્તિને તેણે કદીયે જોઈ ન હોય કે, એના વિષે કદી જાણ્યું કે સાંભળ્યું પણ ન હોય, તો પણ ઉપરની બધી વિગતો તે આપી શકે છે. કારણ, એ પોતે પોતાની કોઈ અજાયબ શક્તિથી એ બધી વિગતો પૂરી પાડતો નથી, પણ શેતાનની અંધારી આલમના દુષ્ટાત્માઓ તેને એ બધી માહિતી પૂરી પાડે છે. આવી શક્તિના ઉગમસ્થાન માટે આટલું કહેવું પૂરતું છે કે 'પરામનોવિજ્ઞાન' (પેરાસાઈકોલૉજી) વિષે આગળ જે બધું કહેવામાં આવ્યું તે બધું આને એટલે 'સાઈકોમેટ્રી'ને પણ લાગુ પડે છે.

•

## પ્રકરણ ૧૨ મું

# અગમજ્ઞાન (Precognition)

કોઈ પણ **સાધન વગર ભવિષ્યમાં** બનનાર બનાવો અને તેમાં સંકળાયેલી વ્યક્તિઓ અને સ્થળો વિષેની અગમજ્ઞાન કે અગમજાણકારી મેળવી લેવાની શક્તિને 'પ્રીકોગ્નિશન' કહે છે. એ દ્વારા જોષ જોઈ શકાય છે, અને ભવિષ્યકથન કરી શકાય છે. આ પણ શેતાનની શક્તિ છે, અને તે ખતરનાક છે; અને માણસને ઈશ્વરથી દૂર લઈ જાય છે, તેમ જ ઈશ્વર પરની શ્રદ્ધામાં ખોટ લાવી દે છે.

●

## પ્રકરણ ૧૩ મું

# અતીન્દ્રિય દૃષ્ટિ

## (ક્લેરવૉયન્સ - (Clairvoyance)

આપણી પાંચ જ્ઞાનેન્દ્રિયોની મદદ લીધા વગર અલૌકિક કે માનવાતીત રીતે જોવાની અને જાણવાની શક્તિને 'અતીન્દ્રિય દૃષ્ટિ' કે 'ક્લેરવૉયન્સ' કહે છે. એને ઘણી વખતે **'છઠ્ઠી ઇન્દ્રિય'** પણ કહે છે. દૃષ્ટિ બહાર હોય એવી વસ્તુ અગર બનાવ માનસચક્ષુ દ્વારા જોવાની આ અલૌકિક શક્તિ છે. આ શક્તિને 'પેરાસાઈકોલૉજી'ના સંબંધમાં આપણે જોયું તેમ આ 'અતીન્દ્રિય દૃષ્ટિ (ક્લેરવૉયન્સ)'ના ક્ષેત્રમાં પણ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં પણ આ વેધક શક્તિ દ્વારા ડોકિયું કરી શકાય.

ઉપર જોયું તેમ આ શક્તિ દ્વારા ભવિષ્યમાં પણ નજર નાખી શકાય છે, એટલે જોષ જોવા માટે પણ આ શક્તિ વાપરી શકાય છે. આમાં જોષ અથવા 'ભાવિ' જોવા માટે કોઈ ભૌતિક સાધન (કાચનો ગોળો, જન્મકુંડળી, ઈત્યાદિ) વાપરવામાં આવતું નથી. 'અતીન્દ્રિય દૃષ્ટિ' આ શક્તિ દ્વારા આપોઆપ ભૂતકાળ, વર્તમાનકાળ, તેમ જ ભવિષ્યકાળ જોઈ શકે છે.

**(૧) ભૂતકાળના બનાવ વિષે અતીન્દ્રિય દૃષ્ટિ :** એનો એક દાખલો જોઈએ.

(क) **ખોવાયેલા બાળકની માહિતી :** મુંબઈના એક પરાંના ખાતાપીતા કુટુંબનો, ચાલતાં શીખેલો દીકરો, બીજાં છોકરાં સાથે રમવા ગયેલો. બીજાં છોકરાં એને ઊંચકીને લઈ ગયેલાં. આ છોકરાને

લમણા આગળ એક મોટું લાખિયું હતું. છોકરાં બધાં રમવા ચઢેલાં, એટલામાં બાજુ પર બેસાડેલા આ છોકરાને કોઈ ઉઠાવી ગયું.

દીકરાનો કંઈ પત્તો લાગ્યો નહિ, એટલે માબાપે પોલીસને ખબર આપી, અને પોલીસે તપાસ ચલાવી. પણ કંઈ-માહિતી કે અણસાર મળ્યાં નહિ.

એ બીના બન્યા પછી છ મહિને માબાપે કોઈ 'અતીન્દ્રિય દૃષ્ટિ' (ક્લેરવૉયન્ટ) વિષે જાણ્યાથી તેને આખી વાત જણાવી, અને આખો ખટલો તેના હાથમાં સોંપ્યો. પેલા 'દૃષ્ટાએ' થોડી વાર ધ્યાન ધરીને પછી કહ્યું, "મને એક ઝૂંપડપટ્ટી દેખાય છે, અને લાખિયાવાળો એક છોકરો એક ઝૂંપડી આગળ બેઠો બેઠો પ્યાલામાંથી કંઈક ખાય છે." એણે એ દેખાતા વિસ્તારનું વર્ણન કર્યું. એ ઉપરથી છોકરાના પિતા પોલીસને લઈને પેલા બીજા પરાવિસ્તારની ઝૂંપડપટ્ટીએ ગયા, તો પેલી ઝૂંપડીમાંથી તેમનો દીકરો મળી આવ્યો.

બીજો બનાવ લઈએ : એરિક વૉન દાનિકન પોતાના પુસ્તકમાં* આ બનાવ નોંધે છે : રૂથ સિમન્સ નામની એક અમેરિકન સ્ત્રીને 'હિપ્નોટાઇઝ્ડ' કરવામાં આવી અને તેના જન્મ પહેલાનાં બનાવો વિષે પૂછવામાં આવતાં તેણે જણાવ્યું કે આગલા જન્મમાં તે બ્રીડે મર્ફી તરીકે જીવતી હતી, અને બ્રીડે મર્ફી તરીકે તેનો જન્મ અને મૃત્યુ ફલાણી ફલાણી તારીખોએ થયાં હતાં. દાનિકને તપાસ કરી તો રૂથ સિમન્સે જણાવેલી બ્રીડે મર્ફીની જન્મ-મરણ તારીખો સાચી હતી !

**(ख) પુનર્જન્મો :** કેટલાક લોકો પોતાના આગલા જન્મ વિષે કહી બતાવે છે તે વાતના ત્રણ ખુલાસા આપી શકાય, જે નીચે પ્રમાણે છે :

**(૧) બનાવટ અને છેતરપિંડી :** જુદાં જુદાં સ્થળના બે

* Erscheinugen

પક્ષોને પૈસા આપીને અગર અન્ય કાંઈ પ્રલોભને આપીને તેમને તૈયાર કરવામાં આવે છે, ને પૂર્વજન્મ વિષે જૂઠા જૂઠા સવાલ-જવાબ આપવાનું, ઘર-સ્થળ પિછાણવાનું અગાઉથી શીખવી રાખવામાં આવે છે; અને ફલાણા ગામમાં-ઘરમાં રહેતી હતી, અને એનું નામ ફલાણું હતું, એવો જાહેર પ્રચાર કરવામાં આવે છે, એનો એક જ દાખલો આપું.

જયપુર યુનિવર્સિટીમાં આજથી પંદર-વીસ વર્ષ ઉપર ડૉ. બેનરજી કરીને પેરાસાઇકોલૉજી વિભાગના વડા હતા. તેમણે આવા પૂર્વજન્મના દોઢસો જેટલા કેસો ખોળી કાઢ્યા હતા એમ તેમનું કહેવું હતું. એમાં સાબરમતીના મનોજ નામના છોકરાનો પણ કેસ હતો. આગલા જન્મમાં તે ઉત્તર ભારતમાં રહેતો હતો, વગેરે. પણ આ દોઢસોએ દોઢસો કેસ બનાવટી હતા, અને પૈસા તથા પ્રલોભન આપી તે ઊભા કરવામાં આવ્યા હતા.

મારા એક મિત્ર 'સાઈકોમેટ્રિસ્ટ' છે. એમનું નામ ડૉ. આનંદ શાહ. તેમણે આ ડૉક્ટર બેનરજીની વાતોનો આખોયે ભાંડો ફોડી નાખ્યો હતો, અને એમનું જૂઠાણું બહાર પાડ્યું હતું. આખરે જયપુર યુનિવર્સિટીએ ડૉ. બેનરજીને છૂટા કરી દીધા હતા. અત્યારે તેઓ પૂર્વજન્મનાં આવાં જૂઠાણાં અમેરિકામાં ઊભાં કરી રહ્યા છે, અને પૈસા કમાઈ રહ્યા છે. આખીયે વાત અને દોઢસો કિસ્સાઓ બહુ રસિક છે, પણ સ્થળસંકોચને કારણે આપી શકાય નહિ.

**(૨) શેતાનના અશુદ્ધ આત્માઓની કરામત હિપ્નોટિઝ્મ મારફતે :** કેટલાક લોકો પોતાના આગલા જન્મ વિષે કહેતા હોય છે કે ગયા જન્મે તેઓનું નામ ફલાણું હતું. અને ફલાણા પ્રાંતમાં, ગામમાં, અને ઘરમાં તેઓ રહેતા હતા. આ કિસ્સાઓમાં માણસની બનાવટ નથી હોતી, પણ શેતાનના અશુદ્ધ આત્માઓની એમાં કરામત છે.

હિપ્નોટિઝ્મની અસર નીચે બેભાનાવસ્થામાં કે અર્ધભાનાવસ્થામાં માણસો પોતાના જીવનના શરૂઆતના દિવસો વિષે કહી શકે છે. આવા કેટલાક માણસોને હિપ્નોટિઝ્મની આવી અભાનાવસ્થામાં તેઓ પોતાની માના ઉદરમાં હતા તે વિષે પ્રશ્નો પૂછવામાં આવે છે, અને તેઓ અભાનાવસ્થામાં જ જવાબ આપે છે. એ બધાનું ટૅપ-રેકોર્ડિંગ કરી લેવામાં આવતું હોય છે. એથીયે આગળ વધીને "ગયા જન્મમાં તમે શું હતા?" એવા પ્રશ્નો પુછાય છે. અને તે વખતે તેઓનું વ્યક્તિત્વ અથવા મન (માનસ) શેતાનના અશુદ્ધ આત્માઓ માટે ઉઘાડું થાય છે, અને અશુદ્ધ આત્મા (શેતાનનો આત્મા) તેનો કબજો લે છે, અને પછીના જવાબો આ અશુદ્ધ આત્મા પેલા માણસ મારફતે આપે છે કે, "ગયા જન્મમાં હું ફલાણા પ્રાંતમાંના ગામમાં રહેતો હતો, મારાં સગાં ફલાણાં હતાં, હું ફલાણો ધંધો કરતો હતો," વગેરે.

આ સમજવા આપણે એક ઉદાહરણ કલ્પી લઈએ. ધારો કે, ૧૮૫૭ના લશ્કરી બળવામાં ભાગ લેનાર હરમાનસીંગ કરતારસીંગ છાબડા નામે એક સિપાઈ હતો. તેને અશુદ્ધ આત્માનું હંગામી રહેઠાણ હતું. 'હંગામી' એટલા માટે કે હરમાનસીંગ મરી જાય એટલે એ અશુદ્ધ આત્મા બીજા કોઈના શરીરમાં પ્રવેશે. એમ વર્ષો સુધી ચાલ્યા કરે.

હવે આપણે ૧૯૮૮માં આવીએ. અમદાવાદનો પ્રાણલાલ આત્મારામ નામનો માણસ પૂર્વજન્મની વાતમાં રસ લેતો થયો, અને એના પાછલા જન્મમાં એ શું હતો તેની વિચારણા કરતો હતો. એણે હિપ્નોટિસ્ટનો આશરો લીધો, અને એની અભાનવસ્થામાં હિપ્નોટિસ્ટ એના બાલ્યકાળ અને જન્મકાળ સંબંધીના પ્રશ્નો પૂછતો રહ્યો. એ

પછી "આગલા જન્મમાં તમે શું હતા ?" એ બાબતના પ્રશ્નો શરૂ થયા. એટલે આ પ્રાણલાલના માનસમાં ઓચિંતો ફેરફાર થયો. હવે એ અમદાવાદનો પ્રાણલાલ નથી. એની ભાષા બદલાઈને પંજાબી થઈ જાય છે. એ કહે છે કે એનું ઘર અમૃતસરમાં છે. એ અમૃતસરનું વર્ણન કરે છે, અને કહે છે કે મારું નામ હરમાનસીંગ કરતારસીંગ છાબડા છે. એની લશ્કરી ટુકડીનું નામ અને એનો પોતાનો નંબર પણ એણે આપ્યો. એ નાનો હતો ત્યારે લાહોરમાં રહેતા એના મામાને ત્યાં રહીને શાળાએ જતો હતો, વગેરે.

આ બધું ટૅપ પર રેકોર્ડ કરી લેવામાં આવ્યું. આ પ્રાણલાલ ભાનમાં આવ્યો ત્યારે 'ટૅપરેકોર્ડ' સાંભળીને એ ખૂબ પ્રભાવિત બની ગયો, અને પોતે આગલા જન્મમાં એ અમૃતસરનો હરમાનસીંગ છાબડા હતો અને ૧૮૫૭ના બળવામાં એને ભાગ લીધો હતો, એ વાત એના મનમાં દૃઢપણે ચોંટી ગઈ.

પ્રાણલાલે ખૂબ તપાસ કરી, અમૃતસર જઈ આવ્યો, પેલી લશ્કરી ટુકડી વિષે તેમ જ સિપાઈ હરમાનસીંગ છાબડા વિષે તપાસ કરી, અને એ પ્રમાણે બધું જ સાચું નીવડયું. ટૅપ રેકોર્ડની નોંધમાંના પેલા લાહોરના મામા વિષેની તપાસ પણ સાચી નીવડી. પ્રાણલાલને પોતાના આગલા જન્મ વિષે ખાતરી થઈ ચૂકી.

પણ સત્ય બાબત તો આમ બની હતી : આ સ્પષ્ટ રીતે અશુદ્ધ અથવા શેતાની આત્માની શક્તિનો કિસ્સો બન્યો હતો. પ્રાણલાલે પોતાના મન(માનસ)ને હિપ્નોટિક અભાનાવસ્થામાં શેતાનના કબજામાં સોંપ્યું હતું. અને એમ કરવામાં પોતાના મનને શેતાની પ્રવૃત્તિ યા વળગાડ માટે ઉઘાડું મૂકી દીધું હતું. અને અમૃતસરના હરમાનસીંગને જે અશુદ્ધ આત્મા વળગ્યો હતો, એ જ અશુદ્ધ આત્માએ પ્રાણલાલનો કબજો લીધો હતો. આ અશુદ્ધ આત્મા જ ટૅપ રેકૉર્ડિંગ વખતે પ્રાણલાલની સ્વરપેટી મારફતે હરમાનસીંગના અવાજમાં અને

ભાષામાં બોલતો હતો. આ અશુદ્ધ આત્માને અમૃતસરના હરમાનસીંગની બધી વિગતોની ખબર હતી, એટલે પ્રાણલાલમાં હરમાનસીંગ જ બોલતો હોય એવો ભાસ થતો હતો. શેતાન જે જૂઠાણાનો બાપ છે તે આવું જૂઠાણું ઊભું કરી શકે છે. આમ, પૂર્વજન્મ એ સત્ય હકીકત નથી, પણ શેતાની આત્માએ ઊભું કરેલું જૂઠાણું છે.

**(૩) શેતાનના અશુદ્ધ આત્માઓની કરામત (હિપ્નોટિઝ્મ વગર પોતાનું માનસ અશુદ્ધ આત્માને સોંપવાથી)** : ધારો કે ઉપરના દાખલામાંનો અમદાવાદનો પ્રાણલાલ, ઈશ્વર વિષે ભ્રામક ખ્યાલ ધરાવતો હોય, તો અમૃતસરના હરમાનસીંગવાળો અશુદ્ધ આત્મા પ્રાણલાલ માનસનો કબજો લઈ શકે છે, અને એના માનસમાં ઘૂસી જઈને એને ભ્રામક ખ્યાલો આપે કે તે હરમાનસીંગ છે, અને હરમાનસીંગની બધી વિગતો આ અશુદ્ધ આત્મા પ્રાણલાલના કંઠે જ ચઢાવી દે છે.

**'પુર્નજન્મ'** એટલે કે **'જન્માંતર'** વિષેનું શિક્ષણ ઈશ્વરપ્રેરિત નથી; એ બાઈબલ વિરુદ્ધનું છે. ઘણી ફિલસૂફીઓ માણસોને અને પ્રજાઓને ભમાવે છે, અને સત્યથી દૂર લઈ જઈને રવાડે ચઢાવી દે છે.

**(૪) વર્તમાનકાળના બનાવ વિષે 'અતીન્દ્રિય દૃષ્ટિ'** : કલકત્તા શહેરમાં બનેલા એક બનાવની વાત લઈએ. એક માણસની મોટરકાર ચોરાઈ ગઈ. એણે કોઈ 'અતીન્દ્રિય દૃષ્ટા' (કલેરવૉયન્ટ) પાસે જઈને જોવા કહ્યું. 'દૃષ્ટા'એ ધ્યાન ધરીને એની મોટરકાર ક્યાં છે તે જણાવ્યું. 'કાર'ના માલિકે આખરે ગાડી પાછી મેળવી.

**(૫) ભવિષ્યના બનાવ વિષે 'અતીન્દ્રિય દૃષ્ટિ'** : આ વિષે કંઈ ખાસ લખવાનું રહેતું નથી. 'અતીતન્દ્રિય દૃષ્ટા' (કલેરવૉયન્ટ) લોકોનું ભવિષ્ય જોઈ આપે છે. એ માટે તે 'કાચનો ગોળો' કે એવું

કોઈ સાધન વાપરતો નથી. પણ પંદર-વીસ મિનિટ તે ધ્યાન ધરે છે. અને પછી સામેના માણસે પોતાના ભાવિ સંબંધી પૂછેલા પ્રશ્નો સંબંધી તે ધ્યાનમાં જોતો હોય એમ જવાબો આપે છે. આમાં પણ કાં તો બનાવટ હોય છે, અથવા શેતાની શક્તિનો તે ઉપયોગ કરે છે. એમાં શેતાનના અશુદ્ધ આત્માઓ તેને ભવિષ્યના બનાવો વિષે માહિતી પૂરી પાડે છે. જો કે આગાહી સાચી પડવાની ટકાવારી પાંચથી છ ટકા જેટલી હોય છે.

આ કહેવાતી અતીન્દ્રિય દૃષ્ટિ અથવા 'છઠ્ઠી ઈન્દ્રિય' (ક્લેરવૉયન્સ) એ માત્ર શેતાનના ભ્રષ્ટ આત્માઓ અથવા અપદૂતો તરફથી 'અતીન્દ્રિય દૃષ્ટા (ક્લેરવૉયન્ટ)ને મળતી માહિતી છે. એમાં માણસ પોતે તો પોતાનાં માનસચક્ષુ દ્વારા કંઈ જ જોતો હોતો નથી. આપણે અગાઉ જોઈ ગયા કે પાંચ ઇન્દ્રિયો દ્વારા જે જ્ઞાન મળે છે તે સિવાય બીજું કોઈ કહેવાતું માનવાતીત કે અતીન્દ્રિય કે અલૌકિક જ્ઞાન તેની પાસે છે જ નહિ. માણસોને ભમાવીને ઈશ્વર પાસેથી તેમને દૂર ઊંધે રસ્તે લઈ જવા એ શેતાનનું ધ્યેય છે. અને શેતાન જ આવા કહેવાતા અગમ દૃષ્ટાઓને આવાં જ્ઞાન, વિગત અને દૃષ્ટિ પૂરાં પાડે છે.

જેમ અગાઉનાં સાધનો વિષે જણાવવામાં આવ્યું તેમ આમાં પણ તેટલું જ સાચું છે કે શેતાની શક્તિઓ વાપરનાર 'અતીન્દ્રીય દૃષ્ટા' તેમ જ પોતાના સંબંધી જોવડાવનાર વ્યક્તિ - જે બંનેને આખરે તો શેતાન હેરાનગતિ પહોંચાડે છે, અને કનડગત તો કરે જ છે.

•

## પ્રકરણ ૧૪ મું

# જોષવિદ્યામાં આગળ પડતી કેટલીક વ્યક્તિઓ

**૧. નિમ્રોદ :**

ચાર હજાર વર્ષો કરતાંયે વધારે સૈકાં ઉપર કૂશનો પુત્ર નિમ્રોદ થઈ ગયો. બાઈબલમાં એના વિષેનો ઉલ્લેખ છે. બાબિલોની 'દેવ' મરોદાખ અથવા મારદુખ ઉપરથી નિમ્રોદ નામ બન્યું. હિબ્રૂ ભાષામાં એના નામનો અર્થ 'બળવાખોર' થાય છે. બાબિલોનનું રાજ્ય તેણે સ્થાપ્યું હતું. તેણે બાબિલ, એરેખ, આક્કાદ, કાલેહ, નિનવેહ, રેહોબોથઈર, કાલાહ, રેસેન, વગેરે નગરો બાંધ્યાં હતાં. તે જમાનાનો તે એક મહાબળવાન રાજા થઈ ગયો (બાઈબલ : ઉત્પત્તિ ૧૦-૮-૧૪). બાઈબલમાં મિખાહના પુસ્તક (૫:૬)માં બાબિલોનને "નિમ્રોદનો દેશ" કહ્યો છે. આજનું ઈરાક એ આ પ્રદેશ છે.

નિમ્રોદ શેતાનનો માણસ હતો. દુનિયા પર ભયંકર ભ્રષ્ટતા, મંત્રતંત્ર, જોષ-શુકન જોવા અને મૂર્તિપૂજા - એ બધું ફેલાવવા માટે શેતાને નિમ્રોદને વાપર્યો. બાઈબલમાં તેને માટે જે શબ્દો વાપર્યા છે, એટલે કે "પ્રભુની આગળ બળવાન શિકારી" - એ શબ્દોનો અર્થ છે કે તે 'આત્માઓનો શિકારી' હતો; માણસોના આત્માઓને પાપમાં પાડનાર, પાપ તથા શેતાન તરફ ખેંચી જનાર 'આત્માઓનો બળવાન શિકાર' હતો. તેની અનેક મેલી વિદ્યાઓ દ્વારા અને પાપમય જીવન દ્વારા માણસોને ઈશ્વર તરફથી ફેરવી નાખીને અવળા માર્ગોમાં ભમાવી દેનાર એવો એ 'આત્માઓનો શિકારી' હતો.

નિમ્રોદનો પિતા કૂશ પણ એવો જ ભ્રષ્ટ હતો. (કૂશની પત્ની અને નિમ્રોદની માનું નામ સેમીરામીસ હતું.) ઈશ્વરના ફરમાનની વિરુદ્ધ જઈને બાબિલનો જ્યોતિષ માટેનો બુરજ બાંધવાનું અવળું સૂચન કૂશે જ નિમ્રોદ તથા લોકોને આપ્યું હતું. કૂશના મરણ પછી કુશની પત્ની સેમીરામીસની સાથે એના જ પુત્ર નિમ્રોદે લગ્ન કર્યાં એટલે કે નિમ્રોદે પોતાની મા સાથે લગ્ન કર્યાં. ઉપર જણાવ્યું તેમ શેતાને નિમ્રોદ તથા સેમીરામીસને પૃથ્વી પર વ્યાપક મૂર્તિપૂજા ફેલાવવા, જ્યોતિર્વિદ્યા, મંત્રતંત્ર, અનેક મલિન વિદ્યાઓ તથા ઈન્દ્રિયાતીત શક્તિઓ દ્વારા નારકીય સત્તાનો મહિમા વધારવા માટે બહુ વાપર્યાં.

આખરે નૂહના દીકરા શેમે, આ ભ્રષ્ટતા અટકાવવા માટે નિમ્રોદને મારી નાખ્યો. પણ નિમ્રોદની મા તથા પત્ની સેમીરામીસ બહુ ચાલાક તથા મહત્વકાંક્ષી હતી. તેણે જાહેર કર્યું કે મૃત્યુ પામેલો તેનો પતિ/પુત્ર નિમ્રોદ તે હવે અધિકારપૂર્વક દેવ બન્યો છે, અને સૌ કોઈએ હવે તેની આરાધના કરવાની છે, અને સેમીરામીસ પોતે દેવી - **'આકાશની રાણી'** છે. ત્યારથી માંડીને આજ સુધી દુનિયાભરમાં (બાબિલોનમાં, મિસરમાં, ગ્રીસમાં, ભારતમાં, ચીન-જાપાનમાં બધે) બાલ, આસ્તરોથ, એંસ્થેર, ડાયેના, સૂર્યદેવ, તામ્મુઝ અને એવાં અનેકાનેક નામો તથા રૂપમાં આ મૂર્તિપૂજા ચાલતી રહી છે. જાદુક્રિયાઓ, મલિન વિદ્યાઓ, જ્યોતિર્વિદ્યા, હસ્તસામુદ્રિક (પામિસ્ટ્રી), ગુપ્ત સંસ્થાઓ અને એમના ગૂઢ સંકેતો તથા ખાનગી શપથો એ બધું ત્યાંથી ફૂલવા અને ફાલવા માંડયું.

દુનિયાની આ બધી શેતાનીય વિદ્યાઓના પ્રતીકસમા 'બાબિલોન'ના સત્યાનાશ સંબંધી ઈશ્વરનાં વચનો કેટલાં બધાં કડક છે તે બાઈબલના 'પ્રકટીકરણ' અંગ્રેજી : Revelation, મૂળ ગ્રીક : apokalypsis=પડદો ખસેડી દેવો) નામના છેલ્લા પુસ્તકમાં જણાવ્યું

છે. પૃથ્વીની સર્વ ભૂંડાઈ, ભ્રષ્ટતા અને પાપાચારના પ્રતીકસમા ‘બાબિલોન’નો છેલ્લે નાશ કરવાનો છે તે વિષે એ વચનો છે :

> “પડયું રે, મોટું બાબિલોન પડયું, અને તે અશુદ્ધાત્માંઓનું નિવાસસ્થાન તથા દરેક મલિન આત્માનું રહેઠાણ, અને દરેક અશુદ્ધ તથા ધિક્કારપાત્ર પક્ષી (શેતાનના એજન્ટ તરીકે)નો વાસો થયું છે. કેમ કે, તેના વ્યભિચારને* લીધે રેડાયેલા કોપરૂપી દ્રાક્ષારસથી સર્વ દેશોના લોકો પીધેલા છે.... ઓ મારા લોકો, તમે તેનાં પાપના ભાગીદાર ન થાઓ, અને તેના પર આવનારા અનર્થોમાંનો કોઈ પણ તમારા પર ન આવે, માટે તેમાંથી નીકળી જાઓ.
>
> “તારી જાદુક્રિયાથી સર્વ દેશોના લોકો ભુલાવામાં પડયા” (બાઈબલ : પ્રકટીકરણ ૧૮:૨-૪, ૨૩).

**૨. નોસ્ટ્રાડેમસ (નોત્રદામ) (ઈ.સ. ૧૫૦૩-૧૫૬૬)**

મિચેલ નોત્રદામ ફ્રાન્સનો વતની અને જાતે યહૂદી હતો. પાછળથી એણે ‘નોસ્ત્રેદામસ’ નામ ધારણ કર્યું. તે નવ વર્ષનો થયો ત્યારે એમના આખા કુટુંબે યહૂદી ધર્મ છોડીને રોમન કૅથલિક મત સ્વીકાર્યો. તેનો જન્મ તા. ૧૪-૧૨-૧૫૦૩માં અને જલંદરથી તેનું મૃત્યુ તા. ૨-૭-૧૫૬૬માં થયું હતું. તે જ્યોતિઃશાસ્ત્રી (એસ્ટ્રોલૉજર) અને ફ્રાન્સના રાજા ચાર્લ્સ નવમાનો રાજવૈદ્ય હતો. પણ તે તેની જ્યોતિર્વિદ્યાને કારણે પ્રખ્યાત થઈ ગયો. એણે લગભગ એક હજાર જેટલી આગાહીઓ, એના સમયથી માંડીને છેક ઈ.સ. ૩૮૯૭ સુધીની

---

* **‘વ્યભિચાર’** = ઈશ્વરને વફાદાર નહિ રહીને ઉત્પન્ન કરાયેલી સૃષ્ટિનાં વાનાંને દેવદેવીઓ માનીને પૂજા કરવી, અને ઈશ્વર પર શ્રદ્ધા ન રાખતાં શેતાની જોષવિદ્યાઓનો આશરો લેવો તે.



**નોત્રદામ**

કરી છે. તે એમ માનતો હતો કે ઈ.સ. ૩૮૯૭માં વિશ્વનો પ્રલય થઈ જવાનો છે.

એની મોટા ભાગની આગાહીઓને ચચ્ચાર પંક્તિઓના શ્લોકોમાં એટલે કે ચોપાઈઓમાં તેણે ઉતારી છે. અને **'સેન્ચ્યુરીઝ'** (=સૈકાંઓ) નામે પુસ્તકની આગાહીઓના પ્રત્યેક સમૂહમાં એકસો એકસો ચોપાઈઓ રજૂ કરી છે. આ બધી આગાહીઓમાંથી કેટલીક

સાચી પડી છે, પણ ઘણી બધી આગાહીઓ સરિયામ ખોટી પડી છે. આ ચોપાઈઓ કાવ્યભાષામાં લખાયેલી હોઈ કે કેટલીક આગાહીઓનો કોઈ સ્પષ્ટ અર્થ નીકળતો નથી, પણ ધારીએ એવો અર્થ એમાંથી તારવી શકાય છે. **'સેન્ચ્યુરીઝ'** ગૂઢાર્થભરી ભાષામાં લખાયેલું હોઈને એની ચોપાઈઓનું અર્થઘટન કરવું ઘણું જ કપરું છે. મનફાવે તેવો અર્થ તેમાંથી તારવી શકાય છે. કેટલીક ચોપાઈઓમાંથી તો કંઈ જ અર્થ નીકળતો નથી. અને કેટલીક ચોપાઈઓ તો વારેવારે જુદા જુદા સંજોગોને લાગુ પાડવામાં આવી છે. ફ્રેન્ચ, પ્રોવેન્કલ, ઈટાલિયન, ગ્રીક અને લેટિન જેવી જુદી જુદી ભાષાઓના શબ્દોના ભેળસેળથી કંઈ સ્પષ્ટ થતું નથી. વળી એણે ક્યાંયે સમય દર્શાવ્યો જ નથી. એટલે મોટા ભાગનાં અર્થઘટન માત્ર કલ્પનાઓના ગાળા જ છે.

દાખલા તરીકે નીચેની ચોપાઈ 'લીગ ઑફ નેશન્સ' વિષે લખવામાં આવી છે એવું નોત્રદામના ચાહકો કહે છે. એ ચોપાઈનો ગુજરાતી અનુવાદ આવો થાય : "જીનીવા સરોવરને કાંઠે આપવામાં આવેલાં વ્યાખ્યાનો ખીજવનારાં થશે. અઠવાડિયાને અંતે દિવસો ટૂંકા થશે. અને મહિનાઓ તથા વર્ષોનું પણ તેમ જ થશે. એ પછી બધા છૂટાં પડી જશે. સરકારો અર્થ વગરના કાયદાઓને વખોડી કાઢશે." આમાં કંઈ ખાસ અર્થ સમજાતો નથી.

**'સેન્ચ્યુરીઝ'** પર ઘણાં ભાષ્યો ટીકાગ્રંથો લખાયાં છે. પણ એ બધાંમાં એની આગાહીઓના જુદા જુદા અર્થ તારવવામાં આવ્યા છે.

નોત્રદામની બધી આગાહીઓમાંથી એક આગાહી બહુ સ્પષ્ટ છે. અને એ ખરી પડી છે. પહેલા પુસ્તકની એ ૩૫મી ચોપાઈ આ પ્રમાણે છે :

"યુવાન સિંહ ઘરડા સિંહને હરાવશે,
દ્વંદ્વયુદ્ધમાં લડાઈના મેદાનમાં.
એ એની આંખો ફોડશે સોનલ પિંજરમાં,
બે જ ઘા, પછી ક્રૂર મોતથી મરે."

ફ્રેન્ચ રાજવી કુટુંબનાં બે લગ્ન તા. ૧-૭-૧૫૫૯ રોજ પૂરા દમામમાં ઉજવાઇ રહ્યાં હતાં. એક લગ્ન હતું રાજા હેનરી બીજાનું, અને બીજું હતું મોન્ટગમરીના કાઉન્ટ ગાબ્રિએલ ડી લોર્જિસનું. સૂર્ય આથમતા સમયે હેનરીએ પોતાનો ભભકભર્યો શણગારેલો ઘોડો ગાબ્રિએલ સામે ઉપાડયો. બન્ને વચ્ચે મુકાબલો થયો. 'એટલું બસ છે,' એમ કહેવામાં આવ્યું. પણ હેનરીએ વળતા મુકાબલાની માગણી કરી. થોડીવારમાં જ બન્નેના ભાલા બળથી ટકરાયા, ભાલાનાં ફળોની કરચો ઊડી. અને ગાબ્રિયેલના ભાલાએ સોનાના કવચમાં રક્ષાયેલી હેનરીની આંખને ફોડી નાખી. રાજા હેનરી નવ દિવસ પછી મૃત્યુ પામ્યો.

નોત્રદામે યુનિવર્સિટીની ડિગ્રી મેળવ્યા બાદ થોડાક સમય સુધી અધ્યાપક તરીકે કામગીરી બજાવી. પણ એ પછી તેણે એજન શહેરમાં ડૉકટર તરીકેની કામગીરી શરૂ કરી. એવામાં પ્લેગ ફાટી નીકળ્યો. એમાં એણે ઘણી સેવા આપી, અને ઘણાંને સાજાં કર્યાં; પણ તે પોતાની પત્ની અને બાળકોને બચાવી શકયો નહિ. એ પછી તેણે ૧૫૫૪માં ફરી લગ્ન કર્યું.

એ પછી ૧૫૪૪ સુધી સલુન શહેરમાં વૈદકીય કામમાં ઠરીઠામ થયો. તેણે લગભગ ઈ.સ. ૧૫૪૭માં આગાહીઓ લખવી શરૂ કરી, અને ૧૫૫૫માં **'સેન્ચ્યુરીઝ'** (=સૈકાંઓ) નામના પુસ્તકનું પ્રકાશન કર્યું. અહીં સલુનમાં એના ઘરમાં તેણે એક અલાહિદો ઓરડો રાખ્યો હતો. અને અહીંથી તે તારાઓનો અભ્યાસ કરતો હતો, અને એ

પરથી આગાહીઓ લખતો હતો.

ફ્રાંસની રાણી કેથેરીન ડી મેડિસીએ નોસ્ત્રદામને પોતાના દરબારમાં તેડાવ્યો, જેથી રાણીના પુત્રોની જન્મકુંડળીઓ તે તૈયાર કરે. આમાં તેણે કરેલી આગાહીઓ ખરી પડતી હોય એવું લાગવાથી, ચાર્લ્સ નવમાએ ઈ.સ. ૧૫૬૦માં ગાદી પર આવતાં નોસ્ત્રદામને દરબારનો ડૉક્ટર નીમ્યો. ફરીથી તેણે 'સેન્ચ્યુરીઝ'ની વિસ્તારેલી બીજી આવૃત્તિ ૧૫૫૮માં તૈયાર કરી, અને રાજાને નામે અર્પણ કરી.

યુરોપ, અમેરિકા અને ભારતનાં જુદાં જુદાં સામયિકોમાં એ આગાહીઓનો ઉલ્લેખ વારંવાર આવ્યા કરે છે. તા. ૨૭-૬-૧૯૮૮ના રોજ 'ચિત્રલેખા'માં લંબાણપૂર્વક એ વિષે આપવામાં આવ્યું હતું, તેમ જ 'ગુજરાત સમાચાર'માં પણ ૧૯૮૮માં અને ફરી તા. ૧૮-૮-૧૯૯૦માં પણ આપવામાં આવ્યું હતું.૧૯૮૮ના વર્ષના શરૂઆતના મહિનાઓમાં અમેરિકાનાં સામયિકોમાં નોસ્ત્રદામનું નામ ઘણું ચમક્યું હતું. એનું કારણ, એણે એવું કંઈક અર્ધસ્પષ્ટ ભવિષ્યકથન કર્યું હતું કે ૧૯૮૮ના મે માસમાં કેલિફોર્નિયામાં ધરતીકંપ થશે. એને લીધે એ વિસ્તારની જમીનોના અને સ્થાવર મિલકતોના ભાવ ઘણા ગગડી ગયા હતા. એને લઈને કાયદાકચેરીઓમાં કેસ પણ ચાલ્યા હતા. પણ એવો કોઈ ધરતીકંપ થયો નહિ. જો કે નોસ્ત્રદામે એ સાથે એમ પણ લખેલું કે આ આગાહી કદાચ સાચી ન પણ પડે !

હા, હાલમાં એ વિસ્તારમાં કેટલાક સમયથી નાના નાના ભૂકંપ થયા કરે છે. મિસિસિપી નદી વિસ્તારનો કેલિફોર્નિયાનો કેટલોક સળંગ પ્રદેશ ભ્રંશરેખાવાળો હોઈને ત્યાં ગમે ત્યારે ધરતીકંપ થવા સંભાવના છે. એટલે તે એ વિસ્તારની જમીનના ભાવો ગગડવા લાગ્યા છે.

કેલિફોર્નિયામાં ધરતીકંપ થશે એ આગાહીની વાતનો પાયો નોસ્ત્રડેમસને લગતી ફિલ્મમાં આવે છે. અમેરિકાએ નોસ્ત્રદામનો પરિચય આપતી તેમ જ એની કેટલીક આગાહીઓ રજૂ કરતી વિડિયો ફિલ્મ **"ધ મૅન હુ સૉ ટુ-મૉરો"** (The Man Who saw Tomorrow) નામે બનાવી છે. વાર્તાપટની રજૂઆત જાણીતા અભિનેતા ઓર્સન વેલેસે કરી છે. આ ફિલ્મમાં કેલિફોર્નિયાના એ ધરતીકંપની આગાહી અંગે વિગતો આપવામાં આવી છે. આ ટી. વી. સિરિયલ ખૂબ લોકપ્રિય બની હતી.

નોસ્ત્રદામની કહેવાતી આગાહીઓમાં ફ્રેન્ચ ક્રાંતિ, બીજું વિશ્વયુદ્ધ, ભારતદેશ, અંગ્રેજોની હકૂમત નીચે આવશે, એવી લગભગ ૫૦૦ વર્ષના આ સમયગાળાની આગાહીઓ તેણે કરી હતી. દુનિયાના જ્યોતિષીઓમાં નોસ્ત્રદામ વધારે માન પામ્યો છે. એમ કહેવાય છે કે ઇટાલીનો ભૂંડો પાળનાર જુવાન ફેલિક્સ પારેતી (Paretti) જે તે વખતે રોમન કૅથલિક મઠવાસી સાધુ બન્યો હતો, તે એક દિવસે પોપ બનશે એવી તેણે આગાહી કરી હતી. અને આ નોસ્ટ્રાડેમસના મૃત્યુ પછી બે વરસે આ સાધુ પારેતી પોપ સીક્સટસ V બન્યો. નોસ્ટ્રાડેમસે બીજી એક આગાહી ભારત વિષે કરી છે કે સને ૧૯૯૯ના જુલાઈ માસમાં ભારત વિશ્વની એક મહાસત્તા (સુપર પાવર) બનશે. આ વિષે હવે જોવું રહ્યું કે સાચું પડે છે કે નહિ.

ભારત વિષે એમ પણ લખ્યું છે કે, સાત વર્ષના લાંબા યુદ્ધ પછી પોતાની ઉપર આક્રમણ કરનાર દરેકનો ભારત નાશ કરશે, અને એક ભારતીય આગેવાન રશિયા અને બ્રિટન સહિત આખા યુરોપને પોતાની હકૂમત નીચે લાવશે. એકવીસમી સદીનો એ મહાન નેતા ગણાશે. અગાઉ ઈતિહાસમાં એવો બળવાન નેતા કોઈ થયો

નહિ હોય. લેખકે એમ પણ સખ્યું કે ૧૯૯૯ના યુદ્ધમાં અમેરિકા અને રશિયા ભારતને સહાય કરશે.

નોસ્ટ્રાડેમસના મૃત્યુ પછીનાં ૨૦૦-૪૦૦ વર્ષો દરમિયાન યુરોપમાં જે જે મુખ્ય બનાવ બન્યા તે વિષેની તેની આગાહીઓ આશ્ચર્યકારક ગણાય છે. એક વાત કબૂલવી રહી કે તેની કેટલીક આગાહીઓ, અમુક બનાવોને બરાબર બંધબેસતી આવે છે. જેમ કે, લૂઈ ૧૬માનો અને તેની પત્ની મેરી એન્તોઈને તે (Marie Antoinette)ને પારી(સ)થી નાસી જવું પડયું, તેમને વારેસમાં પકડવામાં આવ્યાં, અને આખરે તેમની હત્યા થઈ. પરંતુ સાથે સાથે એ વાત પણ તેટલી જ સાચી છે કે આ જ્યોતિર્વિદની મોટાભાગની આગાહીઓ ગોળ ગોળ, અસ્પષ્ટ, અને એકસામટા ચાર-પાંચ અર્થ તારવી શકાય એવી છે.

'એન ઇલ્સ્ટ્રેટેડ એન્સાઇકલોપીડિયા ઑફ સુપરનેચરલ'ના 'મૅન,મીથ ઍન્ડ મૅજિક લેખમાં નોસ્ટ્રાડેમસ વિષે આ પ્રમાણે લખેલું છે : "નોસ્ટ્રાડેમસના ચાહકોની પેઢી-દરપેઢી એમ માને છે કે નોસ્ટ્રાડેમસની ચોપાઈઓમાંની આગાહીઓ ગમે તેટલી અસ્પષ્ટ અને ધૂંધળી હોય, તો પણ તેમને ખરેખરી અને સાચી માનવી જોઈએ. એ શક્ય છે કે નોસ્ટ્રાડેમસે એની કેટલીક 'ચોપાઈઓ' મજાકમાં અને વક્રોક્તિ તરીકે લખી હોય, કેમ કે એ જાણતો હતો કે આગાહીઓ, અને ખાસ કરીને ગૂઢ પ્રકારની આગાહીઓની કાયમ બોલબાલા જ રહેવાની છે."*

એની આગાહીઓ ધૂંધળી અને અસ્પષ્ટ હોઈને ગમે તેવા અર્થ

* 'Man, Myth and magic',-An Illustrated Encyclopaedia of the Supernatural, Vol. 15.p.2017.

કરી શકાય, એ નીચેની વિગતથી દેખાઈ આવશે. ચેધામ એનો પહેલો તરજુમો કરનાર બાઈ હતી, અને એ પછી રોબર્ટ્સે તરજુમો અથવા અર્થઘટન કર્યું. બંનેમાં કેટલો ફરક ?

| | ચેધામ | રોબર્ટ્સ |
|---|---|---|
| ૧:૨૨ | પથ્થર થઈ ગયેલો ગર્ભ. | પારધ્વનિક શસ્ત્ર. |
| ૧:૨૬ | કેનેડીનું ખૂન. | હીટલરે ઝેકોસ્લોવેકિયા પર કરેલું આક્રમણ. |
| ૧:૮૭ | સાન આન્દ્રિયાસની ભ્રંશરેખા અને ન્યૂયોર્ક શહેર. | યુ.એસ. અને રશિયા વચ્ચે યુદ્ધ. |
| ૨:૬ | હિરોશિમા અને નાગાસાકી. | વિભાજિત બર્લિન. |
| ૯:૩૬ | કેનેડી. | લૂઈ XVI. |
| ૧૦:૨૬ | કેનેડીનું મૃત્યુ. | બ્રિટન અને ફ્રાન્સનો ઝઘડો. |

રોમન કૅથલિકોએ ઈ.સ. ૧૭૮૧માં **'સેન્ચ્યુરીઝ'** પુસ્તક ઉપર પ્રતિબંબ મૂક્યો હતો. પોપ પીયૂષ છઠ્ઠાએ રોમન કૅથલિકો આ પુસ્તક ન વાંચે તેવી મનાઈ ફરમાવી હતી. કારણ કે નોસ્ત્રાદામે એવી એક આગાહી એમાં આપી હતી કે જે પોપના નામની આગળ છનો આંકડો હશે એવા પોપનું કેદી હાલતમાં જ ર્‌હોન નદીની નજદીક મૃત્યુ થશે.

એવામાં ઈ.સ. ૧૭૫૭માં પીયૂષ છઠ્ઠો પોપની ગાદીએ આવ્યો. એ સમયે નોસ્ત્રાદામની આગાહીઓ ઉપર યુરોપમાં ખૂબ વિશ્વાસ ફેલાયો હતો. એટલે લોકોમાં લોકવાયકા ફેલાવા લાગી કે આ પોપ પીયૂષ છઠ્ઠો જેલમાં મૃત્યુ પામવાનો છે. પોપે જાહેર કર્યું કે **'સેન્ચ્યુરીઝ'** પુસ્તક નાસ્તિક્તા ફેલાવે છે, એટલે એ પ્રતિબંધિત પુસ્તક છે. ઈ.સ. ૧૬૯૯માં નેપોલિયનના લશ્કરે પોપ પીયૂષ છઠ્ઠાને બંદીવાન બનાવીને કેદમાં પૂર્યો. ત્યાંથી પોપને ફ્રાન્સ લઈ જવાના હતા, તેવામાં જ રસ્તે ર્‌હોન નદી આગળ તેમનું મૃત્યું થયું. આ

બનાવને કારણે નોસ્ત્રદામની ખ્યાતિ ઘણી વધી ગઈ.

બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું એવામાં જર્મનીમાં નાઝીઓએ **'સેન્ચ્યુરીઝ'** પુસ્તકમાંની આગાહીઓનું પોતાને માફક આવે એવું અર્થઘટન જર્મન ભાષામાં એની નવી આવૃત્તિ છપાવી બહાર પાડ્યું હતું. **'સેન્ચ્યુરીઝ'**ના આઠમા ભાગની ૭૭મી ચોપાઈમાં લેખકે આપ્યું હતું કે બેસુમાર યહૂદીઓને મારી નાખીને નાઝીઓ ખતમ થઈ જશે.

ઈ.સ. ૧૯૮૧માં ફ્રાન્સના કૌટબર્ને **'સેન્ચ્યુરીઝ'**ની ચોપાઈઓનું આધુનિક અર્થઘટન કરીને જે નવી આવૃત્તિ પ્રસિદ્ધ કરેલી એની નકલ દીઠ રૂા. ૧૬૫/- લેખે સાત લાખ નકલો વેચાઈ ગઈ, અને એના પ્રકાશકને રૂપિયા બાર કરોડનો નફો થયો !

નોસ્ત્રદામનું કહેવું હતું તે તેણે પોતાની આગાહીઓ ગ્રહો અને નક્ષત્રમંડળોને આધારે કરી છે. પોતાની આગમવાણીઓ માટે ગ્રહોની જે કક્ષાઓ તેણે કલ્પી હતી તેવી રીતે એ કક્ષાઓ 'ભવિષ્યમાં' ગોઠવાઈ નહોતી એ એક અફસોસની વાત છે. તે ધર્મે રોમન કૅથલિક ખ્રિસ્તી હતો, અને જાતે યહૂદી હતો. પણ તેની આગાહીઓ કોઈ પણ રીતે બાઈબલ-આધારિત નથી, કે પ્રબોધવાણીનું તેને કોઈ દાન પણ નહોતું. પણ જ્યોતિષ અને કુંડળીઓ પર જ તેણે બધો આધાર રાખ્યો હતો. એમ એનો આધાર ઈશ્વરની શક્તિ પર નહોતો. પણ અંધકારની શેતાનિક શક્તિઓ અને અંધકારના આત્માઓ પર હતો (બાઈબલ : પુનર્નિયમ ૧૮:૯-૧૪).

એના પહેલા પુસ્તકની બીજી ચોપાઈમાં તે લખે છે : "જ્યારે હું (જાદુઈ) લાકડી મારા હાથોમાં લઉં છું, ત્યારે તરત મોજું મારા પગોને અને મારા પોશાકને ભીંજવે છે. હું એ **વાણી**ને સાંભળું છું, અને હું પૂણી જેવો ફિક્કો બની જાઉં છું, કેમ કે આકાશી પ્રકાશ અને દિવ્ય પ્રકટીકરણ મારા પર ઊતરી આવે છે."

એમાં ઈશ્વર તરફથી, આ બધું પ્રકટીકરણ મળ્યું છે, અને આકાશી વાણી તેણે સાંભળી છે, એમ તે કહે છે. પણ એ શેતાનની વાણી હશે. બાઈબલ તો જોષ જોનારા અને નક્ષત્રો નીરખનારા વિરુદ્ધ છે. એણે જે 'જાદુઈ લાકડી'નીં અને 'વાણી'ની વાત કરી તે શેતાની જાળનાં સાધનો છે. ગમે તેમ પણ, એની આગાહીઓ એના પોતાના મગજ (માનસ)ની શક્તિમાંથી નથી ઉદ્‌ભવી, પણ એના વ્યક્તિત્વ બહારની કોઈ 'ઑકલ્ટ શક્તિમાંથી આવી છે, એ તો નોસ્ત્રદામના પોતાના જ શબ્દો દ્વારા પુરવાર થાય છે.

**૩. શ્રીમતી જીન ડિકસન**

ચાલુ જમાનાની કદાચ સૌથી વધુ ખ્યાતનામ જ્યોતિર્વિદ અમેરિકાની જીન ડિકસન છે. તેણે કરેલી ઘણી આગાહીઓ વિગતવાર પૂર્ણ થઈ છે. એટલે તેની તરફ લોકોનું ભારે આકર્ષણ છે.



**શ્રીમતી જીન ડિકસન**

તેનો જન્મ વિસ્કોન્સીન રાજ્યમાં પીન્કર્ટ કુટુંબમાં થયો હતો. તેના લગ્ન પછી પોતાના પતિની 'ડિકસન' અટક તેણે ધારણ કરી. સદીના પલટા આસપાસ એનો જન્મ થયો હતો. તે ચુસ્ત રોમન કૅથલિક છે. હાલ તે અમેરિકાના પાટનગર વૉશિંગ્ટન, ડી.સી.માં રહે છે અને દરરોજ નિયમિત રીતે તે મંદિરની 'માસ' એટલે 'પ્રભુભોજન'ની સભામાં જાય છે. તેણે કરેલી આગાહીઓમાંથી નીચે પ્રમાણેની કેટલીક આગાહીઓ સાચી પડી છે.

**(क) ખરી પડેલી આગાહીઓ**

(૧) ઈ.સ. ૧૯૪૪માં તેણે આગાહી કરેલી કે ચીન દેશ સામ્યવાદી બનશે. અને ૧૯૪૯માં એમ જ બન્યું.

(૨) મહાત્મા ગાંધીજીની હત્યા વિષે તેણે ૧૯૪૭માં આગાહી કરેલી. અને છ મહિના પછી ધર્મઝનૂની ગોડસેએ તેમનું ખૂન કર્યું.

(૩) તેણે ૧૯૬૧માં સિનેમા નટી મેરિલિન મનરોના આપઘાતની આગાહી કરેલી. એક વર્ષ પછી ઊંઘની વધુ પડતી ગોળીઓ લઈને મેરિલિન મનરોએ આત્મહત્યા કરી.

(૪) પ્રેસિડેન્ટ જોન એફ.કેનેડીના ખૂનની આગાહી, આ ખૂન પૂર્વે ૧૩ વર્ષ અગાઉ સંદર્શનોમાં તેને મળી હતી, એવું ડિકસનનું કહેવું છે.

એને લગતી વાત તા. ૧૩-૫-૧૯૪૬ના રવિવારના છાપાના વધારા **'પરેડ'**માં છાપવામાં આવી હતી. "૧૯૬૦ની પ્રેસિડેન્ટની ચૂંટણી અંગે શ્રીમતી ડિકસન ધારે છે કે 'લેબર પાર્ટી' એમાં વર્ચસ્વ ધરાવશે, પણ 'ડેમોક્રેટ પક્ષ' ચૂંટણી જીતી જશે. પણ એ ચૂંટાનાર પ્રેસિડેન્ટ એ પદ પર હશે એવામાં જ કાં તો તે મરી જશે, અગર તેનું ખૂન થશે. - પણ એ આવશ્યક નથી કે એની ઑફિસની પહેલી જ મુદ્દતમાં." એ પછી તા. ૨૨-૧૧-૧૯૬૩માં પ્રેસિડેન્ટ જોન એફ.

કેનેડીનું ખૂન થયું ત્યારે ડિકસનનું આ વિધાન યાદ કરવામાં આવ્યું હતું.

(૫) પંડિત જવાહરલાલ નહેરુના મૃત્યુની અને તેમના પછી શ્રી લાલબહાદુર શાસ્ત્રી ભારતના વડાપ્રધાન થશે તેની આગાહી.

(૬) ભારત-પાકિસ્તાન અલગ થશે, અને પાકિસ્તાનના પહેલા પ્રમુખ મિ. ઝીણા થશે એવું, એ બનાવ પૂર્વે થોડા મહિના અગાઉ મિસિસ ડિકસને આગાહીમાં કહેલું.

(૭) ઈંગ્લૅન્ડના વડાપ્રધાન મિ. વિન્સ્ટન ચર્ચીલ પ્રધાનપદેથી દૂર થશે, પણ ફરી પાછા ચૂંટણીમાં જીતી જશે.

(૮) રશિયા દુનિયાનો પ્રથમ ઉપગ્રહ છોડશે.

(૯) અમેરિકી પ્રેસિડેન્ટ આઈઝનહુવર ચૂંટણી જીતશે, તેમને હૃદયરોગનો હુમલો થશે, અને એમાંથી પાછા સાજા થઈ જશે.

(૧૦) રૉબર્ટ કેનેડીના ખૂનની આગાહી તેણે કરેલી કહેવાય છે.

(૧૧) માર્ટીન લ્યુથર કીંગના ખૂનની આગાહી પણ તેણે કરેલી એમ કહેવાય છે.

એ બધા સામે જીન ડિકસને કરેલી ઘણી બધી આગાહીઓ ખોટી પડી છે. શ્રીમતી ડિકસન પોતે તો એમ કહે છે કે માત્ર દશમા ભાગની જ આગાહીઓ જૂઠી નીવડી છે. સામાન્ય રીતે મોટા ભાગના જ્યોતિર્વિદો પોતપોતાને વિષે એમ જણાવે છે કે તેઓની પચાસ ટકાની અથવા વધારે આગાહીઓ ખોટી પડી છે. જીન ડિકસનની નીચે પ્રમાણેની આગાહીઓ ખોટી પડી છે.

**(ख) ખોટી પડેલી આગાહીઓ**

(૧) ત્રીજું વિશ્વયુદ્ધ ઈ.સ. ૧૯૫૪માં ફાટી નીકળશે.

(૨) સામ્યવાદી ચીનને ૧૯૫૮માં રાષ્ટ્રસંઘમાં લેવાશે, પણ

છેક ૧૯૭૧માં ચીનને રાષ્ટ્રસંઘમાં લેવાયું.

(૩) વિયેટનામનું યુદ્ધ ૯૦ દિવસ પછી (તા. ૭-૫-૧૯૬૬મા) બંધ થશે એવી આગાહી શ્રીમતી ડિક્સને કરેલી. પણ એ યુદ્ધ છેક ૧૯૭૫ સુધી ચાલ્યું.

(૪) શ્રીમતી ડિક્સને તા. ૧૯-૧૦-૧૯૬૮ના રોજ જાહેર કરેલું કે શ્રીમતી જેકવીલિન કેનેડી હવે ફરી લગ્ન કરવાની નથી. પણ એના બીજા જ દિવસે જેકવીલિન ગ્રીસના વહાણવટાના મહાધનાઢ્ય માલિક એરીસ્ટોટલ ઓનેસીસ સાથે લગ્ન કર્યાં ! એનો તા. ૨૦-૧૦-૧૯૬૮નો આ આગાહીનો 'સીન્ડીકેટેડ' લેખ બધાં છાપામાંથી તાબડતોબડ પાછો ખેંચી લેવો પડયો હતો. આ લેખમાં તેણે આપ્યું હતું કે "નવા વર્ષની મારી આગાહીને હું હજીયે વળગી રહું છું કે નજદીકના ભવિષ્યમાં જેકી લગ્ન કરશે જ નહિ."

(૫) અમેરિકાના યુનિયનના આગેવાન વૉલ્ટર રુધર ૧૯૬૪માં અમેરિકાના પ્રેસિડેન્ટની ચૂંટણી માટે ઊભા રહેશે, પણ એવું કંઈ બન્યું નહિ.

(૬) શ્રીમતી ડિક્સને ૧૯૭૦માં નીચેની કેટલીક આગાહીઓ કરી હતી, પણ એમાંનું કશું જ બનવા પામ્યું નહિ :

**(क)** ક્યુબા ટાપુનો સત્તાધીશ સામ્યવાદી ફીડલ કાસ્ટ્રો સત્તા પરથી ફેંકાઈ જશે, અને તેને એ ટાપુ છોડીને જવું પડશે. વળી તે ૧૯૬૬માં કાં તો મરી ગયો હશે, અથવા ચીનમાં હશે.

**(ख)** પ્રેસિડેન્ટ જોન કેનેડીના મૃત્યુ સંબંધીની નવી માહિતી પરદેશમાંથી મળશે.

**(ग)** પ્રેસિડેન્ટ નિકસનની હત્યાનું કાવતરું ઘડાશે.

(૭) શ્રીમતી ડિક્સને ૧૯૭૧માં નીચે પ્રમાણેની કેટલીક આગાહીઓ કરેલી. પણ તેમાંની એક પણ ખરી પડી નહિ.

**(क)** ઇજિપ્તના પ્રમુખ અનવર સાદતને અને જોર્ડનના રાજા

હુસ્સેનને પોતાના હોદ્દા છોડવા પડશે.

(ख) ચંદ્ર પર માણસ ઉતારવાની પહેલ રશિયા કરશે.

(૮) તેણે બીજી પણ કેટલીક આગાહીઓ કરી છે તે આજદિન સુધી ખરી પડી નથી. એમાંની-કેટલીક આ પ્રમાણે છે :

(क) ચીન રશિયા પર હુમલો કરશે.

(ख) રશિયા યુ.એસ. અમેરિકા સાથે મૈત્રીકરાર કરશે.

(ग) સોવિયત યુનિયન ૧૯૫૩માં ઈરાન પર હુમલો કરશે. એમ તો પ્રખ્યાત બ્રિટિશ જ્યોતિર્વિદ મોરીસ વુડરફની પણ કેટલી બધી આગાહીઓ ખોટી પડી છે ! જેમ કે.

(૧) ફ્રેન્ક અને મિયા સિનાત્રાને ત્યાં પુત્ર જનમશે એમ તેણે આગાહી કરેલી. પણ વર્ષ દરમિયાન તેઓએ ફારગતી મેળવી લીધેલી, અને તેમને કોઈ સંતાન નહોતું.

(૨) વિયેટનામનું યુદ્ધ ૧૯૬૯ના એપ્રિલમાં રાતોરાત બંધ પડશે. પણ એ યુદ્ધ છેક ૧૯૭૫ સુધી રહ્યું હતું.

(૩) મોરીસ વુડરફે આગાહી કરેલી કે લીન્ડા બર્ડ જોન્સનનું લગ્ન નાટયકાર હેમિલ્ટન સાથે થશે. તે પણ ખોટું ઠર્યું.

(ग) **તો જીન ડિક્સનની આગાહીઓ વિષે શું કહેવું ?**

**(૧) વાગ્યું તો તીર; નહિ તો ટપ્પો :** સમયો, સંજોગો અને માણસોના મનોવ્યાપારને પામી જઈ અલેલટપ્પે આગાહી કરી દેનાર વ્યક્તિ શ્રીમતી ડિક્સન છે. સંજોગવશાત્ કે આકસ્મિક રીતે ખરું પડી જાય તોય ઠીક, અને ન પડે તોય ઠીક. જીન ડિકસન એવા 'ચાન્સ' લેનાર વ્યક્તિ છે, એવું કેટલાકનું માનવું છે.

**(૨) તેને ઈશ્વર તરફથી મળતી અગમવાણી :** જીન ડિકસન પોતે એમ માને છે કે મારી બધી જ આગાહીઓ મને પ્રભુ ઈસુ તરફથી મળતી ભવિષ્યવાણીઓને આધારે છે. યશાયા, યિર્મેયા, યોહાન બાપ્તિસ્ત, વગેરે બાઈબલના પ્રબોધકો(ભવિષ્યવાદીઓ)ને જેમ

ઈશ્વરનો આત્મા એવી ભવિષ્યવાણી આપતો હતો, તેમ મને પણ ઈશ્વરનો આત્મા ભવિષ્યવાણી અથવા પ્રબોધવચન આપે છે. ભવિષ્યકથનો ઉચ્ચારવાનું દાન ઈશ્વરે મને આપ્યું છે. (Jeane Dixon,-"The Call of Glory", New York, William Morrow & Co., 1972, P. 42. વળી જુઓ Rene Noorbergan, "The Soul Hustlers", Zondervan, 1976, P. 114).

તે કહે છે કે, *હું મારા મન (mind)ને ખાલી કરી નાખું છું જેથી ઈશ્વરના 'આત્મા'થી હું ભરાઈ જાઉં. આખરે મારાં મનન દરમિયાન, જ્યારે મારો આત્મા શાંત હોય છે, ત્યારે તે મારી સાથે વાત કરે છે. કોઈ પણ જાતની શંકા વગર મને ખાતરી થઈ જાય છે કે, આ વાણી આપણા દિવ્ય પ્રભુ પરમેશ્વર પાસેથી આવે છે, કેમ કે હું તેવી ઊર્મિઓ અનુભવું છું, અને એવું મને ભાન થાય છે. હું જાણું છું કે આ વાણી શેતાન તરફની નથી, કેમ કે એની વાણીની લાગણી અને ભાનનો પણ મને અનુભવ થયો છે; અને એ બંને પ્રકારની વાણીનો ભેદ હું ચોક્કસ રીતે સમજું છું. એમ, મારા ડહાપણ પ્રમાણે હું માનું છું કે એ વાણી ઈશ્વર તરફથી છે." (જીન ડિક્સન - "ધી કૉલ ઑફ ગ્લોરી," ન્યૂર્યોક, વિલ્યમ મોરો અને કં., ૧૯૭૨, પૃ. ૪૩). જીન ડિક્સન કહે છે કે "મને ઈ.સ. ૨૦૩૭ સુધીનું ભવિષ્ય બતાવવામાં આવ્યું છે." (ઉપરનું પુસ્તક, પૃ. ૧૭૫).

**(૩) શેતાન અને દુષ્ટતાનાં આત્મિક દળો તરફથી મળતી માહિતી :** દુનિયાને ભમાવનાર અને ભ્રષ્ટ કરનારાં શેતાની બળોની સાથેનો સંપર્ક ધરાવવાથી આવી **કેટલીક** અગમસૂચક માહિતીઓ પ્રાપ્ત કરી શકાય છે. અને શેતાનના દુષ્ટાત્માઓ દેવદૂતોનું રૂપ ધારણ કરીને એવા ડોળથી માણસોને ભમાવે છે, જેથી આ 'માધ્યમ' (મીડીયમ' બનેલાં માણસોને એમ જ લાગે કે તેઓ ખુદ ઈશ્વર તરફથી

આ માહિતી મેળવે છે. શ્રીમતી જીન ડિક્સન ઈશ્વર તરફથી નહિ, પણ શેતાનિક દળો પાસેથી આ માહિતી મેળવે છે. એનાં ત્રણેક પ્રમાણો જોઈએ :

(i) **શ્રીમતી ડિક્સન જોષ જોવાનાં સાધનો, અન્ય જોષીઓની માફક, વાપરે છે,** જેવાં કે હસ્તરેખાશાસ્ત્ર, જન્મકુંડળીઓ, કાચનો ગોળો (ક્રિસ્ટલ ગેઝિંગ), તેમ જ પત્તાંની જોડ - ટેરેટ કાર્ડઝ. જીન જ્યારે યુવાન છોકરી હતી ત્યારે એક 'જીપ્સી' (વિચરણ જાતિની સ્ત્રી જે પોતે પ્રખર જોષ જોનારી સ્ત્રી હતી તેણે) આ કાચનો ગોળો અને પત્તાંની જોડ તેને આપી હતી, અને કહ્યું હતું કે "જીનમાં જોષ જોવાની શક્તિઓ છે." આ ઉપરાંત જોષ જોવાનાં અન્ય સાધનો પણ તે છૂટથી વાપરે છે.

ઈશ્વરે પોતાના દ્દષ્ટા કે પ્રબોધક સેવકોને ભવિષ્યકથનો કરવા વાપર્યા. તેઓ સંબંધી અને તેમનાં અગમવચનો વિષે બાઈબલમાં આપવામાં આવ્યું છે. એમાં આ સેવકોએ, ભવિષ્યકથનો કરવા જોષ જોવા માટે વપરાતાં કોઈ પણ સાધનો વાપર્યાં નથી. ઈશ્વર તરફથી જો ભવિષ્યકથન કરવાનું દાન હોય તો આવાં સાધનો વાપરવાની જરૂર રહેતી નથી. શ્રીમતી ડિક્સન આવાં સાધનો દ્વારા આગાહીઓ કરે છે. એટલે કે ઈશ્વરની પ્રેરણાથી નહિ, પણ શેતાની અંધારી આલમનાં બળોની સ્ફુરણા દ્વારા તે બધી આગાહીઓ કરે છે.

(ii) જીન ડિક્સનની અર્ધા કરતાં વધારે આગાહીઓ ખોટી પડી છે : બાઈબલમાં પણ બતાવ્યું છે કે જૂઠા પ્રબોધકો અથવા શેતાનના આત્માઓની પ્રેરણા દ્વારા ઉચ્ચારેલાં ભવિષ્યકથનો જૂઠાં ઠર્યાં છે. આ વિષે બાઈબલમાં કેટલાક દાખલા જોવા મળે છે. એક જ દાખલો લઈએ : બીજા કાળવૃત્તાંતના પુસ્તકમાં યરુશાલેમનો રાજા અને

સમરૂનનો રાજા રામોથ-ગિલઆદ પર ચઢાઈ કરવા જાય છે. એ પહેલાં તેઓ દૈવી સલાહ લેવા જાય છે કે ચઢાઈમાં જીત થશે કે હાર. ચારસો જેટલા જૂઠા પ્રબોધકોએ ભવિષ્યકથન કર્યું કે "જીત થશે." તેઓ શેતાનના જૂઠા આત્મા પાસેથી પ્રેરણા પામ્યા હતા, અને આ બન્ને રાજાઓ હારી ગયા. એક માત્ર ઈશ્વરના સાચા પ્રબોધક મિખાયા જ પ્રભુ તરફથી સંદેશો લાવ્યો હતો કે તેઓ હારી જશે. અને એમ જ બન્યું (બાઈબલ : ૨ કાળવૃતાંત ૧૮:૧-૩૪).

પ્રભુ પાસેથી મળેલી એક પણ ભવિષ્યવાણી જૂઠી પડતી નથી. પ્રભુ ઈસુએ પોતે એ પ્રમાણે કહ્યું છે. યુગપલટા વિષેનાં અને પૃથ્વી પર પોતાના પુનરાગમન સંબંધીનાં ઈસુએ ભવિષ્યવચનો કહ્યા પછી આ પ્રમાણે ખાતરીની મહોર મારી કે, **"હું તમને ખચીત કહું છું કે, આ બધાં પૂરાં નહિ થશે ત્યાં સુધી આ પેઢી ગુજરી નહિ જશે. આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારાં વચનો (પૂરાં થયા વગર) જતાં રહેશે નહિ"** (બાઈબલ : માથ્થી ૨૪:૩૪, ૩૫). વળી ઈશ્વર પોતે આ પ્રમાણે કહે છે : "તે પ્રમાણે મારું વચન જે મારા મુખમાંથી નીકળ્યું છે તે સફળ થશે. મેં જે ચાહ્યું છે તે કર્યા વિના, ને જે હેતુથી મેં તેને મોકલ્યું હતું તેમાં સફળ થયા વિના, તે ફોકટ મારી પાસે પાછું વળશે નહિ" (બાઈબલ : યશાયા ૫૫:૧૧).

(iii) **સાચા પ્રબોધક અથવા ભવિષ્યવાદીની વ્યાખ્યા :** સાચા ભવિષ્યવાદીની પારખ બાઈબલમાં આ પ્રમાણે આપી છે : "જયારે પ્રબોધક પ્રભુને નામે બોલે, અને જો તે વાત પ્રમાણે ન થાય, અથવા તે પૂરી કરવામાં ન આવે, તો તે વાત પ્રભુ બોલ્યો નથી એમ તારે જાણવું" (બાઈબલ : પુનર્નિયમ ૧૮:૨૨). પ્રભુ તરફથી જ હોય તે અગમવાણી સાચી જ પડે. પણ શ્રીમતી ડિકસનની ઘણી બધી આગાહીઓ સાચી પડી નથી, એ બતાવે છે કે તેની આગાહીઓ ઈશ્વર તરફથી નહિ, પણ શેતાનનાં પરિબળો તરફથી છે.

(iv) **ભવિષ્યવાણીઓની પ્રેરણા કાં તો ઈશ્વર તરફથી હોય, અથવા તો શેતાન તરફથી હોય.** ભવિષ્યકથનના પણ ફક્ત આ બે જ સ્ત્રોત હોય છે. દુનિયાના કોઇ પણ માણસ પાસે અગમવાણીઓ ભાખવાની આગવી શક્તિ છે જ નહિ. ઘણાં શાસ્ત્રો એમ જણાવતાં હોય છે કે યોગ કે તપને પ્રતાપે માણસ ભવિષ્ય જણાવી શકે છે. અથવા તો કેટલાક બનાવટી કે અધકચરા વિજ્ઞાનીઓને એમ જાહેર કરતા સાંભળ્યા છે કે અમુક અમુક માણસમાં એવી પારલૌકિક (extra sensory perception) શક્તિઓ હોય છે. પણ આ બંને મુદ્દામાં કાંઈ જ સત્ય હોતું નથી. મોટે ભાગે તો એ નારકી બળો અથવા શેતાની પ્રેરણા દ્વારા હોય છે. શ્રીમતી ડિકસનનું પણ એમ જ છે.

બાઈબલમાં અગમસૂચક આત્માના વળગાડવાળી છોકરીની હકીકત આપવામાં આવી છે.

> "અમે પ્રાર્થનાસ્થાને જતા હતા, ત્યારે એક જુવાન દાસી અમને મળી. તેને અગમસૂચક આત્મા વળગ્યો હતો, અને તે ભવિષ્યકથન કરીને પોતાના માલિકોને ઘણો લાભ કરતી હતી. તેણે પાઉલની તથા અમારી પાછળ આવીને બૂમ પાડીને કહ્યું કે, 'આ માણસો પરાત્પર પરમેશ્વરના સેવકો છે, અને તમને મુક્તિનો માર્ગ બતાવે છે.' તેણે ઘણા દિવસ સુધી એમ કર્યા કર્યું. આખરે પાઉલે કંટાળીને પાછા ફરીને તે આત્માને કહ્યું કે, 'ઈસુ ખ્રિસ્તને નામે હું તને આજ્ઞા કરું છું કે એનામાંથી નીકળ.' એટલે તે ને તે જ ઘડીએ તે આત્મા નીકળી ગયો" (બાઈબલ : પ્રેરિતોનાં કૃત્યો ૧૬:૧૬-૧૮).

(v) **જીન ડિકસનની આગાહીઓ એકંદરે માઠા અને કરુણાજનક બનાવો વિષે જ હોય છે.** એની આગાહીઓ મોટે

ભાગે ખૂન, મરણ, યુદ્ધ, માંદગીના હુમલા, ભાગલા, આગ, પૂર, તોફાનો અને એવા બનાવો વિષે હોય છે. કોલમારના એમીલ ક્રેમર, જેઓ વયોવૃદ્ધ 'પાસ્ટર' (ખ્રિસ્તી મંડળીના ધર્મસેવક) અને 'ઑકલ્ટ' વિદ્યાના લાંબા સમયના અભ્યાસી છે, તેમનું માનવું છે કે, શેતાની આત્માઓ 'ઑકલ્ટ' જ્યોતિષીઓને શેતાનની અંધારી આલમની અને ભૂંડી યોજનાઓ વિષે જાણ કરે છે. એ અંધારી આલમના અશુદ્ધ આત્માઓ યુદ્ધ, હત્યા, આગ, ગુનેગારોની આયોજના જ કરતા હોય છે. એટલે આ અશુદ્ધ આત્માઓની અંધારી આલમ સાથે સંબંધ રાખનાર જીન ડિકસન જેવાં 'ઑકલ્ટ' માધ્યમો એવા જ પ્રકારની આગાહીઓ રજૂ કરતાં હોય છે. મતલબ કે જીન ડિકસને મળતી આગાહીઓ ઈશ્વર તરફથી નથી હોતી, પણ નારકીય સત્તા તરફથી હોય છે. તે આ શેતાની સત્તાના હાથમાં એક પ્યાદા સમાન બની રહે છે.

'ઑકલ્ટ' માધ્યમો પોતાની આવી શક્તિ કે 'વિદ્યા' શેતાની વારસામાંથી મેળવે છે, અને આડકતરી રીતે તેઓ દુષ્ટાત્માઓની દુનિયાથી પરિચિત હોય છે. જીન ડિકસન માને છે કે એને આ બધી પ્રેરણા પ્રભુ ઈસુ પાસેથી મેળવે છે. પણ એણે આ બધી અનુભૂતિ શેતાની દુનિયામાંથી થાય છે.

જીન ડિકસન પોતાના આવા એક અનુભવ વિષે લખે છે (આ એનું સૌથી પ્રથમ સંદર્શન હતું. તા. ૧૪-૭-૧૯૫૨ના રોજ એને એ સંદર્શન થયું હતું) : "હું મારા પલંગ પર સૂતી હતી. એવામાં એક મોટો અજગર મારા પલંગ પર ચઢ્યો, અને મારી છાતી ઉપર આવીને બેઠો. અને મારી આંખોમાં આંખ પરોવીને બોલ્યો, "દીકરી, હિંમત રાખ; હજી તો તારે ઘણાં બીજાં બધાં સત્યો જાણવાનાં છે."

* Ruth Montgomery, "A Gift of Prophecy", a

જીન ડિકસનનું કહેવું છે કે "આમ મને ખરેખર ઈસુ ખ્રિસ્તે દર્શન દીધું."

પણ બાઈબલમાં તો શેતાનને અજગરની ઉપમા આપવામાં આવી છે. બાઈબલમાં શેતાન વિષે લખ્યું છે : "તે મોટો અજગરને બહાર નાખી દેવામાં આવ્યો, એટલે તે જૂનો સર્પ, જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે, તેને પૃથ્વી પર નાખી દેવામાં આવ્યા" (બાઈબલ : પ્રકટીકરણ ૧૨:૯).

શ્રીમતી ડિકસન પોતાની આત્મકથાના પુસ્તકમાં આ અજગરના સંદર્શનનું પુનઃમૂલ્યાંકન કરતાં જણાવે છે કે એ પ્રભુ ઈસુ નહિ, પણ શેતાન હતો. એમના પોતાના જ શબ્દો જોઈએ.

"અજગર તે માત્ર શેતાન માટે વાપરેલી ઉપમા છે એવું ખ્રિસ્તીઓ માને છે એવી બાઈબલ-આભ્યાસકોની દલીલ તદ્દન સાચી છે. ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન થશે ત્યારે તે આ અજગર(એટલે શેતાન)નું માથું છૂંદી નાંખશે." (જીન ડિકસન, 'માય લાઈફ ઍન્ડ પ્રોફેસીઝ.' વિલ્યમ મોરોઝ ઍન્ડ કં., ન્યૂયોર્ક, ૧૯૬૯, પૃ. ૧૯૪, ૨૦૩).

(iv) **જીન ડિકસન પાસે જોષ જોવડાવવા કે એવી સલાહ લેવા ગયેલાં ઘણાંબધાંને પાછળથી માનસિક, નૈતિક અને આધ્યાત્મિક રીતે નુકશાન થયેલું છે.** એમના લાગણીતંત્ર અને આત્મિક જીવન પર ઘાતક અસરો થઈ છે. જો જીન ડિકસન ઈસુ ખ્રિસ્તની પ્રેરણાથી એની 'ઑકલ્ટ' પ્રવિત્તિઓ ચલાવતી હોત, તો આવાં પરિણામ ઊભાં થાત નહિ. 'ઑકલ્ટ' વિદ્યાઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તથી ઊલટી છે - શેતાની છે.

(vii) **રોમન કૅથલિક ધર્મગુરુઓ તેની શક્તિને ઈસુ ખ્રિસ્તની નથી ગણતા.** તે ચુસ્ત રોમન કૅથલિક છે; દરરોજ સવારમાં મંદિરે તે 'માસ' (=પ્રભુભોજન) કરવા જાય છે; નિયમિત પ્રાર્થના

કરે છે, અને ગીતશાસ્ત્ર ૨૩માનું રટણ કરે છે. છતાં રોમન કૅથલિક ધર્મગુરુઓ પોતાનાં પુસ્કોમાં અને પ્રવચનોમાં તેની કડક ટીકા કરે છે. કારણ, તેઓ સમજે છે કે અશુદ્ધ આત્માઓ સાથે તેને સંબંધ છે, અને આ શેતાની આત્માઓ દ્વારા તે 'ઑકલ્ટ' આગાહીઓની પ્રેરણા પામે છે.

(viii) વળી તા. ૧૪-૭-૧૯૫૨ના રોજ તેને થયેલા ઈસુના દર્શન વિષે લખતાં તે કહે છે કે, હું મારા પલંગ પર સૂતી હતી ત્યારે એક બહુ જ મોટો અજગર મારી છાતી પર આવીને બેઠો, અને મારી આંખમાં આંખ પરોવીને તે સ્મિત સાથે બોલ્યો કે, "દીકરી, તારે હજી ઘણુબધું જાણવાનું છે." આ તો ઈસુનાં નહિ, પણ શેતાનનાં દર્શન હતાં. બાઈબલમાં શેતાનને અજગરની ઉપમા આપેલી છે; ઈસુને કદી નહિ. (બાઈબલ : પ્રકટીકરણ ૧૨:૩, ૪, ૯, ૧૨, ૧૪, ૧૫, ૧૭. ૨૦:૨, ૩. ઉત્પત્તિ ૩ : ૧, ૪, ૧૪.) એટલે શ્રીમતી જીન ડિકસનની 'ઑકલ્ટ' શક્તિઓ શેતાન અને તેના અશુદ્ધ આત્માઓ તરફથી છે.

(ix) **તેની આગાહીઓ અસ્પષ્ટ, ગોળગોળ અને ધારીએ એવા અર્થ નીકળી શકે તેવી હોય છે.** જીન ડિકસન પોતે જો કોઈ કોઈ વાર પોતાની આગાહીનું અર્થઘટન બદલતી હોય છે. એક જ દાખલો લઈએ. તેણે આગાહી કરી કે,

"પશ્ચિમ એશિયા(મિડ્લ ઈસ્ટ)માં કોઈક સ્થળે ફેબ્રુઆરી ૫, ૧૯૬૨ના રોજ સવારના ૭:૦૦ વાગ્યા પછી ઈસ્ટર્ન સ્ટાન્ડર્ડ ટાઇમ) એક બાળક જન્મ્યો છે, જે જગતની ઊથલપાથલ કરી દેશે. આ સદીના અંત પહેલાં તે દુનિયાના ધર્મોને સાંકળી લે એવા ધર્મમાં આખી મનુષ્યજાતને એક કરી દેશે. આ તો નવા ખ્રિસ્તી ધર્મનો પાયો બની જશે, અને એમાં બધા સંપ્રદાયો અને સિદ્ધાંતોને એકાકાર કરશે. આ જન્મેલો બાળક એ કરશે, અને સર્વશક્તિમાન ઈશ્વરના ડહાપણને

ફેલાવવા તે દુનિયાના લોકોમાં ઘૂમી વળશે. નાસીપાસ બનેલી દુનિયાની પ્રાર્થનાઓના પોકારનો જવાબ તે આ જન્મેલી વ્યક્તિ છે."

દુનિયાનો ઉદ્ધાર કરવાને જન્મેલા આ મસીહા વિષેની જીન ડિકસનની આ આગાહીનો બધે જ ભારે વિરોધવંટોળ ઊભો થયો. આથી શ્રીમતી ડિકસને આ અવતરેલા બાળકની સાચી ઓળખ પલટી નાખી. ડિકસનની આત્મકથા લખનાર રેને નૂરબર્ગન (Rene Noorbergen) લખે છે કે,

> "કેટલાંયે વર્ષો સુધી જીન એમ પ્રચાર કરતી હતી કે આ ખ્રિસ્ત-બાળક ૧૯૮૧ના દાયકાના પહેલા ભાગમાં દુનિયાને દોરશે. આ બાળક ઈશ્વરપરાયણ અને દૈવી છે, અને તે દુનિયાનો મુક્તિદાતા બનશે."
>
> "પણ પછી કશુંક બન્યું ! શ્રીમતી ડિકસનની આત્મકથા **'મારું જીવન અને ભવિષ્યકથનો'** લખવા માટે હું તેમની સાથે વાર્તાલાપ કરતી હતી ત્યારે મને માલૂમ થયું કે આ બાળક સંબંધીના એમના પ્રકટીકરણમાં ફેરફાર થયેલો મેં જોયો. ટીકાકારોની ટીકાઓથી તે ખૂબ લાગણીવશ થઈ જવાથી તેમણે આ બાળકની પિછાણ સંબંધીનું અર્થઘટન બદલી નાખ્યું. તેમણે પોતાની 'આત્મકથા'ની બીજી આવૃત્તિમાં જણાવ્યું કે, આ અવતરેલી વ્યક્તિ માણસજાતને એક ધર્મસિદ્ધાંત નીચે એકત્ર કરશે, અને પોતાના સર્વ શક્ય પરાક્રમ દ્વારા નવો ખ્રિસ્તી ધર્મ સ્થાપશે, પણ ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્તના ધર્મશિક્ષણ અને જીવનથી તદ્દન ઊલટી જ઼ દિશામાં માણસોને તે દોરી લઈ જશે."

પોતાની આત્મકથાના બીજા પુસ્તકમાં જીન ડિકસન આમ લખે છે :

"આ બાળક તે ખરેખર 'ખ્રિસ્તવિરોધી' (Anti Christ) છે, એ વિષે મારા મનમાં કોઈ શક નથી. શેતાનના નામમાં તે આખી પૃથ્વીને છેતરશે." (જીન ડિકસન, 'માય -લાઈફ ઍન્ડ પ્રોફેસીઝ', પૃ. ૧૯૪, ૨૦૩).

"પોતાનો આ નવા અર્થઘટનને વિસ્તારમાં તેમણે કહ્યું કે, આ બાળક તે **'ખ્રિસ્તવિરોધી'** (Anti Christ) છે." પોતાના અસલ અર્થઘટન કરતાં આ તો તદ્દન વિરોધી બાબત થઈ.* (રેને નૂરબર્ગન, **"ધી સોલ હસ્લર્સ"**, ઝોન્ડરવાન, ૧૯૭૬, પૃ. ૧૨૧.)

(x) જીન ડિકસનની આગાહીઓ દ્વારા પ્રભુ ઈસુ ખ્રિસ્તને મહિમા મળતો નથી, એટલે જીન ડિકસનની આગાહીઓ પ્રભુ ઈસુની પ્રેરણાથી નથી. એટલે ઉપર જોઈ ગયા તેમ એનો અર્થ એ જ થયો કે શેતાની આત્માઓ દ્વારા આ સ્ફુરણાઓ લાવે છે.

બાઈબલ જણાવે છે કે "ઈસુ વિષેની સાક્ષી તો પ્રબોધ(ભવિષ્ય)નો આત્મા છે" (બાઈબલ : પ્રકટીકરણ ૧૯:૧૦). એનો અર્થ એ થાય ચે કે કોઈ પણ ભવિષ્યવાણી જો ઈસુ ખ્રિસ્ત અથવા ઈશ્વર તરફથી હોય, તો તે દ્વારા પ્રભુ ઈસુને મહિમા મળવાનો જ : તેમની સાક્ષી ઊઠવાની જ. અને જો એમ થતું ન હોય, તો એ આગાહી કે ભવિષ્યકથન ઈશ્વર તરફથી નથી.

વળી બાઈબલ કહે છે : "પ્રભુ (ઈસુ ખ્રિસ્ત) જે પ્રબોધકો (ભવિષ્યવાદીઓ)ના આત્માઓનો પરમેશ્વર છે, તેણે જ થોડી વારમાં થવાનું જ છે તે પોતાના સેવકોને દેખાડવા માટે પોતાના દૂતને મોકલ્યો છે" (બાઈબલ : પ્રકટીકરણ ૨૨:૬).

---

* બાઈબલમાં ભવિષ્યકથન છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત જગતનો ન્યાય કરવા અને પૃથ્વી પર રાજ્ય ચલાવવા આવવાના છે. અને એમનો વિરોધ કરતો શેતાનનો માણસ, 'ખ્રિસ્તવિરોધી' (Anti-Christ) પણ આવવાનો છે.

આમ, ખ્રિસ્તને મહિમાવાન કરવામાં તો શ્રીમતી ડિકસન સરિયામ નિષ્ફળ છે. કેમ કે તેમની આગાહીઓ દ્વારા લોકોને ઈસુ ખ્રિસ્તની પાસે લાવવામાં આવતી નથી. એ આગાહીઓમાં ઈસુ ખ્રિસ્ત વિષે કોઈ સાક્ષી નથી. છેલ્લામાં છેલ્લી ફેશન વિષે તેમ જ મામૂલી બાબતો અને સામાન્ય વિષયો વિષેની શ્રીમતી ડિકસનની આગાહીઓમાં કોઈ આત્મિક કે ઉચ્ચતર અર્થ હોતો નથી. પ્રભુ તરફથી એ સ્ફુરણાઓ કે પ્રેરણાઓ નથી. બાઈબલમાં જણાવેલા બધા ભવિષ્યવેત્તાઓ ભવિષ્યવચનો આપતાં આમ કહેતા હતા : "પ્રભુ આ પ્રમાણે કહે છે." શ્રીમતી ડિકસને એવું કદી કહ્યું નથી, કારણ, એની આગાહીઓ ઈશ્વર તરફથી નહિ, પણ શેતાની આત્માઓ તરફથી છે.

•

## પ્રકરણ ૧૫ મું

# જોષ, શુકન, વગેરે કેમ પાપ છે ? અને કેમ તેઓ ઈશ્વર વિરુદ્ધનાં છે ?

ઘણુંખરું તો જ્યોતિષને નામે જે જોવા - સાંભળવા મળે છે તે તો માત્ર બનાવટ હોય છે. રસ્તા પર, ફૂટપાથો પર ચકલીઓ, પત્તાં અને પીંજરા લઈને બેઠા હોય છે, તેઓ માત્ર જૂઠા જોષીઓ, અને પેટપૂજા માટે પૈસા પડાવનારા હોય છે. તેઓની સ્લેટોના સરવાળા અર્થ વગરના હોય છે. એમ જ ઘેર ઘેર ફરીને જોષ જોનારાનાં ટીપણાં એ ચાલાકીભરી છેતરપિંડી જ હોય છે. પણ બીજા બીજા ધંધાઓમાં પણ ભળતો જ માલ આપીને પૈસા પડાવી લેનારા ક્યાં નથી હોતા ? એમ એમનુંય ગાડું ગબડવા દો.

છાપાઓમાં અને મૅગેઝિનોમાં જે દૈનિક, સાપ્તાહિક કે માસિક 'ભવિષ્ય' અને જન્મકુંડળીઓની કટારો' કે 'કૉલમો' આવે છે તે પણ મોટે ભાગે બનાવટ અને ઉપજાવી કાઢેલી વાતો જ હોય છે. વાચકોને એમાંથી જે અર્થ તારવવો હોય તે કાઢી શકે અને ખુશ થાય એવી અસ્પષ્ટ અને ગોળગોળ વાતો હોય છે. કેટલાક સમય પૂર્વે અમદાવાદથી નીકળતા એક જાણીતા દૈનિક છાપામાં અપાતી આવી જ્યોતિષને લગતી કટારના લેખકને હું મળવા ગયેલો. આ વિષયને લગતી મેં પૃચ્છા કરતાં તેમણે અટ્ટહાસ્ય સાથે જણાવ્યું કે, "સાહેબ, સવારમાં ઊઠીને જે વિચારો આવે તે આ 'કૉલમ' માટે લખી નાખું છું ! અને લોકોને તો એ બધું 'ફિટોફિટ' માફક આવી જાય છે. અને ઘણાંબધાંનાં જીવનમાં તો એ વખાણો પ્રમાણે જ બને છે ! - એ નવાઈની વાત છે. 'સાઈકોલૉજી' જબરું કામ કરી જાય છે !"

સામયિકોવાળા એવી કટારો ન છાપે તો એમનાં સામયિકો ગળાકાપ હરીફાઈઓમાં પાછળ પડી જાય ! અમદાવાદના એક જાણીતા દૈનિકમાં પ્રભુ ઈસુની જન્મકુંડળી છાપવામાં.આવી હતી જે આખી નીચે છાપી છે. પ્રભુ ઈસુના જન્મનું વર્ષ, મહિનો, તારીખ અને સમયની કોઈ ચોક્કસ જાણકારી નથી. તો તેમની જન્મકુંડળી બનાવી કેવી રીતે ? આ બનાવટ નહિ તો બીજું શું ?

**"ઈસુ ખ્રિસ્તની કુંડળી અમર કીર્તિ અને નિંદાનો ચોગો"**

ઈસુ ખ્રિસ્ત :

જન્મ તારીખ : ૨૫મી ડિસે. ઈસ્વીસન પૂર્વે ૭

વાર સમય : શુક્રવાર ૧૦ કલાક ૧૮ મિનીટ રાત્રે




"ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ વિશ્વભરમાં છે તેમને બાજુએ રાખીએ તો પણ ઈસુ ખ્રિસ્તના પ્રેમ અને પ્રાયશ્ચિતના સંદેશાને કારણે તથા તેમના વ્યક્તિત્વને લીધે તેમનું આદરપૂર્ણ સ્થાન બિન-અનુયાયીઓના અંતરમાં પણ જોવા મળે છે. ઈસુ ખ્રિસ્તની કન્યા લગ્નની કુંડળી છે. કન્યા રાશિ પોતે જ સેવાનું પ્રતિક છે અને લગ્ન ઉપર શનિ, મંગળ અને ગુરૂની પ્રબળ અસર પડે છે. લગ્નનો

અધિપતિ બુધ ચોથા સ્થાનમાં સૂર્યની સાથે છે. રાજા હેરોડના ભયને કારણે જન્મ પછી ઈસુ ખ્રિસ્ત અને તેમના માતાને ઈજીપ્ત ખાતે ખસેડવામાં આવ્યા હતા. ચંદ્રથી દશમું સ્થાન ધન રાશિનું આવે છે અને તેની ઉપર મીનના શનિની દૃષ્ટિ છે. જીસસ સુથારી કામ કરતા હતા, સાચા અર્થમાં શ્રમજીવી હતા તે હકીકત આમાં જોવા મળે છે. ભાગ્યસ્થાનમાં કેતુ છે અને તે આત્મજ્ઞાનનો યોગ છે. એવી જ રીતે મીનનો શનિ પણ ઉંડી ધાર્મિક્તા અને આધ્યાત્મિક વ્યક્તિત્વ દર્શાવે છે. મીનના શનિની દૃષ્ટિ પણ ભાગ્ય પર પડે છે. આ પણ ભાર્મિક્તા સૂચવે છે. નાનામાં નાના માણસ પ્રત્યેની અનુકંપા અને પતિતો પ્રત્યેની કરૂણા આ કુંડળીમાં સ્પષ્ટપણે જોવા મળે છે. પરાક્રમ ભૂવનમાં રાહુ અને શુક્ર સાથે છે પણ વૃશ્ચિક રાશિમાં શુક્ર અને રાહુ વચ્ચે ૨૧ અંશનું અંતર છે. એટલે રાહુ વડે શુક્ર દૂષિત બનતો નથી. આ પરથી એમ કહી શકાય કે તેમનું જીવન શુદ્ધ અને પવિત્ર હતું તેમનો સંદેશો પ્રેમ, કરૂણા અને સેવાનો છે. અહીં તત્વજ્ઞાનના કોઈ સૂક્ષ્મ રહસ્યો નથી. અહીં વહેવાર શુદ્ધિ અને નૈતિકતાના ઉચ્ચ મુલ્યોની જ વાત છે."

"શનિ એ પાંચમા – છઠ્ઠાનો સ્વામી છે. જ્યારે મંગળ આઠમાં સ્થાનનો સ્વામી છે. આ બન્ને પાપગ્રહોની દૃષ્ટિ લગ્ન પર છે. તેના પરથી તેમની પીડા અને વધસ્થંભ પરની તેમની અંતિમ પરીક્ષા સમજી શકાય છે. લગ્નાધિપતિ બુધ બારમા સ્થાનના માલીક સૂર્યની સાથે ચોથા સ્થાનમાં છે તે પણ અહીં સૂચક છે."

"ઈસુ ખ્રિસ્તે ઈતિહાસનું આખું વહેણ બદલી નાખ્યું, તેમના જીવનની શુચિતા અને પવિત્રતા વિષે બેમત નથી અને છતાં આપણે જાણીએ છીએ કે તેમના વિષે જાત જાતની વાયકાઓ હજુ પણ પ્રચલિત છે.

"આનું કારણ શું ? સૂર્યથી બારમા સ્થાનમાં રાહુ અમર

કીર્તિનો યોગ આપે છે અને અહીં એ યોગ છે પણ સાથેસાથે રાહુ વૃશ્ચિક રાશિમાં છે, પરાક્રમ ભૂવનમાં છે અને શુક્ર દૂર હોવા છતાં પણ એક જ રાશિમાં છે તે એક જ કારણ આ નિંદા માટે ખુલાસારૂપ બને છે. મંગળની રાશિનો શુક્ર અને રાહુ ખાસ કરીને વૃશ્ચિક શુક્ર-રાહુ આવું ફળ આપે છે તે હકીકત છે."

આ બનાવટી કુંડળી કોઈકે તૈયાર કરી છે, એમાં કંઈ જ સત્ય નથી. આ બનાવટી 'ભાવિના વરતારા' જવા દઈએ. પણ જન્મકુંડળીઓ લઈને, નામક્ષરો અને રાશિઓ મેળવીને, જ્યોતિષ પ્રમાણે ગણતરીઓ ગણીને લખેલાં કે જોયેલાં 'ભવિષ્ય' વિષે આપણે જોઈએ.

૧. આવી રીતે જન્મકુંડળી, નામાક્ષરો, અને રાશિઓ મેળવીને અને પાકું મુહૂર્ત જોઈને કરેલાં કેટલાં બધાં લગ્ન થોડા સમયમાં તૂટી જાય છે! કોડભરી નવયુવાન પત્નીઓને અગનપિછોડો ઓઢવો પડે છે કે કુટુંબીજનો જ ઓઢાડે છે! શુભ શુકન જોયા છતાં કેટલાં બધાં કાર્યો ભાંગી પડે છે કે નિષ્ફળ થાય છે!

૨. જોષ અને શુકન પાછળનું ખરું રહસ્ય શેતાન અને તેનાં દુષ્ટતાનાં અશરીરી (અપાર્થિવ) લશ્કરો અથવા દુષ્ટાત્માઓ છે. એટલે જ્યોતિર્વિદ્યા ઈશ્વરની વિરુદ્ધની છે.

૩. નક્ષત્રો અથવા આકાશી ગોળાઓને માનવજીવન પર કે એના કોઈ પણ બનાવો પર કોઈ સત્તા કે ચલણ નથી. તેઓ જડ, બુદ્ધિહીન, અને ચેતનારહિત છે, એટલે જ તેઓ માનવજીવન પર અસરો પહોંચાડવાની શક્તિ ધરાવતા નથી. જ્યારે જ્યોતિઃશાસ્ત્ર તો કહે છે કે ગ્રહો, રાશિઓ, અને નક્ષત્રો માનવજીવન ઉપર અસર અને પ્રભાવ પાડે છે. જ્યોતિષની આ વાત તદ્દન પોકળ અને જૂઠી છે. જેમ પૃથ્વી ઉપર માટી, પથ્થર, પાણી, ખનીજો અને ધાતુઓ, વગેરે છે, પણ તેઓ માનવી જીવનનું નિયંત્રણ કરી શકતાં નથી; એમ જ આકાશી નક્ષત્રો અને તારાઓ પણ એ જ પદાર્થોના બનેલા

હોઈ, માનવી જીવનનું નિયંત્રણ કરી શકતાં નથી કે, અસરો પહોંચાડી શકતાં નથી.

મારા પગ પાસે પડેલો પથ્થર કે આસપાસના ડુંગરાના ઢગલાબંધ પથ્થરો હોય, પણ તેઓ મારા જીવનનું કંઈ નિયંત્રણ કે સંચાલન કરી શકતા નથી. એમ જ આકાશી ગોળાઓમાંના પથ્થરો, રેતી કે ડુંગરા મારા જીવનનું નિયંત્રણ કરી શકે જ નહિ. એટલે ગ્રહો, નક્ષત્રો ઈત્યાદિ માણસના જીવન ઉપર પ્રભાવ અને અસરો પાડે છે, અને એ દ્વારા માનવજીવનનું નિયંત્રણ કરે છે, એ વાત જૂઠી છે.

મારા જીવનની વિગતો, એટલે કે મારું લગ્ન ક્યારે થશે ? એ કેવું નીવડશે ? કેટલાં સંતાન થશે ? આ સંતાનો કેવાં નીવડશે ? હું પાસ થઈશ કે નાપાસ ? નોકરી મળશે ? ક્યારે મળશે ? કોઈ અકસ્માત મારા જીવનમાં નડશે કે કેમ ? - હા, તો ક્યારે નડશે ? વગેરે બધા પ્રશ્નોના ઉત્તરો આ જડ, બુદ્ધિહીન અને ચેતનારહિત ગગનગોળાઓ કેવી રીતે આપી શકે ? વળી, એ બધા મારા જીવન સંબંધી અને એના અનેક બનાવો સંબંધી આગાહીઓ કેવી રીતે કરી શકે ? - ભવિષ્ય કેવી રીતે ભાખી શકે ? આવું નિયંત્રણ તેઓ કરી શકે જ નહિ.

૪. પણ આ પ્રત્યેક આકાશી ગોળા પાછળ રહીને શેતાની આત્માઓ માનવજીવનોને અસર કરે છે. આ શેતાની દુષ્ટાત્માઓ ઈશ્વરવિરોધી છે, માટે જ્યોતિષ ઈશ્વરવિરોધી છે. જે લોકો જ્યોતિષમાં શ્રદ્ધા ધરાવે છે, તેમનાં જીવનોનું સંચાલન કદાચ આ શેતાની બળો કરે છે. એટલું જ નહિ, પણ આ શેતાની આત્માઓ 'સૂચનો' અને 'સ્વસૂચનો' Suggestions અને Auto-Suggestions દ્વારા તેઓનાં જીવનોને એ પ્રમાણેના વળાંકો આપે છે.

૫. માણસે પોતાના જીવન માટે, જીવનના સર્વ પ્રસંગો અને બનાવો માટે તેમ જ જીવનજરૂરિયાતનાં તમામ વાનાં માટે પોતાના

ઉત્પન્કર્તા અને પરમેશ્વર પર જ આધાર રાખવો જોઈએ. પણ શેતાનના દુષ્ટાત્માઓની દોરવણીને લીધે જયોતિષ અને એવી છલનાભરી વિદ્યાઓ પર આધાર રાખવો કે શ્રદ્ધા બેસાડવી એ ઈશ્વરની સામે ઘોર પાપ છે. આ મલિન વિદ્યાઓ પાછળના શેતાની આત્માઓ પર પોતાની શ્રદ્ધા મૂકીને માણસ ઈશ્વરની પહેલી આજ્ઞાનો ભંગ કરે છે કે, "મારા સિવાય તારે કોઈ અન્ય દેવો ન હોય."

ભારતની ફિલસુફીની ઊણપ એ છે કે એમાં કયાંયે શેતાનના પાત્રને સ્થાન નથી. શેતાન વિશ્વની સર્વ પ્રકારની ભૂંડાઈ, અનીતિ, અને દુષ્ટતાનો પિતા અથવા સર્જક અને જન્મદાતા છે. માણસને ભમાવનાર, છેતરનાર, પાપમાં પાડનાર અને જે કંઈ સારું કે ઉત્તમ છે તેથી દૂર લઈ જનાર - ઈશ્વરથી દૂર લઈ જનાર, એવી આ સર્વ ભૂંડાઈથી ભરેલી અપાર્થિવ વ્યક્તિને ફિલસુફીમાંથી બાકાત રાખવામાં આવી છે ! શેતાનને તો એવું બધું ગમતું આવે છે. એનું તો કામ થાય છે, અને કોઈ એનું નામ લેતું નથી. આવું તો શેતાન ઇચ્છે જ છે.

હા, ભારતની ફિલસુફીમાં 'માયા', 'અજ્ઞાન', 'આસુરો', તેમ જ પ્રકૃતિના ત્રણ ગુણ (સત્ત્વ, રજસ, તમસ) ગણાય છે ખરા, પણ એ બધું અંધકારનું સામ્રાજ્ય કયાંથી આવ્યું ? અંધારી આલમ કયાંથી ઊભી થઈ ? માયા અને અજ્ઞાનની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? પ્રજા પ્રજાને લડાઈમાં કાપી, બાળી નાખે; વેરની વસૂલાતમાં પેઢી પેઢીની લોહીની નીકો વહ્યે જ જાય; વૈશ્યાવાડા, જેલખાનાં, ગાંડાની ઇસ્પિતાલો, 'માફિયા' મંડળો, કાળાબજારિયા, એ બધાં આવ્યાં કયાંથી ? ભૂંડાઈની મૂર્તિમંત અને મહાબુદ્ધિવાળી વ્યક્તિ હોય તો જ આ બધું શક્ય બને. પણ શેતાન એવું જ ઇચ્છે છે કે લોકો ભલે એમ માને કે હું વ્યક્તિ નથી, મારી હયાતી જ નથી.

એટલે આવી ફિલસુફીને, અપાર્થિવ વ્યક્તિ તરીકે શેતાનની હયાતી છે એવો ઘૂંટડો ભરવો ફાવતો નથી. જ્યોતિષ પાછળ શેતાન કામ કરી રહ્યો છે. શેતાન ઈશ્વરવિરોધી છે, એટલે જ્યોતિષતંત્ર પણ ઈશ્વરવિરોધી છે.

વળી ભારતની ફિલસુફીમાં શેતાનના અપદૂતો અથવા દુષ્ટાત્માઓ અને ભૂંડાઈનાં આત્મિક અશરીરી લશ્કરોને ઈશ્વરની વિરુદ્ધનાં નહિ, પણ માનવીઓને વરદાનો આપનારાં અને હિતકારક ગણવામાં આવે છે ! (અહીં સ્વર્ગ અને નર્ક ભેળસેળ થઈ જતાં લાગે છે !)

૬. એકલા સૃજનહાર પરમેશ્વરને જે માન, મહિમા અને સ્તુતિ મળવાં જોઈએ તે તેમને ન આપતાં, સૃજેલાં વાનાંને - એટલે સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને નક્ષત્રોને એ માન, મહિમા અને સ્તુતિ આપવામાં આવે છે. આ પરમેશ્વર સામેનું પાપ છે. આ એક પ્રકારની મૂર્તિપૂજા છે.

૭. જોષ, શુકન અને એવી 'ઑકલ્ટ' વિદ્યાઓ પાછળ લાગુ રહેલાંને પ્રભુભક્તિ, પ્રાર્થના, બાઈબલવાચન, અને ઈશ્વર અધ્યયનમાંથી રસ ઊડી જાય છે. તેઓ ઈશ્વરથી દૂર જાય છે.

૮. જ્યોતિષ અને 'ઑકલ્ટ' વિદ્યાઓની પાછળ શેતાની આત્માઓનું બળ છુપાયેલું છે. તે બળ નસીબ જોનારાં-જોવડાવનારાંનાં જીવનને ભંગાર હાલતમાં લાવી મૂકે છે. આત્મિક અને માનસિક રીતે, અને ક્વચિત્ શારીરિક રીતે પણ તેઓ બૂરી હાલત પામે છે.

૯. આ બધી 'ઑકલ્ટ' વિદ્યાઓ માણસને ઈશ્વરના પવિત્ર આત્માની અસરોથી દૂર લઈ જાય છે, તેમ જ એ માણસના જીવનમાં પવિત્ર આત્માને કામ કરવાની તક આપતી નથી.

૧૦. આ ઉપરાંત આ 'ઑકલ્ટ' વિદ્યાઓ અને શક્તિઓ એમના ચાહકોને મૂર્તિપૂજા તરફ ખેંચી જાય છે, અને ભૌતિક તત્ત્વોની

આરાધના કરાવે છે. તેઓમાં મૂર્તિપૂજા એનાં જુદાં જુદાં સ્વરૂપોમાં ભાગ ભજવે છે.

૧૧. આ બધી 'ઑકલ્ટ' વિદ્યા દ્વારા જાતીય વાસના ઉત્તેજાય છે. અશુદ્ધ આત્માઓ સાથેનો સંબંધ જાતીય વાસનાનો પ્રેરક હોય છે. કારણ, એ બધાં શેતાનની અંધારી આલમનાં સાધનો કે હથિયારો છે.

૧૨. બાઈબલના બીજા થેસ્સાલોનિકાના પુસ્તકમાં ૨:૭માં લખ્યું છે કે, "અધર્મની ગુપ્ત અસર ચાલુ થઈ ચૂકી છે." એ પ્રમાણે પૃથ્વીના આ છેલ્લા સમયમાં જોષ, શુકન, પ્રેતવાદ, મરેલાં સાથે વાતચીત, અને બીજી 'ઑકલ્ટ' વિદ્યાઓ અનહદ પ્રમાણમાં આખી દુનિયાના ફેલાઈ રહ્યાં છે. આ તો અંત સમયની એંધાણી છે : માત્ર યુ.એસ. અમેરિકામાં જ ૧૦,૦૦૦ પૂર્ણસમયી જ્યોતિષીઓ છે. અને ફક્ત અમુક કલાકો જ (પાર્ટ ટાઈમ) કામ કરતા જોષીઓ ૧,૭૫,૦૦૦ (પોણા બે લાખ) છે. દુનિયાનાં ૮૦ ટકાનાં સામયિકોમાં જ્યોતિષના કોઠા આપવામાં આવે છે. ઈ.સ. ૧૯૭૮ની એક ગણતરી પ્રમાણે યુ.એસ. અમેરિકાનાં ૧૭૦૦ છાપાંમાંથી ૧૨૦૦ જન્મકુંડળીની કટારો છપાય છે. ભારતની આવી ચોક્કસ માહિતી મેળવવી તે લગભગ અશક્ય છે.

૧૩. ઈંગ્લેન્ડમાં જાદુની કૉલેજ છેલ્લાં લગભગ પંદરેક વર્ષથી ચાલે છે. એમાં 'જ્યોતિષ' પણ આવી જાય. આજથી તેરેક વર્ષ અગાઉ આ કૉલેજમાં ૨૫૦ વિદ્યાર્થીઓ હતા. કેલિફોર્નિયાની યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ જાદુકળામાં ડૉક્ટરની ઉપાધિ (ડિગ્રી) મેળવી રાચે છે. દક્ષિણ અમેરિકાના બ્રાઝિલમાં આજે ૭,૫૦,૦૦,૦૦૦ (સાડા સાત કરોડ) પ્રેતવાદમાં માનનારા છે. ત્રીસ વર્ષ અગાઉ ત્યાં એક કરોડ જેટલા હતા.

•

## પ્રકરણ ૧૬ મું

# પરમ પિતા પરમેશ્વરનું સંચાલન

રેલ્વેના કોઈ 'કન્ટ્રોલ રૂમ'માં ગયા છો ? એમાં કન્ટ્રોલર બેઠો બેઠો આખા વિભાગની ટ્રેઈનો અને માલગાડીઓનું કેવું 'કન્ટ્રોલિંગ' કરતો હોય છે ! કોઈ એકબીજી સાથે અથડાઈ પડે નહિ કે કોઈ અકસ્માત ન સર્જાય એની તે કેવી ચાંપતી નજર રાખે છે !

એમ, પરમેશ્વર આખા વિશ્વનું 'કન્ટ્રોલિંગ' કરતા હોય છે. આકાશી ગોળાઓનું, જડ પદાર્થોનું, સર્વ જીવોનું, અને સૃષ્ટિના સર્વ બનાવોનું, તે 'કન્ટ્રોલિંગ' કરે છે. પ્રત્યેક માણસના જીવન અને તેના સમયોનું પણ તે જ સંચાલન કરે છે ને !

એ પરમેશ્વર મારા **પિતા** છે. મારા જીવનનું, હા, મારી ક્ષણેક્ષણનું નિયંત્રણ તે કરે છે. તો પછી મારે મારા ભાવિ સંબંધી શા માટે ચિંતા કરવી ? મારે મારા જીવનના કોઈ પણ પ્રસંગને માટે શાને ઉચાટ કરવો ?

પ્રભુ ઈસુ પર અતૂટ શ્રદ્ધા રાખનાર એકેએક વ્યક્તિના જીવનને માટે પ્રેમાળ પરમેશ્વર પિતાએ ખાસ આયોજન કર્યું છે - ચોક્કસ હેતુભરી યોજના ઘડી છે (બાઈબલ : એફેસી ૨:૧૦). એટલે એ પરમ પિતા પોતે જ વ્યક્તિને બહુ ચોક્કસ રીતે દોરશે જ. હા, બિલકુલ ભરોસાપાત્ર રીતે દોરશે, ઝીણી ઝીણી બાબતોમાં પણ દોરશે. એનો સતત અનુભવું હું પામું છું.

નક્ષત્રો, રાશિચક્રો અને હસ્તરેખાઓ મારા જીવનનાં નિયામક નથી, એ હું જાણું છું. હા, એ હું ચોક્કસ જાણું છું. તો મારે એ લપછપમાં શા માટે લપટાવું ? નહિ જ.

મારા પ્રભુ પિતા મારા જીવનનું સંચાલન કરે છે. તેમણે જ પૃથ્વી અને તેમાંનું સર્વ સૃજ્યું છે. આકાશો અને તેમાંના તમામ ગગનગોળાઓ - સૂર્ય, ચંદ્રો, રાશિમંડળો અને કેટલા બધા તારાઓ તેમણે જ બનાવ્યા છે ને ! કેટલા બધા તારાઓ જુઓ તો ખરા ! $૧૦^{૨૬}$ જેટલા ! એટલે એક કરોડ, ગુણ્યા દશ લાખ ! અથવા એમ જ કહોને : એકડા પાછળ ૩૧ મીંડાં ! કેટલા બધા ! સેકન્ડના દશ દશ તારા લેખે ગણતાં ગણતાં કેટલાંયે કરોડો વર્ષ નીકળી જાય ! અને તોયે કંઈ કેટલાયે રહી જાય !

તોયે બાઈબલમાં તો લખ્યું છે કે, "તે (પરમેશ્વર પિતા) તારાઓની ગણતરી કરે છે; અને તે **સર્વને** નામો આપે છે !" (બાઈબલ : ગીતશાસ્ત્ર ૧૪૭ : ૪). તે તેઓની ભ્રમણકક્ષાઓમાં તેઓનું નિયંત્રણ કરે છે, તેમ જ તેઓનું રક્ષણ પણ કરે છે. એમાંનો એકેય ભટકાઈ પડતો નથી. એ તો જુઓ ને !

એ જ પરમેશ્વર પિતા સર્વ જીવોની - પ્રાણી, પંખી, જીવજંતુઓ, તેમ જ સમુદ્રોના જીવોની સંભાળ લે છે. અને યોગ્ય સમયે તે તેમને ખોરાક પૂરો પાડે છે. બાઈબલ એ જ જણાવે છે : "યોગ્ય સમયે તમે તેઓને ખાવાનું આપો, માટે આ સઘળાં તમારી વાટ જુએ છે. જે તમે તેઓને આપો છો, તે તેઓ વીણી લે છે; તમે તમારો હાથ ખોલો છો, ત્યારે તેઓ તમારા ઉપકારથી તૃપ્ત થાય છે" (બાઈબલ : ગીતશાસ્ત્ર ૧૦૪ : ૨૭, ૨૮).

અરે, જુઓ તો ખરા એ પરમ પિતાની કૃપા ! કાગડાને માણસો અપશુકનિયાળ ગણે છે. એની કર્કશ કાગવાચાને કારણે એને લોકો ભગાડી મૂકે છે. એ બિચારાને લોકો ચોર કહે છે ! પણ પરમ પિતા એના પ્રત્યે પણ કેવા મમતાળુ છે ! બાઈબલમાં એ જ લખ્યું છે :

"જ્યારે કાગડાનાં બચ્ચાં ઈશ્વરની આગળ પોકાર કરે છે, અને અન્ન વગર ભટકે છે, ત્યારે તેને ભક્ષ કોણ પૂરું પાડે છે ?" (બાઈબલ : અયૂબ ૩૮ : ૪૧).

રાશિમંડળો કે નક્ષત્રો નહિ, કે હસ્તરેખાઓયે નહિ, પણ આ પરમ કૃપાળુ પિતા જ બધાંનું ધ્યાન રાખે છે. જરાઅમથી ચકલીનું તો કોણ ધ્યાન રાખે ? તમે જ કહો. પણ પ્રભુ ઈસુ તો આમ કહે છે કે,

"પૈસાની બે ચકલી વેચાતી નથી શું ? અને વળી બે પૈસામાં પાંચ ચકલી ! તેમ છતાં, તમારા પરમ પિતાની રજા સિવાય એવી એક ચકલી સુદ્ધાં ભોંય પર પડતી નથી. માટે ઉચાટ કરો નહિ. ઢગલાબંધ ચકલીઓ કરતાં તમે ખૂબ ખૂબ મૂલ્યવાન છો ! (બાઈબલ: માથ્થી ૧૦ : ૨૯, ૩૧. લૂક ૧૨ : ૬, ૭). વળી પ્રભુ ઈસુ કહે છે : "તમે નાહકની ચિંતા કરો છો. તમારા માથાના તો વાળેવાળ ગણેલા છે." (વિજ્ઞાનીઓ કહે છે કે માણસના માથા પર સરેરાશ ૧,૨૦,૦૦૦ વાળ હોય છે ! ખરુંખોટું વિજ્ઞાનીઓ જાણે, પણ એમણે તો બેપાંચ કે દશબાર માનવીના વાળ ગણ્યા હશે ને ! પણ પરમ પિતાની યાદીમાં તો સૌ કોઈના વાળેવાળ નોંધેલા છે. એમની કાળજીની તે હદ હોય ?)

નાની અમથી ચકલીનુંય ધ્યાન રાખનાર આ પરમેશ્વર પિતા તમારી કાળજી રાખે છે. માટે કશાનો ઉચાટ કરો નહિ, એવું શીખવતાં પ્રભુ ઈસુ કેવું ખાતરીભર્યું કહે છે !

"એટલે હું તમને કહું છું કે અમે ખાઈશું શું, પીશું શું એમ જીવનની ચિંતા ન કરશો. તેમ અમે પહેરીશું શું એમ શરીરની પણ ચિંતા ન કરશો. અન્ન કરતાં જીવનની, અને વસ્ત્ર કરતાં શરીરની કિંમત વધારે નથી શું ? આકાશમાંનાં પંખીઓ જુઓ; તેઓ નથી વાવતાં કે નથી લણતાં કે નથી કોઠારમાં ભેગું કરતાં, છતાં તમારા

પરમ પિતા તેમને ભૂખ્યાં રાખતા નથી. એમના કરતાં તમારી કિંમત વધારે નથી શું ? તમારામાંથી કોણ ચિંતા કરી કરીને પોતાના આવરદામાં એક ક્ષણનોયે ઉમેરો કરી શકે એમ છે ?

"અને તમે વસ્ત્રોની ચિંતા શા માટે કરો છો ? વગડાનાં ફૂલો નિહાળો, કેવાં ખીલે છે ! નથી એ મહેનત કરતાં કે નથી કાંતતાં, અને છતાં હું તમને ખાતરીથી કહું છું કે, શલોમન પણ પોતાના દબદબાભર્યા પોશાકમાં આવો શોભ્યો નહિ હોય. એટલે, આજે છે અને કાલે ચૂલામાં હોમાઈ જાય છે એવા ઘાસને જો ઈશ્વર આટલું સજાવે છે તો, ઓ અલ્પવિશ્વાસીઓ, તમને એથીયે રૂડી રીતે સજાવશે એમાં શંકા શી ?

"તેથી અમે ખાઈશું શું, પીશું શું, કે પહેરીશું શું એની ચિંતા કરશો નહિ. એ બધી વસ્તુઓ પાછળ તો નાસ્તિકો જ પડે. તમારા પરમ પિતાને ખબર છે કે તમારે આ બધી વસ્તુઓની જરૂર છે. એટલે તમે સૌથી પહેલાં ઈશ્વરના રાજ્યની અને એણે ઇચ્છેલા ધર્માચરણની પાછળ પડો. એટલે આ બધી વસ્તુઓ તમને મળી રહેશે. આથી તમે આવતી કાલની ચિંતા કરશો નહિ. આવતી કાલ પોતાનું ફોડી લેશે. રોજનો ત્રાસ રોજને માટે પૂરતો છે" (બાઈબલ : માથ્થી ૬ : ૨૫-૨૪).

હવે તમે જ કહો, મારે આવતી કાલનો ઉચાટ શા માટે કરવો ? અને ભવિષ્યનોયે ઉચાટ પણ શા માટે ? શા માટે જ્યોતિષી પાસે મારું ભવિષ્ય જોવડાવવું ? - કે શા માટે મારે રાશિચક્રો, જન્મકુંડળીઓ, અને હસ્તરેખાનાં ચક્કરોમાં અટવાવું ? જ્યોતિષ મારા પરમ પિતાની વિરુદ્ધનું છે; શેતાની આત્માઓની ભ્રમજાળ છે; એટલે એના પડછાયે પણ હું ના ઊભો રહું.

બાઈબલ કહે છે ને,

"આપણે જાણીએ છીએ કે, જેઓ ઈશ્વર ઉપર પ્રેમ રાખે છે,

જેમને ઈશ્વરે પોતાની યોજના અનુસાર બોલાવેલા છે તેઓને માટે તે એકંદરે સઘળું હિતકારક નિપજાવે છે"

(બાઈબલ : રોમન ૮ : ૨૮).

એટલે જ પરમ પિતા કહે છે કે :

"તારા માર્ગો મને સોંપ,
મારા પર શ્રદ્ધા રાખ.
અને હું તને ફળીભૂત કરીશ."
(બાઈબલ : ગીતશાસ્ત્ર ૩૭ : ૩-૫)

આજથી 3000 વર્ષ પર યરુશાલેમની ગાદી ઉપર દાવિદ રાજા થઈ ગયો. તે ભક્ત હતો. તેણે પોતાનું જીવન પરમેશ્વરને સોંપેલું હતું, અને પરમ પિતા પરમેશ્વર ઉપર ઊંડી શ્રદ્ધાનો તે અનુભવી હતો. તે કહે છે :

"હે પ્રભુ, હું તમારા પર શ્રદ્ધા રાખું છું. તમે મારા પરમેશ્વર છો, અને **મારા સર્વ પ્રસંગો તારા હાથમાં છે"** (બાઈબલ : ગીતશાસ્ત્ર ૩૧ : ૧૪, ૧૫). વળી તે કહે છે : "જો પરોઢિયાની પાંખો લઈને* સમુદ્રને પેલે પાર જઈને વસું, તો ત્યાં પણ **તમારા હાથ મને દોરશે,** અને તમારો જમણો હાથ મને ઝાલી રાખશે (મારી રક્ષા કરશે.)" (બાઈબલ : ગીતશાસ્ત્ર ૧૩૯ : ૯, ૧૦).

ભરવાડ પોતાના નાનાશા ગરીબડા ઘેટાની કેવી કોમળતાથી સંભાળ રાખે ! ભક્ત દાવિદની પરમ પિતા પરમેશ્વરનો એવો જ અનુભવ થયો. એટલે તે લખે છે :

"પ્રભુ મારા પાળક (ભરવાડ) છે, તેથી મને કશી ખોટ પડશે નહિ. તે લીલાંલીલાં બીડમાં મને સુવાડે છે. તે શાંત અને શીતળાં

* "પરોઢિયાની પાંખો લઈને," એટલે પ્રકાશનાં કિરણો પર સવાર થઈને, સમુદ્રો ઓળંગી પરદેશમાં વસવું, પ્રકાશની ગતિ એક સેકન્ડના ૧,૮૬,૦૦૦ માઈલ (૨,૯૯,૩૩૭ કિલોમિટર) છે.

પાણીની પાસે મને દોરી જાય છે. તે મારા આત્માને તાજો કરે છે. પોતાના નામની ખાતર તે મને સતને માર્ગે ચલાવે છે. હા, જોકે મૃત્યુછાયાની ખીણમાં થઈને હું ચાલું, તોયે હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કારણ, તમે મારી સાથે જ છો.... તમે મારે માથે તેલ ચોળ્યું છે, અને મારો પ્યાલો ઊભરાતો જ રહે છે. ખરેખર મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત તમારી ભલાઈ અને દયા મારી સાથે સાથે આવશે. અને હું સદાકાળ માટે તમારા ઘરમાં જ રહીશ."

(બાઈબલ : ગીતશાસ્ત્ર ૨૩).

જોષ, શુકન જોવા તેમ જ બધી 'ઑકલ્ટ' વિદ્યાઓ ઝંખવી, એ તો માણસનાં ફાંફાંનો એક પ્રકાર માત્ર છે. એના જીવનનાં ફાંફાં અનેક પ્રકારનાં છે. આવાં વ્યર્થ ફાંફાં મારતા માણસના અજંપાનું કારણ બીજું જ છે. એની એને સમજણ પડતી નથી. તે ઈશ્વરને સંપૂર્ણ સોંપાયો નથી. એ જ એના મનના અંજપાનું કારણ છે. એની પાપી હાલત એ જ આ અજંપા, બેચેની અને વ્યર્થ ફાંફાંનું કારણ છે.

માણસ આ અજંપાને કાં તો ભૂલી જવા માગે છે, અથવા સ્વપ્રયત્નોથી પાપના બંધનમાંથી અને કર્મફળમાંથી મુક્ત થવા ફાંફાં મારે છે. પણ સ્વપ્રયત્નોથી કોણ પોતાનાં પાપકર્મોથી મુક્તિ પામી શક્યું છે ? કોઈ નહિ. એનાં કર્મફળ તો એના શિર પર જ રહે છે. ભલે તે મહાત્મા, ધર્માત્મા કે ત્યાગી હોય !

એટલે અદ્વૈતવાદના પ્રખર પ્રચારક શ્રીમદ શંકરાચાર્યે **'ભજગોવિંદમ્"**માં લખ્યું છે.

पुनरपि जननं पुनरपि मरणं
पुनरपि जननीजठरे शयनम् ।
इह संसारे बहु दुस्तारे
कृपयाऽपोर पाहि मुरारे ॥

ફરી ફરી જન્મ ધારણ કરવો, ફરી અને ફરી મૃત્યુ પામવું, અને અસંખ્ય વાર માના ઉદરે સૂવું, - એમ આ જન્મમરણની ઘટમાળ પાર કરવી એ અતિશય કપરુ છે. ઓ પાપ દૂર કરનાર કૃપાળુ ઈશ્વર, તમે તમારી કૃપાથી જ મારો ઉદ્ધાર કરો.

કર્મફળમાંથી મુક્તિ માટે તે ઈશ્વરને જ યાચના કરે છે. પરંતુ ઈશ્વર પણ એમ કોઈને પાપમાફી બક્ષી શકતા નથી. એટલે તો એ ઈશ્વરે પોતે જ સર્વ માણસોનાં પાપનો ભાર પોતાને શિરે લીધો અને આપણે બદલે તેમણે ક્રુસ પર શિક્ષા ખમી.

ભારતના એક બૌદ્ધ તત્ત્વવેત્તાની પણ એ જ સાક્ષી છે ને ! એનું કહેવું છે કે ચોર્યાસી લાખ જન્મમરણના ફેરાઓ દ્વારા મુક્તિ અશકય છે. તે કહે છે : અંધારી રાતે મહાસમુદ્રમાં લાકડાની ધૂંસરી તણાતી ફરતી હોય, અને જો કોઈ એક આંધળો કાચબો એ ધૂંસરીમાં ડોક ઘાલી શકે એ શક્ય હોય, તો જ લખચોર્યાસી અવતારોમાં મુક્તિ મેળવવી શક્ય બને !

એટલે જ પરમ પ્રેમી પિતા, પરમ કૃપાળુ પરમેશ્વર દેહધારી બન્યા, અને માણસજાતને બદલે પાપકર્મનો બોજ પોતે ઉપાડયો અને ક્રૂસ પર બલિ બની ગયા. આપણે ભોગવવાની શિક્ષા તેમણે ખમી, અને માનવને મુક્તિ તથા શાશ્વત જીવન બક્ષ્યું. જે કોઈ સ્વીકારે તે પામી શકે છે આ મુક્તિ અને શાશ્વત જીવન.

એ પ્રભુ ઈસુ માનવી બન્યા, છતાં તે ઈશ્વર તો રહ્યા જ. મૃત્યુ તેમને રોકી શકે નહિ. ત્રીજે દિવસે તે મૃત્યુંજય બન્યા ! સજીવન થઈ ઘોરમાંથી ઊઠયા, માણસો મધ્યે રહ્યા, અને ૪૦ દિવસ પછી સ્વર્ગે ચઢી ગયા.

બાઈબલ કેવું સ્પષ્ટ કહે છે કે, એ જ પ્રભુ ઈસુ પૃથ્વી પર પાછા આવશે, માણસોનો ન્યાય કરશે, અને શેતાન તેમ જ તેના

દુષ્ટાત્માઓને કાયમ માટે નર્કાગ્નિમાં નાખી દેશે.* અને સૃષ્ટિમાંથી સર્વ પાપભાવના દૂર કરી દેશે. આ નવેસરનાં આકાશ અને પૃથ્વીમાં રોગ કે શોક કે રુદન, અને મૃત્યુ પણ હશે જ નહિ.

અને પરમ પિતા તેમ જ સદાકાળનું જીવન, પરમ આનંદ અને પરમ શાંતિ આપણાં બનશે ! ઈસુમાં મુક્તિ અને શાશ્વત જીવનના સ્વીકારની એ અખૂટ લહાણી છે.

* બાઈબલ : પ્રકટીકરણ ૨૦ : ૧૦. "તેઓને ભમાવનાર શેતાનને તે અગ્નિ તથા ગંધકની ખાઈમાં,.... નાખી દેવામાં આવ્યો; ત્યાં તેઓ રાતદિવસ સદાસર્વકાળ વેદના ભોગવશે."

## પ્રભુ પિતા ઉપર સંપૂર્ણ શ્રદ્ધા

(રાગ : માલકોષ, સુલીય છંદ)

રાશિમંડળો, નક્ષત્રો કે હસ્તરેખાઓ મારા જીવનનું નિયંત્રણ કરતાં નથી; પણ પ્રભુ પિતા જીવનનું સંચાલન કરે છે, એવો અડગ ભરોસો નીચેના ભાવનાવાહી કાવ્યમાં, એક પરદેશી ભક્તકવિ અને ગુજરાતી ભાષાનું વ્યાકરણ ઈ.સ. ૧૮૬૭માં રચનાર રેવ. જોસેફ વાન સોમરન ટેલરે કેવી સુભગ રીતે ઉતાર્યો છે.

પિતા તણે પરાક્રમે પ્રસંગ સર્વ છે ઠરેલ;
રહીશ માટ જીવતો પિતા થકી સદા ધરેલ.
કદી વિપત્તિ જો પડે, થશે કદા અનર્થ, નાશ,
ન થાય બીક તે થકી, ન ઉરમાં થશે નિરાશ.

વિનંતી નિત્ય આ કરું, ધરી સદાય નમ્ર ભાવ,
થનાર સર્વ વાતમાં નિરાંત, તું પિતા, કરાવ;
વિના વિલંબ શીખતાં ઠરાવના ખરા જ ભેદ,
સદાય સિદ્ધ હું રહું, ધરી પિતા તણો નિષેધ.

ફરી કરીશ પ્રાર્થના પડી પિતા તણે સુપાય;
વિનંતી નમ્ર ભાવની તજેલ તો કદી ન થાય.
દયાળુ તું પિતા, મને સુશક્તિ રોજ કાજ આપ,
બધાંય કામકાજમાં રહે સદા સમીપ, બાપ.

દિને દિને દયા કરી, નિભાવતાં મને ચલાવ,
મને સદા સુધારતાં, સુભક્ત સેવના કરાવ;
અધર્મને દબાવતાં ખરી કરી સમસ્ત ચાલ,
પવિત્રતા કરાવતાં સુખી કરાવ સર્વકાળ.

# સંદર્ભ ગ્રંથો


1. A. J. Ellis, "The Divining Rod, a History of Water Witching," U. S. Geological Survey, Washington D. C., 1917.
2. Anthony P. Stone, "A Christian Looks at Astrology," Jyoti Pocker Books, Bombay, 1974.
3. C. J. Jung, "Synchronicity an Actual Connecting Principle", London, 1955.
4. Cheiro, "Cheiro's Guide to the Hand", D. B. Taraporevala & Co. Pvt. Ltd., Bombay-1, 1974.
5. Cheiro, "Cheiro's Palmistry for All," D. B. Taraporevala & Co. Pvt. Ltd., Bombay-1, 1974.
6. Cheiro, "You and Your Star", D. B. Taraporevala & Co. Pvt. Ltd., Bombay-1, 1974.
7. Cheiro, "Cheiro's When Were You Bom", D. B. Taraporevala.
8. Encyclopaedia Americana (Various Articles).
9. Encyclopaedia Britanica (Variois Articles).
10. Kurt Kotch, "Christian Counselling and Occultism", Grand Rapids Publications, Grand Rapids, Michigan, 1974.
11. Kurt Kotch, "Occult ABC", Literature Mission Aglasterhausen, Inc., Germany, 1987 (Reprint).
12. Kurt Kotch, "Between Christ and Satan", Evangelization Publishers, W. Germany, 1970.
13. Hal Lindsey, "Satan is Alive and Well on Planet Earth", The Zondervan Corp. 1972.

14. An Illustrated Encyclopaedia of the Supematural, "Man, Myth and Magic", Vol. 15, p. 2017.
15. Jeff mayo, "Teath Youreself Astrology", London, 1964.
16. Joseph Bayly, "What About Horoscope ?", Coverdale House Publishers Ltd., London and Eastbourne, 1971.
17. Josh mcDowell with Don Steward, "Hand-book of Today's Religions", Here is life Publishers, Inc, Califomia, U.S.A., 1982.
18. Patrick Moore, "The Mitchell Benzley's New Concise Atlas of the Universe", London, 1978.
19. Rene Noorbergen, "The Soul Husters", Zondervan, Grand Rapids, MI : 1976.
20. "Into the Unknown", The Reader's Digest Association, Inc., (Astrology), New York, 1981.
21. Shankaracharaya, "Bhajgovindam".
22. Brihada Samhita Edition, Translation by V. S. Shastri, Banglore, 1947.
23. Shiraz, "Your Palm and My Palmistry", Hind Pocker Books, Delhi, 1976.
24. William Barrett and Theodore Besteman, "The Divining Rod."
25. Jeane Dixon - "The Call of Glory", William Morrow & Co., New York, 1972.
26. "પવિત્ર બાઈબલ", બાઈબલ સોસાયટી ઑફ ઈન્ડિયા, બેંગ્લોર, (ગુજરાતી).
27. "સંપૂર્ણ બાઈબલ", ગુજરાત સાહિત્યપ્રકાશ, આણંદ, ૧૯૮૧.
28. -Merrill F. Unger, "Demons in the World To-day", Tyndale House Publishers, Wheaton, III, 1971. (Chapt. 4).

29. -Ruth Montgomery, "A Gift of Prophecy", William Morrow and Co., New York, 1965.

30. -Jeane Dixon, "My Life and Prophecies," William Morrow and Co., New York, 1969.

31. -B. V. Raman, "A Manual of Hindu Astrology", IBH Prakashana, Banglore, (10th Edition), 1976, Rs. 9.00.

32. -John Gillman, "A to Z Astrology", (Abridged & Edited by J. S. Bright) Pankaj Publicatioms, New Delhi, 1981, Rs. 8.75.

33. -Michael Van Buskirk," "Astrology - Revival in the Cosmic Garden", Costa Mesa, CA : Caris, 1976.

## બમ્પ અહેડ

★ "હલ્લો, કોણ બોલો છો ? ગુજરાત સમાચાર કે ?

— "હા જી, એકદમ સાચો નંબર છે."

— "શું સાહેબ, લોકસભાનું અચ્યુતમ્ કેશવમ્ થઈ ગયું ? સાચી વાત છે ?"

— "હા. સોએ સો ટકા સાચી વાત છે."

— "કેટલા વાગ્યે થયું, સાહેબ ? એટલે કે વિસર્જનની જાહેરાત રાષ્ટ્રપતિએ કેટલા વાગે કરી ?

"હવે એ તો અહીં બેઠા અમને કેમ કરીને ખબર પડે, ભાઈ !"

"શું તમેય સાહેબ, આવડું મોટું છાપું અને તમને આટલીયે ખબર ન હોય !"

"ના, નથી. પણ તમારે સમય સાથે શી નિસ્બત છે. વિસર્જન એટલે વિસર્જન વળી !"

— "છે સાહેબ. સમયની જરૂર છે એટલે તો ટેલીફોન કર્યો હોય ને ! હું એક જ્યોતિષી છું. મારે કુંડળી મૂકવી છે કે હવે ચૂંટણી પછી લોકસભા રચાશે એ કેટલી અને કેવી રીતે ચાલશે ?

— "તે કુંડળીમાંથી એવી બધી ખબર પડી જાય એમ ?

— "હાસ્તો. ત્યારે અમસ્તી અમારે ત્યાં લોકોની લાઈન લાગતી હશે ? છોકરા-છોકરીના મેળાપ જ નહી, સંતાનની આગાહી પણ અમે કુંડળી પરથી કરી શકીએ છીએ. ભાગેડુઓ કઈ દિશામાં ગયા છે અને ક્યાંથી પકડાશે એવું બધું અમને કુંડળીમાં દેખાય. અને ઘરેણાં જેવી ગુમ થયેલી ચીજ તો અમે ચપટી વગાડતાં શોધી શકીએ કે ક્યાં ગઈ હશે ?

— "તે હેં ભાઈ, તમે આવું ત્રણ ત્રણ કાળનું જોઈ શકો છો. તો પછી દિલ્હીમાં રાષ્ટ્રપતિએ કેટલા વાગે જાહેરાત કરી તે સમય નથી શોધી શકતા ?"

સાભાર (ગુજ. સમાચાર, ૧૮-૩-૯૧ સૌજન્યથી)

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના

## અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | પસંદીત ભજન...મનન | ૪૦-૦૦ |
| ૨. | પવિત્ર આત્મા વિષે વિચાર | ૫૦-૦૦ |
| ૩. | ક્ષિતિજને પેલે પાર | ૨૦-૦૦ |
| ૪. | જી. ટી. બી. એસ. ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૫. | અનેકમાની આંસુભરી પ્રાર્થના....પરિણામ | ૩૦-૦૦ |
| ૬. | પુલ્પિટ હેલ્પસ ભાગ-૫ | ૪૦-૦૦ |
| ૭. | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |
| ૮. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૨ | ૨૦-૦૦ |
| ૯. | ડૉ. ઈ. સ્ટેન્લી જોન્સ માનવસંદેશ | ૩૦-૦૦ |
| ૧૦. | જીવન સાફલ્ય અને મનન | ૬૦-૦૦ |
| ૧૧. | જનસામાન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૨. | બાઈબલનો શબ્દકોશ | ૫૦-૦૦ |
| ૧૩. | જૂનો કરાર અને તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૪. | ઉત્પત્તિનો સંદેશ | ૪૦-૦૦ |
| ૧૫. | વિશ્વવ્યાપી જળપ્રલય | ૩૦-૦૦ |
| ૧૬. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૭. | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૮. | જીવન જીવી જાણનારા અપંગો | ૨૦-૦૦ |
| ૧૯. | રાજાનો કેદી દાનિયેલ | ૧૫-૦૦ |
| ૨૦. | ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૨૧. | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૨૨. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૨૩. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૨૪. | સભાશિક્ષક | ૩૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૫. | બેનહર | ૩૦-૦૦ |
| ૨૬. | પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૨૭. | ગિરિ પ્રવચન | ૪૦-૦૦ |
| ૨૮. | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૨૯. | કરંથિઓના પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૩૦. | કરંથિઓના બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૩૧. | ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| ૩૨. | સમૃધ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩૩. | નામકોષ | ૫૦-૦૦ |
| ૩૪. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩૫. | ફિલિપીના પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૩૬. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૩૭. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૩૮. | હિબ્રુઓના પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩૯. | બાઈબલ અભ્યાસ ભાગ-૧ | ૦૬-૦૦ |
| ૪૦. | બાઈબલ અભ્યાસ ભાગ-૨ | ૧૨-૦૦ |
| ૪૧. | બાઈબલ અભ્યાસ ભાગ-૩ | ૨૫-૦૦ |
| ૪૨. | બાઈબલ અભ્યાસ ભાગ-૫ | ૦૪-૦૦ |
| ૪૩. | બાઈબલ અભ્યાસ ભાગ-૬ | ૦૪-૦૦ |
| ૪૪. | બાઈબલ અભ્યાસ ભાગ-૮ | ૧૫-૦૦ |
| ૪૫. | બાઈબલ અભ્યાસ ભાગ-૯ | ૨૦-૦૦ |
| ૪૬. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૦ | ૩૦-૦૦ |
| ૪૭. | બાઈબલ અભ્યાસ ભાગ-૧૧ | ૧૫-૦૦ |
| ૪૯. | પુલ્પિટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૫૦. | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૫૧. | પુલ્પિટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૫૨. | પુલ્પિટ હેલ્પસ ભાગ-૫ | ૩૦-૦૦ |

## રેવ. ડૉ. જયાનંદ આઇ. ચૌહાનના અત્યાર સુધીના પ્રસિધ્ધ થયેલાં પુસ્તકો

* બોલતા આંકડા (અનુવાદ)
* ખ્રિસ્તી શિષ્યપણું કઠણ માર્ગે (અનુવાદ)
* ચોથા માગીની કથા (અંગ્રેજીના આધારે)
* ગુજરાતી બાઈબલનો ઈતિહાસ
* શબગુફાનો શહીદ (અનુવાદ) ત્રણ આવૃત્તિ
* વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ-છટ્ઠી બ્રેઈલમાં)
* અજાયબ ભવિષ્ય વચનો-મુક્તિ યોજનાના સાત પર્વો (બીજી આવૃત્તિ)
* ઈસુ જીવન દર્શન-સચિત્ર (બાળકો માટે)
* અનોખી ઈઝરાયલ પ્રજા (પાંચ આવૃત્તિ)
* બાઈબલ અભ્યાસ ભાગ ૧ થી ૧૨ (પહેલા અને બીજાનું પુનઃમુદ્રણ)
* માનવીનાં દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો ? (ટ્રાકટ) બ્રેઈલમાં પણ છે.
* યરુશાલેમનું મંદિર બંધાશે ? કયારે ? કયાં ? કેમ ? (બે આવૃત્તિ)
* દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન (પુનઃમુદ્રણ)
* પુનરુત્થાનો, ન્યાય કાળો અને પ્રભુનું પુનરાગમન (પુનઃમુદ્રણ)
* રશિયા, ઈઝરાયલ અને બાઈબલ અભ્યાક્રમ (ચાર્ટસ)
* ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ (ચાર્ટસ)

* માર્ગદર્શિકા (ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ માટે)
* બાઈબલનો વિવેચનપૂર્ણ-માહિતી કોશ ભાગ ૧ (પુનઃમુદ્રણ)
* બાઈબલનો વિવેચનપૂર્ણ-માહિતી કોશ ભાગ ૨ (પુનઃમુદ્રણ)
* આપણાં મધુરાં ગીતોના અધૂરા ઈતિહાસ
  (શ્રીમતી જયવંતીબહેન ચૌહાનના સહયોગથી)
* અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ
  (ત્રીજી આવૃત્તિ-પુનઃમુદ્રણ)
* બાઈબલનો ગુજરાતી તરજૂમો અને ઈશ્વરે ઉચ્ચારેલાં નામ
* માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે ?
  (પુનઃમુદ્રણ)
* પ્રભુ ઈસુ ભારત, કાશ્મીર, તિબેટમાં કદી આવ્યા જ નથી
* તમારા સંજોગોના સંચાલક
* જોષ જોવાનું પાપ (ત્રીજી આવૃત્તિ પુનઃમુદ્રણ)
* વિશ્વવ્યાપી જળપ્રલય
* ખોવાયેલું ઘેટું
* ગાંધીજીને ગમતાં ગીતો
* ઈસુના પગલે પગલે (પુનઃમુદ્રણ)
* બાઈબલ કોણે લખ્યું ? ડ્રામા
* ખાલી કબરનો ચુકાદો
* બાઈબલનો શબ્દકોશ (પુનઃમુદ્રણ)
* ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિવાદ

# JOSH JOVA NU PAP

*Rev. Dr. Jayanand Chauhan*



**રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો**

(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક - પથદર્શક)

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાર્ધ શતાબ્દી

**Published & Distributed by :**
**GUJARAT TRACT AND BOOK SOCIETY**
Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad-380 006. INDIA.